

# અનુભવનો ઉજાસ

લેખક : લાભુભાઈ ટી. સોનાણી

અનુભવનો ઉજાસ લેખક : લાભુભાઈ ટી. સોનાણી



www.ltsonani.com

R@tna Printer

# ‘‘અનુભવનો ઉજાસ’’

:: લેખક ::

લાભુભાઈ ટપુભાઈ સોનાણી

માતા સ્વ.નીલાબેન લાભુભાઈ સોનાણીને અર્પણ... ...

माँ तुजे पता हैं तेरे बीना में अधूरी हूँ,
सुबह उठके तेरी बनायी हुई चाय के कप के साथ मेरा दिन शरु होता था,
आज चाय तो पीती हूँ लेकिन उसमे आपकी बनायी हुई चाय का प्रेम नहि हैं,
आज हर खाने में आपका टेस्ट ढुंढती हूँ, माँ तुजे पता है में तेरे बीना अधूरी हूँ,
आप नहि देख पाती थी फिर भी आज क्या पहेनु वो आपसे ही पूछती थी,
अब वो नहि पूछ पाउंगी,
टी.वी. देखते समय आपकी गोद में सर रख के सोने को नहि मिलेगा,
कुछ भी बात हो सबसे पहेले आप से शेर करती थी,
पता नहि अब क्या करुंगी ?
माँ तुजे पता है तेरे बीना में अधूरी हूँ,
आपको भी पता था में घर को अच्छी तरह से नही संभाल पाउगी,
नहि हैं मेरे में इतनी समज, क्यु छोड गई मुजको ?
मेरी शादी का सपना और आपकी २५वी ओनिवर्सरी सेलिब्रेशन का सपना
तो अधूरा ही रह गया, क्यु इतनी जल्दी छोड के चली गई ?
ये आपकी छोटी सी बच्ची को इतनी जिम्मेदारी देके !
माँ तुजे पता हैं तेरे बीना मैं अधूरी हूँ
बहुत जरूरत थी आपकी क्यु छोड दिया मुजे अकेली,
मुजे कुछ होगा तो कौन रखेगा मेरा ख्याल,आप जैसा ?
माफ कर देना माँ, मैं तुजे नहि बचा पायी,
माँ ! तुजे पता हैं, में बिलकुल अधूरी हूँ तेरे बीना...

निष्ठा एल. सोनाणी



**સ્વ. નીલાબેન લાભુભાઈ સોનાણીને આ બુક અર્પણ... ...**



## સ્વ. નીલાબેન લાભુભાઈ સોનાણી

શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાનાં ટ્રસ્ટ્રી, પ્રજ્ઞાચક્ષુ દીકરીઓ માટે ચાલતા હોમ સાયન્સના સ્થાપક, સૌરાષ્ટ્ર પ્રજ્ઞાચક્ષુ સખી મંડળના પ્રમુખ, શ્રી અંધ અભ્યુદય મંડળ અને અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટના કારોબારી સભ્ય શ્રી નીલાબેન લાભુભાઈ સોનાણીનું તા.૨૦/૦૪/૨૦૨૧ને મંગળવારનાં રોજ કોવીડના કારણે અવસાન થયેલ છે. સદ્દગતનાં આત્માને પરમકૃપાળુ પરમેશ્વર ચિર શાંતિ આપે તેવી સમગ્ર સંસ્થા પરિવાર પ્રાર્થના કરે છે.

## ''અનુભવનો ઉજાસ''

:: લેખક ::

લાભુભાઈ ટપુભાઈ સોનાણી

:: મુદ્રક ::

રત્ના પ્રિન્ટર્સ

હલુરિયા ચોક, ભાવનગર. મો. : ૯૪૨૬૨૭૨૦૯૦

**:: પ્રકાશક ::**

શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા,
નવા ફિલ્ટર સામે, વિદ્યાનગર,ભાવનગર.

**:: મૂલ્ય ::**

રૂ.૨૦૦/-

**:: પ્રથમ આવૃત્તિ ::**

તા.૧૧/૦૯/૨૦૨૧, શનિવાર

**:: પ્રત :: ૨૦૦૦**

**:: પ્રાપ્તિસ્થાન ::**

શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા,
નવા ફિલ્ટર સામે, વિદ્યાનગર,ભાવનગર.
ફોન નં. ૦૨૭૮-૨૪૨૩૯૧૭
મોબાઈલ : ૯૩૭૬૬૮૮૫૮૪



Website :- www. Ltsonani.com
Email :- Ltsonani@gmail.com
Facebook Page :- Labhubhai T. Sonani
Youtube Channel :- Shri Labhubhai T. Sonani




## ''ઋણ સ્વીકાર''


અંતરમાં ઉભરાતી ઊર્મિઓને પ્રાપ્ત થયેલ શબ્દદેહ લોકસંસાર દૈનિક સમાચારપત્રમાં અનુભવના ઓટલે લેખમાળા તરીકે દર મંગળવારે પ્રસિદ્ધ કરવા મોકો આપી લોકસંસાર સમાચાર પરિવારે મારા વિચારોના પ્રદેશને સમૃદ્ધ કર્યો છે. લૉકડાઉન દરમિયાન પ્રસિદ્ધ થતા લેખોનું ઓડિયો રેકોર્ડિંગ કરી નેત્રહીન વાચકો સુધી મારા વિચારો પહોંચાડવા મારી વહાલસોય દીકરી નિષ્ઠાને સહાયભૂત થવા બદલ ધન્યવાદ પાઠવું છું. અનુભવનો ઉજાસ આખી લેખમાળા એક પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થઈ રહી છે ત્યારે હું મારા પરિવારના સભ્ય જીવનસાથી નીલા, દીકરી નિષ્ઠા, સંસ્થા પરિવાર, મિત્રવર્તુળ તેમજ સંપાદનના કાર્યમાં જેમનો ટેકો મળ્યો છે તેવા મારા સ્નેહીમિત્ર શ્રી સુરેશભાઈ એન. ત્રિવેદી, હિતેશભાઈ કે. સોલંકી (કોમ્પ્યુટર ડી.ટી.પી. તથા ટાઈપ સેટીંગ) – રત્ના પ્રિન્ટર્સ, ભાષાવિદ શ્રી ધનશ્યામભાઈ બારૈયા, ટાઈપ સેટિંગ કરનાર શ્રી હર્ષ એન. ધ્રાંગધરિયા તેમજ સમગ્ર સંસ્થા પરિવારનો હાર્દિક આભાર માનું છું.

– લાભુભાઈ ટી. સોનાણી




# લેખક પરિચય

**નામ** : લાભુભાઈ ટપુભાઈ સોનાણી

**જન્મ તારીખ** : ૧૫/૦૩/૧૯૬૭

**જન્મ સ્થળ** : તરસમિયા (ભાવનગર)

**પત્ર વ્યવહારનું સરનામું** : શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા, નવા ફિલ્ટર સામે, કૉલેજ રોડ, વિદ્યાનગર, ભાવનગર – ૩૬૪ ૦૦૧

**કાયમી સરનામું** : 'નિષ્ઠાકુંજ', ૧૪-બી, શિવાજી પાર્ક, મેરુબાગ, ફાતિમા કૉન્વેન્ટની બાજુમાં, ઘોઘારોડ, ભાવનગર ૩૬૪ ૦૦૨

**ફોન ઑફિસ** : (૦૨૭૮) ૨૪૨૩૯૧૭ / ૨૫૧૧૭૧૮ / ૨૫૧૨૦૨૧

**મોબાઈલ** : ૯૩૭૬૬૮૮૫૮૪

**Website** : www. ltsonani.com

**e-mail** : ltsonani@gmail.com

**Face Book** : Labhubhai T Sonani

**Youtube Channel** : Shri Labhubhai T Sonani

**લાયકાત** : બી.એ., બી.એડ.<br>સંગીત વિશારદ

**કુટુંબ પરિચય** : **જીવનસાથી** : સ્વ. નીલાબેન લાભુભાઈ સોનાણી<br>**પુત્રી** : નિષ્ઠા લાભુભાઈ સોનાણી

**સેવાકીય સંસ્થા સાથે જોડાણ** :

**(૧) જનરલ સેક્રેટરી** :

શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા, ભાવનગર<br>રાષ્ટ્રીય અંધજન મંડળ, ભાવનગર જિલ્લા શાખા, ભાવનગર

**(૨) પ્રમુખ** :

શ્રી અંધ અભ્યુદય મંડળ – ભાવનગર<br>અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ – ભાવનગર<br>ગુજરાત અપંગ સંસ્થા સંચાલક સંઘ – અમદાવાદ



આ ઉપરાંત રાજ્યની અનેક સંસ્થાઓ સાથે જુદા-જુદા હોદ્દા પર પોતાની સેવાઓ પ્રદાન કરી રહ્યા છે.

**અન્ય પ્રકાશન** :
(૧) જીવનનો ધબકાર-મારી સ્મરણયાત્રા
(૨) સંવેદનાની શોધ
(૩) વિકલાંગતા વિધેયક ૨૦૧૬નો સંક્ષિપ્ત અનુવાદ
(૪) ઉપવન
(૫) અનુભવની ઘટમાળ

**સત્કાર** :

વિવિધ સામાજિક સેવાઓ બદલ લેખક અને સામાજિક કાર્યકર શ્રી લાભુભાઈ ટી. સોનાણીને વર્ષ-૧૯૯૭થી લઇ આજ સુધીમાં રાજ્ય સરકાર અને અનેક સંસ્થાઓ દ્વારા વિવિધ ઍવૉર્ડ અને સન્માનપત્રોથી સન્માનિત કરવામાં આવેલ છે.



# :: પ્રસ્તાવના ::

''ગમતું મળે તો અલ્યા ગુંજે ના ભરીએ, ગમતાનો કરીએ ગુલાલ''

કવિ મકરંદ દવેની કાવ્યપંક્તિ મારા હૃદયને સ્પર્શી ગઈ છે. મગજ પર પંક્તિના શબ્દો રમતા રહે છે. તેથી સંવાદ કરવાનું મને ખૂબ ગમે છે. માનવકલ્યાણના પડેલા સંસ્કાર મને તેમ કરવા દોરે છે. કોઈવાર તે આત્માને ઢંઢોળી સત્યનું યુદ્ધ છેડવા પ્રેરે છે. પીડિતોના ઉત્થાન માટે મારો અવાજ બુલંદ થઈ જાય છે. શોષિતોને ન્યાય અપાવવા મારી કલમ કાગળ પર પુરપાટ દોડવા લાગે છે. તેથી જ કદાચ મને સંવાદ કરવાનું ગમતું હશે તેમ લાગે છે. કવિના કહેવા મુજબ હું તેની લ્હાણી કરવા ઇચ્છું છું. મારો સંવાદ જનચેતના બનવા સભાખંડ, વર્તમાનપત્રો, સામયિકો, ચોપાનિયા કે પુસ્તકની પાંખે સવાર થઈ આપ સુધી પહોંચી જાય છે.

પ્રકૃતિના ત્રણ ગુણોનો આધાર લઈ જીવનના રહસ્યો સમજવાનો મારો પ્રયાસ હંમેશા ચાલતો રહે છે. પ્રકૃતિના કૂવામાંથી બુદ્ધિના મજબૂત દોરડા વડે આપણે આત્મજ્ઞાનની ખોજ કરી તેનું સિંચન કરવાનું છે. માનવકલ્યાણથી આત્મકલ્યાણ સુધીની યાત્રા કરવાની છે. આ બધી વાતોના પ્રસંગો ટાંકી વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન અનુભવના ઓટલે શ્રેણી અંતર્ગત લોકસંસાર દૈનિક સમાચારપત્રમાં દર મંગળવારે મારી એક કોલમ પ્રસિદ્ધ થતી હતી. લોકજાગૃતિના ઉમદા હેતુથી પ્રકાશિત થતી લેખમાળાના તમામ લેખો એક પુસ્તક સ્વરૂપે પ્રગટાવાનું ટાણું આવી રહ્યું છે. જેથી માનવકલ્યાણ, શિક્ષણ અને જનસમુદાયની થયેલી વાતો એક પુસ્તક સ્વરૂપે સંગ્રહિત થશે. એટલું જ નહીં લાડકવાયા વાચકમિત્રોનું તે મીઠૂં સંભારણું પણ બનશે તેવી મને શ્રદ્ધા છે. લાગણીના છોડ પર ઊગેલા સુગંધી પુષ્પો વહાલા વાચકમિત્રોને આનંદ આપશે. ૩૨ પ્રકરણમાં મુકાયેલા પ્રસંગોની કથાવસ્તુ અનુભવનો ઉજાસ પુસ્તક સ્વરૂપે આપના કરકમળમાં મૂકતા હું અત્યંત હર્ષની લાગણી અનુભવું છું. આ પુસ્તકમાં પ્રત્યેક લેખોની વિષયવસ્તુ જે તે સમયે ઘેટલી ઘટનાને કેન્દ્રમાં રાખી મૂકવામાં આવી છે. જે તે પરિસ્થિતિને અનુરૂપ રજૂ થયેલ લેખ તેના મૂળ સ્વરૂપે કોઈ ફેરફાર કર્યા વિના મૂકવામાં આવ્યા છે તેથી તેના કાળમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જોકે લેખક તેમજ વાચકના શરીર જુદા હોવા છતાં બંને મનથી જોડાયેલા હોવાથી વાચકોને તે કહેવાની આવશ્યકતા રહેતી નથી. તેમછતાં નવા વાચકો માટે થોડું સ્પષ્ટીકરણ થવું જરૂરી છે. આપના પ્રતિભાવો મને નવો રાહ ચીંધશે.



''લાગણીનું ખેતર ખેડવા શબ્દનું હળ ચલાવું છું,
નીંદણ બધું દૂર કરવા વાણીની બેલી ચલાવું છું.
શેઢે પહોંચી જીવરાજ તને ભેદ પૂરો સમજાવું છું,
માનવતાના મંત્રનો હું પાક ઉગાડવા ચાહું છું
પલોઠી વાળી શિરામણ કરતા સાથ સહુનો માંગું છું,
'ઝગમગ' જરા સંભાળી લે જે સમય બની સમજાવું છું.''

તારીખ : ૧૧-૦૯-૨૦૨૧

સ્થળ : ભાવનગર

લાભુભાઈ ટી. સોનાણી



# અનુક્રમણિકા


(૧) લાગણીની સરિતાનો સંગમ ૧૩

(૨) જીવન જીવવાની કલા ૧૯

(૩) સુગંધનું સરનામું ૨૫

(૪) અનોખું ઉડાન અમારું ૩૧

(૫) બંધ નથી દષ્ટિનાં દ્વાર ૩૭

(૬) સમયરૂપી સ્ટેશન ૪૩

(૭) શ્રાવ્યબાગના મઘમઘતાં પુષ્પો ૪૯

(૮) દીકરીનો દુકાળ ૫૫

(૯) સગવડની સવારી ૬૧

(૧૦) કલાકારનો કરણીભેદ ૬૭

(૧૧) અંતરના ઓરડે ૭૨

(૧૨) પરાક્રમ ૭૯




# અનુક્રમણિકા


(૧૩) મારી પ્રેરણામૂતિ ૮૫

(૧૪) ખતરાની ઘંટડી ૯૨

(૧૫) રસનું મેઘધનુષ્ય ૯૮

(૧૬) અંધજન શિક્ષણનો ઈતિહાસ ૧૦૪

(૧૭) મમતાનો સાગર ૧૧૦

(૧૮) જન્મદિવસની ભેટ ૧૧૮

(૧૯) પરીક્ષા ૧૨૪

(૨૦) અન્ન એવો ઓડકાર ૧૩૦

(૨૧) જિંદગીનો શો રૂમ ૧૩૫

(૨૨) સંકટ ૧૪૧

(૨૩) શ્રદ્ધા ૧૪૭

(૨૪) સંતાકૂકડી ૧૫૨

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| (૨૫) | પ્રેરણાની જ્યોત | ૧૫૮ |
| (૨૬) | સપનાનું ફળ | ૧૬૪ |
| (૨૭) | જોવાવાળો જોશે | ૧૭૦ |
| (૨૮) | કુદરતની કમાલ | ૧૭૬ |
| (૨૯) | આત્મદર્શન | ૧૮૧ |
| (૩૦) | લૉકડાઉન | ૧૮૭ |
| (૩૧) | ચલણી સિક્કાનું રહસ્ય | ૧૯૩ |
| (૩૨) | કોરોનાની બીજી લહેર | ૧૯૯ |
| (૩૩) | બૅલેન્સશીટ ઑફ (જિંદગીનું સરવૈયું) | ૨૦૩ |






## ૧. લાગણીની સરિતાનો સંગમ

લાગણી અને નદી વચ્ચે સમન્વય જોવા મળે છે. નદી સૂકા પ્રદેશને નંદનવન બનાવે છે જ્યારે લાગણી પીડિતો જેવા કે - અનાથ, અપંગ, અંધજન, બધીર કે શારીરિક ક્ષતિગ્રસ્ત વ્યક્તિઓ, ગરીબોને સધિયારો આપે છે. તેમની ક્ષમતાઓમાં વૃદ્ધિ કરે છે. તેમના વિકાસ માટે કાર્ય કરવા લોકોને પ્રેરે છે.

માનવનો વસવાટ નદી કિનારાના પ્રદેશોમાં વિશેષ જોવા મળે છે. કારણ કે, લોકોને અહીં પાણી સરળતાથી મળી રહે છે. પરિણામે ખેતી અને ધંધારોજગારનો વ્યવસાય ફૂલેફાલે છે, વિકાસ પામે છે. આવા પ્રદેશમાં લોકોને સરળતાથી આજીવિકા મળી રહે છે, આથી મહદ્ અંશે મોટા શહેરી વિસ્તારો નદીકિનારે વિકાસ પામ્યા છે. આવી જ રીતે લાગણીથી તરબતર લોકોના સહકારથી પીડિતો પ્રગતિ પામે છે. તેમના જીવનના અવનવા રંગો આવા લોકોના સહકારથી ખીલી ઊઠે છે. વિકાસની દોડતી ગાડીનું એન્જીન બની આવા લોકો પોતાની લાગણીની ઊર્જા વડે ગતિ આપે છે. પરિણામે અવનવાક્ષેત્રે પડકારરૂપ વ્યક્તિઓ આગળ ધપી શકે છે.

ગંગા, યમુના, તાપી, નર્મદા, બ્રહ્મપુત્રા, કિષ્ણા અને કાવેરી જેવી નદી કિનારે શહેરી વિસ્તારો ઠીક-ઠીક વિસ્તર્યા છે. દુનિયાનાં ત્રીજા ભાગના લોકો નદી કિનારાની આસપાસ વસવાટ કરી જીવનના અવનવાક્ષેત્રે પ્રગતિ સાધી રહ્યા છે. નાઈલ અને થૅમ્સ નદીએ દુનિયાના વિકાસ પામતા દેશોમાં સૌ કોઈનું ધ્યાન ખેંચે તેવા પ્રદેશો આપ્યા છે. આ માત્ર ઉદાહરણરૂપ નદીઓની નામાવલી છે. આવી જ રીતે લાગણીની સરિતાના વહેતા પ્રવાહ સેવાના ક્ષેત્રે નવી ઊંચાઈઓ આપી માનવતાની ઓળખ બની ગયા છે. એટલું જ નહીં તેણે માનવકલ્યાણની નવી દિશાઓ ખોલી છે. મને આવા ઘણા મહાપુરુષોને મળવાની તક મળી છે. લગભગ ૪૨ વર્ષ પૂર્વે ૧૯૭૭માં ભાવનગરની શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના એક સંગીતનાં નાનકડા હૉલમાં સ્પર્ધા ચાલતી હતી, ફિલ્મી ગીતો અને ભજન પ્રસ્તુત કરી ભાગ લેનાર વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભાનું દર્શન કરાવી સ્પર્ધામાં વિજેતા થવાની ચૅલેન્જ ઉપાડવાની હતી. શાળામાં મારો પ્રવેશ થોડા દિવસો

પહેલા થયો હતો, તેથી સંગીતની કોઈ વિશેષ તાલીમ કે માર્ગદર્શન શિક્ષક દ્વારા મને પ્રાપ્ત થયું ન હતું, તેમ છતાં મારો ઉત્સાહ મને યોજાયેલ સ્પર્ધામાં ઝંપલાવવા માટે ઘસડી રહ્યો હતો. સ્પર્ધાના આયોજક શ્રી વિનુભાઇ હરિભાઈ શાહ કે જેઓ નિયમિત દર રવિવારે અવનવી પ્રવૃત્તિઓ માટે શાળામાં આવતા હતા, તેમની પાસે સ્પર્ધા માટે મેં મારા નામની નોંધણી કરાવી. સ્પર્ધામાં નામ નોંધાવનાર સ્પર્ધકોની યાદી મુજબના વિદ્યાર્થીઓ ક્રમબદ્ધ પોતાની કૃતિઓ પ્રસ્તુત કરી સૌ કોઈને મંત્રમુગ્ધ કરી રહ્યા હતા. અચાનક મારું નામ સ્પર્ધામાં કૃતિ રજૂ કરવા પોકારવામાં આવ્યું. હું હાર્મોનિયમ અને તબલાં વગાડતા વિદ્યાર્થીઓ પાસે પહોંચી ગયો, હાર્મોનિયમનાં સ્વર દબાવી હાર્મોનિયમવાદકે મારું ભજન ઉપાડવા મને સૂચના કરી. મેં ભજન ઉપાડ્યું. સતિ તોરલ અને જેસલના સંવાદનું આ ભજન હતું - 'પાપ તારું પરકાશ જાડેજા, ધરમ તારો સંભાળ રે, તારી બેડલીને ડૂબવા નહિ દઉં જાડેજા રે - એમ તોરલ કહે છે.' ભજનના શબ્દો કેમે કર્યા બહાર નીકળતા ન હતા, તબલાં અને હાર્મોનિયમનો અવાજ વધવા લાગ્યો, પણ મારા શબ્દો અવાજની પાંખે સવારી કરવા માંગતા ન હોય તેમ તમામ શક્તિઓ એકત્રિત કરી જોર કરવા છતાં બહાર આવવાનું નામ લેતા ન હતા. દિવાળીબેન ભીલના અવાજમાં અવાજને તીણો કરી ભજનની લીટી ગાવાનો પ્રયત્ન હું કરતો હતો, પરંતુ જોર કરવા જતા અવાજ તરડાઈ ગયો. બધા માટે હાંસીનું પાત્ર બની કૃતિ પ્રસ્તુત કર્યા વિના બેસી જવું પડ્યું. હું શરમનો માર્યો માથું ઊંચું કરી શકતો ન હતો. આયોજક વિનુભાઈ શાહની લાગણીની સરિતાએ વહેવાનું શરૂ કર્યું. પોતાનો હૂંફાળો હાથ મારા માથા પર મૂકી મને ફરી પ્રયત્ન કરવા સાંત્વના આપી - હિંમત આપી. કોઈવાર તૈયારી કરી સ્પર્ધામાં ભાગ લેવા સલાહ આપી. ચીકુ, દાડમ, ખારી શિંગ આપી મારા મગજ પર લાગેલા આંચકાની અસર ઓછી કરવા થોડી હાંસીમજા કરી મને ધીમે ધીમે બોલતો કરી તેઓ કામે લાગ્યા. મારા મગજ પર વિચારોનું ઘમસાણ ચાલતું હતું. ગામડા ગામમાં દિવાળીબેનની સરસ નકલ કરી મિત્રોને હસાવતો હું એક લીટી પણ આજે કેમ ગાઈ ન શક્યો ? તે સમજાતું ન હતું. ઘણું મથવા છતાં ઉત્તર મળ્યો નહીં. ગામડા ગામમાં પરિચિત મિત્રો સામે જે કલા મને આનંદ આપતી હતી, જે પ્રશંસાનું



કારણ બનતી હતી, તે જ કલા આજે દુઃખનું કારણ બની હાંસીને પાત્ર ઠરી હતી, તેનું મને ઘણું દુઃખ હતું. પણ વિનુભાઈનાં સધિયારાએ મને ઉત્સાહ આપી હિંમત નહીં હારવા અને વધુ પ્રયત્ન કરવા પ્રેરણા આપી.

મારા જીવનનું આ એકમાત્ર ઉદાહરણ છે. અનેક સેવા સમર્પિત લોકોએ મારા જીવનને સજાવ્યું છે. કોઈવાર મન વિચારોના ચકરાવે ચડી જાય છે. નિયંત્રિત નદીનો પ્રવાહ નંદનવન આપે છે, પરંતુ અનિયંત્રિત નદીનો પ્રવાહ વિકાસ પામેલા પ્રદેશોને પણ ઉજ્જડ બનાવી દે છે. વિનુભાઈ શાહ જેવી સમર્પિત લાગણીનો પ્રવાહ વ્યક્તિત્વનું ઘડતર કરવામાં ઉપયોગી બને છે. પરંતુ અનિયંત્રિત લાગણીથી ઊભરતા માણસો અનેક પ્રતિભાસંપન્ન વ્યક્તિના પરિચયમાં આવી તેના જીવનને વેર-વિખેર કરી નાખે છે. કોઈવાર પ્રગતિના માર્ગે દોડતા વ્યક્તિને બહેકાવી ખોટા માર્ગે દોરી જાય છે. ખોટા અને દિશાહીન દુષ્કાર્યો કરાવી ધર્મનાં નામે વેર-ઝેર ઊભા કરાવી માનવતાની મહેક ઝૂંટવી લે છે. પરિણામે માનવનું શરીર ધારણ કરી વ્યક્તિ દાનવ બની જાય છે. સત્તાનાં લાલચું લોકો આવા દાનવના ખભે બંધૂક રાખી પોતાનું તરભાણું ભરી લેતા હોય છે.

૧૯૯૨માં રામ-રહીમના વિવાદને લઈ દેશભરમાં રથયાત્રા ચાલી, અયોધ્યામાં બાબરી મસ્જિદને ધ્વસ્ત કરી રામમંદિર બાંધવાના નામે હિન્દુઓને બહેકાવવામાં આવ્યા. હિંદુ-મુસ્લિમ વચ્ચે ઝગડાનું બીજ રોપી સત્તાનું સિંહાસન જમાવવા નકારાત્મક લાગણીનું જળ વહેવડાવતા આ લોકો મનસ્વી ન્યાય પ્રાપ્ત કરવા આંબા-આંબલીનું સપનાનું રંગમંચ રચી વિચારોની આંખમાં ધૂળ નાખી લોકોને ગેરમાર્ગે દોરતા રહ્યા છે. એકતરફ આવા લોકોની સંખ્યા વધતી જાય છે, તો બીજી તરફ વિનુભાઈ શાહ જેવા કર્મનિષ્ઠ સત્પુરુષો ધરતી પર અવતાર ધારણ કરી માનવતાની મહેક મહેકાવવા પોતાનું માળીત્વ પુરવાર કરવા મથામણ કરી રહ્યા છે.

૧૯૭૭નાં સંગીતના કાર્યક્રમમાં નામોશી થયા પછી સમયસર પ્રોત્સાહન મળ્યું ન હોત તો કદાચ મારો ને તમારો સંવાદ સાધી શકાયો ન હોત. કારણ સંવાદ કરવાની શક્તિ મારામાં વિકાસ પામી જ ન હોત. જેમ નદી નિયંત્રિત થઈ પોતાના ફળદ્રુપ પ્રદેશોનું સર્જન કરતી રહે છે, તેમ માણસે પણ લાગણીને નિયંત્રિત કરી

માનવતારૂપી પ્રદેશનું સર્જન કરતા રહેવું જોઈએ.

થોડા સમય પહેલા શાળાના પૂર્વ વિદ્યાર્થીઓનું એક સ્નેહમિલન યોજાયું હતું. તેમાં વિદ્યાર્થીઓએ શ્રી વિનુભાઈ શાહની કર્મનિષ્ઠા, ઉદાત્ત સેવાભાવના અને સમયપાલન વિષે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. તાલીમ પામેલા શિક્ષકો પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીને જે ન શીખવી શકે તેવું સામાજિક જ્ઞાન આપનાર શ્રી વિનુભાઈ શાહની જીવનશૈલી વિષે વિદ્યાર્થીઓએ શબ્દપુષ્પો દ્વારા નોંધ લઈ સમાજ રચનાના ઉત્તમ કાર્યને આગળ ધપાવનાર વિનુભાઈ શાહ અને તેના પરિવારની ડગલે ને પગલે પ્રશંસા કરી હતી. બીજી તરફ અનિયંત્રિત લાગણીના પ્રવાહના માલિક એવા આજના કહેવાતા નેતાઓ પોતાનો કક્કો ખરો ઠેરવવા તોપ વેચી તમંચો ખરીદવા જેવું પરાક્રમ બતાવી લોકોને ગાડરિયા પ્રવાહની જેમ દોરી રહ્યા છે. શ્રદ્ધાનો જે વિષય હોય ત્યાં સમાધાનની ફૉર્મ્યુલા દાખલ કરી, ન્યાયનાં બદલે સૌને ખુશ કરવા તારીખ ૧૧/૧૧/૨૦૧૯ નાં ચુકાદાની નવી ફૉર્મ્યુલા આપી ભીંત ભુલવાડી દે તેવા લોકોથી ચેતવાનો સમય પાકી ગયો છે. ૨.૭૭ એકર સામે ૫ એકર જગ્યા ફાળવવાનો નિર્ણય સમજમાં આવે તેવો નથી. કારણ કે ૨.૭૭ + ૫ એકર મળી કુલ ૭.૭૭ એકર જગ્યાનો વ્યય કરવાનું શી રીતે પાલવી શકે ?

૧૯૪૬ની બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના વડપણ નીચે રચાયેલ બંધારણ સમિતિએ તૈયાર કરેલ દેશના બંધારણ મુજબ સ્થપાયેલ પ્રજાસત્તાક રાજયમાં બિન-સંપ્રદાય રાષ્ટ્રની ગરિમાને છાજે તેવી રાજકીય વ્યવસ્થા ઊભી કરી પ્રજાસત્તાક બનેલ રાષ્ટ્રને લઘુમતી અને બહુમતીનું સમતોલન જાળવવા રાષ્ટ્રના તૈયાર થયેલ બંધારણનાં અમલ સમયે અસ્તિત્વમાં હોય તેવી સ્થિતિને જાળવી રાખવા ન્યાયતંત્રનો પ્રયાસ હોવો જોઈએ. એટલે કે વિવાદી કે બિનવિવાદી અસ્તિત્વમાં આવેલ તમામ પરિસ્થિતિ યથાવત રાખી સૌ કોઈને લોકશાહીનો અહેસાસ થાય તેવી વ્યવસ્થાને અનુમોદન મળે તેવા નિર્ણય પર ન્યાયતંત્રએ વળગી રહેવું જોઈએ. આઝાદી સમયે જે પરિસ્થિતિ હતી તેને અનુરૂપ બંધારણીય રીતે સત્તા પ્રાપ્ત કરનાર ન્યાયતંત્ર દ્વારા નિર્ણય લેવાશે ત્યારે રાષ્ટ્રની અખંડિતતા અને સાર્વભૌમત્વને પ્રજાનાં હૃદયમાં સ્થાન મળી શકશે. હું માનું છું કે



રાષ્ટ્રભાવનાને ટકાવી રાખવા નૈતિક રીતે દેશના પ્રત્યેક નાગરિકે આ પ્રકારની વિચારધારા કેળવવી પડશે.

એક તરફ ગગનચુંબી ઈમારતો લોકોના વસવાટ માટે બનાવવી પડે છે, બીજી તરફ આસ્થાના નામે ૭.૭૭ એકર જેટલી કીમતી જગ્યાની ફાળવણી કરી સત્તાનું ઘર જમાવી રાખવા અવનવી ફૉર્મ્યુલાઓ તૈયાર કરી ન્યાયતંત્રનાં નામે ધાર્યું કરવાની ફાવટ સત્તાલાલચુઓએ મેળવી લીધી છે. ત્યારે આ અનિયંત્રિત લાગણીનો પ્રવાહ આપણને ઊંડી ખીણમાં ઘસડી ન જાય તે માટે જાગૃત બનવું પડશે.

ખૂબ જાણીતા ફિલ્મી ગીતની પંક્તિઓ યાદ આવે છે...

“મેરે મન કી ગંગા ઔર તેરે મન કી જમના કા,
બોલ રાધા બોલ, સંગમ હોગા કે નહિ...
અરે... બોલ રાધા બોલ, સંગમ હોગા કે નહિ...
કિતની સદિયા બિત ગઈ હૈ તુજે સમજાને મેં,
મેરે જૈસા ધીરજવાળા હૈ કો ઔર જમાને મેં,
દિલ કા બઢતા બોજ કભી કમ હોગા કે નહિ...
બોલ રાધા બોલ, સંગમ હોગા કે નહિ...
નહિ... નહિ... કભી નહિ... ચૂપ.
દો નદિયોં કા મેલ અક્ષર ઈતના પાવન કહેલાતા હૈ,
કયુના જહાં દો દિલ મિલતે હૈ,
સ્વર્ગ વહીં બન જાતા હૈ,
હર મૌસમ હૈ પ્યાર કા મૌસમ... હોગા કે નહિ...
બોલ રાધા બોલ, સંગમ હોગા કે નહિ...
જાઓના... કયું સતાતે હો... હોગા... હોગા... હોગા...

ફિલ્મી ગીતના શબ્દો કર્ણપટ પર પડતા જ નિયંત્રિત નદી અને નિયંત્રિત લાગણીનાં પ્રવાહનો સંગમ થશે કે કેમ તે પ્રશ્ન મનને કોરી ખાઈ છે. કારણ કે જાણીતી કહેવત મુજબ ‘કૂતરું તાણે ગામ ભણી ને શિયાળ તાણે સીમ ભણી’ તેના

જેવું છે ! પરસ્પર વિરોધાભાસ વચ્ચે સંગમ શી રીતે શકય બનશે ? પર્યાવરણમાં અસમતુલા ઊભી થવાના કારણે હિમાચ્છાદિત બરફના પ્રદેશો પીગળી રહ્યા છે. પીગળતા બરફના પાણીનો પ્રવાહ દિન-પ્રતિદિન સમુદ્રમાં ઠલવાઈ રહ્યો છે. દરિયાકિનારે આવેલા શહેરો સામે અસ્તિત્વનું જોખમ ઊભું થઈ રહ્યું છે. કાર્બનડાયૉક્સાઇડ અને મૉનોકસાઇડનાં વધતા જતા પ્રમાણને કારણે ઓઝોન વાયુનાં પડમાં છિદ્રો પડી રહ્યા છે. પરિણામે સૂર્યના પારજાંબલી કિરણો ધરતીના ઉષ્ણતામાનમાં વધારો કરી રહ્યા છે, ત્યારે નિયંત્રિત નદીના કિનારે લાગણીભર્યા હૈયા ધરાવતા માનવો શી રીતે વિકાસ પામી શકશે ? એટલે જ કદાચ આ ગીતના શબ્દો મને સ્પર્શી ગયા છે. પરંતુ છેલ્લા મુખડામાં ઈશ્વરકૃપાથી સંગમ શકય બનશે તેવી હૈયાધારણા મળી છે, તેથી મારા ને તમારા મનની ગંગા-યમુનાનું મિલન આજ નહીં તો કાલ અવશ્ય થશે તેવી મને શ્રદ્ધા છે.



## ૨. જીવન જીવવાની કલા

ખેતી સાધન અને બિયારણ વિના થઈ શકતી નથી. તેમ સુખ અને દુઃખ સહન કર્યા વિના જીવનરૂપી ગાડી ચાલી શકતી નથી. જીવની તે ઊર્જા છે. વીજળીની શકિતથી જેમ બલ્બ, ટયૂબલાઇટ સળગે છે, તેમ ઉતાર-ચડાવ જીવનમાં આવતા-જતા રહે છે. જેને આપણે સુખ-દુઃખ તરીકે ઓળખીએ છીએ. આપણને ભૂખ લાગે ત્યારે થોડું કષ્ટ અનુભવીએ છીએ, પણ પેટમાં પડતા જ તૃપ્ત થઈ કાર્ય કરવા લાગીએ છીએ. જો ભૂખ ન લાગે તો આપણને છપ્પન ભોગ તૈયાર હોય તો પણ જમવાની ઇચ્છા થતી નથી. જો આપણે ભોજન જ ન લઈ શકીએ તો શરીરને શકિત કયાંથી મળે ? જેમ આપણે ભૂખરૂપી થતી પીડાનો સહજ સ્વીકાર કરી લીધો છે, તેમ આપણે સુખ કે દુઃખનો સ્વીકાર કરી તેની સામે ઝઝૂમવા તૈયાર થઈ જવું જોઈએ. ભગવાન રામચંદ્રજીને રાજગાદી મળવાની હતી, તેના બદલે તેમને ૧૪ વર્ષનો વનવાસ મળ્યો હતો. તેમણે આવી પડેલા પડકારનો હસતા મુખે સ્વીકાર કર્યો હતો. ભગવાન કૃષ્ણને ઘણા અપમાન સહન કરવા પડયા હતા, તેમ છતાં તેમણે તેનો સામનો કર્યો હતો. માટે આપણે આજે પણ હજારો વર્ષ વીતી ગયા પછી પણ તેમને યાદ કરતા ધરાતા નથી. રાજા હરિશ્ચંદ્ર અને તારામતી રાણી, રાજા નળ અને દમયંતી રાણીને પડેલા દુઃખોનો પહાડ ઢંઢોળવા જઈએ તો સંખ્યાબંધ પુસ્તકોના પાના ભરવા પડે. આજે સત્યપ્રિય રાજા હરિશ્ચંદ્ર અને નળરાજાને વચનપાલક તરીકે યાદ કરવામાં આવે છે. કારણ કે તેમણે જીવન જીવવાની કલા હસ્તગત કરી આદર્શ જીવન જીવી બતાવ્યું છે.

ઘણા નાસ્તિક લોકોને પ્રશ્ન ઉદ્ભવતો હોય છે. ભગવાનને ધરતી પર અવતાર શા માટે લેવો પડે છે ? તેઓ તો સૃષ્ટિના સરજનહાર છે, તેમ છતાં અસુરોનો નાશ કેમ કરી શકતા નથી ? અવતાર ધારણ કર્યા વિના પણ તેઓ લોકોને અસુરોના ત્રાસમાંથી મુકત શા માટે કરી શકતા નથી ! નાટકનો દિગ્દર્શક કલાકારોને પોતાનું ઉત્તમ પાત્ર ભજવી બતાવવા અભિનયનો પડકાર આપવા ઘણી વેળાએ કેટલાક પાત્રનો અભિનય પોતે કરી બતાવવાનું પસંદ કરતા હોય છે. તેમ સંસારભૂમિના તકતા પર ભજવાતા નાટકના કલાકાર તરીકે ઈશ્વર પણ આ

ધરતી પર અવતાર ધારણ કરી પોતાનું પાત્ર ભજવી બતાવે છે. આમ, સૃષ્ટિના સર્જકને જીવોના કલ્યાણ માટે પૃથ્વી પર અવતાર ધારણ કરી દુઃખ અને સુખના દ્વન્દ્વમાંથી પસાર થવું પડે છે. આ જગતમાં દરેક પદાર્થ, ચીજ-વસ્તુ કે જીવસૃષ્ટિના પ્રત્યેક જીવો બેવડા વલણ સાથે વર્તે છે. દા.ત., લીમડો કડવો હોય છે, પણ પાકેલી લિંબોળી મીઠી હોય છે. સત્ય બોલનારા લોકો અવિવેકી લાગે છે, પરંતુ તેમની સલાહ હિતકારી નીવડે છે. ખોટી પ્રશંસા કરનારા લોકો પોતાનું સ્થાન જમાવવા ડગલે ને પગલે વખાણનો વૈભવ પાથરી આપણા દિલમાં સ્થાન જમાવી દે છે, પણ તેઓ દેખીતા દોષને છુપાવતા હોય છે. આવા તકવાદી લોકોને ઓળખી લેવા જોઈએ. સાવધાનીપૂર્વક જે પોતાના જીવનપથ પર ડગ માંડતો રહે છે, તે પોતાના આધ્યાત્મિક અર્થાત્ આંતરિક પ્રદેશમાં સુખ નામનું વૃક્ષ ઉગાડી શકે છે. બાહ્યજગતના સુખને અવગણી ભીતરમાં ગુંજતો સોહમનો નાદ સાંભળી શકે છે, તે પરમધામને પામી જાય છે.

મને ભીતરની સૂરાવલી રંજક અને આહ્‌લાદક લાગે છે. મારા અનુભવ પ્રમાણે તે આપણા જીવનના પ્રત્યેક પ્રદેશમાં ઉજાસ પાથરી દે છે. આ અવસ્થાએ પહોંચતા જ આપણું જીવન આપણને હર્યું-ભર્યું લાગે છે. ભીતરના સંગીતની તાકાત આપણા જીવનની ગાડીને ઊર્જા આપે છે. અન્યથી દૃષ્ટિએ દેખીતું દુઃખ આપણા માટે વિકાસની કેડી કંડારનારું નજરાણું બની જાય છે. સમય જતા તે આપણને સહજ લાગવા લાગે છે. જિંદગી પોતે એક કોયડો બની આવે છે, પણ તેના આટાપાટા જે ઉકેલી શકે છે, તેના માટે તે સ્વર્ગની નિસરણી બની જાય છે.

દેવી પાર્વતી અને ભગવાન શંકરનો સંવાદ ચાલતો હતો. મૃત્યુલોકના જીવોમાં માનવને મળેલી બુદ્ધિ, સ્વાર્થ, લોભ, લાલચ, મોહ, ઈર્ષ્યા જેવી શકિત આપી શા માટે ભુલભુલામણીમાં ફસાવ્યો છે ? ભાથામાંથી તીરની જેમ દેવી પાર્વતીના મુખમાંથી શબ્દબાણ નીકળી રહ્યા હતા. બાકી તો નીરવ શાંતિએ કબજો બરાબર જમાવી રાખ્યો હતો. ભગવાન શંકરનું મૌન તૂટ્યું : ‘‘હે દેવી, તમે જાણો જ છો કે ભગવાન વિષ્ણુ અને બ્રહ્માની સંયુકત શકિત વડે નિર્માણ પામેલ જગતના જીવોની મુકિતનું દ્વાર કેવલ માનવદેહ ખોલી શકે છે. માનવ આ અદ્‌ભુત શસ્ત્ર વડે



ઈશ્વર અર્થાત્ વિષ્ણુ કે બ્રહ્મા જેવી શકિત પ્રાપ્ત કરી જગતના જીવોને ઉગારી પણ શકે છે. આ માટે માનવને સમર્પણ, ત્યાગ, દયા, સંવેદના જેવા બીજાનું ભલું કરી શકે તેવા ગુણો પણ આપ્યા છે. હે દેવી, સાંભળો. માણસ સ્વાર્થી બની પોતાનું કલ્યાણ કરવા રચ્યોપચ્યો રહે છે. તેમ કરવા જતા દીવાના પ્રકાશથી મોહિત થયેલું પતંગિયું ગેલમાં આવી જેમ નાશ પામે છે, તેમ સંસારસુખની દોટ લગાવતો માણસ પણ મોક્ષ પ્રાપ્ત કર્યા વિના મૃત્યુ પામી લખચોરાશી યોનીમાં ભટકતો રહે છે. પણ આનાથી ઊલટુ દેવી, જે માણસ વૈભવી સગવડ વચ્ચે પણ પોતાનું સમતોલન જાળવી બીજાનું ભલું કરવા નિષ્ઠાપૂર્વક કર્મ બજાવતો રહે છે, તે પરમધામના માર્ગે આગળ ધપતો રહે છે. આખરે તે મારા તેજમાં ભળી જાય છે. સૃષ્ટિના સંહાર સમયે પણ તે દુઃખી થતો નથી. નાનીમોટી નિષ્ફળતા તેને હતાશ કે નિરાશ કરી શકતી નથી. જેમ ઉકાળેલું દૂધ જંતુઓથી મુકત બને છે, તેમ દુઃખરૂપી દાવાનળમાં શેકાયેલો જીવ શિવ બની જાય છે. માણસ તમામ શકિતઓથી વિદિત હોવાથી તેમણે સભાનતાપૂર્વક મુકિતના માર્ગે ડગ માંડવાના હોય છે. માત્ર પોતાનું કલ્યાણ કરવાના બદલે માણસે સર્વ જીવોનું ભલું થાય તેવું કર્મ કરતા રહેવું જોઈએ. માણસ જો અન્ય જીવોનું કલ્યાણ કરવાની વૃત્તિ રાખશે તો જ તેનો મોક્ષ થઈ શકશે. સ્વાર્થી બની સ્વ-સુખ પાછળ દોડતો રહેશે તો તેને લખચોરાશી યોનીમાં ચગડોળની માફક ફરતા રહેવું પડશે. ચગડોળ ગમે તેટલું ફરે પણ અંતર ન કાપી શકે. માણસ ભૌતિક સુખ ગમે તેટલું પામે પણ તૃપ્ત થઈ શકતો નથી. વૈભવી સુખ હોવા છતાં માનવને શાંતિનો ઓડકાર આવતો નથી. તેને સંસારસુખની ભૂખ ઊંઘવા દેતી નથી. ગુણ અને અવગુણથી ભરેલો માણસ સંસારમાંથી વલખાં મારી ખાલી હાથે પરત ફરે છે. બીજા જીવોને બુદ્ધિ કે સમજપૂર્વક અન્યનું કલ્યાણ કરાવાની શકિત હોતી નથી. પરંતુ જાણે-અજાણે બજાવેલા કર્મના પુણ્ય વડે તે માનવ અવતાર ધારણ કરે છે. નિસરણી પર ચાલી આપણે ઊંચાઈ પર પહોંચી શકીએ છીએ, તેમ માનવદેહરૂપી નિસરણી વડે જીવ શિવ બનવાની યાત્રા કરી શકે છે.’’

ભીતરમાં છેડાતા સંગીતના સૂરોમાં મને દેવી પાર્વતી અને ભગવાન શંકરનો સંવાદ સંભળાતો રહે છે. ભગવાન શંકર અને દેવી પાર્વતીના સંવાદમાંથી

સંભળાતું સંગીત કોઈવાર મને ઓળઘોળ કરી દે છે. રાગ-રાગિણીના નિયમો મુજબ સંગીતના જલસામાં ધ્યાન લગાવતો ગવૈયો અને સૃષ્ટિના કલ્યાણ કરતાગ માણસે સાવધ રહેવું જોઈએ. તાલ કે સૂર ચુકાય નહિ તે માટે ગવૈયો પોતાની સાવધાની રાખે છે, તેમ માણસે પણ ફરજ અને જવાબદારી પ્રત્યે સાવધાની રાખવી જોઈએ. મને ''ડગલું ભરું ને ના હટવું, ના હટવું'' કાવ્યપંક્તિ સ્પર્શી ગઈ છે. તેથી જીવનમાં મળતી નિષ્ફળતાઓ સામે સંઘર્ષ કરતા રહેવું મને ડહાપણભર્યું લાગે છે. ઈશ્વર જે ફળ આપે તેને સ્વાદિષ્ટ સમજી ઈશ્વરના ભરોસે પ્રસાદ તરીકે આરોગવાનું ઉચિત માનું છું. બાહ્ય આંખોની દૃષ્ટિ ગુમાવાનો અફસોસ કદી અનુભવાતો નથી. તેનાથી ઊલટું કોઈ નારાજગી વ્યકત કરી આંખોની દૃષ્ટિ મને પુનઃપ્રાપ્ત થાય તેવી લાગણી સાથે કાકલૂદી કરે છે, ત્યારે તેમના પર રોષનો અગ્નિ ભભૂકી ઊઠે છે. કારણ કે ઈશ્વરની ઇચ્છાથી આવતી આપત્તિ જીવનની સંજીવની બનતી હોય છે. જે પોષણ આપે છે, તે આપણને મારે પણ છે. જેને આપણે વિષ તરીકે ઓળખીએ છીએ, તે આપણને નવી જિંદગી પણ આપી શકે છે. ''કડવાં કારેલાંના ગુણ ના હોય કડવાં'' કાવ્ય પંક્તિ ઘણી મોટી ટકોર કરી જાય છે. પોષણ આપનાર પદાર્થ ફૂડ-પૉઈઝન બની આપણને મારી પણ શકે છે. આનો અર્થ તો એ થયો કે ઈશ્વરની ઇચ્છા મુજબ જ બધું ચાલે છે. તેથી મિથ્યા ઇચ્છા પોષવા દુખી થવાનો કોઈ અર્થ નથી.

૧૫મી નવેમ્બર ૨૦૧૯નાં રોજ સાંજના ૬ કલાકે સંસ્થાના કાર્યાલયમાં ટ્રસ્ટી મંડળની એક બેઠક મળવાની તૈયારીઓ ચાલતી હતી. સમયસર અથવા સમય પૂર્વે બેઠકમાં ભાગ લેવા આવી પહોંચેલા ટ્રસ્ટીઓ અરસપરસ ચર્ચા કરી રહ્યા હતા. મારા એક સ્નેહી મિત્ર બોલ્યા : ''હું તો ભગવાનને પ્રાર્થના કરું છું કે વૈજ્ઞાનિકો કોઈ એવી ખોજ કરે કે આપણા લાભુભાઈ પોતાની આંખે કોઈ ઉપકરણની મદદથી રંગબેરંગી દુનિયા જોઈ શકે. જેથી તેમને ખબર પડે કે પોતે કલ્પી હતી તેવી જ દુનિયા છે કે તેની કલ્પના કરતા પણ દુનિયા વધુ ખૂબસૂરત દેખાય છે !'' મને મારા મિત્રની દલીલ ન ગમી. મેં કહ્યું : 'તમે આવી ઇચ્છા ત્રીજીવાર વ્યકત કરી છે એટલે તમને ચેતવું છું. ભવિષ્યમાં કદી આવી ભીખ મારા



માટે માગશો નહિ. તમારી આ છેલ્લી અને પેલી ભીખ હોવી જોઈએ. હું દુનિયા જોવા ઇચ્છતો નથી. ભગવાને મને બાહ્ય આંખોની દૃષ્ટિ ભલે આપી નથી પણ સેવાનો મોટો વૈભવ આપ્યો છે. ઈશ્વરની ઈચ્છા હશે ત્યાં સુધી હું નેત્રહીન બની સેવા કરવા માગું છું. જન્મોજન્મ અંધજનોના કલ્યાણ માટે ભગવાનને મારી જરૂર લાગે તો હું અંધ બની ઈશ્વરની સૃષ્ટિને શોભા આપવા અવતાર લેવા તૈયાર છું. મને તેમ કરવામાં આનંદ આવશે. તમારે મારી દયા ખાવાની જરૂર નથી. હું ઈશ્વરનો સૈનિક બની કર્મ કરવા ઇચ્છું છું. મારા દરેક કર્મનું ફળ હું ઈશ્વરને અર્પણ કરવા માગું છું.

એક નગર હતું. નગરશેઠ ભારે દયાળુ અને માયાળુ હતા. એક ભિખારી ઝોળી લઈ ભીખ માગવા આવી પહોંચે છે. શેઠના બંગલા સામે જોઈ ભીખ માગવા હાથ લંબાવે છે. ગણતરીની મિનિટોમાં શેઠ ભિખારીના હાથમાં સુવર્ણપત્રમાં લખાયેલો એક દસ્તાવેજ મૂકે છે. ધીકતી પેઢીનો માલિકપણાનો હક આપતો એ દસ્તાવેજ હતો. ગગુ ભિખારી આ દસ્તાવેજ મેળવી શેઠ ગંગદાસ બની જાય છે. ગગુ જાણતો હતો કે પેઢીનો તે માલિક નથી. તેને માલિક બનાવામાં આવ્યો છે. પેઢીનો તે રખેવાળ નિમાયો છે. કમાણી મળે તેનો તે માલિક નથી. શેઠ ભલે કદી આ અંગે પૃચ્છા ન કરે પણ સંપત્તિનો વૈભવ અકબંધ રહે તેવી ગગુ જીવના જોખમે પણ કાળજી રાખશે. ઉપર મુજબનો ગગુ મનોમન સંકલ્પ લે છે. થયેલી આવકનો અમુક ભાગ દાન-દક્ષિણામાં કાઢશે. ગરીબોને દાન આપવું અને પીડિતોને મદદ કરવી - ગગુનો મંત્ર હતો. બીજી તરફ નગર શેઠનો દીકરો વંઠી જાય છે. માંસ-મદિરા-વ્યભિચારના દુષણથી ભ્રષ્ટ બની ધન વેડીફી નાખે છે. પોતાનું ધન ગુમાવી દુઃખી થઈ જાય છે. નગરશેઠના પુત્રની હાલત વિશે ગગુ ઉર્ફે ગંગદાસને જાણ થાય છે. ગગુ એક ધડાકે પોતાની સઘળી સંપત્તિ નગરશેઠના પુત્રને અર્પણ કરી દે છે. વાચક મિત્રો, હું પણ પુણ્યરૂપે મળેલી સઘળી સંપત્તિ ઈશ્વરના ચરણોમાં અર્પણ કરવા ઇચ્છું છું. અંગત તૃષ્ણાને તિલાંજલિ આપી, મારા સેવાયજ્ઞને પ્રજવલિત રાખવા માગું છું. મારો નગરશેઠ ખુદ ઈશ્વર છે. પિડિતો, વિકલાંગો અને દુઃખી લોકો પૂર્વજન્મના પડકાર સામે લડતા ઈશ્વરના સંતાનો છે, તેને મારે મારી સેવાના વૈભવની સંપત્તિ અર્પણ કરવાની છે. મને ઈશ્વરે જીવનરૂપી દસ્તાવેજ અર્પણ કરી,

અઢળક સંપત્તિ આપી છે. તે મારા નગરશેઠના સંતાનોને હું અર્પણ કરતો રહીશ. મારા નગરશેઠના સંતાનો પોતાનો જીવનકાળ આનંદમય વિતાવી શકે તેવું કાર્ય કરવાનો મારો મનસૂબો છે. મારી સેવાનું કોઈ પુણ્ય કમાવા હું માગતો નથી. ફળત્યાગની પ્રાર્થનામાં મને આનંદ આવે છે. આ મારું તર્પણ નથી, સમર્પણ પણ નથી; આ મારી ઈશ્વર પ્રત્યેની સાચી શ્રદ્ધા છે. સર્જનહાર સૃષ્ટિપતિ મહાદેવને મારા અંતરમાં જાગેલી લાગણીની પ્રાર્થના છે. મારા ઉરમાં જાગેલી ભાવના જીવનપ્રદેશને નંદનવન બનાવી રહી છે. જીવન સંજીવની બની ઝળહળતી ઊર્મિના ઉછળતા તરંગો ''જીવન જીવવાની કલા'' બની ચમકતા સૂર્યની જેમ આફતના અંધારા ખાળી રહે છે.



## ૩. સુગંધનું સરનામું

આંખ, કાન, જીભ, સ્પર્શ અને ગંધની અનુભૂતિ કરાવતી પાંચ જ્ઞાનેન્દ્રિયનું ઈશ્વરે આપણને અનુદાન આપ્યું છે. તેના વડે આપણો વ્યવહાર ચાલે છે. જગતનું લગભગ ૮૦ ટકા જ્ઞાન આપણને આંખ દ્વારા પ્રાપ્ત થાય છે. ૨૦ ટકા જ્ઞાન બાકીની અન્ય ઈન્દ્રિયો દ્વારા આપને મળતું હોય છે. જેઓ આંખોની દૃષ્ટિ ગુમાવે છે, તેમને બાહ્ય જગતનું જ્ઞાન મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. શ્રવણેન્દ્રિય ઘણી મોટી પૂર્તતા કરી આપે છે. સ્પર્શ અને ઘ્રાણેન્દ્રિયનું જ્ઞાન મેળવવામાં ઘણું મહત્ત્વનું યોગદાન રહે છે. સુવ્યવસ્થિત તાલીમ પામેલ અંધજન સામાન્ય મનુષ્યની જેવું જ જીવન ગુજારી શકે છે. અંધજનોને શિક્ષણ આપતી ખાસ શાળાઓએ આ દિશામાં ઘણા મહત્ત્વના પગલાં ભર્યાં છે. સ્પર્શગમ્ય ઘણા સાધનો વિકસાવ્યા છે. શ્રવણ ઉપકરણોની મદદથી અંધજનો અભ્યાસક્રમ અને ઈતર વાંચનના પુસ્તકો વાંચી શકે તેવો પ્રબંધ ગોઠવી આપી, જ્ઞાનપ્રાપ્તિના નવા દ્વાર ખોલી આપ્યા છે એટલે આંખની અવેજીમાં અન્ય ઈન્દ્રિય વડે અંધજનો સામાન્ય વર્ગના લોકો સાથે સ્પર્ધામાં ઊભા રહી સફળતા પણ મેળવતા હોય છે. આજ-કાલ ટૅકનોલૉજી પાંગરી રહી છે. બ્રેઈલ-મી, ઑર્બિટ જેવા ઉપકરણોએ દૃષ્ટિની મર્યાદાને ઓળંગી કાર્યક્ષેત્રના નવા દ્વાર ખોલી આપ્યા છે. બ્રેઈલ-મી અથવા ઑર્બિટની મદદથી બ્રેઈલમાં લખાયેલું લખાણ સામાન્ય લિપિમાં મુદ્રિત કરી શકાય છે. જેઓ સખત પરિશ્રમ કરી આગળ ધપવા ઇચ્છે છે, તેમને આંખોની ગુમાવેલી દૃષ્ટિ બાધક બની વિકાસને અવરોધી શકે તેમ નથી. વિશિષ્ટ ઉપકરણોની મદદથી કોઈપણ અંધ વ્યકિત ઇચ્છે તેવા ક્ષેત્રમાં કાર્ય કરવા સમર્થ બની શકે છે. વિવિધ સંસાધનોની મદદથી દૃષ્ટિહીનો પણ પ્રગતિ કરી શકે છે.

બાળપણમાં આંખોની દૃષ્ટિ ગુમાવ્યા પછી માતાનું છત્ર જયારે ઈશ્વરે ઝૂંટવી લીધું, ત્યારે અચાનક મારા પર મુસીબતોનો પહાડ તૂટી પડયો હોય તેવી અનેક સમસ્યાઓનો સામનો કરવાનું દુઃખ આવી પડયું હતું. પણ કેટલીક સમસ્યાઓનું સમાધાન સમય કરી આપતો હોય છે. જેમ-જેમ સમય પસાર થતો ગયો, તેમ-તેમ તેનો ઉકેલ પણ મળવા લાગ્યો હતો. બંધ આંખોમાં સપના

સંતાકૂકડીની રમત રમવા આવી પહોંચતા હતા. પિતા ટપુભાઈ રાજકીય અને સામાજિક પડકારોના પહાડ નીચે દબાયેલા હતા. તેથી તેઓ મારી ખાણીપીણીની સગવડ સિવાય ખાસ કંઈ કરી શકે તેમ ન હતા. બાળગોઠિયાઓની ટોળીએ મારામાં ધરબાયેલી શક્તિઓને ઝંકૃત કરી હતી. આત્મવિશ્વાસ દિન-પ્રતિદિન વધવા લાગ્યો હતો. લોકોની ઠોકરોએ મને જાગૃત કરી દીધો હોવાથી મારું ઘડતર અસાધારણ રીતે થઈ રહ્યું હતું. ખરા-ખોટાની તુલના મારું મન કરવા ટેવાઈ ગયું હતું. આ તમામ વિકાસ પામેલ શક્તિઓનો લાભ મને આજે મળી રહ્યો છે. સામાજિક સહયોગ મને આ બધા પરિબળોના લીધે વિશેષ મળી રહ્યો છે.

મારા બંધુઓ અને ભગિનીઓના સપના સજાવા હું સમાજના વિવિધ વર્ગોના લોકોને જોડવા માગું છું. તેમાંય શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ મને આ બધી પ્રવૃત્તિઓનું ચાલકબળ બની શકે તેવો વિશ્વાસ જાગ્યો છે. છેલ્લા આઠ-દસ વર્ષથી હું આ દિશામાં પા-પા પગલી કરી રહ્યો છું. વર્ષ ૨૦૧૨માં ચાર દિવસનું વિશિષ્ટ પ્રદર્શન ગોઠવી પહેલા જ વર્ષે ઘણી શાળા કૉલેજોનો ટેકો મેળવી કદમ ઉપાડયું હતું. દર વર્ષે અવનવા શીર્ષક તળે વિકલાંગોના વર્ષ દરમિયાન આવતા ખાસ દિવસની ઉજવણીનાં ભાગરૂપે આયોજન કરવામાં આવે છે. જેમા સંખ્યાબંધ શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ, ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને શિક્ષણકારો, ધંધાદારી લોકો તેમજ આમજનતાનો મોટો વર્ગ જોડાઈ રહ્યો છે. પરિણામે સુદૃઢ સમાજરચનાને બહોળો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. સમાજનો રચનાત્મક કેળવયેલો અભિગમ દેશના અંતરિયાળ વિસ્તાર સુધી, વિસ્તરે તેવું હું મારું સપનું જોવા ઇચ્છું છું. ખાસ કરીને દૃષ્ટિહીનો અને અન્ય ક્ષતિગ્રસ્ત લોકો માટે ભાવનગર જિલ્લો દેશનો આદર્શ જિલ્લો વર્ષો સુધી બની સેવાક્ષેત્રનું નેતૃત્વ લઈ, આપણા સૌનું ગૌરવ વધારે તેવું સપનું સાકાર કરવા ઇચ્છું છું. મારા અંતરપ્રદેશના બાગમાં સેવાની મહેક અવનવા કાર્યો કરવા ખેંચી રહી છે. મારી સેવાના સુગંધના સરનામે આપ સૌને પધારવા હૃદયથી પ્રાર્થના છે.

''ઉર મહીં છલકાતી લાગણીના બુંદ, કાશ !
વાદળ થઈ વરસી પડે એવું પણ બને;
ને તમે સૌ ભીંજાતા હૈયે કૂદી પડો એવું પણ બને.
મારી સુગંધની સેવાનું સરનામું,
વેદનાની વાટે જડે, એવું પણ બને.''



આજથી બસ્સો વર્ષ પૂર્વે અંધજનો અને વિકલાંગોની હાલત ઘણી જ દયનીય હતી. સમય જતા લોકોની વિચારધારામાં આમૂલ પરિવર્તન આવવા લાગ્યું. પરિણામે તેના શિક્ષણ અને પુનઃસ્થાપન માટેના નવા દ્વાર ખૂલ્યા. વિશ્વભરમાં સેવાકીય સંસ્થાઓનો ઉદય થયો. દિવસે-દિવસે દુનિયાના દેશો વચ્ચે સંકલન સધાયું. એકબીજા દેશોની સંસ્કૃતિના વિકાસ સાથે વિકલાંગોના શિક્ષણની અવનવી સગવડો સ્થાપિત થઈ શકે તેવું વાતાવરણ ઊભું થવા લાગ્યું. ઉત્તમ કાર્યરીતિને વેગ મળે તેવી પદ્ધતિઓ વિકસાવવા બેઠકો યોજાવા લાગી. માળખાકીય સવલત ઊભી કરી એકસૂત્રતા સાધવામાં આવી. આવી પ્રવૃત્તિઓને વેગ મળે તેવું આયોજન થવા લાગ્યું હતું. પરિણામે, સંસાધનોની શોધને ઉત્તેજન મળવા લાગ્યું. લૂઈ બ્રેઈલ નામના અંધ વ્યક્તિએ બ્રેઈલ લિપિની શોધ કરી હતી, પરિણામે બ્રેઈલ લખી શકાય તેવા અનેક સાધનોની શોધ થઈ શકી. આજે બ્રેઈલ લિપિને કેન્દ્રમાં રાખી અનેક ટૅકનૉલૉજીના નસાધનો અને સૉફ્ટવૅર આવી રહ્યા છે. વિશ્વભરના દેશો લૂઈની શોધાયેલ બ્રેઈલ લિપિને બેજ બનાવી આગળ ધપી રહ્યા છે. ૨૦૧૭ના વર્ષથી ૪ જાન્યુઆરી લૂઈ બ્રેઈલના જન્મ દિવસને ''વિશ્વ બ્રેઈલ દિવસ'' તરીકે ઉજવવાનું U.N.O દ્વારા નક્કી થયું છે. તો ૧૯૯૨થી ત્રીજી ડિસેમ્બરને વિશ્વભરમાં ''વિશ્વ વિકલાંગ દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. જોકે આપણા દેશમાં જોઈએ તેટલી જાગૃતિ કે ઉત્સાહ સરકાર અથવા સામાન્ય જનસમુદાયનો વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણીમાં નજરે પડતો નથી. વિકલાંગ લોકોના કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓએ વિશ્વ વિકલાંગ દિવસની ભવ્ય ઉજવણીનાં કાર્યક્રમો ગોઠવવા જોઈએ. સરકારને આવા કાર્યક્રમોનું આયોજન કરવા પ્રોત્સાહન પૂરું પાડવા રજૂઆત કરવી જોઈએ અથવા સરકારના પ્રતિનિધિઓને આવા કાર્યક્રમોમાં નિમંત્રિત કરી તેમનામાં સંવેદના જગાડવી જોઈએ. વર્ષ ૨૦૧૪માં અમારી સંસ્થાએ ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલ

શ્રી ઓમપ્રકાશ કોહલીને આમંત્રિત કરી બોલાવ્યા હતા. તેમની વિશેષ ઉપસ્થિતિમાં પ્રજ્ઞાચક્ષુ બાળકોનો ''દિવ્ય દૃષ્ટિના કલા સાગરમાં ડૂબકી'' સાંસ્કૃતિક કાર્યક્રમ અને ''ઓલવાયાં અંધારાં ને ચમકયા સિતારા'' વિશિષ્ટ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ત્રિ-દિવસીય પ્રદર્શન જોવા શાળા કૉલેજના હજારો વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાધ્યાપકો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને આમ-નાગરિકો ઊમટી પડયા હતા. રાજયપાલ પધારવાના હોય તેવા કાર્યક્રમોમાં પ્રોટોકોલ ખાતર શહેર અને જિલ્લાના મુખ્ય અધિકારીઓ તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓએ જવાબદારીના ભાગરૂપે હાજર રહેવાનું ફરજિયાત હોવાના લીધે લગભગ મોટા ભાગનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પરિણામે અંધજનોની વિશિષ્ટ શકિતઓનો સંદેશ તેમના સુધી પહોંચાડવાનું સરળ થઈ ગયું હતું. ઉચ્ચ અધિકારીઓ થોડા ઉદાર બની અંધજનોની શકિતઓને જાણવા સમય ફાળવશે તો સમાનતાનો સૂર્ય સોળે કળાએ ખીલી ઊઠશે - તેની મને પૂરી શ્રદ્ધા છે.

તારીખ ૩ થી ૫ ડિસેમ્બર ૨૦૧૯ના ''અનોખું ઉડાન અમારું'' વિશિષ્ટ પ્રદર્શનને પણ શાળા કૉલેજો અને સામાન્ય જનતાનો ટેકો મળશે - તેવી મને શ્રદ્ધા છે.

ઈશ્વર પડકારરૂપ જિંદગીની મંજિલ હાંસલ કરવા અને અન્ય લોકો માટે કેડી કંડારવા મંજિલ પરના મુકામ પર પહોંચવા મોકલે છે, તેવા પડકારરૂપ લોકોને ટેકો કરવાની દરેક માનવસમાજના શિક્ષિત વર્ગની નૈતિક ફરજ બને છે.

આંખ ગુમાવાથી જે અંધકાર છવાય છે, તેના કરતા લોકોની લાગણીના અભાવે ઉદાસિનતાના કારણે વ્યાપતા ઘોર અંધકારથી વધુ હાનિ પહોંચે છે. સરકારની અસંગત નીતિઓ, મનસ્વી નિર્ણયો, અમાનવીય વ્યવહાર, વહીવટી શિથિલતાના કારણે વિકલાંગોને ડગલે ને પગલે સહન કરવું પડે છે, તેટલું કુદરતી પડકારને લઈ કરવું પડતું નથી. વિકલાંગતાના કારણે ઊભી થતી સમસ્યાઓ સામે વિકલાંગ વ્યકિત લડી શકે છે, પણ નિષ્ઠુર બનેલા અધિકારી સામે વિકલાંગ વ્યકિત ઝઝૂમવા છતાં ધાર્યું પરિણામ મેળવી શકે નહિ. જયારે આપણે ભોજન લઈ તૃપ્ત બનીએ છીએ, ત્યારે આપણને ભૂખ્યા લોકોની પીડાનો વિચાર આવતો



નથી. ભૂખમરો સહન કરી મરતા લોકો પ્રત્યે સંવેદના જાગવાના બદલે કોઈવાર ભૂખે ટળવળતા લોકો પ્રત્યે રોષ જાગે છે. આપણું જ્ઞાન સંવેદનાનું ગળું દબાવી દિલમાં છુપાયેલા રાક્ષસને જગાડે છે. માણસની રાક્ષસીવૃત્તિ આવા લોકોને મદદ કરવાના બદલે, હડધૂત કરવા પ્રેરે છે. આવી ચેષ્ટાઓ આપણા મગજ પર ખોટા સિક્કાની જેમ છાપ જમાવી દે છે. ખોટા સિક્કાના અવાજના રણકારની જેમ અંગત તૃષ્ણાનું ડહાપણ કબજો જમાવી દે છે. કામચોરી અને સ્વાર્થી અધિકારી વિકલાંગોને મદદ કરવાના બદલે સલાહના વરસાદ વડે ભીંજવી હાંકી કાઢે છે. બનાવટી લાગણીના શબ્દો ખોટા ફૂલની જેમ સુગંધ આપ્યા વિના ખરી પડે છે. કેટલીક બાબતો શબ્દના ગજ વડે માપી શકાતી નથી, તેમ છતાં આપણે આપણો ગજ ચલાવ્યા કરીએ છીએ. વળી, સંગીતકાર અને દરજીના ગજ જુદા હોય છે. દરજીનો ગજ માપ કાઢી શકે છે, પણ તેના વડે વાયોલિનના સૂરો છેડી શકાતા નથી. જે ગજ વડે સંગીતકાર સૂરોની સરગમ છેડી શકે છે, તે ગજ દરજીના કાપડનું માપ કાઢી શકતો નથી; તેથી તે દરજીના કામનો રહેતો નથી. અંધ વ્યકિત પ્રકૃતિના વૈભવની સુંદરતા માણી શકતો નથી, પણ તેની આહ્‌લાદકતાને પામી વિશ્વ બ્રહ્માંડનું સંગીત જરૂર સાંભળી શકે છે. દ્રશ્યજગત તેના માટે ભલે દુર્લભ હોય, પણ શ્રાવ્ય જગતનો તે માલિક અને ભોમિયો સાબિત થયો છે. મૃગની નાભિમાં કસ્તુરી હોવા છતાં તેની અજ્ઞાનતાના લીધે તે સુગંધની શોધ માટે બહારની દુનિયામાં ભટકી-ભટકીને વલખાં મારી પોતાનો પ્રાણ ગુમાવે છે. કારણ તેને સુગંધના સરનામાની ખબર નથી. જે પોતાનું હિત જાણતા નથી, તે મૃગની જેમ બાહ્યજગતનાં સુખ પાછળ દોડતા રહે છે. આખરે જિંદગીના દિવસો પૂરા થતા ઈચ્છાનું ખાલી ગાડું લઈ દુનિયામાંથી વિદાય થવું પડે છે. માટે મારે ને તમારે સુગંધનું સરનામું જાણવું પડશે.

મને મારું સરનામું મળી ગયું છે. સેવાની સુગંધનું સરનામું થોડું અટપટું જરૂર લાગતું હોય છે, પણ આપણા ગંતવ્ય સ્થાન સુધી પહોંચવા ધીરજ ધારણ કરવી પડે છે. સુગંધ વ્યકિતને શ્રેય તરફ દોરી જાય છે. શ્રેય એટલે કલ્યાણ. કલ્યાણનો માર્ગ કઠિન અને દુષ્કર લાગે છે. વળી, આ માર્ગમાં દુઃખરૂપી કંટકનો

સામનો કરવો પડે છે. પણ આત્મકલ્યાણનો માર્ગ પીડિતોની સેવાના સુગંધના સરનામે મળી આવે છે. કિન્તુ સુખની લાલચમાં લોભાયેલો પ્રેયના માર્ગે યાત્રા કરતો રહે છે. પરિણામે તે સંસારી સુખ પાછળ દોડતો રહે છે. તેને પ્રેયના માર્ગે સંસારી સુખ જરૂર જડી જાય છે, પણ ''સુગંધનું સરનામું '' હાથતાળી લગાવી સરકી જાય છે.



## ૪. અનોખું ઉડાન અમારું

''દેખ્યાનો દેશ ભલે લઈ લીધો નાથ, પણ કલરવની દુનિયા અમારી;
વાટે રખડ્યાની મોજ છીનવી લીધી નાથ, તોય પગરવની દુનિયા અમારી.''

કવિ ભાનુપ્રસાદ પંડયાની કાવ્ય પંક્તિઓ, આત્મવિશ્વાસ અને ખુમારી દાખવવા પ્રેરે છે. અંધજનોની પ્રગતિના નવા દ્વાર ખોલી આપે છે. વળી, આગળ ધપતા દૃષ્ટિહીનોના દૃષ્ટિકોણને પ્રદર્શિત પણ કરે છે. મને આ કાવ્ય પંક્તિઓ સ્પર્શી ગઈ છે. કવિ ભાનુપ્રસાદ પંડયાની વિચારધારાને ચરિતાર્થ કરવાના ઉદ્દેશથી અંધજનોની શક્તિઓને ઉજાગર કરવા અંધજનોમાં પડેલી શક્તિઓને સાહિત્યની અવનવી ઉક્તિઓ સાથે જોડી હું સમાજ સામે મૂકવા ઇચ્છુ છું. પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓની સુષુપ્ત શક્તિઓને, સમાજ સામે મૂકવાના હેતુથી જુદા-જુદા શીર્ષક તળે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ બધી પ્રવૃત્તિઓ લોકો સમક્ષ મૂકવા પ્રતિવર્ષે સાંસ્કૃતિક કાર્યક્રમ અને વિશિષ્ટ પ્રદર્શન યોજવામાં આવે છે. હું માનું છું કે આ પ્રકારના કાર્યક્રમો લોકોની હકારાત્મક વિચારધારાને પ્રોત્સાહિત કરશે. એટલું જ નહિ સમાજનો બહોળો વર્ગ નેત્રહીનો અને અન્ય વિકલાંગોને માનવ તરીકેના અધિકારો મળવા જાઈએ, તેવું સ્વીકારવા તૈયાર થશે.

મેં અનેક ધર્મના પુસ્તકો એકી બેઠકે વાંચ્યા છે. એટલું જ નહિ મારા જીવનકાળમાં પરિચયમાં આવેલા લોકોનો અભ્યાસ કરી એક મત કેળવી શક્યો છું, કે વિકલાંગોના કલ્યાણના કાર્યમાં બાધક બનતા, ભૌતિક અવરોધો કરતા, તેના પુનઃસ્થાપનમાં લોકોનું નકારાત્મક માનસિક વલણ વધુ બાધક નીવડે છે. આમસમાજ તેમજ સરકાર વિકલાંગોના વિકાસને અવરોધતા ભૌતિક પર્યાવરણ પ્રત્યે જેટલા જાગૃત રહે છે, તેટલા પોતાની માનસિક નકારાત્મક બાબત પર જાગૃત જોવા મળતા નથી. નવા કાયદા કે નવી નીતિઓ, જે પરિણામો આપી ન શકે; તે સમાજની બદલાયેલી હકારાત્મક વિચારધારા આપી શકે છે. ભૂતકાળમાં ક્યારેય ન ઘડાયા હોય તેવા કાયદા વિકલાંગો માટે સરકારે ઘડયા છે, પણ તેનો ફાયદો કાગળ પર જેટલો દેખાય છે; તેટલો વાસ્તવિક રીતે સૂક્ષ્મદર્શકની મદદ વડે પણ જોઈ

શકાય તેમ નથી. શિક્ષણમાં યાદશક્તિને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. વધુ રૅન્ક મેળવનારના ગુણ ગવાય છે. રૅન્ક મેળવનાર વિદ્યાર્થીને નોકરી-ધંધામાં અગ્રતા આપવામાં આવે છે. પરિણામે માતા-પિતા અને શિક્ષકો વધુ ગુણાંક બાળક મેળવી શકે, તેવી તૈયારી કરાવે છે. આવી તૈયારીમાં સમય બરબાદ થઈ જાય છે. માનવીય ગુણોનો વિકાસ ખોરંભે પડી જાય છે. જીવન ઉપયોગી ગુણોના વિકાસ પ્રત્યે આપણે ઉદાસિન બનીએ છીએ. આપણી આ ઉદાસિનતા કોઈવાર ઘાતક નીવડે છે. પરિણામે સમાજ છિન્નભિન્ન થઈ જાય છે. ઊંચો રૅન્ક હાંસલ કરવા રચ્યોપચ્યો રહેતો વિદ્યાર્થી સ્વકેન્દ્રી બની જાય છે. આજ-કાલ અપાતા શિક્ષણમાં કલા, શિલ્પકામ, માટીકામ, સામૂહિકજીવન, યોગ, રમતગમત કે ભાવનાત્મક ગુણોનો વિકાસ થાય તેવા શૈક્ષણિક પાઠ્યક્રમો કે જીવન ઉપયોગી પ્રવૃત્તિલક્ષી શૈક્ષણિક કાર્યક્રમોનો અભાવ જોવા મળે છે.

પારકી વેદના ચર્ચાનું મંચ બની જાય છે. સમસ્યાનો ઉકેલ મેળવવાના બદલે, પોતાની વિદ્વતાનું પ્રમાણ પુરવાર કરવામાં લોકોને વધુ રસ પડે છે. દેશ અને દુનિયાભરમાં ટૅકનૉલૉજીનો વિસ્તાર દિન-પ્રતિદિન થઈ રહ્યો છે. પરિણામે દુનિયાના છેવાડે બેઠેલા માણસને પણ આપણે ગણતરીની સેકંડમાં આપણો સંદેશ મોકલી શકીએ છીએ, પણ પાસે બેઠેલા સ્વજન સાથે વાત કરવાનો સમય કાઢી શકતા નથી. ભૌતિક અંતર ઘટવા છતાં માણસ માણસથી દૂર થઈ રહ્યો છે. કારણ વગરની દોડધામ કરતો માણસ માનવતાના મૂલ્યો ભૂલી ગયો છે. શારીરિક કે માનસિક પડકારો સામે લડતા લોકો દિવસે-દિવસે સમસ્યાનાં બોજ નીચે દબાઈ રહ્યા છે. લોકોનું નકારાત્મક માનસિક વલણ આ સમસ્યાનું મૂળ છે. તેને ઉખાડી ફેંકવા સમાજમાં જાગૃતિ આવે તેવા અવનવા કાર્યક્રમોનું આયોજન કરવું પડશે.

પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓના પુનઃસ્થાપનના કાર્યને વેગ આપવાના હેતુથી અમારી સંસ્થા શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા અને રાષ્ટ્રિય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખાના સંયુકત ઉપક્રમે છેલ્લા ૮વર્ષથી વિશિષ્ટ પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે. આ વખતનું પ્રદર્શન ''અનોખું ઉડાન અમારું'' શીર્ષક નીચે યોજવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૬૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ મુલાકાત



લીધી હતી. આ ઉપરાંત સેંકડો નાગરિકોએ વિશિષ્ટ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. ''અનોખું ઉડાન અમારું'' પ્રદર્શનમાં પધારેલા વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાધ્યાપકો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને સામાન્ય લોકોએ પ્રજ્ઞાચક્ષુઓની કૌશલ્યશક્તિ અને સાહસને બિરદાવી ધન્યવાદ આપ્યા હતા.

સંગીત, રમતગમત, ઉદ્યોગ, શિક્ષણની વિવિધ પદ્ધતિઓ તેમજ કૉમ્પ્યૂટર પર પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ શી રીતે કાર્ય કરી શકે છે ? તે શાળાના વિદ્યાર્થીઓએ આવનાર લોકો સમક્ષ સતત ત્રણ દિવસ સુધી ખાસ ઊભા કરાયેલ કુલ ૧૨ ઝોનમાં પ્રસ્તુત કરી, સૌ કોઈનું ધ્યાન ખેંચ્યું હતું. માટી અને વેસ્ટ પેપરમાંથી જુદી-જુદી તૈયાર થતી બનાવટ પ્રદર્શનનું આકર્ષણ બન્યા હતા. તો વળી, વિજ્ઞાનના અવનવા પ્રયોગોએ લોકોના દિલ પર કબજો જમાવ્યો હતો. સમગ્ર પરિસર સંગીતની સુમધુર સૂરાવલિની પાંખે ગુંજતા ગીતોના શબ્દો વડે શોભતું હતું. આહ્લાદક વાતાવરણમાં હોમસાયન્સ ઝોનમાં બનતી વાનગીની સોડમ ભીતરના ભ્રમના ડૂચા વાળતી હતી. પરિસરમાં આવેલ મુલાકાતી સેવાનું ભાથું બાંધી લેવા પોતાના બંને હાથ હવામાં વીંઝતા રહેતા હતા. ઓળઘોળ થયેલો દરેક મુલાકાતી સેવાયજ્ઞમાં આહુતિ આપવા ઉતાવળો થયો હોય તેવા પડઘમ કર્ણપટ પર સતત અથડાતા હતા.

''અનોખું ઉડાન અમારું'' વિશિષ્ટ પ્રદર્શન ભલે નવા આયામો સર્જનારું ન લાગે, તેમ છતાં હું આ પ્રદર્શનને દેશનું ભાવિ જેમના હાથમાં છે, તેવા શાળા-કૉલેજના વિદ્યાર્થીઓને, આવી પ્રવૃત્તિઓ સાથે જોડી સંવેદનાનું બીજ રોપનાર ઉપયોગી નૂતન ઉપક્રમ બની રહેશે તેમ માનું છું.

લાખો અંધજનોનું ભાવિ ઉજ્જવળ બને તેવા અનેક કાયદા વર્તમાન સમયમાં અમલમાં હોવા છતાં આજ-કાલ વિકલાંગ બાળકોનું શિક્ષણ રામભરોસે ચાલે છે. આપણા ગુજરાત રાજયની વાત કરીએ તો વિકલાંગ બાળકોની ખાસ શાળાઓમાં છેલ્લા દસ વર્ષમાં ખાલી પડેલ લગભગ ૫૪૪ જગ્યાઓ રાજયના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા રદ કરી દેવામાં આવી છે. નવી જગ્યાઓ ઊભી કરવાના બદલે વર્ષો પહેલા મંજૂર થયેલ જગ્યાઓ રદ કરવામાં

રાજ્ય સરકાર પોતાની બહાદુરી બતાવતી હોય તેમ લાગે છે. સંસ્થા સંગઠન પોતાની રજૂઆત લેખિત તેમજ મૌખિક અવારનવાર કરે છે. પણ કોઈના કાને અવાજ પહોંચતો નથી. 'પડતા પર પાટુ પડે તેમ' મંજૂર થયેલ જે જગ્યાઓ હાલમાં ભરેલી છે તેની સરકારે વિગતો મંગાવી છે, પણ માગેલી કેટલીક વિગતોની માહિતી હાસ્યાસ્પદ હોય તેમ લાગે છે. જેવી કે ભરતીમાં કેટલા ઉમેદવારો હાજર હતા ? પસંદગી સમિતિના નામ અને તેમણે તૈયાર કર્યું હોય તે પત્રક, સમાલાપના અંતે તૈયાર થયેલ સમરી પસંદગી સમિતિના દરેક સભ્યની સહી સાથેની નકલ માગવામાં આવી છે. આ ઉપરાંત મંજૂરીપત્ર, આપેલ જાહેરાત કે રોજગાર કચેરીમાંથી મળેલ નામના પત્રની નકલ પણ મંગાવી છે. જે તે સમાલાપ પૂરો થયા પછી સંસ્થા આ બધા જ દસ્તાવેજ રજૂ કરે પછી જ ઉમેદવારને હાજર કરવાની બહાલી મળતી હોય છે. તેથી આવા પત્રકો મંગાવવાનો વર્ષો વીત્યા પછી કોઈ મતલબ રહેતો નથી. તેમ છતાં સરકારે સંસ્થાઓને ધમકી સાથે મોડામાં મોડું તારીખ ૧૫ ડિસેમ્બર ૨૦૧૯ સુધીમાં મોકલી આપવા આદેશ કર્યો છે. સમય મર્યાદામાં જે સંસ્થાઓ આવી માહિતી નહિ આપી શકે, તેમની ગ્રાન્ટ બંધ કરવાની ચેતવણી પણ આપી છે. તમામ પત્રકો જે તે સમયે સંસ્થાઓએ સરકારને આપ્યા હોવા છતાં તેની ઉઘરાણીના નામે વિકલાંગ બાળકોને શિક્ષણ આપતી શાળાઓની ગ્રાન્ટ બંધ કરવાનો ધમકીભર્યો નિર્ણય સરકારની અમાનવીય તેમજ પલાયનભરી નીતિ સૂચવે છે, જેને હું વખોડું છું. છેલ્લા દસ વર્ષથી સરકારની વિકલાંગો પ્રત્યેની આવી અન્યાયભરી નીતિથી હું નારાજ છું. મારા દિલમાં દાવાનળ સળગતો હોય તેવી પીડા અનુભવું છું, ભાંગી પડું છું. વળી ઊભો થઈ જાઉં છું. મુખ્યમંત્રીથી માંડી લાગતા-વળગતા લોકોને મળવા જાઉં છું. તેમને લેખિતમાં પ્રશ્નોના ઉકેલ માટે મારી રજૂઆત પણ મોકલી આપું છું. પરિણામ મળતું નથી. રાજ્યની સંસ્થાઓના હિતમાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાવો પણ દાખલ કરી દેવામાં આવ્યો છે. ન્યાય ઈશ્વરકૃપાથી જરૂર મળશે.

ભીતરમાં ચાલતા વલોપાતે મને આપણા વિકલાંગ બંધુઓ અને ભગિનીઓના અસરકારક શિક્ષણ, તાલીમ, રોજગાર અને પુનઃસ્થાપનના કાર્યને



પહોંચી વળવા નવી દિશા બતાવી છે. મને આ દિશામાં ઉજાસ નજરે પડે છે. આજનો વિદ્યાર્થી આવતીકાલનું દેશનું ચમકતું ભાવિ છે. તેથી શાળા-કૉલેજથી જ હું વિદ્યાર્થીઓમાં સંવેદનાનું બીજ રોપવા ઇચ્છુ છું. હાલ હું નાના પાયે ભાવનગર જિલ્લાની શાળા-કૉલેજના વિદ્યાર્થીઓને સંવેદનશીલ બનાવવા અવનવા કાર્યક્રમોમાં નિમંત્રિત કરું છું. હજારો વિદ્યાર્થીઓ અમારા યજ્ઞમાં આહુતિ આપવા આવી પહોંચે છે. અમારા યજ્ઞનો સાક્ષી બનેલો કોઈપણ સ્થાપિત વિદ્યાર્થી વિકલાંગોના કલ્યાણના કાર્યને મદદ કરવા આગળ આવશે. લોકપ્રતિનિધિ બની સરકારની ધૂરા સંભાળનાર નેતા સંવેદશીલ લોકપ્રિય પ્રતિનિધિ ઠરશે. સેવાની સુવાસ અને અંતરના ઉજાસથી ઝળહળતો વિદ્યાર્થી કલ્યાણકારી નીતિઓને પ્રોત્સાહન આપશે. કોઈ વળી ઉદ્યોગપતિ બની વિકલાંગોના પુનઃસ્થાપનના કાર્યને વેગ મળે તેવી માળખાકીય સવલત ઊભી કરવા આર્થિક સહાય કરશે. ''અનોખું ઉડાન અમારું'' કોઈ સામાન્ય કાર્યક્રમ નથી. વિકલાંગોના વિકાસનું સીમાચિહ્ન પુરવાર થઈ શકે તેવું જન-આંદોલન છે. દેશના વિકલાંગ વર્ગને અનીતિના અંધકારમાંથી મુક્તિ આપી શકે તેવી અબજો સૂર્ય જેવી તેજસ્વી આકાશગંગા છે.

''અનોખું ઉડાન અમારું'' વ્યક્તિગત વિચારધારાનો કાર્યક્રમ નથી. તે ચોક્કસ સંસ્થા પૂરતી મર્યાદિત ચળવળ પણ નથી. ખરેખર તો, તે વિકલાંગોની વ્યથાના વરસાદમાંથી નીપજેલું સાચું મોતી છે. સાચા મોતીનું મૂલ્ય અમોલ હોય છે. તેની કિંમત આંકી શકાતી નથી. એવી જ રીતે સંવેદનશીલ વ્યક્તિનું હૃદય આપણને અદ્વિતીય પરિણામ આપે છે. કાયમી સમસ્યાના ઉકેલ માટે પાયાના ઘડતર પર ધ્યાન આપવાની જરૂર પડે છે. હું માનું છું સંવેદના વડે સ્વર્ગનું સુખ મળી શકે છે. એટલે કે સંવેદનાથી ઇન્દ્રને પણ જીતી શકાય છે. ''અનોખું ઉડાન અમારું'' જેને આપણે દેશનું ભાવિ સમજીએ છીએ, તે વર્તમાન વિદ્યાર્થીઓને અભિભૂત કરી સંવેદનાની સરિતામાં તરબતર કરી ભીંજવી શકશે. પ્રજ્ઞાલોકનું અમારું આ અભિયાન જરૂર રંગ લાવશે.

''કાશ ! શબ્દ બની ગુંજી શકું તમારા દિલમાં,
વેદનાની વાદળી ઠરી
ફરી શકું આ જગમાં;
બંધ આંખોમાં સપના ભરી અંધજનોનો ઉજાસ લઈ પહોંચી શકું;
આશા નહિ શ્રદ્ધા છે,
ઉત્સાહ નથી, ઉમંગ છે 'ઝગમગ' કહે કાયાની મારી માટી,
સુખની સોડમ થઈ,
ઉર-ઉર મહીં મહેકશે''.



## ૫. બંધ નથી દૃષ્ટિનાં દ્વાર

થોડા દિવસ પહેલા એટલે કે ૯ મી ડિસેમ્બર ૨૦૧૯નાં રોજ વડોદરા ખાતે દીપક ફાઉન્ડેશન દ્વારા એક સેમિનાર યોજાયો હતો. તેમાં મારે જવાનું હતું. જોકે સેમિનાર બે દિવસનો હતો, પણ હું તેમાં એક દિવસ હાજર રહેવાનો હોવાથી પ્રથમ દિવસના અંતિમ સત્રમાં હાજરી આપી ભાવનગર જવા નીકળી ગયો હતો. પ્રથમ દિવસે અંધજનોના વિકાસમાં ગતિ લાવવા વિચારણા કરવામાં આવી હતી. તેના થોડા પાસાઓ પર દૃષ્ટિપાત કરવા માગું છું. ખાસ શાળાના બદલે ''સમાવર્તી શિક્ષણ'' પર ભાર મૂકવો. પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિના વ્યક્તિત્વ વિકાસ અને પ્રતિભા નિખારવાના હેતુથી આવું પરિવર્તન કરવું જરૂરી હોવાનો મત અને અભિપ્રાય સેમિનારના વકતા ડૉ. હોમિયાર મોબેદજીએ ઉદાહરણ સહિત રજૂ કર્યા હતા.

મને તેમની દલીલના કેટલાક મુદ્દાઓ બિનતાર્કિક અને વજૂદ વગરના લાગ્યા હતા. ચર્ચામાં ભાગ લઈ મેં મારી દલીલ રજૂ કરી હતી, પણ ચોક્કસ ધ્યેય સાથેના આરંભેલા યુદ્ધમાં હંમેશા કલ્યાણનું ગળું દબાવી દેવામાં આવતું હોય છે, તેમ પરિવર્તનના નામે યોજેલા સેમિનારમાં ચાલતું હતું. વકતાશ્રીના મતે ખાસ શાળાઓ કોઈ પરિણામો આપી શકી નથી. તેથી સમાવર્તી શિક્ષણ પ્રજ્ઞાચક્ષુ બાળકોના સર્વાંગી વિકાસ માટે તેના વિકલ્પ તરીકે અપનાવવું પડશે. તેમણે પોતાના વકતવ્યમાં કહ્યું હતું કે,'પ્રજ્ઞાચક્ષુ બાળક ખાસ શાળામાં વ્યક્તિત્વ વિકાસને લગતી કેળવણીથી તદ્દન વંચિત રહી જાય છે. પરિણામે તેને સામાન્ય સમાજની મુખ્ય ધારામાં સમાયોજન સાધવામાં અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. કેટલીક કેળવણીના અભાવે તે નોકરી-ધંધામાં પણ ધાર્યા પરિણામો આપી શકતા નથી. તેથી શિક્ષણની નવી પ્રણાલી અપનાવવી પડશે. વળી બ્રેઈલની સાથોસાથ અવનવા ફૉર્મેટમાં શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવી પડશે. ઇ-બુક પર ભાર મૂકી તેમણે અંધજનોને શિક્ષણ આપતી ખાસ સંસ્થાઓને ઉદ્દેશીને આહ્વાન કર્યું હતું. બદલાતા સમયમાં ખાસ શાળાઓએ પોતાની ભૂમિકા બદલવી પડશે. સમાવર્તી શિક્ષણ માટે પ્રજ્ઞાચક્ષુ બાળકોને તાલીમબદ્ધ કરવા પડશે. જરૂરી સાધનસામગ્રી અને ઇ-બુક ફૉર્મેટમાં પુસ્તકો પૂરા પાડવા પડશે.

ડૉ.હોમિયાર મોબેદજીની દલીલ સમુદ્રના કિનારે બેસી, સમુદ્રની ઊંડાઈ વિશે અનુમાન બાંધવા જેવી મને લાગી હતી. એટલું જ નહિ ભાવિ અંધ બાળકોને થનાર અન્યાય સામે લડવા મારા અંતરમાં તોફાન જાગ્યું હતું. સમુદ્રની મધ્યમાં તોફાનમાં ફસાયેલો નાવિક હોડીના રક્ષણ માટે પગલા ભરે છે, તેમ મેં કેટલાક મુદ્દાઓ ઉપસ્થિત કર્યા હતા. ડૉ.હોમિયાર મોબેદજી સામે અનેક મુદ્દાઓ ઉઠાવી ચર્ચામાં ભાગ લીધો હતો. છેલ્લા ૨૦૦ વર્ષમાં ખાસ શાળાઓએ અંધજનોના વિકાસના અનેક નવા દ્વાર ખોલ્યા છે - તેની વિગતો આપી હતી. કારણ કે મારા મતે ખાસ શાળાઓએ, પોતાની આંખોની બાહ્ય દૃષ્ટિ ગુમાવનાર મારા બંધુઓ અને ભગિનીઓને નવી દૃષ્ટિ આપી છે. સંગીત જેવા ક્ષેત્રમાં આગળ વધવા ખાસ શાળાઓનો કોઈ વિકલ્પ નજરે પડતો નથી. ઉદ્યોગ, રમતગમત, નાટક, નૃત્ય, રાસગરબા જેવી કલાના વિકાસ માટે સામાન્ય શાળાઓમાં અંધજનો માટે કોઈ વ્યવસ્થા શકય કે સંભવ નથી. છતાં આટલા આગ્રહ સાથે ખાસ શાળાઓ સામે સરકારનો હાથો બનવા શા માટે આંગળી ચીંધવામાં આવતી હશે ? તે મારી સમજમાં ન આવ્યું. મને ઘણા વર્ષોનો ઈન્કલુજીવ એજયુકેશનનો અનુભવ છે. રાજયભરમાં વિશિષ્ટ શિક્ષકોની કામગીરી અને સામાન્ય શિક્ષકો તેમ જ આચાર્યના વ્યવહારથી હું પૂરેપૂરો વાકેફ પણ છું. મને આમાં અંધ બાળકનું કલ્યાણ કયાંય નજરે પડયું નથી. ખાસ શાળાઓમાં પ્રવેશથી વંચિત રહેતા અંધ બાળકો અને અલ્પદૃષ્ટિ ધરાવતા બાળકો માટેનો તે વિકલ્પ જરૂર હોય શકે છે. તેથી તેની હું અવગણના કરવા માગતો નથી. આપણે ત્યાં એક કહેવત છે : ‘નહિ મામો કરતાં કે’ણો મામો શું ખોટો ?’ ભલેને સગો મામો ન હોય પણ મમ્મીનો બનેલો ભાઈ મામો તો કહેવાય ! તે કોઈવાર ખપ પડયે કામ આવી શકે ખરો, એમ જેમને કોઈ પણ કારણસર ખાસ શાળામાં ભણવું ન હોય તો તે સામાન્ય શાળામાં ભણી શકે તે વ્યવસ્થાને હું આવકારદાયક જરૂર માનું છું પણ તેને ખાસ શાળાના વિકલ્પ તરીકે સ્વીકારવા તૈયાર નથી. જેમ રોલગોલ્ડ ધાતુ સોના જેવી ચમકદાર જરૂર હોય છે, પણ તે સોના જેવું મૂલ્ય આપી શકતી નથી. જેમ આભૂષણ માટે સોનાનો કોઈ વિકલ્પ નથી, તેમ ખાસ શાળાનો પ્રજ્ઞાચક્ષુ બાળકોના શિક્ષણનો કોઈ વિકલ્પ



નથી. જેમ રસ્તા પર લાયસન્સ વગરની ગાડી ચલાવતો ડ્રાઈવર હાનિકારક બને છે, તેમ અંગત તૃષ્ણા સંતોષવા બિનઅભ્યાસુ વકતા કોઈવાર પ્રસ્થાપિત વ્યવસ્થાને લૂણો લગાડી શકે છે.

ટૅકનૉલૉજીને વિસ્તારવા યોજાયેલો સેમિનાર નવી દિશાના દ્વાર ખોલનારો હોવા છતાં મને અંધજનો માટે અનેક પડકાર ઊભા કરનાર ખતરાની ઘંટડી જેવો લાગ્યો છે. મિત્રો, ૧૯૭૦નો દાયકો અંધજનો અને વિકલાંગોના વિકાસના સૂર્યોદય જેવો હતો. આ દાયકામાં અનેક વિચારવિનિમય થવાના કારણે ૧૯૭૬ની યુનોની સામાન્ય સભાએ ૧૯૮૧ના વર્ષને ‘વિશ્વ વિકલાંગ વર્ષ’ તરીકે ઊજવવા ઠરાવ કર્યો હતો. ૧૯૮૨ની યુનો સભાએ પુનઃવિચારણા હાથ ધરી વિકલાંગોના વિકાસ માટે મંત્રણા કરી તેના અસરકારક શિક્ષણ, તાલીમ, રોજગાર અને પુનર્વસનનાં કાર્યક્રમોને પહોંચી વળવા વિશ્વભરમાં જાગૃતિ લાવવાના હેતુથી ૧૯૮૩થી ૧૯૯૨ના દાયકાને ‘વિશ્વ વિકલાંગ’ દાયકા તરીકે મનાવવાનું ઠરાવ્યું હતું. પરિણામે દુનિયાભરના દેશોએ ક્રાંતિકારી પગલાં ભર્યાં છે. વિકલાંગોના કલ્યાણ માટે અનેક કાયદાઓ પણ ઘડાતા રહે છે. આ બધી જ સાનુકૂળતાઓને લીધે આજે કોઈ પણ વિકલાંગ વ્યકિત સમાજમાં ગૌરવપૂર્વક પોતાનું જીવન જીવી શકે છે. ઘોર જંગલના કોઈ વૃક્ષને કાપી, બનેલી નાનકડી દીવાસળી આખા જંગલને સળગાવી શકે છે. તેમ ખોટી વિચારધારાને શરણે થયેલો કહેવાતો તજ્જ્ઞ અંધ વ્યકિતને થોડા આર્થિક સ્વાર્થ ખાતર હાનિ પહોંચાડી શકે છે. અંધજનો માટે પ્રગતિની દોડતી ગાડીને પોતાનો કક્કો ખરો કરવા ખોટી વિચારધારા વડે તિતરભિતર કરી શકે છે. આને હું ડૂંભારણાં ચાંપનારા તજ્જ્ઞ માનું છું.

આંખો ભલે બંધ હોય પણ દૃષ્ટિનાં દ્વાર ખૂલા છે. ખુલ્લા દૃષ્ટિનાં દ્વાર મને મારા ભાઈઓ અને ભગિનીઓના કલ્યાણના માર્ગે કદમ ઉપાડવા પ્રેરણા આપે છે. જયાં અંધજનોના હિતને હાનિ પહોંચાડવા હિલચાલ ચાલતી હોય ત્યાં મને મારા ઉપડેલા કદમો દોરી જાય છે. પ્રજ્ઞાલોકના પ્રદેશના ઉજાસ માટે મારા અવાજનો નાનકડો દીપક લઈ હું પ્રકાશ પાથરવા પહોંચી જાઉં છું. સંસારમાં વ્યાપેલા અન્યાયના અંધકારને ભલે મારા અવાજનો નાનકડો દીપક ખાળી ન શકે, પણ

પ્રભુની પૂજા સમજી અન્યાયના અંધકારને મિટાવા મારી ચેતનાને જાગતી રાખું છું. આ માટે હું ઈશ્વર પાસે સારાં કર્મોનાં ફળની માગણી કરવા નથી માગતો. સારા કર્મો કરવા શકિત માગું છું. ઈશ્વર તરફથી ઊર્જારૂપી અવિરત મળતી શકિત મારા કર્મયજ્ઞને પ્રજવલિત રાખે છે.

મને પ્રાર્થનાના શબ્દો યાદ આવે :

''હે પ્રભુ પ્યારા, દુઃખ હરનારા,
સૃષ્ટિ સર્જનારા,
સુંદરતા બક્ષનારા.
હે પ્રભુ પ્યારા...
૧ દેવોમાં પ્રભુ દેવ ગણાતા,
ધર્મ બચાવા અવતાર ધરનારા.
હે પ્રભુ પ્યારા...
૨ માનવમાં પ્રભુ બુદ્ધિ મૂકનારા,
દૂર કરો અવગુણ અમારા.
હે પ્રભુ પ્યારા...
૩ કર્મ કરવા પ્રભુ, શકિત માગું છું.
મુજ હૈયે તવ વાસ ચાહુ છું.
હે પ્રભુ પ્યારા...
૪ નાજુક મારું હૃદય ચલાવા,
કૃપા કરી મુજ પર મહાદેવા.
હે પ્રભુ પ્યારા...
૫ તવ શરણોમાં મુજને સમાવા,
વંદું છું પ્રભુ તવ ચરણોમાં.
હે પ્રભુ પ્યારા, દુઃખ હરનારા,
સૃષ્ટિ સર્જનારા, સુંદરતા બક્ષનારા.
હે પ્રભુ પ્યારા...



દુર્ગા રાગમાં ગવાતી મારા અંતરના પડદા ખોલી મારા વિદ્યાર્થી કાળમાં જ લખાયેલી કાવ્યવંદના છે. બાળપણમાં ઈશ્વર જાણે મને ઘડવા ઈચ્છતો હોય તેમ, મારા અંતરમાં ડોકિયા કરી, મારી દેખભાળ કરવા પહોંચતો હતો.

''બાહ્ય આંખોના ભલે તેજ ઝૂંટવી લીધા નાથ, તોય અંતરનું તેજ તેં દીધું. સમજણનું દર્પણ દઈ કલ્યાણ કેવું કીધું ! જ્ઞાનનો દીપક પ્રગટાવવા પ્રભુ, સંધ્યાના રંગ ભરી દીધા.

આથમતી ઉષાના કિરણો જાણે ઉતાવળા બની પોતાની બધી માયા સંકેલી વિદાય થવાના મૂડમાં હોય, તેવું દશ્ય પૃથ્વી પર પાથરી તારીખ ૭ ઑગસ્ટ ૧૯૭૫નો સંધ્યાકાળ આકાશમાં હડિયાપાટી કરતા વાદળોના પડઘમ સાથે પધારવા ડગ ભરતો હતો. મા'રાજની મઢીનો રસ્તો કાપતા મારા ધીમા પડેલા પગલા આજે ઈશ્વરની લીલાનો ભેદ પામવા વધુ ધીમા પડતા જતા હતા. અચાનક ઓઢેલી ચાદર કોઈ ખેંચી લે તેમ ચમત્કાર થયો. રંગબેરંગી આકાશ શોભાનું પુષ્પ બની ખીલી ઊઠ્યું. લોકોના ટોળા નજારો જવા ઊમટી પડ્યા. મારી બંધ આંખો જે જોઈ શકતી ન હતી, તે અંતરની આંખો આજે કૅમેરો બની દ્રશ્યો કેદ કરવા લાગી હતી. ભીરતમાં સોહમનો સૂરીલો નાદ કોયલના કર્ણપ્રિય અવાજને ટક્કર મારી સુખના સિંહાસન પર બિરાજમાન થવા પોંખી રહ્યો હતો. બાહ્ય આંખોની દ્દષ્ટિ ગુમાવ્યા પછી અંતરની આંખો ખોલી આપવાનો યાદગાર આ દિવસ હતો. ખીલેલી સંધ્યાના રંગો અંગેઅંગમાં ઊતરી રોમાંચ રચતા હતા. મારા માટે સમજનું સામ્રાજ્ય ઊભું કરવા ઈશ્વરે પ્રકૃતિને મારી શિક્ષિકા બનાવી મોકલી હતી. પ્રકૃતિનાં ખોળે મારા શિક્ષણનો પ્રારંભ ખુદ ઈશ્વરે કરવા આ ઉપક્રમ ગોઠવ્યો હશે, તેમ હું માનું છું.

સંધ્યાના ખીલેલા રંગો મારા અંતરમાં સંતાકૂકડી રમતા હતા. વિચારોની ઘટમાળ ઘંટીની જેમ ફેરા મારતી હતી. દરમિયાન શ્રાવણમાસ આવતા થોડી મોટી ઉંમરની બહેનો ભેગી મળી. ભજનકીર્તન માટે એકઠી થઈ, કીર્તન ઉપાડે છે...

''જેણે આપ્યો મનુષ્ય અવતાર, કેમ ભુલાય નામ ભગવાનનું રે !''

મારા અંતરમાં ફરી તોફાન જાગ્યું. મનુષ્ય અવતાર ભગવાને મને પણ આપ્યો છે. મારે તેનું ઋણ અદા કરવા શું કરવું જોઈએ ? બાળપણથી માતાનું છત્ર

ગુમાવ્યું હોવાથી ઘરમાં મને તેનો ઉત્તર આપનાર એકમાત્ર પિતા સિવાય કોઈ ન હતું. પિતાશ્રી રાજકારણના પૂરા રંગે રંગાયેલા હતા. ઘરમાં એકલા મળવાનો સમય મળવો મુશ્કેલ હતો. મોડી રાત્રીના મળી શકે, પણ મોડી રાત્રી સુધી હું જાગી શકતો ન હતો. એટલે મેં હિંમત એકઠી કરી પિતાશ્રીને થોડા મુલાકાતીઓ વચ્ચે જ પૂછી નાખ્યું : 'બાપુજી, ઈશ્વરનું ઋણ અદા કરવા માટે શું કરવું જોઈએ ?' બાપુજીએ જે ઉત્તર આપ્યો તે મારા દિલમાં કંડારી રાખ્યો છે. 'ઈશ્વરની જેમ અન્યનું ભલું કરવું. બીજાના સુખ માટે કાર્યશીલ રહેવું. કર્મ કરવું પણ અભિમાન ન કરવું. આવેલા દુઃખને પડકાર સમજી કામે લાગી જવું. નિષ્ફળતા મળે તો હારવું નહિ. જરૂરિયાત કરતા વધુ મેળવવા ધમપછાડા કરવા નહિ... પિતાની વાણીનો પ્રવાહ સરિતાની જેમ વહી રહ્યો હતો. થોડા સમજદાર લોકો બોલી ઊઠ્યાઃ 'તમે પણ ટપુભાઈ ! આટલા નાના છોકરાને અઘરી વાતોમાં શી સમજ પડે ?' બીજાએ કહ્યું : 'જા બેટા, ફળિયામાં રમ.' મારા કાકાએ મને ટપલી મારી ફળિયું બતાવી દીધું. ભૌતિક ફળીમાં ફરતો હું પિતાના આધ્યાત્મિક જગતમાં વિહરું છું. ગમે તેવા સેમિનારો યોજાઈ પણ મારી મંજિલ નક્કી છે. મારી મંજિલ અંધજનોના કલ્યાણની છે. પિતાની મળેલી સલાહથી મારી મંજિલ પર દોડતો રહેવા માગું છું, એટલે હું માનું છું - ''બંધ નથી દૃષ્ટિનાં દ્વાર''.



## ૬. સમયરૂપી સ્ટેશન

જીવનરૂપી દોડતી સ્થૂળ શરીરની ગાડીનું સ્ટેશન નક્કી છે. દરેક વ્યક્તિ કે કોઈપણ સજીવનું સૃષ્ટિરૂપી પાટા પર દોડતી ગાડીનું સ્ટેશન નિશ્ચિત અને નક્કી થયેલું હોય છે. તેથી દરેક સજીવ અથવા માનવનો અવતાર ધારણ કરનાર આત્માએ સંસારભૂમિ પર સ્થૂળ શરીરરૂપી મળેલી ગાડીમાં પોતાનું અંતર કાપી પોતાનો જીવનકાળ પૂરો કરવાનો હોય છે. જીવનકાળ પૂર્ણ થતાં જ સમયરૂપી આવેલા સ્ટેશન પર હસતા મોંએ ઊતરી જવું પડે છે. સમય પોતે જીવાત્માને લેવા મૃત્યુ બનીને આવી પહોંચે છે. આપણા પાપ કે પુણ્યના પોટલા ઊંચકી આપણે મૃત્યુ જે માર્ગે દોરી જાય તે માર્ગે આગળ ધપતા રહેવાનું હોય છે. પાપનું પોટલું ભારે વજન ધરાવતું હોવાથી તેને ઊંચકી મૃત્યુના માર્ગે આગળ વધવામાં કષ્ટ સહન કરવું પડે છે. તેનાથી ઊલટું પુણ્યનું પોટલું વજનમાં સાવ હલકું હોવાથી મૃત્યુના માર્ગની આપણી યાત્રા સુલભ અને સલામત બની જાય છે. એટલું જ નહિ, પુણ્યનો પ્રકાશ આ માર્ગમાં આવનારા અંતરાયોને ખાળવા અંધકારને દૂર કરી દે છે. સ્થૂળ શરીર આપણા ભૌતિક જીવનની ગાડી છે, જ્યારે સૂક્ષ્મ શરીર તો આપણા જીવાત્માની આધ્યાત્મિક માર્ગની પુણ્યની ઊર્જા વડે દોડતી ગાડી છે. આધ્યાત્મિક માર્ગનાં પાટા પર સમયરૂપી દોડતી ગાડી ઈશ્વરની સમીપ લઈ જાય છે. મોહ, માયા, મતલબ, લોભ, લાલચ, વાસના, ક્રોધ અને ઈર્ષાની દીવાલ વચ્ચે ઢંકાયેલું આ નગર આપણને ગૂંગળાવી નાખે છે. ભાન ભૂલી આપણે તેના સકંજામાં સપડાઈ જઈએ છીએ. જોત-જોતામાં સમયરૂપી સ્ટેશન આવી જાય છે. આપણે સ્થૂળ શરીરરૂપી ગાડીમાંથી ઊતરી જવું પડે છે. સ્થૂળ શરીરરૂપી ગાડી છૂટતાં જ આપણે સૂક્ષ્મ શરીરરૂપી ગાડીમાં સવારી કરવી પડે છે. જે રીતે આપણે રેલગાડીમાંથી ઊતરીને આપણી મંજિલ સુધી પહોંચવા ઑટોરિક્ષા અથવા ટેકસી કે એના જેવા બીજા કોઈ પણ વાહનમાં બેસીએ છીએ. સૂક્ષ્મ શરીર સ્થૂળ શરીર કરતા પણ વધુ અગત્યનું વાહન માનવામાં આવે છે. કારણ કે સ્થૂળ શરીરરૂપી ગાડીએ સંસારરૂપી ત્રિસ્તરીય પાટા પર દોડવાનું હોય છે, પણ સૂક્ષ્મ શરીરરૂપી ગાડીએ આધ્યાત્મિક માર્ગનું અંતર એકસ્તરીય પાટા પર કાપવું પડે છે. અહીં કોઈ વિકલ્પ આપણને

મળતો નથી. કર્માધીન જે માર્ગ મળે તે યાત્રામાર્ગે આગળ ધપવું પડે છે.

દુઃખના દાવાનળથી ખદબદતો આ માર્ગ જીવાત્માને કષ્ટદાયક લાગે છે. જીવનકાળમાં મળેલા સ્થૂળ શરીરની ઊર્જા પોતાની ઉષ્મા વડે, સૂક્ષ્મ શરીરની ગાડીને ચલાવવા ઊર્જા સંચિત કરી આપે છે. તેને આપણે પુણ્ય તરીકે પણ ઓળખીએ છીએ. જેમ ઊર્જા વિના કોઈ પણ વાહન ચાલી શકતું નથી, તેમ કર્મ બજાવ્યા વિના ઊર્જારૂપી ભાથું મળી શકતું નથી. પરિણામે સંચિત કર્મફળનાં અભાવે આપણી ગાડી અધવચ્ચે જ અટકી પડે છે. અંતરિક્ષનાં પોલાણમાં અટકી પડેલી જીવાત્માની ગાડી અસ્તવ્યસ્ત થઈ જાય છે. માર્ગ ભૂલેલો મુસાફર જેમ પોતાના ગંતવ્યસ્થાન સુધી પહોંચી શકતો નથી, તેમ અંતરિક્ષના પોલાણમાં વિહાર કરતો જીવાત્મા પોતાની કર્મપૂંજી મુજબ અવતાર ધારણ કરવા માર્ગ ભૂલેલા મુસાફરની જેમ ફાંફાં મારવા લાગે છે, અવતાર ધારણ કરવા તલપાપડ બને છે. અવતાર ધારણ કરવા માતા-પિતાની ખોજ કરવા અંતરિક્ષમાં ચકડોળની જેમ ચક્કર લગાવ્યા કરે છે. પોતાના સંચિત કર્મ મજબ અંતરિક્ષમાં વિહાર કરતા જીવાત્માનો ચંબકીય શક્તિ વડે જન્મ આપી શકે તેવા માતા-પિતાનો સંપર્ક થતા જ માતાના ગર્ભમાં ઊછરી રહેલા પિંડબીજમાં ચેતન બની અવતરણ કરવાનો મોકો મળે છે. માતા-પિતાના કર્મફળનાં આધારે ગર્ભમાં તૈયાર થતા પિંડબીજનો સંસર્ગ જીવાત્મા સાથે ચુંબકીય શક્તિ વડે થવા લાગે છે. ધીમે-ધીમે માતાના ઉદરમાં બાળકના વિવિધ અંગો અને ઉપાંગો બનવાની શરૂઆત થાય છે. પિંડબીજના સંસર્ગમાં આવેલો જીવાત્મા પૂર્વજન્મના સારા અને નરસા સંસ્કાર સાથે અવતરણ કરે છે. પરિણામે જન્મ પામેલ બાળકની સંસ્કારવિધિ પ્રત્યે કાળજી રાખવામાં ન આવે તો પૂર્વજન્મના અશુદ્ધ સંસ્કારો તેનો કબજો જમાવી દે છે. પૂર્વ જન્મના ખોટા સંસ્કારો તેનો ભાગ ભજવ્યા વિના રહેતા નથી. ખોટા કર્મોથી પડેલી કુટેવો વ્યક્તિનાં જીવનમાં સંસ્કારનું સ્થાન લઈ લે છે. વળી, સારા સંસ્કાર તમે બાળકને આપવામાં ઢીલ કરો અથવા મોડું કરો તો ખોટા સંસ્કાર આપમેળે પડવા લાગે છે, પણ સારા સંસ્કારો રોપવા મહેનત કરવી પડે છે. આંબાનું ઝાડ ઉછેરવું ઘણું અઘરું



છે, પણ બાવળને ઉગાડવા વિશેષ પ્રયત્નની જરૂર પડતી નથી. અપશબ્દો બાળકો જાતે જ બોલતા શીખતા હોય છે, જ્યારે સુવાક્યો તેને શીખવવા પડે છે. ઘોંઘાટ ઉત્પન્ન કરવા વિશેષ સાધન-સામગ્રીની જરૂર પડતી નથી. જ્યારે સુરીલું સંગીત સંભળાવા સુરીલા વાદ્યો કે સુરીલા અવાજની જરૂર પડે છે. વિદ્યા પ્રાપ્ત કરવા કઠોર શ્રમ કરવો પડે છે. વિદ્વાન લોકોની ટીકા અજ્ઞાની લોકો પણ કરવામાં પાછુંવાળી જોતા નથી. નીતિથી ધન કમાવા માગતા લોકોને સંકટ અને સમસ્યાઓ નડે છે, પરંતુ નીતિથી કમાયેલું ધન ઉત્તમ કર્મફળ જરૂર આપે છે. તે વ્યક્તિનાં આધ્યાત્મિક માર્ગમાં ઉજાસનું તારામંડળ રચી દે છે. જે હજારો સૂર્યના પ્રકાશથી પણ વધુ તેજસ્વી હોય છે. એટલું જ નહિ, મનુષ્યના અનેક જન્મોને ઉજાળી શકે તેવી ઊર્જાશક્તિ ધરાવે છે. તે જીવાત્માનાં જીવનને સજાવે છે. કેટલાંક ગુરુપદને પામી અન્યના જીવનપ્રદેશને પણ પખાળવાનું ચૂકતા નથી. વાચક મિત્રો, જ્યારે મારા અને તમારા જીવનકાળની અવસ્થાના કોઈ ને કોઈ તબક્કે ચમત્કાર થાય છે, આવા સમયે અણમોલ ઘડીને ઓળખી લેવી જોઈએ. માણસ કરેલું કાર્ય ભલે યાદ કરે પણ તેના કાર્યને જ્યારે બીજા લોકો યાદ કરતા થાકે નહિ, ત્યારે કરેલા કાર્યની ખરી સફળતા મળી કહેવાય. બીજાનું ભલું કરવા માણસે જ્ઞાન મેળવવું પડે છે. જ્ઞાનનું રહસ્ય જાણવું જોઈએ. મને અહીં નારદઋષિ રચિત પદનો ઉલ્લેખ કરવાનું મન થાય છે.

મને આ પદ થોડા દિવસો પહેલા સખીગ્રૂપના વ્હોટ્સ એપ ગ્રૂપનાં માધ્યમથી આપણું ગૌરવ કહી શકાય, તેવા બહેન શ્રી હંસાબહેન ચોટલિયાના સુમધુર કંઠે હાર્મોનિયમ સૂરોની સૂરાવલિ સાથે સાંભળવા મળ્યું હતું. શ્રી હંસાબહેન ચોટલિયા આકાશવાણી કલાકાર છે. તેમને સાંભળવા એક લહાવો પણ છે.

શ્રી હંસાબહેને સંગીતની બાવીશે-બાવીશ શ્રુતિઓને હસ્તગત કરી સંગીત કલાક્ષેત્રને પચાવ્યું છે. તેમણે સૌ કોઈનાં હૃદયમાં સ્થાન જમાવવા સંગીતનું સમ્રાટપદ હસ્તગત કરી લીધું છે. શ્રી હંસાબહેન દ્વારા પ્રસ્તુત થયેલ પદનાં શબ્દો મને યાદ આવે છે...

"ઉત્તમ છે રે ગુરુજીના મહાતમ છે,મારા ગુરુજીના દર્શન અરજણ ઉત્તમ છે.

પહેલો પહેલો અવતાર અરજણ
કાગ કેરો ધરિયો.
સુખડના લાકડે બેઠો
ચાંચ ઘસે રે
મારા ગુરુજીના દર્શન અરજણ ઉત્તમ છે.
બીજો બીજો અવતાર રે, અરજણ બગ કેરો ધરિયો રે
મન સરોવર બેઠો મછિયા ચણે રે, મારા ગુરુજીના...
ત્રીજો-ત્રીજો અવતાર રે અરજણ હંસ કેરો ધરિયો.
મન સરોવર બેઠો, મોતીડાં ચરે રે, મારા ગુરુજીના...
ચોથો-ચોથો અવતાર રે અરજણ સાધુ કેરો ધરિયો રે,
ભરી રે સભામાં બેઠો જ્ઞાન કહે રે, મારા ગુરુજીના...
દર્શન અરજણ ઉત્તમ છે.
ગુરુના પ્રતાપે ઋષિ નારદ બોલ્યા રે...
પાર ઊતરી ભવસાગર તારનાર છે.
મારા ગુરુજીના દર્શન અરજણ ઉત્તમ છે.
ઉત્તમ છે રે, દર્શન ઉત્તમ છે,
મારા ગુરુજીના દર્શન અરજણ ઉત્તમ છે."

પદના શબ્દો માણસની જુદી-જુદી અવસ્થાઓને પામવા ટકોર કરે છે.

ઋષિ નારદનાં મતે માણસ તેની પહેલી અવસ્થામાં સુખરૂપી લાકડાં પર બેસી તેને માણવાનાં બદલે તેનો વૈભવ વધારવા ડાફોળિયાં મારે છે. જેમ કાગડો સુખડના લાકડાની સુવાસ પામી શકતો નથી, તેમ માણસ સુખની છોળોમાં પણ આનંદ માણી શકતો નથી. સઘળું મેળવી લેવા મળેલું પણ પામી શકતો નથી.

બીજી અવસ્થામાં સુખનો વૈભવ લૂંટવા ખોટા કામ કરવા લાગે છે. બગલાની જેમ કાદવ કીચડ જેવી બદબૂ આપતાં અસત્યો જાણી શકતો નથી.



ત્રીજી અવસ્થા ભલે વૈભવના વરસાદ જેવી સુખરૂપ લાગતી હોય, છતાં ભેગું કરવાની મહેચ્છાના કારણે હંસની માફક સાચા મોતી જેવું ધન કમાવવા, સુખ મેળવવા જિંદગીનો મોટો હિસ્સો ગુમાવે છે. આપણો સુવર્ણકાળ ક્યારે વીતી જાય છે તેની આપણને ખબર રહેતી નથી.

ચોથી અવસ્થાને જે પામી લે છે તેનું કલ્યાણ થાય છે. આ અવસ્થામાં ગુરુજીનો ભેટો થઈ જાય છે. ગુરુજી ભવસાગર તરી શકે તેવું સામર્થ્ય ધરાવતા હોવાથી તેના સંપર્કમાં આવનાર શિષ્યનો બેડો પાર થઈ જાય છે. તે ભરી સભામાં જ્ઞાન આપી અન્ય લોકોના કલ્યાણના દ્વાર ખોલવા કામે લાગી જાય છે. શિષ્ય પણ ગુરુજીની કૃપાથી સાધુત્વને પામે છે. જ્ઞાનગોષ્ઠિના પ્રચાર-પ્રસાર માટે સતત ઉત્સુક રહે છે. પ્રવચન અને ભજન કીર્તન કરે છે.

"નારાયણ નામની રે માળા છે, ડોકમાં...
ગુરુજીના નામની રે માળા છે, ડોકમાં...
ખોટું બોલાય નહિ, ખોટું લેવાય નહિ...
કોઈને દૂભવાઈ નહિ હો માળા છે, ડોકમાં..."

જેવા કીર્તનના શબ્દો જ્યારે લોકમુખે ગુંજી ઊઠે છે, ત્યારે ચોક્કસ પ્રદેશના લોકો તેને લોકધૂન તરીકે સ્વીકારી લે છે. કેટલાંક પદ ધોળ તરીકે પણ ગવાતા હોય છે.

"આંખ મીચું ને મારા શામને નીરખું,
એને જોઈને, મારા હૈયામાં હરખું.
શામ સુંદર એની મૂરતી રૂપાળી,
આંજેલી આંખડી છે, અણિયાળી.
કાળાભમ્મર માથે વાંકડિયા વાળ,
નાજુક હોઠ ને ભવ્ય કપાળ.
મોરપીંછનો છે મુગટ માથે,
કાનમાં કુંડળ, હાથે, બાંસુરી,
કટિયલ કંદોરી ને છે ઘૂઘરિયાળી.

ફૂલના છે ગજરા ને ફૂલના છે હાર,
આવીને ઊભા મારા અંતરના દ્વાર
આવા શ્રી કૃષ્ણનું શરણુ છે મારે,
ગોવિંદ બલિહારી જાઉં વારે-વારે...''

આપણું સૌનું ગૌરવ કહી શકાય એવા બહેન શ્રી હંસાબહેન ચોટલિયા, સંગીતની સૂરાવલિ છેડી, વ્હોટ્સ એપ ગ્રૂપના માધ્યમથી સમયરૂપી મૃત્યુનાં વાઘા પહેરી આવનાર સ્ટેશન પોતાની લીલા પાથરે તે પહેલા જ સમજરૂપી સાધુત્વને પામી જવા નારદજીના પદને ટાંકી, માર્મિક ભજનના શબ્દો વહેતા મૂકે છે. તમારું અને મારું કલ્યાણ કરવા મોબાઇલનું માઇક્રોફોન લઈ સંગીતની સરિતાના ફળદ્રૂપ પ્રદેશમાં વાવણી કરવા આવી પહોંચ્યા છે. તેને હું ઈશ્વરની અંતરમાં જાગેલી પ્રાર્થના માનું છું. ભજનની સૂરાવલિના પગલે, મારા ભીતરમાં સંવાદની વાંસળીના સૂર ગુંજી રહ્યા છે.

''હે માનવ, મંજિલ તારી દોડતી આવે છે,
દર્પણમાં શું જોવા માગે છો ?
ભીતરમાં તને ઈશ્વર મળવા આવે છે,
મંદિરમાં શું શોધવા ભાગે છો !''

દૂષણો દૂર કરવાના બદલે, આપણે બીજાના દોષ શોધવામાં સમય બરબાદ કરતા રહીએ છીએ. સમયરૂપી સ્ટેશન આજ નહિ તો કાલ નક્કી આવવાનું જ છે. છતાં આપણો કક્કો ખરો કરવા હું અને તમે સમયરૂપી સમ્રાટને ઓળખી શકતા નથી. આખરે સમય આપણને ઓળખી લે છે. દુઃખની ઊંડી ખાયમાં આપણો વધ કરી મૃત્યુનો મહોત્સવ મનાવે છે. મિત્રો, સૂતેલા સિંહના મુખમાં સસલાં જાતે પ્રવેશી તેનો ખોરાક બનતા નથી. સિંહને સસલાંનો શિકાર કરવો પડે છે. આપણે પણ ઈશ્વરને રિઝવવા જ્ઞાન પ્રાપ્ત કરવું પડે છે. જ્ઞાન મેળવવા ગુરુની ખોજ કરવી પડે છે. જેમને ગુરુજીનો ભેટો સમયસર થઈ જાય છે, તે સાધુત્વને પામી સમયરૂપી આવનાર સ્ટેશન પર સફળતાપૂર્વક ઊતરી દિવ્યજ્યોત જેવું તેજ પ્રાપ્ત કરી શકે છે.



## ૭. શ્રાવ્યબાગના મઘમઘતાં પુષ્પો

સામાન્ય બાગમાં આપણને સુગંધી પુષ્પો, અવનવા રંગોમાં ખીલેલા જોવા મળે છે. પરંતુ શ્રાવ્ય બાગમાં અવાજરૂપી છોડ પર, ઊગી નીકળેલા પ્રજ્ઞાલોકના અનોખા કુદરતી રંગોમાં શોભતા પુષ્પો ઠેર-ઠેર નજરે ચડે છે. પડકારની સુવાસથી મહેકતાં રંગબેરંગી મઘમઘતાં ફૂલોને નિહાળવાનો નજારો આપણને અવાજની દુનિયામાં ખોવાઈ જવાથી જડે છે. જેઓ અંતરની આંખો વડે, જગતને જાણી લે છે, તેઓ આત્મશ્રદ્ધાના પ્રકાશ વડે પોતાની પ્રગતિના પંથ પર ડગ માંડે છે, દોડવા લાગે છે. તેમની કલાના રૂપાળા રંગો દૃષ્ટિવાન લોકોની ચાહ બની જાય છે.

૨૬ ડિસેમ્બર ૨૦૧૯ ની સોનેરી સવાર, પોતાની શોભાનું કામણ સંકેલી વિદાયની વાટ પકડે, તે પહેલાં તો સૂર્યને બાનમાં લીધો હોય તેવું આકાશ દેખાવા લાગ્યું. કેટલાંક પ્રદેશમાં સૂર્ય સાવ ઢંકાઈ ગયો હતો. સાઉથના રાજ્યોમાં તેની વિશેષ અસર જોવા મળી હતી. સૂક્ષ્મદર્શક વડે સૂર્યગ્રહણનું દ્રશ્ય નિહાળતા લોકો સાઉથના રાજ્યોમાં ઠેર-ઠેર જોવા મળતા હતા. જ્યારે બીજી તરફ જેને અવાજની દુનિયાના બાદશાહ કહી શકાય, તેવા ગુજરાત રાજ્યની અંધશાળાઓના પ્રજ્ઞાચક્ષુ કલાકાર મિત્રો પોતાની કલાના રૂપેરી રંગોના મોતી વેરવા ભારે ઉતાવળા બની થનગની રહ્યા હતા.

ભાવનગરના ખૂબ જાણીતા એવા યશવંતરાય નાટ્યગૃહ ખાતે શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના યજમાન પદે, રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખા અને રાજ્ય શાખા અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ૨૦૧૯ અખિલ ગુજરાત નેત્રહીન રાસ ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૭ સંસ્થાઓની ૧૩ ટીમોએ ભાગ લીધો હતો. પ્રાચીન અને અર્વાચીન એમ બે વિભાગમાં આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને કલાનાં કસબી કહી શકાય તેવા અમૂલભાઈ પરમાર, નીપાબહેન ઠક્કર, હરેશભાઈ પટેલ, મમતાઝબહેન સમા, માનસીબહેન નાથાણી અને મિહિરભાઈ વજેરિયાએ નિર્ણાયક તરીકેની પોતાની સેવાઓ આપી હતી. પ્રજ્ઞાચક્ષુ બહેનોએ શ્રાવ્યબાગની

શોભાને સજાવા પોતાની કલાના રંગો છુટ્ટા હાથે આજે પાથર્યા હતાં. તેમણે જાણે અભિનયના અજવાળે, ગ્રહણમાં સપડાયેલા સૂર્યના તેજની પૂર્તતા કરવા યત્ન આરંભ્યો હતો. બંધ આંખોમાં સોનેરી સપના આંજી આવી પહોંચેલા પ્રજ્ઞાચક્ષુ કલાકાર બહેનો આજે જરા પણ નમતું જોખવા તૈયાર ન હતા.

"આંખ મારી ઊઘડે ને,
મંજિલ શોધું,
ઉરમાં ઉમંગ ધરી,
મનમાં હું હરખું,
બાહ્ય આંખોનું તેજ ભલે લીધું,
અંતરની ખોલી આંખો,
કામણ તેં કીધું.
ઉષાના રંગો લઈ,
નાચે મારું હૈયું,
અભિનયના અજવાળે,
ચાહે 'ઝગમગ'
જગત સારુ"

બાહ્ય જગતને જીતવા માત્ર બાહ્ય ઈન્દ્રિયની શક્તિ કામ લાગતી નથી. જીતવા માટે જિજીવિષા પણ હોવી જરૂરી છે. ઝંખના વિના આપણને કદીએ સફળતા મળતી નથી. એક આળસુ માણસ હતો. તે જરા સરખો પણ શ્રમ કરવા તૈયાર થતો નહિ. તેના માતા-પિતાએ તેને ખૂબ સમજાવ્યો કે મહેનત કર્યા વિના આ જગતમાં આપણને કશુંય મળતું નથી. તેથી દરેક વ્યક્તિએ મહેનત કરવી પડે છે. તું પણ જો મહેનત નહિ કરે તો તને ધન, સંપત્તિ કે ખાવા પીવાનું કશુંય મળશે નહિ. તું ભારે દુઃખી થઈ જઈશ. માટે મહેનત કરવાનું રાખ. પેલા આળસુ માણસ પર તેની કોઈ અસર થતી નથી. આખરે તેના માતા-પિતા કંટાળી તેને ઘરબાર છોડી નીકળી જવા હુકમ કરે છે. આળસુ માણસ ઘર છોડી નીકળી જાય છે. ચાલતા-ચાલતા ગામની બહાર પહોંચી જાય છે. ધોમધખતા સૂર્યના તાપથી બચવા તે એક વૃક્ષની



નીચે આશરો લે છે. ભૂખ અને થાકના લીધે તે થોડીવારમાં વૃક્ષના શીતળ છાંયામાં ઘોર નીંદરમાં સરી પડે છે. પવનની ઝડપ વધતા જ વૃક્ષ પરથી જાંબુડા ખરવા લાગે છે. આળસુ માણસની આસપાસ ઘણા જાંબુડા ખરે છે. સૂતા-સૂતા એક પણ જાંબુને તે સ્પર્શી શક્યો નહિ, એટલે તેમણે પોતાનું મોં ખોલી વૃક્ષ પર નજર દોડાવી. પવન ધીમો પડી જવાથી જાંબુ ખરતા બંધ થઈ ગયા. એટલામાં એક ઊંટ પર સવારી કરી ત્યાંથી માણસ પસાર થતો તેને નજરે પડ્યો. મોટો અવાજ કરી તે બોલ્યો : "એ ઊંટસવાર, જરા નીચે ઊતરી મને થોડી મદદ કર." સાંભળી ઊંટસવાર ઘડીનો પણ વિલંબ કર્યા વિના નીચે ઊતરી પેલા વૃક્ષ નીચે સુતેલા માણસ પાસે પહોંચી ગયો : "હે મહાશય, હું આપની શી સેવા કરી શકું છું ? આપને શી બીમારી લાગુ પડી છે ? જો આપ કહો તો હું આપને મારા ઊંટ પર બેસાડી હકીમ પાસે સારવાર માટે લઈ જવા તૈયાર છું." સાંભળી આળસુ માણસ બોલ્યો : "હજૂર, પેલું જાંબુ મારા મુખમાં મૂકો. મને ભારે ભૂખ લાગી છે. આજુબાજુ ઘણા જાંબુ પડ્યા છે. તે વીણી વારાફરતી મારા મુખમાં મૂકવાનું ચાલું રાખવા તમને મફતમાં પુણ્ય કમાવાની તક મળી છે. તમને પુણ્ય પ્રાપ્ત થશે અને મારી ભૂખ ભાંગશે." ઊંટસવારનાં મગજનો પારો આસમાને ચડી ગયો. તેમણે આળસુ માણસને બે-ચાર લાત લગાવી ચાલતી પકડી. બધા અંગો સાજા હોવા છતાં આળસુ સ્વભાવનો માણસ જાંબુના જ વૃક્ષ નીચે લાતો ખાય છે. તેમાં દોષ કોનો કાઢશો ? ઊંટસવારનો કે માર ખાનાર આળસુ માણસનો ?

આપણે ઘણી વેળાએ આળસુ માણસની જેમ વરતીએ છીએ. મફતમાં મળેલી તક ખોઈ બેસીએ છીએ. ખોટા ઉધામા પણ આદરી દુઃખી થતા હોઈએ છીએ. તેમાં તમે કોનો વાંક કાઢશો ? ઈશ્વરનો ? તમારા કર્મનો ? કે તમારા નસીબનો ! તમે કદી તમારી જાતને પ્રશ્ન પૂછ્યો છે ? ઉત્તર સીધો અને સરળ છે. ઊંટ પર બેઠેલા માણસ પાસે આપણી આળસના કારણે મદદ માગવા જઈએ તો મદદ મળવાના બદલે માર જ ખાવો પડે. આળસુ દીકરાને તો સગો બાપ પણ સંઘરવા તૈયાર થતો નથી. તેમાં બાપની લાગણીનો અભાવ હોતો નથી, દીકરાની કર્મનિષ્ઠાનો અભાવ હોય છે.

નિષ્ઠાની વાત નીકળી જ છે, ત્યારે રાસગરબાની સ્પર્ધામાં અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ, સંચાલિત સૌરાષ્ટ્ર પ્રજ્ઞાચક્ષુ સખીમંડળની બહેનોની એક નોંધવા જેવી વાત ઉલ્લેખવાનું મન થાય છે. બંને પગે દોડતો દીકરો જ્યારે પોતાની આળસના લીધે પિતાને પાવળું પાણી આપવા પગ ઉપાડતો નથી, ત્યારે પાપા પગલી ભરતી પુત્રી પોતાના નાના પગ ઉપાડી પિતાની તરસ છિપાવી દે છે. અનેક મોટી સંસ્થાઓએ આળસ અને ઉદાસિનતાના લીધે સ્પર્ધામાં ભલે ભાગ ન લીધો, પરંતુ જેમણે પોતાની પાપા પગલી ભરવાનું હજુ હમણા જ શરૂ કર્યું છે, તે સૌરાષ્ટ્ર સખીમંડળને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે. કારણ સખીમંડળે માત્ર ભાગ લેવા ખાતર લીધો ન હતો. તેમણે તો પ્રાચીન વિભાગમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી પોતાની અદ્રશ્ય શક્તિના પણ દર્શન કરાવી આપ્યા છે. કોઈ સગવડ નહિ, કોઈ બજેટ નહિ છતાં દ્રઢ મનોબળ અને સંકલ્પશક્તિ વડે તેમણે વિજય હાંસલ કર્યો છે. નિષ્ઠા અને ક્રિશાના વિશ્વાસનો પણ આ વિજય ગણી શકાય તેવી આ ઘટના છે. અમારી નિષ્ઠા અને આપણા બહેન શ્રી કીર્તિદાબહેન અને હસમુખભાઈ ધોરડાની દીકરી ક્રિશાએ મળીને સખીમંડળની સ્પર્ધામાં રજૂ થયેલ કૃતિની કોરીઓગ્રાફી કરી હતી. બંને દીકરીઓથી ઉંમરમાં મોટી બહેનોને શીખવવાનો પડકાર તેમણે ઉઠાવ્યો હતો. બંને અમારી દીકરીઓનો પ્રજ્ઞાચક્ષુ બહેનોને શિખવવાનો આ પ્રથમ અનુભવ હતો. જુદી-જુદી વયજૂથ ધરાવતા બહેનો પાસેથી કામ લઈ, અભિનયની દુનિયામાં કદમ ઉપાડી જીતવાનું હતું. ઘણું કપરું કામ નિષ્ઠા અને ક્રિશાએ ચપટી વગાડતા જ કરી બતાવ્યું છે. તે બંને દીકરીઓને પ્રસાર માધ્યમની પાંખે મારા અભિનંદન છે. માણસની ઈચ્છાશક્તિ કેટલું સુંદર પરિણામ આપી શકે છે !

શ્રાવ્યબાગને સજાવા આપણી કોરીઓગ્રાફી કરનાર બંને દીકરીઓની વિચારધારાને આગળ ધપાવી શકે તેવું સામર્થ્ય ધરાવતું માનવબળ કેળવવું પડશે, ત્યારે જ આપણને ધારી સફળતા મળી શકશે, શ્રાવ્યબાગનું મઘમઘતું પુષ્પ દિન-પ્રતિદિન ફાલેફૂલે તે જોવાની સૌ કોઈની સહિયારી જવાબદારી છે. ૧૯૮૧નું વર્ષ સમગ્ર વિશ્વમાં વિકલાંગ વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું હતું. જેના છેલ્લા ચાલીશ



વર્ષમાં આપણને ખૂબ સારા પરિણામો મળ્યા છે. ખાસ કરીને અંધજનોના શિક્ષણ ક્ષેત્રના નવા દ્વાર ખૂલી રહ્યા છે. વિકાસ પામતી ટૅકનૉલૉજી તેનું ચાલકબળ પુરવાર થયું છે. ઈ-મેઈલ, વ્હોટ્સ એપ, ફેસબુક, વેબસાઈટ, યુ-ટ્યૂબ, ઈન્સ્ટાગ્રામ, ટીક-ટોક જેવા અનેક માધ્યમોની મદદથી સંદેશાની આપ-લે ગણતરીની સેકંડોમાં આપણે કરી શકીએ છીએ. જેના કારણે પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ પણ અન્ય વ્યક્તિની જેમ જ્ઞાનપ્રાપ્તિની ખૂલેલી અવનવી દિશાઓમાં આગળ વધતો રહે છે. કૉમ્પ્યૂટર, મોબાઈલ અને એના જેવા બીજા ઘણાં ડિવાઈસ પ્રગતિના પડઘમ સાથે અંધજનોની વારે આવી રહ્યા છે. આ બધી ક્રાંતિ ઈશ્વરની ઈચ્છા અને તેમની કૃપા વડે થઈ રહી છે. એક વખતનો માણસ અંધ વ્યક્તિને પાપી માનતો હતો. તેને ઘરની દીવાલો વચ્ચે પૂરવામાં આવતો હતો, કાં તો તેનો ત્યાગ કરી દેવામાં આવતો હતો. મેં અંધજનોના ઈતિહાસનો અભ્યાસ કર્યો છે. મને તેમાં બે બાબત જાણવા મળી છે.

એક વર્ગ એમ માનતો હતો કે : અંધ વ્યક્તિ ગયા જન્મનો પાપી આત્મા હોવાથી તેને ઈશ્વરે શિક્ષા કરવા અંધાપો આપ્યો છે. તેનો ત્યાગ કરવામાં પરિવારની ભલાઈ છે. બીજો એક વર્ગ એમ માનતો હતો : અંધાપો ભલે શિક્ષા કરવા ભગવાન આપતો હોય છે, પણ જો તેને આપણે મદદ ન કરીએ તો ઈશ્વર નારાજ થઈ, આપણને પણ શિક્ષા કરવા અંધાપો આપી શકે છે; તેથી ડરના માર્યા કેટલાંક લોકો અંધજનને મદદ કરવાનું પસંદ કરતા હતા.

મિત્રો, આજે સમય બદલાયો છે. કોઈપણ અપેક્ષા વિના લોકો અંધજનોને મદદ કરવા આગળ આવવા લાગ્યા છે. લાખો ધનાઢ્ય પરિવાર પોતાની લક્ષ્મી અંધજનોના કલ્યાણ માટે વાપરતા થયા છે. અનેક લોકો અંધજનોના સેવાયજ્ઞમાં પોતાનું શ્રમદાન આપી રહ્યા છે. અંધજનો માટેનો આ સુવર્ણકાળ છે. આપણે તેનો લાભ ઉઠાવીએ - એવી મારી દરેક બંધુઓ અને ભગિનીઓને પ્રાર્થના છે.

હું હંમેશા અવાજની દુનિયાનો ચાહક બની, ઈશ્વરસૃષ્ટિને સજાવવા માગ છું. અવાજની દુનિયાના દરેક મઘમઘતાં પુષ્પોની સુગંધ મારા ભીતરમાં ભરી લેવા ઈચ્છુ છું. મને શ્રાવ્યબાગની મહેક મારી મંજિલ પર ચાલવા શક્તિ આપે છે.

અંધજનોના વિકાસ માટે અવનવા પ્રદેશમાં હું ડગ માંડતો રહું છું. આવા જ એક પ્રયત્નના ભાગરૂપે પાલિતાણા મુકામે ભાવનગર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વહીવટી કર્મચારીઓના સંઘના સેમિનારમાં ખાસ યોજાયેલ સંગીત સંધ્યા કાર્યક્રમમાં પ્રજ્ઞાચક્ષુ બાળકોને લઈને જવાનું થયું હતું. કમનસીબે મારે બાળકોનો કાર્યક્રમ શરૂ થાય તે પહેલા જ એક માઠા સમાચાર મળતા નીકળી જવું પડ્યું હતું. અમારા શિક્ષક ઋષિકેશભાઇ પંડ્યા અને રમેશભાઈ સાટિયાએ બાકીનો દોર સંભાળી લીધો હતો. સમગ્ર કાર્યક્રમમાં બંને શિક્ષકમિત્રોના નેતૃત્વ નીચે બાળકોએ લગભગ દસ-બાર કૃતિઓ પ્રસ્તુત કરી હતી. સુગમ સંગીત, ભજન અને ફિલ્મી ગીતો પ્રસ્તુત કરી સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા - જેને બહોળો પ્રતિસાદ મળ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત રાજ્ય સંઘના પ્રતિનિધિઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા. બાળકોની કૃતિઓ માણી લોકો વરસી પડ્યા હતા. હું લોકોની આર્થિક ઉદારતા કરતા સંવાદની સરિતાના નીરને પખાળવાની મળેલી તકને વધુ મહત્ત્વની માનું છું. પ્રજ્ઞાચક્ષુઓની કલાશક્તિઓને પ્રદર્શિત કરવાનું મારું અભિયાન દિન-પ્રતિદિન આગળ ધપતું રહે છે. મારું આ અભિયાન કોઈ એક ચોક્કસ સંસ્થા, વિસ્તાર કે વ્યક્તિ પૂરતું સીમિત નથી. તેથી હું નિરંતર દરેક ક્ષેત્રમાં ડગ માંડતો જ રહું છું.

''શ્રાવ્યબાગનું પુષ્પ બની ભલા તેં મને મહેકવા દીધો,
ચમન મહીં ચમકવા રૂપાળો રંગમંચ દીધો.
દર્પણની દુનિયામાં ભલા કોઈનો પ્રકાશ થઈ,
ઉજાસ ભરી દીધો.
'ઝગમગ' કહે શીશ ઝુકાવી પ્રભુ,
તેં મારી આશાનો પ્રદેશ ભરી દીધો.''



## ૮. દીકરીનો દુકાળ

દીકરી વહાલનો દરિયો છે. તે સ્નેહની સરિતા પણ છે. તે બે કુળને તારે છે. તેનું ખરું વ્યક્તિત્વ હજુ આપણે ઓળખી શક્યા નથી. સંવેદનાની મૂર્તિ જેને કહી શકાય, એવી દીકરીને તુલસીનો ક્યારો કહી દેવાથી પતી જતું નથી. ''બેટી બચાવો, બેટી ભણાવો'', નારો વહેતો મૂકવાથી સરકારનું કામ પૂરૂં થઈ જતું નથી. જેમ દર્પણમાં ચેહરો જોતા જ આપણને તે મલિન દેખાય, તો તેને સરખો કરવા આપણે કામે લાગી જવું પડે છે, તેમ મીઠા શબ્દો અને સૂત્રો આપી તેને ખરા ઠરાવવા સરકાર અને સમાજે પણ કામે લાગી જવું જોઈએ. યોજનાઓ ઘણી ઘડાઈ છે. તેને અમલમાં મૂકવાનું આયોજન ભાગ્યે જ તૈયાર કરવામાં આવે છે. આયોજન તૈયાર થયા પછી પણ તેનો યોગ્ય અમલ થતો નથી. જેટલા બણગાં ફૂંકવામાં આવે છે, તેટલા કામ થયેલા જોવા મળતા નથી. જે કામ પૂરા કરવામાં આવે છે, તેમાં કોઈ ભલીવાર હોતી નથી.

રસ્તા નિર્માણની સમીક્ષા કરીએ તો નવા તૈયાર થયેલા રસ્તા એક ચોમાસું પસાર કરે તે પહેલા જ પોતાનું અસ્તિત્વ ગુમાવી ડિસ્કો-ડાંસનો અખાડો બની જાય છે. ચોમાસું પૂરું થાય તેની સાથે બનાવેલા રસ્તાઓનો દુઃખદ અંત આવે છે. છેલ્લા ઘણા સમયથી આપણા દેશની દીકરીઓને ખૂબ સહન કરવું પડે છે. નિર્ભયા નામ આપી દેવાથી તેની સુરક્ષા કરવાનો દાવો આપણે કરી શકીએ નહિ. નિર્ભયા સાથે જે ક્રૂરતા કરવામાં આવી હતી, તે માનવની પશુવૃત્તિ દર્શાવે છે. દેશના અનેક પ્રદેશના જવાબદાર સત્તાધીશ લોકો વ્હાલસોય દીકરી પર રેપ કરી તેને દુષિત કરે છે. એટલું જ નહિ તેના અરમાનો ધૂળમાં મેળવી દે છે... આજ-કાલ અનેક રાજકીય ખુરશીધારી સત્તાધીશ લોકો, ઊગતી દીકરીઓના જીવનને વેરવિખેર કરી નાંખે છે. આવી ઘટનાઓ ફૂલ જેવી કેટલીક દીકરીઓના જીવનદીપ બુજાવી દે છે. જે દેશમાં રામાયણ, ગીતા ગવાય છે, તે દેશની દીકરી પર રેપ શા માટે થાય છે ?

''મને એ જ સમજાતું નથી, કે શાને આવું થાય છે ?
બણગાં ફૂંકી સત્તાનો પરવાનો પાકો થઈ જાય છે !
બિલાડીના ટોપની માફક નેતા ઊગી જાય છે,

ઊગી નીકળેલા ખોટા નેતા સત્તાનું ખાંપણ ખાય છે.
સેવાનું ખેતર હસ્તગત કરી,
પ્રજાના કલ્યાણનો મબલક પાક ખાય છે.
પણ પ્રજા પ્રિય નેતાની,
ચૂંટણીમાં ડિપૉઝિટ ડૂલ થાય છે ! ''

ભાવનગરમાં પત્રકાર જગતનું જેમણે ગૌરવ વધાર્યું છે, એવા ઘણા મોટા ગજાના પત્રકાર નટુભાઈ ત્રિવેદી સાત સંતાનોના પિતા છે. તેમાં બે પુત્રીનો સમાવેશ થાય છે. તે પૈકી તેમણે ૨૮ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ એક દીકરી કૅન્સરની બીમારીમાં ગુમાવવી પડી. તે નટુભાઈની દીકરી નહિ, અનોખી દૃષ્ટિ હતી. જેનું નામ તેમણે કોકિલા રાખ્યું હતું. સ્વભાવ મૃદુ, તેમ જ મિલનસાર હતો. તેમનો અંતરપ્રદેશ સંવેદના અને લાગણીથી ભરેલો હતો. તેમના પરિચયમાં આવનાર વ્યક્તિ ભીંજાયા વિના રહે નહિ. તેઓ ગમે તે ક્ષણે હિંમત અને આત્મવિશ્વાસથી છલોછલ રહેતાં હતાં. નાના-મોટા પડકારોને તેઓ સરળતાથી ખાળી શકતાં હતાં. નટુભાઈનું સત્ત્વ તેમની નસે-નસમાં વહેતું હતું. વર્ષ બે હજાર બારમાં કૅન્સરની બીમારી શ્રી કોકિલાબહેનને લાગુ પડી. કુદરતના પડકારને તેમણે સહજ રીતે સ્વીકારી લીધો હોય તેમ પોતાનું સામાન્ય જીવન જીવતાં રહ્યાં. શરૂઆતમાં ઍલોપથીની થોડી સારવાર કરી, પરંતુ શરીરને આડઅસરના લીધે વધુ પીડા સહન કરવી ન પડે એટલા માટે ઍલોપથી સારવારને તેમણે કાયમના માટે તિલાંજલિ આપી દીધી. હોમિયોપથીની દવાઓ લેવાનું શરૂ કર્યું. જેના પરિણામો ઘણા સારા મળ્યા. શ્રી કોકિલાબહેન લગભગ કૅન્સરનો રોગ લાગુ પડ્યા પછી પણ આઠ-નવ વર્ષની જિંદગી સામાન્ય લોકો જેવી જીવી શક્યાં હતાં. તેમાં ઔષધી કરતાં તેમના આત્મવિશ્વાસને વધુ કારણભૂત ગણી શકાય. ૨૯ તારીખે અંતિમવિધિ સમયે જ્યારે નટુભાઈને કોકિલાબહેનના અવસાનના સમાચાર આપવામાં આવ્યા ત્યારે નટુભાઈ અવાક બની ગયા હતા. પ્રામાણિક પત્રકારત્વનું શું આ ફળ હતું ? ના. તો શું દીકરીના કર્મફળનો બદલો હતો ? જે હોય તે, હિંમત અને કરુણાનો પરાજય હતો, એટલું જ નહિ સમગ્ર નારી જગતને અફસોસ થાય



તેવી આપણે વીરાંગના ગુમાવી છે. જેમણે રોગ સામે સતત નવ વર્ષ સુધી મોરચો માંડી લડત ચલાવી હતી. સામાન્ય વ્યક્તિની જેવું જીવન જીવી બતાવ્યું હતું. તેમણે ઔષધી વિના પણ પોતાની હકારાત્મક શક્તિ વડે રોગને અંકુશમાં રાખ્યો હતો. તેમની અદ્વિતીય શક્તિના દર્શન કરાવી, તેમણેએ પુરવાર કરી આપ્યું છે. રોગ સામે લડનાર નારી સમય આવ્યે સમાજના કુરિવાજો કે નકારાત્મક બાબતો સામે પણ લડી શકે છે. તેમની વીરતા જોઈ, મને એમ થાય છે : પામર પુરુષ સામે શક્તિની દેવીએ શા માટે ઘૂંટણિયાં ટેકવવા પડે છે ? તે મને સમજાતું નથી.

નારી પર જે અત્યાચાર ગુજારવામાં આવે છે, તે સમગ્ર માનવ સમાજનું કલંક છે. ઈન્દ્રિયોને કાબૂમાં રાખવાના બદલે માણસ ભૂખ્યો વરુ બનતો જાય છે. માણસ પોતાની માનવતા ભૂલી પશુ જેવી હરકતો કરતા જરા પણ ખચકાતો નથી, ત્યારે દેશની ભગિનીઓએ 'નારી તું નારાયણી' મંત્રને હસ્તગત કરવો પડશે. આપણા દેશમાં અનેક નારી રત્નો નીપજ્યા છે, ત્યારે દેશની દરેક નારીશક્તિને મારા શત-શત વંદન છે. દેશની દરેક નારીને આહ્‌વાન કરી કહુ છું : બે હાથ, માથું-ધડ આપ્યું છે. જા ઈશ હવે નરાધમો સામે લડવા ત્રીજું નથી માંગવું. મારી આ અરજ દરેક બહેનો સ્વીકારશે તેવી મને શ્રદ્ધા છે.

આ બધા સંકલ્પો પાર પાડવા સ્ત્રીએ અન્ય સ્ત્રીને ટેકો કરવો પડશે. સ્ત્રી જ બીજી સ્ત્રીની દુશ્મન બનશે, તો સફળતા શી રીતે મળશે ? સાસુ-વહુના સંબંધોમાં ઝગડા થાય છે, તેમાં બન્ને પાત્રો સ્ત્રી જ હોય છે, એમાં દોષ કોને દેશો ? આ વાત સમજવા એક વાર્તા યાદ આવે છે : એક મોટું જંગલ હતું. તેના વૃક્ષો સંગઠિત થઈને રહેતાં હતાં. એક દિવસ જંગલમાં કઠિયારો લાકડાં કાપવા આવી પહોંચે છે. શરૂઆતમાં કઠિયારો મૂંજાય છે. તેની પાસે કુહાડી પડી, પણ લાકડાં કાપવા માટે કુહાડીમાં તેને પકડી ઘા કરી શકાય તે માટે લાકડાંના હાથાની જરૂર હતી. તેમણે જંગલના વૃક્ષો પાસે લાકડાંની માંગણી કરી. પ્રારંભમાં કોઈ વૃક્ષ કઠિયારાને લાકડાંનો ટુકડો પણ આપવા તૈયાર થતાં નથી. કઠિયારો માયાજાળ બિછાવા વૃક્ષોને પાણી પાવા લાગે છે. થોડા દિવસો આમ-ને-આમ પસાર થઈ જાય છે. ઉનાળાનો તાપ પડવાના લીધે, જંગલના વૃક્ષો સુકાવા લાગે છે. બીજી

તરફ જે વૃક્ષોને કઠિયારો નિયમિત પાણી પાતો હતો, તે બધાં વૃક્ષો લીલાછમ બની પવનમાં આમતેમ ઝૂલતાં રહેતાં હતાં. સુકાયેલું એક વૃક્ષ કઠિયારાને પાણી પાવાની લાલચમાં આવી, લાકડાંનો લાંબો ટુકડો આપવા તૈયાર થઈ જાય છે. કઠિયારાનું કામ બની જતા લાકડાંના લાંબા ટુકડાને સરખો કાપી તેનો હાથો બનાવે છે. કુહાડીમાં હાથો લગાવી દે છે... હવે તે કુહાડીની મદદથી રોજ જંગલ કાપવા લાગે છે. થોડા જ દિવસોમાં તે આખું જંગલ ઉજ્જડ કરી નાખે છે. લાલચ કેવું ભયાનક પરિણામ આપે છે ! સમય જતા તે આપણો કચ્ચરઘાણ વાળી દે છે, માટે કોઈની પણ લાલચમાં આવશો નહિ. જેટલા નારી પર હત્યાચાર થાય છે, તેમાં નારી પોતે સંડોવાયેલી હોય છે. કોઈ ને કોઈ રીતે નારી લાલચમાં આવી ફસાય છે. ભોગ બનેલી નારી પોતે નહિ જાગે તો પોતે તેના પર થતાં હત્યાચાર રોકી શકશે નહિ. નારી પર થતા હત્યાચાર અટકાવવા તેમણે વીરાંગના બની યુદ્ધ છેડવું પડશે. આ વાત સમજવા મને એક સત્ય ઘટનાનું ઉદાહરણ ટાંકવાનુ મન થાય છે.

અમારી શાળાના આચાર્ય શ્રી ઘનશ્યામભાઈ બોરૈયા સવારના ચાલવા નીકળ્યા હતા. શ્રી ઘનશ્યામભાઈ બોરૈયાને સવાર-સાંજ નિયમિત ચાલવાની આદત છે. શહેર ફરતી સડક પર તેઓ જઈ રહ્યા હતા. રસ્તામાં એક મકાન વચ્ચોવચ હોવાથી મકાન માલિક સામે મકાન હટાવા અંગેનો કોર્ટમાં દાવો ચાલતો હતો. અંતિમ ચુકાદો આવે ત્યાં સુધી એક વૈકલ્પિક ધૂળિયા માર્ગ પરથી મૂળ રસ્તા પર આવવું પડતું હતું. આ ધૂળિયા રસ્તા પર તેમને કીચડમાં ફસાયેલી કાર જોવા મળી. ઘનશ્યામભાઈ તેનું નિરીક્ષણ કરવા થોડા નજીક ગયા. બે-ચાર મિત્રો સાથે જોડાયા. તેઓ કીચડમાં ફસાયેલી કારને કીચડમાંથી બહાર કાઢવા પહોંચી ગયા. તેમણે જોયું તો કારમાં બેઠેલા બે-ચાર માણસો ઈશારા કરી તેમને કાર કીચડમાંથી બહાર કાઢવા સંકેત કરતા હતા. કારમાંથી કોઈ નીચે ઊતરવા તૈયાર નહોતું. નીચે ઊતરે તો ગંદા થવું પડે, તેથી તેઓ બધું બારોબાર પતાવવા ઈચ્છતા હતા. તેથી બગડવાની બીકે બધા કારમાં બેઠા રહ્યા હતા. ઘનશ્યામભાઈ અને મિત્રોને થયું : કારમાં બેઠેલા કીચડમાં ઊતરી બગડવા ન માગતા હોય, તો આપણે શું કામ બગડવું જોઈએ ? તેઓ મદદ કર્યા વિના જ નીકળી ગયા. આપણી સુરક્ષા માટે



આપણે નહિ જાગીએ, તો આપણી ચિંતા કરી કોઈ ઝગડો હોરશે નહિ ''આપ મુઆં વિના સ્વર્ગે જઈ શકાતું નથી.'' થોડા સમય બાદ ભાવનગરના કાળિયાબીડમાં આવી જ એક ઘટના ઘટી. કારમાં બેઠેલા તમામ માણસો કારને કીચડમાંથી બહાર કાઢવા મથતા હતા. કારમાં બેઠેલા તમામ મુસાફરો કીચડથી લથપથ થયા હતા. તેથી ઘનશ્યામભાઈ બોરૈયા અને તેમના સાથીઓને થયું : આ લોકો સંકટમાં છે. પૂરી મહેનત કરે છે, પણ કાર કીચડમાંથી બહાર નીકળતી નથી, તેથી તેમને આપણે મદદ અવશ્ય કરવી જોઈએ. મિત્રોએ કાદવમાં ઊતરી જોર લગાવી કારને કીચડમાંથી બહાર કાઢી આપી.

આ ઉદાહરણ પરથી એટલું ચોક્કસ કહી શકાય. જો આપણા પર આવેલા દુઃખને હટાવા આપણે પોતે મહેનત નહિ કરીએ તો ભગવાન પણ મદદ કરવા આવશે નહિ. જીવને અસત્યોના કીચડમાંથી ઉગારવા આપણે યત્ન નહિ કરીએ, તો ભગવાન આપણને શા માટે સહાય કરવા આવે ? નારી પોતે નહિ જાગે તો તેને કોઈ કાયદો કે વિરલો બચાવી શકશે નહિ. માટે આપણા રક્ષણ માટે આપણે જ જાગવું પડશે. પશ્ચિમના દેશોની રેણીકેણી અપનાવવાનું આપણને ઘેલું લાગ્યું છે. જેના કારણે આપણે આપણી સંસ્કૃતિ વીસરી ગયા છીએ. પોશાક અને આહારનું આપણે આંધળું અનુકરણ કરી રહ્યા છીએ.

આર્યોના સોળ સંસ્કાર આપણે સાવ ભૂલી ગયા છીએ. આર્યના સોળ સંસ્કારનો પ્રારંભ માતાના ગર્ભથી જ થઈ જાય છે.

૧. ગર્ભાધાન સંસ્કાર

૨. પુંસવન સંસ્કાર

૩. સીમંતોન્નયન સંસ્કાર

૪. જાતકર્મ સંસ્કાર

૫. નામકરણ સંસ્કાર

૬. નિષ્ક્રમણ સંસ્કાર

૭. અન્નપ્રાશન સંસ્કાર

૮. ચૂડાકર્મ સંસ્કાર

૯.	કર્ણવેધ સંસ્કાર
૧૦.	ઉપનયન સંસ્કાર
૧૧.	વેદારંભ સંસ્કાર
૧૨.	સમાવર્તન સંસ્કાર
૧૩.	વિવાહ (લગ્ન) સંસ્કાર
૧૪.	વાનપ્રસ્થ સંસ્કાર
૧૫.	સંન્યાસ સંસ્કાર
૧૬.	અંત્યેષ્ટિ સંસ્કાર

ઉપર જણાવેલા આર્યોના સોળ સંસ્કારથી આપણે વિમુખ થયા છીએ. પરિણામે દીકરીનો દુકાળ પડવા લાગ્યો છે. દીકરી સંસ્કાર વિધિથી વાકેફ હશે, તો પોતાના સંસ્કારોનું આરોપણ સરળતાથી કરી શકશે. સંસ્કારવિધિ મુજબ જો બાળકનો ઉછેર કરવામાં આવે તો ઉત્તમ સંતતિનો વારસો પ્રાપ્ત થઈ શકે છે. એકથી ત્રણ સંસ્કાર બાળકના જન્મ પૂર્વે કરવામાં આવે છે. ચોથો સંસ્કાર જન્મ સમયે કરવામાં આવે છે. છઠ્ઠો સંસ્કાર બે મહિના બાદ કરવામાં આવે છે. સાતમો સંસ્કાર પાંચ કે છ માસની ઉંમરે કરવામાં આવતો હોય છે. નામકરણ પણ એક સંસ્કારવિધિ છે. ટૂંકમાં, આર્યોના સોળ સંસ્કાર પ્રાપ્ત કરી જન્મેલી દીકરી ભારતની માભોમનું રક્ષણ કરી શકે, તેવી દીકરીની આ દેશને જરૂર છે. આદ્યશક્તિ સરખી માભોમની પુત્રી સંસ્કાર ઉગાડી સંસ્કારના અમર ફળ આપશે.

''માભોમના રક્ષણ ખાતર શોધું તને હું,
કાશ, મંદિર મસ્જિદ મહીં મળે તું,
ઉર મહીં ઉમંગ ભરે તું,
'ઝગમગ' હું યાચું એ ઘડી આપે તું.''



# ૯. સગવડની સવારી

સૃષ્ટિના આરંભથી જ માણસ સગવડ પાછળ હરાયા ઢોરની માફક દોડતો રહે છે. બાળકના જન્મ પૂર્વે જન્મ પામનાર બાળકના માતા-પિતા તેમની સગવડ માટે તૈયારીઓ કરવા લાગી જાય છે. આવી સગવડની ઘણી મોટી યાદી તૈયાર થઈ શકે તેમ છે. પરંતુ આપણે તેની ધફલી ફૂટવી નથી. તમે કહેશો કે તૈયારી તો કરવી જ પડે ને ! જો આપણા ઘરે થોડા દિવસ માટે પણ મહેમાન આવવાના છે, તેવા સમાચાર અગાઉથી મળી જાય તો આવનાર મહેમાનની સરભરા માટે આપણે કામે લાગી જતા હોઈએ છીએ. તો પછી આવનાર બાળક તો ઈશ્વરના પ્રતિનિધિ બની મહેમાન તરીકે પધારવાના હોય તો તેના સ્વાગત અને સંભાળનો પ્રબંધ કરવા આપણે તૈયારી તો કરવી જ પડે ને ? પણ તમને આ બધી રામાયણ નહિ સમજાય. સગવડ માણસની શોભા છે, તે માણસની ઓળખ પણ છે. પૈસો અને વૈભવ માણસના અસ્તિત્વનો માપ-દંડ માનવામાં આવે છે. તેથી ઘણી વખત આપણે ગજા ઉપરવટનું વેતરું કરતા હોઈએ છીએ. આપણે વટ પાડવાનું ચૂકતા નથી.

''એક રૂપિયાના દસકા દસ, ખિસ્સામાં ખખડે ને પડે મારો વટ
એક રૂપિયાના દસકા દસ.''

રૂપિયા જેવી સાવ નાની રકમમાં પણ આપણે વટ પાડવો છે. એ આજ-કાલ આપણી આદત બની ગઈ છે. સગવડની સોડ હૂંફાળી અને મોહક હોય છે. તેમાં ધબોરાયેલો માણસ થીજીને માયાનો પિંડ બની જાય છે. એમ થવાના લીધે તે સંસારભૂમિના માર્ગ પર અટવાઈ પડે છે. ભીંત ભૂલેલો માણસ મુક્તિનો માર્ગ શોધી શકતો નથી. પરિણામે તેને ચોરાશી લાખ યોનીમાં વિહાર કરવો પડે છે, ભટકવું પડે છે. સ્થૂળ ધનસંપત્તિરૂપી મળેલી સગવડ, માયારૂપી અરીસામાં દેખાતું પ્રતિબિંબ છે, આભાસી દ્રશ્ય છે. તેને પામવા માણસે આખું આયખું ગુમાવવું પડે છે માણસને તેનું આયખું પણ ઓછું પડે છે.

''તારે નગર જવા શબ્દો મળતા નથી, મલક મારો જોઈ માધવ જડતો નથી.
સોનેરી સપના સાલા હટતા નથી,
ઉર મહીં વ્યાપેલા અંધારાં ઓસરતાં નથી.''

જીવનમાં સમજની ઉષા ઊગી નીકળી છે, પણ અંધારા ઓસરવાનું નામ લેતા નથી. ઈશ્વરનું સાનિધ્ય ઝંખું છું. ઝંખના મુજબ કદમ ઊપાડી આગળ ધપી શકતો નથી. અહંકાર મારો પીછો છોડવાનું નામ લેતો નથી. કોઈ ઘસાતું બોલે તો અંતરના આંગણે દુઃખનો દાવાનળ ભડકે બળે છે. અરમાનનો દરિયો ઉછાળા ભરી તોફાને ચડે છે. સમજણનું મીઠું જળ સંસારરૂપી સમુદ્રમાં ભળી ખારું ધુધવા થઈ જાય છે, એટલે કહેવાનું મન થાય.

''તારે નગર જવા શબ્દો મળે,
ઉર મહીં ઉમંગ ભરે ''ઝગમગ''ની આથમતી જ્યોત પ્રભુ પાવન કરે,
હૈયામાં પ્રભુ હામ ભરી, તું કરુણા કરે.''.

મારો કહેવાનો ભાવ બહુ સ્પષ્ટ છે. અહંકાર આપણને મુક્તિના માર્ગે જતા રોકે છે. અહંકાર મોહમાંથી જન્મે છે. મોહ ઈચ્છા અને અપેક્ષાના લીધે થાય છે. ઈચ્છા અજ્ઞાનતાથી જન્મે છે. પછી તેમાં મમતા પેદા થવા લાગે છે. તેમાંથી મોહ ઉદ્‌ભવે છે. મોહ જાગવાથી અહંકાર થાય છે. અહંકાર આપણા પતનનું કારણ બને છે. તમે કહેશો અહંકાર જો પતનનું કારણ હોય તો આપણે તેનો ત્યાગ કરી દેવો જોઈએ. તમારી વાત સોળ આનાની હોવા છતાં તેનો અમલ કરવો સરળ નથી. હું નમ્રભાવે સ્વીકારું છું. અહંકાર મને છોડતો નથી, એવું જરા પણ નથી. હું અંહકારને છોડી શકતો નથી. તેનું કારણ દીવા જેવું સ્પષ્ટ છે. સગવડની સવારી કરનાર એક પણ માયનો લાલ અહંકાર છોડી શકતો નથી. સગવડની સવારી કરવાની જેની આદત થઈ જાય છે, તેને પોતાના સુખ સગવડ ઝૂંટવાઈ જવાનો ભય હોય છે. મને પણ મારી સગવડ ઝૂંટવાઈ જવાનો ભય હોય તે સ્વભાવિક છે. તેથી હું અહંકારનો પીછો છોડી શકતો નથી. કોઈવાર કરેલા કાર્યની નોંધ ન લેવાય અથવા યોગ્ય પ્રશંસા ન થાય તો મન સંતાકૂકડીની રમત રમવા લાગી જાય છે. મન બેચેન બની અશાંતિનો ઉત્સવ મનાવવા લાગી જાય છે. ભીતરમાં કરેલા કાર્યનો ઢોલ રણકવા લાગે છે. સ્વ-પ્રશંસાના પડઘમ અને બૅન્ડ બની રણકતાં રહે છે. ફૂંકાતા રણશિંગાં અંતરપ્રદેશમાં ઉમંગનું આંધણ મૂકી વણનોતર્યા મોહ અને ઈચ્છાઓના પરિવારને આમંત્રણ આપે છે. ઈચ્છા અને મોહ માણસને ભીંત ભૂલવી અહંકારના અગ્નિમાં



હોમી દે છે. અહંકારરૂપી ભડકે બળતા અગ્નિમાં આપણું માનવજીવન બળીને ખાખ થઈ જાય છે.

મહાત્મા ગાંધી દેશની સમસ્યાઓના ઉકેલ માટે, હંમેશા રેલવેના ત્રીજા વર્ગની મુસાફરી કરતા હતા. તેઓ ત્રીજા વર્ગની મુશ્કેલીઓનો એમ કરી અભ્યાસ કરવા ઈચ્છતા હતા. ગાંધીજી માનતા હતા : દેશસેવા કરનાર લોકોએ ઓછામાં ઓછી સગવડનો ઉપયોગ કરવો જોઈએ. તેમને શારીરિક મર્યાદાઓના કારણે જ્યારે પ્રથમ વર્ગની મુસાફરી કરવી પડતી હતી, ત્યારે તેમને અંદરથી ભારે દુઃખની લાગણી થતી હતી. સેવાક્ષેત્રમાં ઠાઠ-માઠને કોઈ સ્થાન હોતું નથી. સગવડનો વૈભવ સેવાના ખેતરમાં આપણને પાકેલા પાકમાંથી તૈયાર થયેલી સ્વાદિષ્ટ વાનગીના સ્વાદથી વંચિત રાખે છે. મહાત્મા ગાંધી તેના શરૂઆતના સમયમાં બાહ્ય વ્યક્તિત્વને પોશે તેવા સુધારાઓથી પ્રભાવિત હતા. તેમણે પોશાક, બૂટ-મોજાં અને બીજા બાહ્યાચારને પોતાની જીવનશૈલી સાથે વણી લીધા હતા. પણ અનુભવના અંતે ગાંધીજીએ તેને તિલાંજલિ આપી દીધી હતી. તેઓ સાદગીભર્યું જીવન જીવતા હતા. તેઓ જરૂરિયાત કરતા વધુ ચીજ-વસ્તુનો ઉપયોગ કરવાનું ટાળતા હતા. તેઓ પાણીનું એક બુંદ પણ બીનજરૂરી વેડકાઈ નહિ, તેની કાળજી રાખતા હતા. ગાંધીજી અન્યના કલ્યાણ માટે સમયનો સદ્‌ઉપયોગ કરવાનું ચૂકતા નહિ. મને તેમના જીવનમાંથી પ્રેરણાનો ધોધ પ્રાપ્ત થયો છે. મારા અંતરમાં પ્રેરણાના ધોધના પ્રવાહે ઊર્જાનો સ્રોત વહેતો મૂક્યો છે. ઊર્જારૂપી મળેલી શક્તિ મારા કાર્યને ગતિ આપે છે. જોકે કોઈવાર હતાશ અને નિરાશ થઈ જવાય છે, પણ 'બાપુ' ની પ્રેરણાના જ્ઞાનપ્રકાશ વડે હું મારો માર્ગ શોધી લેવામાં સફળ રહું છું. તેથી મારું ગાડું ગબડતું રહે છે. મારી સફળતામાં મારું કોઈ પરાક્રમ નથી. મારી સફળતાનો આધાર 'બાપુ' ની પ્રેરણા છે.

સગવડની સવારી મને ગમતી નથી. વધુ પડતી સગવડ વ્યક્તિને નિર્બળ બનાવી દે છે. સગવડરૂપી સેવા વ્યક્તિને જરૂરિયાત કરતા જો વધુ મળે તો સેવા લેનાર વ્યક્તિની શક્તિ કુંઠિત બને છે. શાળાની મુલાકાતે આવતા મહાનુભાવો પ્રજ્ઞાચક્ષુ બાળકોને જુદી-જુદી ચીજ વસ્તુની ભેટ આપવા આવતા હોય છે. મદદ

કરવાની તેમની ભાવનાને મારી સલામ છે. સંસ્થા તરફથી બાળકોને બધી જ સગવડ વિનામૂલ્યે આપવામાં આવે છે. છતાં કેટલાંક દાતાઓ બાળકોને કેટલીક ચીજવસ્તુ આપવાનો આગ્રહ રાખતા હોય છે. દાતાઓના આગ્રહને માન આપી અમો દાતાશ્રીની ઈચ્છા મુજબ બાળકોને તેમના વરદહસ્તે ચીજવસ્તુનું વિતરણ કરાવી આપીએ છીએ. કેટલાંક દાતાઓ, ગરમ સ્વેટર, ધાબળા, ચાદર, ઓછાડ જેવી અનેક ભેટ બાળકોને આપતા હોય છે. સંસ્થા તરફથી બાળકોને આ બધી ચીજ-વસ્તુઓ આપવામાં આવે છે. વળી, રહેવા-જમવાની સગવડ સંસ્થા પાગરણ સાથે આપતી હોવાથી ચાદર-ઓછાડનો ઉપયોગ બાળકોને સંસ્થામાં કરવાની જરૂર પડતી નથી. તેમ છતાં ઘણા દાતાઓ તે વાત સમજવા તૈયાર થતા નથી. બાળકો દાતાઓ તરફથી મળેલી ભેટસોગાદ ઘરે મૂકીને આવે છે. દાતાનું દાન બાળકના બદલે તેના કુટુંબને પહોંચી જાય છે. મારી દૃષ્ટિએ દાતાએ આવી વસ્તુનું દાન સંસ્થાને કરવું જોઈએ. કારણ કે સંસ્થા તમામ બાળકોને આ બધી વસ્તુ વિનામૂલ્યે છાત્રાલય અને શાળામાં વાપરવા માટે આપે છે. શાળામાંથી બાળક ભણીને જતું રહેશે, ત્યારે તે વસ્તુનો ઉપયોગ આવનાર બાળક કરી શકશે. દાતા બાળકને સીધી ભેટ આપી પોતાની લક્ષ્મીનો યોગ્ય ઉપયોગ કરતા નથી. પરિણામે તેનો ફાયદો આવા બાળકોના પરિવારના સભ્યોને થાય છે. દાતાશ્રી પુણ્ય કમાવા ભલે આમ કરતા હોય, પણ એમ કરવાથી દાતાનો પુણ્ય કમાવાનો હેતુ એળે જાય છે. પુણ્ય કમાવા તે વસ્તુ અર્થાત્ ભેટસોગાદ સંસ્થાને પણ આપી શકે છે. સંસ્થા મળેલી દરેક વસ્તુ બાળકના ઉત્થાન માટે જ વાપરવાની છે. તેથી બાળકોને દાન કરવાનો આગ્રહ રાખવાનો કોઈ અર્થ રહેતો નથી. હું દરેક દાતાઓની લાગણીને વંદન કરું છું. અંધ વ્યક્તિને આગળ વધારવા સહાય કરવાની સૌ કોઈની નૈતિક જવાબદારી છે, પરંતુ મદદ કરવાનો હેતુ તેને પગભર કરવાનો હોવો જોઈએ, આર્થિક સહાય કરવાનો નહિ. કોઈ પણ અંધ વ્યક્તિ પ્રત્યે સહાનુભૂતિ દાખવવાથી તે પોતાના પગ પર ઊભો નહિ રહી શકે. તેને પગભર કરવા ઉત્તમ તાલીમ અને શિક્ષણની જરૂરી સેવાઓ પૂરી પાડવી પડશે. આપણી સરકાર સંત સુરદાસ યોજના નીચે થોડી-ઘણી આર્થિક સહાય કરી પોતાની જવાબદારી પૂર્ણ કરવાનો



સંતોષ ભલે અનુભવતી હોય, પરંતુ સરકારે અંધજનોને સરળતાથી રોજગારી મળી રહે તેવા પગલાં ભરવા જોઈએ. સગવડની સવારી પ્રજ્ઞાપંથીઓને પુનર્વસનના મુકામ સુધી લઈ જઈ શકશે નહિ.

મહાત્મા ગાંધી શ્રમદાન કરતા અને કરાવતા હતા. આશ્રમમાં રહેતા દરેક અંતેવાસીઓને પોતાનું કામ જાતે કરવાના નિયમ નું પાલન કરાવતા હતા. મહેનતથી મળેલું ધન આપણને ઉન્નત બનાવે છે, પણ દયાથી મળેલું ધન આપણને ભિખારી બનાવે છે.

મને મારી કાવ્ય પંક્તિઓ યાદ આવે :

"માગવી નથી ભીખ, કરવી નથી જીદ,
કાશ કરે તું કૃપા,
સુંદર ગાવું ગીત.
શબ્દ નથી તો શું થયું ? હૃદય હજુ ધડકે છે,
આંગણ વાદળ વરસી ઈશ,
નદી-નાળા છલકે છે."

આંખોની જ્યોત ભલે ગુમાવી, હિંમતની તેજસ્વિતા પ્રભુ તેં આપી છે, માટે ભીખ માગવાનું હું ઈચ્છતો નથી. એટલે કે દયા કે સહાનુભૂતિથી મળેલું ધન મારા ખપનું નથી. પ્રભુ ! તું અમોને આવું ધન કદાપિ આપીશ નહિ. કર્મ કરવા તાકાત આપજે. સગવડ ભલે ઈશ્વર તું મને આપે. હું તેને મારા શીર પર ચડાવું છું. હે પરમકૃપાળુ પરમેશ્વર, તું મને કદી તેનો ગુલામ બનાવીશ નહિ. ગુલામ માણસનું જીવન એળે જાય છે. તેથી તું ઈચ્છતો હશે, તો પણ મારું કલ્યાણ થઈ શકશે નહિ. પંક્તિના શબ્દો પ્રત્યેક પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિના જીવનમાં રંગ લાવે તેવી હું પ્રાર્થના કરુ છું.

અંધજનોને રોજગારી મળી રહે તેવી જાગૃતિ ઘણી સંસ્થાઓમાં આવવા લાગી છે. તેને હું દિલથી આવકારું છું. સંચાલકોમાં જે જાગૃતિ આવી છે. તે તેના લાભાર્થી સુધી લઈ જવી હોય તો પાઠ્યપુસ્તકના શિક્ષણની સાથે ખાસ શાળાઓમાં શિક્ષણ મેળવતા પ્રજ્ઞાચક્ષુ બાળકોને જીવનલક્ષી શિક્ષણ પણ આપવું

પડશે. પાઠ્યક્રમની અધૂરી કેળવણી વ્યક્તિના જીવનમાં આવતી સમસ્યાઓના ઉકેલમાં બાધક બનતી નથી. પણ જીવનલક્ષી કેળવણીના અભાવે વ્યક્તિ જીવનમાં આવતી સમસ્યાઓ સામે લડી શકતો નથી. પરિણામે તે જીવનમાં હારી જાય છે. અન્ય આધારિત જીવન જીવવા તે મજબૂર બને છે. સખત મહેનત કરી જે શિક્ષણ મેળવે છે, તે પોતાનું જ નહિ, પરંતુ તેમના સમગ્ર પરિવારનું પણ ભલું કરે છે. સગવડની સવારી સંભાળપૂર્વક કરવા જેવી છે. વિદ્યાકાળમાં અગવડ ભોગવતા જે શીખી લે છે, તેને સગવડની સવારી કરવાની તક અવશ્ય મળે છે. ઝૂંપડપટ્ટીમાં રહેતો બાળક પણ બોર્ડમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કરતો હોય છે. વર્તમાનપત્રોમાં આપણને આવા સમાચાર અવારનવાર જાણવા મળતા હોય છે. ટૂંકમાં, વિદ્યા પ્રાપ્ત કરવા માટે સગવડ કે ધનસંપત્તિની જરૂર પડતી નથી. વિદ્યા સખત પરિશ્રમ વડે મળે છે. બધા જ ધનમાં વિદ્યાને અવિચળ ધન કહેવામાં આવ્યું છે. કારણ કે તે વાપરવાથી ખાલી થતું નથી. વાપરવાથી વધે છે. તેની ચોર ચોરી કરી શકતો નથી. તેને સાથે રાખવાથી ભય પેદા થતો નથી. તેને સાચવવા માટે ખજાનાની જરૂર પડતી નથી. જેમ-જેમ તમે તેનો ઉપયોગ કરવા લાગો છો, તેમ-તેમ તેમાં વૃદ્ધિ થવા લાગે છે. મૂલ્યવાન ખજાનો પામવા સગવડની સવારી સંભાળીને કરવાનું રાખશો તો વિદ્યારૂપી ધનના માલિક બનશો. વિદ્યા વિનયથી શોભે છે. વિનય વિનાની વિદ્યા ધાર વિનાની તલવાર બરાબર છે. જેમ ધાર વિનાની તલવાર, યુદ્ધના મેદાનમાં કામ લાગતી નથી, તેમ વિનય વિનાની વિદ્યા ખરા સમયે ઉપયોગમાં આવતી નથી. સગવડની સવારી અવિવેકને મહેમાન તરીકે નોતરે છે. તેથી સગવડની સવારી સભાનતાપૂર્વક કરવી જોઈએ.

"સમજના જગને જે પામે, સુખે તરે સંસાર;
ઈન્દ્રિયોને જે જીતે, મહાવીર થઈ પૂજાય."



## ૧૦. કલાકારનો કરણીભેદ

માણસ સર્જન કરે તેને વસ્તુ કહેવામાં આવે છે. ઈશ્વર સર્જન કરે તેને વ્યક્તિ અથવા તો પ્રકૃતિ કહેવામાં આવે છે. માણસે સર્જેલી કૃતિ નાશ પામે એટલે માણસ દુઃખી થઈ જાય છે, રડવા લાગે છે, ધમપછાડા પણ કરવા લાગે છે. પ્રકૃતિનો નાશ થાય તો ઈશ્વર તે ઘટનાને સહજ લઈ નવસર્જન માટે કામે લાગી જાય છે. માણસ તેનો વૈભવ વિસ્તારવા જીવનપર્યંત કાર્ય કરતો રહે છે. ઈશ્વર સતત પરિવર્તનશીલ હોવાથી સર્જન અને વિસર્જન સૃષ્ટિના નિર્માણ માટે ચાલતા જ રહે છે. માણસ સર્જનહાર બનવાના ગાંડપણમાં ભીંત ભૂલી જાય છે. એટલું જ નહિ, તેની સુખાકારી વધારવા વિસર્જનને નોતરું આપી, જગતના વિનાશને આવકારી મોકો આપે છે. ઉઝરડાને ખાળવા, મિટાવવા મતલબના મસાણ ઊભા કરી દે છે. ભય અને ચિંતા તેનો પીછો છોડતા નથી. લાલચ અને લોભ માણસને આંધળો બનાવી દે છે. તે કલાકાર હોવા છતાં કરણીભેદના કારણે સર્જક મટી વિનાશી રાક્ષસ બની જાય છે. વિસર્જક બની સૃષ્ટિનો કચ્ચરઘાણ વાળવા તૈયાર થઈ જાય છે. જ્યારે ઈશ્વર સર્જન અને વિસર્જન એમ બંને પ્રકારનો આનંદ ઉઠાવી કલાનો વૈભવ રચી શકે છે. કોઈ પણ ઘટનાને સહજ લેવાથી કલાનો આનંદ ઉઠાવી શકાય છે. કૃતિ પ્રત્યે મોહ પેદા થાય તો કલા અજ્ઞાનના અંધકારમાં ઢંકાઈ જાય છે. કલાકૃતિનો ઉજાસ જ્ઞાનરૂપી ચક્ષુના અભાવે દ્રશ્યમાન થતો નથી. માણસની કલાનો વૈભવ દ્રશ્ય ચીજવસ્તુઓના ઉપયોગથી નિર્માણ થાય છે. જ્યારે ઈશ્વરની કલાનો વૈભવ અદ્રશ્ય અને અવર્ણનીય જોવા મળે છે. ઈશ્વરને જીવસૃષ્ટિનાં સર્જન માટે ભૌતિક ચીજ-વસ્તુની જરૂર પડતી નથી. માતાના ઉદરમાં પરમકૃપાળુ પરમાત્મા પિંડબીજનું આરોપણ કરી અનેરી માનવકૃતિનું નિર્માણ કરે છે. માનવ કોઈ કૃતિ હોવાનું ભૂલી જાય છે. ઈશ્વરની જેમ કહેવાતી વિદ્વતા પ્રાપ્ત કરી, તે પણ સર્જક બની જાય છે. તેની કૃતિ કોઈ કારણસર નાશ પામે, તેને મોટું નુકસાન થાય તો માણસ રડવા લાગે છે, દુઃખી થઈ જાય છે. કોઈવાર આત્મહત્યા પણ કરી લે છે. એમ કરવા છતાં ગુમાવેલી કૃતિ પુનઃ હાથવગી થઈ શકતી નથી. ઈશ્વર વિસર્જનની ક્રિયા પૂર્ણ થતા જ નવસર્જનની પ્રક્રિયા આરંભી દે છે. ઈશ્વર જે સર્જન કરે છે, તેને

વિસર્જિત કરવા કોઈ માળખાકીય સવલત ઊભી કરવી પડતી નથી. નાશ પામેલ જીવસૃષ્ટિનાં પદાર્થો આપમેળે નાશ પામે છે. જ્યારે માનવસર્જિત કૃતિનાં કેટલાંક પદાર્થોનો નાશ કરવા ખાસ પગલાં લેવા પડે છે.

માણસ ઈશ્વરનો અંશ હોવા છતાં ઈશ્વરની લીલા જાણી શકતો નથી. કારણ કે માણસ મોહ અને માયાના આવરણથી ઢંકાયેલો છે. જે રીતે નિર્મળ નદીનો પ્રવાહ તેના મુકામ પર પહોંચે તે પહેલા જ ફંટાઈ જઈ, કોઈ ખાડા-ખાબોચિયામાં અટવાઈ, દુષિત થઈ જાય છે. તેમ માણસ પણ ઈશ્વરનો અંશ હોવા છતાં મોહ અને માયારૂપી ખાડા-ખાબોચિયામાં ફસાઈ જાય છે. ઈશ્વર એટલે માયા, વિશિષ્ટ ચેતના. જ્યારે જીવ એટલે અવિદ્યા, વિશિષ્ટ ચેતના. સત્ત્વગુણનું ભાથું જે જીવ બાંધી શકે છે, તે જીવ ઈશ્વરનો અંશ બની મુક્તિ મેળવી પરમધામને પામે છે. પણ જે જીવ પરમાત્માના સત્ત્વથી અળગો થઈ જાય છે, તે અવિદ્યાનો આભાસ થવાથી તમોગુણી બને છે. જ્યારે વ્યાપક તત્ત્વ પરમાત્મા નિર્ગુણ અને નિરાકાર છે, તેથી તેને મોહ-માયાનું સૃષ્ટિચક્ર અવરોધી શકતું નથી. ઈશ્વર સૃષ્ટિ પર અવતાર ધારણ કરીને પણ સૃષ્ટિનાં કોઈ બંધનોમાં બંધાતો નથી. તેને દુઃખ કે સુખની અનુભૂતિ પણ થતી નથી. અવિદ્યા જીવને બંધન કરે છે. બંધનમાંથી મુક્ત થવા જીવને વિદ્યાની જરૂર છે. વિદ્યા એટલે બ્રહ્મવિદ્યા, આત્મવિદ્યા કે જે આત્માને ઉગારે છે. આવી વિદ્યા પ્રાપ્ત કરવા ગુરુની જરૂર પડે છે. અજ્ઞાની જીવને જ્ઞાન મેળવવા ગુરુના શરણે જવું પડે છે. ગુરુના શરણે જવાથી ગુરુજી તેને જ્ઞાન આપે છે. જ્ઞાન પ્રાપ્ત કરનાર જીવ મુક્તિ મેળવી શકે છે. મુક્ત થયેલો પ્રત્યેક જીવ કલાના વૈભવી રંગો જાણે અને માણે છે. જીવ શરીર તરફ ઢળે છે, ત્યારે બંધનમાં પડે છે. શરીરના લાલનપાલનનો તેને મોહ જાગે છે. મોહમાં પડેલો જીવ શિવ મટી જીવ બની જાય છે. અન્યથા દરેક જીવ શિવનો જ અંશ છે. અવિદ્યાના કારણે જીવ શિવ મટી બંધનમાં ફસાઈ પડે છે. તેનાથી ઊલટું જીવ પરમાત્મા તરફ ઢળે છે, ત્યારે જીવ પુનઃ ઈશ્વરનો અંશ થઈ જાય છે. એમ થતા જ મુક્ત બની ઈશ્વરમાં સમાય જાય છે.

સિંહના બચ્ચાનો ઉછેર ગાડર-બકરાંના બચ્ચાં સાથે કરવામાં આવે તો સિંહનું બચ્ચું હોવા છતાં ડરપોક બની બકરાની હરકતો કરવા લાગે છે. એમ જીવ



પણ ઈશ્વરનો અંશ હોવા છતાં અવિદ્યાના કારણે પામર જીવ બની જાય છે. આભાસી જગતને પામવા વલખાં મારવા લાગે છે. મોહનો નશો જીવને પોતાનું અસ્તિત્વ ભૂલવી દે છે.

વાચક મિત્રો, આપને પ્રશ્ન થતો હશે - ઈશ્વર શા માટે સૃષ્ટિનું સર્જન કરી પોતાની કલાનો વૈભવ પાથરતો હશે ! તેને સંસારભૂમિ પર શા માટે કલાનું સર્જન કે વિસર્જન કરવું પડે છે ? ઉત્તર સાવ સરળ છે. નિજાનંદ માટે... આપણે પણ કેટલીક પ્રવૃત્તિઓ આપણા નિજાનંદ માટે કરતા જ હોઈએ છીએ. બ્રહ્માના દિવસ દરમિયાન સૃષ્ટિનો ઉદય થાય છે. તેનો કાળ લગભગ એક હજારયુગનો હોય છે. સૃષ્ટિનો ઉદય થતા જ દરેકે કર્મ બજાવવું પડે છે. ઈશ્વર પણ તે નિયમનું ચુસ્ત રીતે પાલન કરે છે. તેથી તે સર્જક તરીકે પોતાની ભૂમિકા અદા કરવા અવતાર ધારણ કરે છે. શિવનો અંશ બની જન્મેલા જીવને અવિદ્યાના કારણે શિવત્વ ગુમાવવું પડે છે. આખરે શિવ મટી જીવ બની સંસારમાં જુદી-જુદી યોનીમાં ભટકવા લાગે છે. આમ, જીવની યાત્રા કર્મબંધનની જમા થયેલ પૂંજી મુજબ ચાલતી રહે છે. લખચોરાશી યોનીમાં ભટકેલા જીવાત્માને કર્મફળના અભાવે પુનઃ મુક્તિ માટે મૃત્યુલોકની યાત્રા આરંભવી પડે છે. જીવાત્માની દયા અને તેમના પ્રત્યેની સહાનુભૂતિના લીધે ઈશ્વર સૃષ્ટિ પર અવતાર ધારણ કરે છે. આદર્શ જીવનનો દાખલો બેસાડવા, સંસારભૂમિ પર વારંવાર અવતાર ધારણ કરે છે. સંસાર પર ઈશ્વરનો આ ઉપકાર છે. જેના કારણે જીવાત્માની મુક્તિનો માર્ગ સરળ બને છે. કલા પ્રત્યેની રુચિ આપણને ઈશ્વરની અનુભૂતિ કરાવે છે. તેથી સર્જકે નાશ પામેલી કૃતિનો રંજ કરવાના બદલે કૃતિની રંજકતા અર્થાત્ વિશિષ્ટતાને પામવાની જરૂર છે. જે રંજકતાને પામે છે, તે ઉમંગનો ઉત્સવ મનાવી શકે છે.

એક મોટા શેઠ હતા. તે ભારે કંજૂસ હતા. પોતાની સંપત્તિનો ઉપયોગ કંજૂસ શેઠ ખૂબ વિચારીને કરતા હતા. શેઠને એક દીકરો હતો. તે શાળામાં અભ્યાસ કરતો હતો. દીકરો ભણવામાં ખૂબ હોશિયાર હતો. દીકરો ભણીગણીને પોતાના પગ પર ઊભો રહેવા ઇચ્છતો હતો. શેઠના દીકરાને ખબર હતી કે તે બહુ મોટી સંપત્તિનો માલિક બનવાનો છે. પણ શેઠના દીકરાને બાપની સંપત્તિમાં કોઈ રુચિ

ન હતી. કારણ તે જાણતો હતો : બાપ બહુ કંજૂસ છે. તેથી કંજૂસ બાપની સંપત્તિ તેને સુખી કરી શકશે નહિ. એટલું જ નહિ તે તેના વિનાશનું કારણ બનશે. શેઠના દીકરાને બાપની મિલકતનો માલિક બની મહાલવું નહોતું. તેણે એમ કરી માનવ જીવન એળે જવા દેવું નહોતું. શેઠનો દીકરો શાળામાં અભ્યાસ કરતો હતો. શાળાના વર્ગમાં તે હંમેશા પ્રથમ નંબરે ઉત્તીર્ણ થતો હતો. કંજૂસ શેઠના પુત્રનો જન્મદિવસ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. જન્મદિવસની ઘણી મોટી ભેટસોગાદો લોકોએ શેઠના દીકરાને આપી. શેઠે તેના દીકરાને વટ પાડવા એક હેલિકૉપ્ટર ભેટમાં આપ્યું. પિતાની ભેટ મળતા જ દીકરો હેલિકૉપ્ટરમાં ફરવા લાગે છે. એક દિવસ દીકરો હેલિકૉપ્ટર લીધા વિના શાળાએ જતો રહે છે. શેઠને મોટી લોટરી લાગે છે. તેની ઉજાણી માટે શેઠ દ્વારા હોટલમાં ભવ્ય ખાણીપીણીનો કાર્યક્રમ રાખવામાં આવે છે. શેઠ અને પાઇલટ દીકરાને શાળાએ તેડવા હેલિકૉપ્ટર લઈને જાય છે. શાળાના ગ્રાઉન્ડમાં હેલિકૉપ્ટર લૅન્ડ કરી શેઠ દીકરાને બોલાવે છે. અચાનક તેડવા આવેલા બાપને જોઈ, દીકરો વિચારોમાં ખોવાઈ જાય છે. થોડી જ ક્ષણોમાં કોઈપણ જાતની આનાકાની કર્યા વિના દીકરો શાળાએથી શેઠ સાથે હેલિકૉપ્ટરમાં નીકળી પડે છે. રસ્તામાં હેલિકૉપ્ટરમાં પેટ્રોલ ખાલી જઈ જતા પાઇલટ છતરી લઈ નીચે કૂદી પડે છે. ઉતાવળમાં પાઇલટ છતરીના બદલે કંજૂસ શેઠના દીકરાનું દફતર લઈ કૂદી પડે છે. હેલિકૉપ્ટરમાં ભૂલાયેલી છતરી શેઠના દીકરાને નજરે પડે છે. તે પિતાને છતરી લઈ કૂદી જવા સંકેત કરી જણાવે છે. શેઠ દીકરાને છતરી સાથે હેલિકૉપ્ટરમાંથી નીચે ફેંકી દે છે. શેઠના દીકરાનો આબાદ બચાવ થાય છે. જાતમહેનતથી કમાવાની ઇચ્છા પણ વ્યક્તિના રક્ષણનું ચાલકબળ બની જાય છે. વ્યકિતની શુભ ઇચ્છા જીવાદોરી લંબાવી તેને નવું જીવન અર્પણ કરી શકે છે. લાલચ વિના અભ્યાસ કરતો કંજૂસ શેઠનો દીકરો પ્રભુકૃપા વડે ઊગરી જાય છે. લોભી શેઠ અને શેઠની સંપત્તિ વડે ગુજરાન ચલાવતો પાઇલટ મૃત્યુ પામે છે. શેઠ જીવ્યા ત્યાં સુધી આનંદ ન માણી શક્યા, મૃત્યુ પણ કમોતે આવ્યું. જેને જીવતા આવડતું નથી, તેનું મૃત્યુ પણ પીડા આપનારું નીવડે છે. ભીતરની ભાંગતોડ વ્યક્તિને ભાંગીને ભૂકો કરી નાંખે છે. તેનાથી ઊલટું ભીતરનો સંતોષ વ્યક્તિને



સુખનો સમ્રાટ બનાવી છે.

''ઉર મહીં ઉગેલી ઉષા,<br>
શક્તિનો ભંડાર છે.<br>
કંજૂસ બની થયેલો કકળાટ,<br>
વિનાશનો અંધકાર છે.''

જીવનમાં જે ખોવાય છે, જે ગુમાવવું પડે છે, તે આપણા નસીબનું હોતું નથી. તેથી તેનો રંજ કરવાનો કોઈ અર્થ રહેતો નથી. જે આપણને અણધાર્યું મળી જાય છે, તેનો ઉપયોગ આપણા કલ્યાણ માટે કરવાના બદલે અન્યના ઉત્થાન માટે કરવો જોઈએ. અન્યને ઉપયોગી બનવા આપણે તત્પર રહેવું જોઈએ. જેમ વિદ્યાનો ઉપયોગ આપણે અન્યની અજ્ઞાનતાને દૂર કરવા કરીએ છીએ, તેમ અણધાર્યું મળેલું ધન બીજાના સુખ માટે વાપરતા રહેવું જોઈએ. આમ કરવાથી વિદ્યારૂપી ધનના ખજાનાની જેમ, અપેક્ષા કરતા પણ વધુ પ્રાપ્ત થયેલા ધનના ખજાનામાં દિવસે-દિવસે વૃદ્ધિ થવા લાગે છે. પણ જેમ વિદ્યા વાપર્યા વિના પડી રહે તો નાશ પામે છે, તેમ અચાનક વગર મહેનતે મળેલું ધન પણ નાશ પામે છે. તેથી દરેક વ્યક્તિને કલા વહેંચતા રહેવું જોઈએ. કલાનો વેપાર કરાય નહિ. કાશ ! આપણી કૃતિ કોઈપણ કારણસર નાશ પામે તો દુઃખી થવાના બદલે નવસર્જન માટે કામે આગી જવું જોઈએ. સર્જન અને વિસર્જન એક સિક્કાની બે બાજુઓ છે. વળી, તે સૃષ્ટિનો નિયમ છે. નિયમનું દરેકે ચુસ્ત રીતે પાલન કરવું જ પડે છે. આપણી કલાનો વૈભવ વિસ્તરતો રહેવો જોઈએ. કલાનું કામણ માનવ અને ઈશ્વરનો ખરો વૈભવ છે. જીવ અને શિવનો સંગમ છે. કોઈપણ કલાકારની એ કરણી છે. તેમ છતાં કલાકારની કરણીમાં ભેદ જોવા મળે છે. એક મારું માની પોતાની કૃતિ રચે છે. બીજો તારું માની અર્પણ કરતો રહે છે.

''ઈશ તારી કૃપા થકી રચ્યુંતું શમણું,<br>
ખળ-ખળ વહેતું જોયું એક ઝરણું,<br>
કહે 'ઝગમગ' અંધારા ઉલેચવા મળે એક શરણું.''

## ૧૧. અંતરના ઓરડે

આપણે સ્થૂળ શરીરના રક્ષણ માટે જેટલા જાગૃત રહીએ છીએ, તેટલા સૂક્ષ્મશરીરની સંભાળ કે તેના રક્ષણ માટે જાગૃત રહેતા નથી. મંદિરમાં જ્યારે આપણે ઈશ્વરના દર્શન માટે જઈએ છીએ, ત્યારે અંતરમાં જ્ઞાનનો પ્રકાશ ઝગારા મારવા લાગે છે. આપણે પરમાત્માને ઉદ્દેશી અવનવી અરજ કરી કેટલીક પ્રતિજ્ઞાઓ પણ લેતા હોઈએ છીએ. પરંતુ મંદિરની બહાર આવતા જ પ્રતિજ્ઞાનો અકાળે અંત આવે છે. આપણો જ્ઞાનદીપક સમજરૂપી દીવેલ ખલાસ થતા જ બુજાઈ જાય છે. આપણે ભીતરમાં વ્યાપેલા અંધકારમાં ફસાઇ પડીએ છીએ. કપટી મન આપણી વિવશ સ્થિતિનો લાભ લઈ, માયાની દીવાલો ઊભી કરવા લાગે છે. માયાની દીવાલ અંતરમાં વિચારોનું તોફાન ઊભું કરી દે છે. ઊભું થયેલું તોફાન આપણા અંતરપ્રદેશમાં બે ઓરડાનું નિર્માણ કરી દે છે. એમાંના એક ઓરડામાં મતલબ બની શેતાન નિવાસ કરવા લાગે છે. સારી સોસાયટીમાં એક ખોટી આદત ધરાવતો રહેવાસી આવી જાય તો આખી સોસાયટીનું વાતાવરણ બગડી જાય છે. સારી ગણાતી સોસાયટી રહેવાલાયક રહેતી નથી, તેમ અંતરમાં નિર્માણ થયેલા બીજા ઓરડામાં શેતાનનો વસવાટ થતાં વ્યકિતના ઉત્તમ વિચારો પણ નાશ પામે છે.

બીજા ઓરડામાં વસવાટ કરતો શેતાન બુદ્ધિ પર પ્રહાર કરી ખોટા માર્ગે દોરનારા લક્ષણોને જન્મ આપે છે. પરિણામે માણસ બેવડા ગુણધર્મો ધારણ કરી પોતાની ઘોર ખોદવા લાગી જાય છે. દિવસે-દિવસે માણસનું પતન થવા લાગે છે. સોસાયટીમાં ખોટા લક્ષણો ધરાવતો માણસ ઘૂસી જાય તો આખી સોસાયટીને હાનિ થાય છે. સમય જતા સોસાયટીની બધી જ વ્યવસ્થા વેરવિખેર કરી નાખે છે. તેમ ખોટા વિચારો માણસના પતનનું કારણ બને છે. અંતરમાં બે ઓરડા કાર્યરત થતા જ માણસ બેવડા ગુણો ધારણ કરી વિનાશને નોતરે છે. મંદિરમાં રોજ ટોકરી વગાડતો માણસ સમાજમાં અનીતિની ટોકરી વગાડતો ફરે છે. સુશીલ સમાજને ગેરમાર્ગે દોરે છે. અંતરના એક ઓરડામાં ભજનકીર્તન ચાલે છે, પરંતુ બીજા ઓરડામાં મતલબનો માયાળુ શેતાન માણસને પાપના પ્રપંચ રચવા પ્રેરે છે. લોભ



અને લાલચનો શેતાન માણસને માયાના સરનામે દોરી જાય છે. પ્રથમ ઓરડામાં નિવાસ કરતો ઈશ્વર ચેતવણી આપ્યા વિના જ નીકળી જાય છે. અંતે માણસની દૂર્ગતિ થાય છે.

કાયાના સરનામે જ્યારે ઈશ્વરની નોટિસ આવે છે, ત્યારે તેનો ઉત્તર આપવાનો સમય આપણી પાસે હોતો નથી. કાયા જર્જરિત થઈ ગયેલી હોવાથી શરીર સાથ આપી શકતું નથી. હૃદયગતિમાં અવરોધ આવી પડતા, કાયાનો માલિક બનવાની આશા અધૂરી રહે છે. તેના સોનેરી સપના ગણતરીની સેકંડોમાં રોળાઈ જાય છે. હૃદયના ધબકાર અટકી પડતા જીવાત્મા ખુદ વિદાય થાય છે. સંસારની માયાજાળને ઠોકર મારી અનંતની યાત્રાએ નીકળી પડે છે.

“આશાના રંગે રંગાઇ,
રૂડો રચવો હતો મંચ;
ઉષાના સંગે રંગાળ,
પ્રકાશનો કરવો હતો સંગ.”

માણસના સમણાં રોળાઈ જાય છે. સમણાની સોગાદ આપણને મળતી નથી. અંતરના ઓરડે ઊગેલો સૂર્ય અસ્ત પામી વિદાય થાય છે. પછી પ્રકાશ ક્યાંથી જડે ? જીવનની અણમોલ પળો એળે ગયા પછી ડહાપણ કામ લાગતું નથી. ઉઝરડો પડયા પછી પીડા સહન કર્યા વિના છૂટી શકાતું નથી. માટે ચેતીને ચાલવું જોઇએ. કોઈ કવિએ કહ્યું છે :

‘આ રે કાયાનો હિંડોળો રચિયો,
ડગમગ ઝોલા ખાય રે,
માયલા ચેતીને ચાલો ભાઇ રે.
ચેતીને ચાલશો તો પાર ઓળંગી જાશો ભવસાગરની માય રે માયલા.
ચેતીને ચાલો ભાઇ રે.
બૂઢો થયો પછી માળા પકડી જીવડાની શી ગતિ થાય રે માયલા.
ચેતીને ચાલો ભાઈ રે.”

આ પદમાં કવિ જીવનમાં ચેતીને દરેક કાર્યો કરવાનો નિર્દેશ કરે છે. કવિના મતે

ચેતીને ચાલનાર પ્રત્યેક વ્યકિત સંસારરૂપી સાગર ઓળંગી શકે છે. સમય ગુમાવ્યા પછી જાગેલો જીવ ભવસાગર પાર ઊતરી શકતો નથી. વૃદ્ધાવસ્થામાં ઈશ્વરની ભકિત કરવાથી કાયાનું કલ્યાણ થઈ શકે નહીં, તેવો મર્મ કરી કવિ મને અને તમને જાગી જવા ટકોર કરે છે.

ભીતરના ભેરુને ઉદ્દેશીને કવિ જણાવે છે : બાહ્યજગતને જોઈ તારું વલણ બદલાવું ન જોઈએ. મંદિરમાં તું જે વિચારે છો, તેને બાહ્યજગતમાં કદમ માંડયા પછી પણ ભૂલ્યા વિના અનુસરવાનું રાખીશ તો તારો માનવ અવતાર સફળ થશે. જગતના વૈભવને નિહાળી તું ભરમાઈશ નહિ. કવિની પંકિતઓ દિલમાં ઉતારવા જેવી છે. અંતરના ઓરડે ચાલતી લીલાની એ કથાવસ્તુ છે. અંતરમાં હંમેશા બેવડી પરિસ્થિતિનો અનુભવ આપણે કરતા જ હોઈએ છીએ. જયારે સુખદ અનુભૂતિનો આપણે અનુભવ કરવા લાગીએ ત્યારે ઈશ્વર આપણા મનમંદિરિયે બિરાજમાન થઈ આપણને દોરતો હોય છે.

જીવનના રહસ્યો જાણવા આપણને ઈશ્વર અંતરસ્ફૂરણા કરતો હોય છે. જે જીવાત્મા અંતરના ઉન્મેષોથી અલિપ્ત રહે છે, તે સંસારના દેખીતાં સુખ-સગવડની માયાજાળમાં ફસાઈ જાય છે.

તારીખ ૧૮ જાન્યુઆરીના રોજ મુંબઈ (મલાડ) ચિરાગ પ્રવીણચંદ્ર વોરાની પ્રાર્થનાસભામાં મારે જવાનું થયું હતું. દુઃખી અને જરૂરિયાતવાળા લોકોનો મૃત્યુ પામનાર ચિરાગ વોરા, બેલી હોવાથી પ્રાર્થનાસભામાં મોટી સંખ્યામાં પરિવારના સભ્યો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, પીડિતો વગેરે ઊમટી પડયા હતા. પિતા પ્રવીણચંદ્ર વોરા ભાંગીને ભૂકો થઈ ગયા હતા. પિતા પ્રવીણચંદ્ર વોરાના ચહેરાનું નૂર અને તેજસ્વિતા યુવાન પુત્રની અચાનક અકાળે થયેલી વિદાયના લીધે વિલાયેલા પુષ્પના બાગ જેવી ઉજ્જડ થઈ હતી. ચહેરાની મુદ્રા ઝાંખી દેખાતી હતી. મુખમાંથી નીકળતા શબ્દો નિરાશાની ચાડી ખાતા હતા. મેં કહ્યું : પ્રવીણભાઈ હિંમત રાખો, જે થવાનું હતું તે થઈ ગયું. હવે દુઃખી થવાનો કોઈ અર્થ નથી. જેનો જન્મ થાય છે, તેનું મૃત્યુ થયા વિના રહેતું નથી. ચિરાગભાઈ પ્રકાશનું કિરણ બનીને આવ્યા હતા. આપણને ઉજાળી આપણી વચ્ચેથી વિદાય થયા છે. તેમનું



જીવન કર્મનો સંદેશ બની મુકિતનો માર્ગ બતાવશે. તેઓ આપણા માટે દીવાદાંડી બની જીવી રહયા હતા. તેમણે પ્રસ્થાપિત કરેલા માર્ગ પર આપણે ચાલી બતાવવાનું છે. ચિરાગ પ્રકાશ બની આવ્યો હતો, પ્રકાશ બની જતો રહયો છે. તેનો ઉજાસ આપણને સંસારભૂમિ પર ડગ ભરવા માર્ગ બતાવશે ગુપ્તદાન કરી તેમણે સાચી માનવતાનો દાખલો બેસાડયો છે. માનવ અવતાર વૈભવી સુખ-સગવડ ભોગવવા મળતો નથી. માનવ અવતાર મુકિત મેળવવા માટે મળતો હોય છે. માનવ અવતાર અન્ય જીવનું કલ્યાણ કરવા મળતો હોય છે. ચિરાગભાઈ દીપક બની અજવાળા પાથરવામાં સફળ થયા છે. તેમના જીવનનો પ્રકાશ અન્યના જીવનને પણ ઉજાળશે. તેથી તેમની વિદાયનો રંજ કરવાનું કોઈ કારણ નથી. સારો માણસ માર્ગ પર પસાર થાય છે, ત્યારે રસ્તા પર વિખરાયેલા કંટકો અને તીક્ષ્ણ કાંકરા દૂર કરી અન્યના માર્ગને સરળ બનાવે છે. માર્ગ પરના અવરોધો દૂર કરવા જાતે પીડા સહન કરી લે છે. ઉત્તમ કર્મ બજાવી પોતાની માનવતાને દીપાવે છે. તેમનો જીવનમંત્ર ‘‘બહુજન સુખાય, બહુજન હિતાય’’ નો હોય છે. ચિરાગ વોરા પણ એવી જ વિભૂતિ હતા. તેમનું કર્મ ફળ જમા થતા તેઓ આપણી વચ્ચેથી વિદાય થયા છે. તેમની સ્થૂળ વિદાયથી તમારે દુઃખી થવું ન જોઈએ. તેમના સરનામે પહોંચવું હોય તો તેમણે બજાવેલા સત્કર્મો આપણે બજાવી આપણી માનવતાને ઉજાળીએ. તેમના અધૂરા કાર્યો પૂર્ણ કરવા કામે લાગી જઈએ.

માણસ આ ધરતી પર પોતાનું કલ્યાણ કરવા અવતાર ધારણ કરે છે. માનવ અવતાર ધારણ કરનાર દરેક જીવાત્માએ અન્યના કલ્યાણ માટે કર્મ બજાવવું જોઈએ. અન્યના હિતમાં આપણું પણ હિત રહેલું છે. તેથી આપણા શાસ્ત્રોમાં પણ સર્વેના કલ્યાણની કામના કરવામાં આવી છે.

‘‘ૐ સર્વે ભવન્તુ સુખિનઃ ।
સર્વે સન્તુ નિરામયાઃ ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ ।
મા કશ્ચિત દુઃખ ભાગ્ભવેત્ ।।
ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ।।’’

જયારે તમે ખરા દિલથી કોઈનું ભલું થાય, તેવી ઈશ્વરને કાકલૂદી કરો છો, ત્યારે તે પ્રાર્થના બની જાય છે. અધૂરા મને કરેલી પ્રાર્થના શુભકામના જરૂર બને છે, પણ પ્રાર્થના બની શકતી નથી, તેથી તે પરિણામ પણ આપી શકતી નથી. પોતાના માટે કરેલી પ્રાર્થના ધાર્યું પરિણામ આપી શકતી નથી, તેનું કારણ આપણી એકાગ્રતાનો અભાવ નથી, ખરા અર્થમાં પોતા માટે માંગણી કરવી એ પ્રાર્થના નથી, પણ ભીખ છે. ભિખારીને બધા મદદ કરવા જેમ તૈયાર હોતા નથી, તેમ ઈશ્વર પણ આપણી દરેક પ્રાર્થના સાંભળી મદદ કરવા હંમેશા તત્પર હોતા નથી. તેથી આપણા માટે કરેલી સ્તુતિ પ્રાર્થના નહિ પણ એક પ્રકારની ભીખ છે. ભિખારીને જેમ દરેક વખત ધન મળતું નથી, તેમ આપણને પણ ઈશ્વર વારંવાર મદદ કરતો નથી. નરસી મહેતા અને મીરાંબાઈને અંતરમાં વ્યાપેલા ઉજાસ વડે ઈશ્વરના દર્શન થયા હતા. એટલું જ નહિ તેને જે તે સમયે મદદ પણ મળી હતી. જયારે વ્યકિત અન્યના દુઃખરૂપી અંધકાર ખાળવા દીપક બની ઝળહળી ઊઠે છે, ત્યારે તેનું કલ્યાણ કરવાના ઉદ્દેશથી ઈશ્વર તેને જીવન-મરણના તોતિંગ ચકકરમાંથી ઉગારી લેવા સહાય કરે છે. ઈશ્વર સંસારની ખટપટમાંથી ઉગારી લેવા જીવાત્માને પોતાની પાસે બોલાવી લે છે. આવી વિદાય સંસારના જીવોને વસમી અને અજુકિત પણ લાગે છે. પણ વધુ પડતો વૈભવ જીવાત્માને લખચોરાશી યોનીમાં ધકેલી દે છે. જેમ ઉનાળાના સૂર્યનો તાપ આપણને આકુળ-વ્યાકુળ કરી દી છે, તેમ વૈભવ-વિલાસ આપણને મોહમાં ફસાવી ભ્રમિત કરી દે છે. જીવાત્માને ચલિત કરી કર્મ બંધનમાં બાંધી દે છે. આસુરી લક્ષ્મી માણસને પાયમાલ કરી દે છે. ધનનો લોભ માણસને અસત્યના માર્ગે દોરી જાય છે. ચિરાગભાઇ પ્રવીણચંદ્ર વોરાએ ૪૩ વર્ષની ટૂંકી વયે આપણી વચ્ચેથી ભલે ચિર વિદાય લીધી હોય, પણ તેમણે માનવતાના મુલકને દીપાવ્યો છે, તેને સજાવ્યો પણ છે. પાંજરાપોળ હોય કે પ્રજ્ઞા ચક્ષુ બાળકોના શિક્ષણની વાત હોય તેમણે પોતાના કર્મયજ્ઞને પ્રજ્જવલિત રાખી સેવાયજ્ઞમાં આહુતિ આપી છે. સેવાના કાર્યને ધબકતું રાખવા તન, મન અને ધનથી જોડાઈ ખરી માનવતાના દર્શન કરાવ્યા હતા. તેમના અદ્વિતીય વ્યકિતત્વને મારા શત-શત વંદન.



૧૮ જાન્યુઆરી શનિવારના રોજ યોજાયેલી પ્રાર્થનાસભા માત્ર ચિરાગભાઈના આત્માની ચિરઃ શાંતિ માટેની શ્રદ્ધાંજલિ ન હતી, આત્મદર્શનની ખોજ પણ હતી. અમારા કીર્તિભાઇ શાહ અને સુભાષભાઈ શાહના અંતરના ઓરડામાં ખીલી નીકળેલી સેવાબાગની મહેક હતી. સેવાના સંગીતની સુરીલી સરગમ પણ હતી. તેના મધુર સંવાદની કોમળ નિષાદના નાદનું કામણ ઓળઘોળ કરી દે તેવું હતું. સંગીતના સૂરોના વરસાદે નિર્મળ સ્નાન કરવાનો મોકો આપ્યો હતો. સંગીતના સૂર આજે શબ્દની સવારી કરી શોભતા હતા. શબ્દભાવની વર્ષા ઈશ્વર સમીપ લઈ જવા મહેકને વધુ સુગંધી બનાવતી હતી. મારા અંતરપ્રદેશનો કબજો સંવાદની સરગમે લીધો હતો. ચિરાગભાઇ વોરાના બંધુ અને ભગિનીના શબ્દો પુષ્પની કળીની જેમ ખીલતા હતા. ચિરાગભાઈના માનવતાલક્ષી કાર્યોની નોંધ તેમણે સભાને આપી અંતરના પડદા ખોલી નાખ્યા હતા. માનવ, માનવ માટે કેટલું કરી શકે છે ! તેવા શબ્દની સોડમ શ્રદ્ધાંજલિ પાઠવવા ઊભા થયેલા વોરા પરિવારના સભ્યોની વાણીમાં, વરસાદના બિંદુની જેમ ટપકતા હતા. હું તેનાથી ભીંજાયો હતો, લથપથ થયો હતો. મનમાં ઘોડાપૂર આવ્યું હતું. લાગણીનું પૂર મને ખેંચી જાય તે પહેલા હું મારા અંતરની લાગણીના સૂરની સરગમ છેડવા ઈચ્છતો હતો. મારા શબ્દોનું પુષ્પગુચ્છ, હું હાથવગું કરી ભાવાંજલિ અર્પવા આવી પહોંચ્યો.

મૃત્યુ વિદાય ભલે હોય, તે ઈશ્વર સાથે જોડનાર સેતુ પણ છે. ચિરાગભાઇ વોરા તેને મળવાનું સરનામું આપણને આપીને ગયા છે. તેમનું સરનામું સત્કાર્યો છે. તે કાર્યો કરી આપણે તેમને મળવાનો લહાવો લઈ શકીએ છીએ. તેમણે સેવાની સંપત્તિ વડે મુકિતનો ખજાનો ખરીદી લીધો છે. તેને પામવા તેઓ આપણને સરનામું આપીને ગયા છે. આપણે સૌ સત્કાર્યની ભૂમિ તરફ કદમ ઉપાડીએ. તે તેમના જીવનનો સંદેશ છે. ચિરાગભાઈના સંદેશના મધુર સૂર અને તેમની લયના તો મારા અંતરના ઓરડે સત્કાર્યની ધૂન ગુંજતી રહેશે.

''તાળી પાડીને રામનામ બોલજો રે,
એના અંતરના પડદા ખોલજો રે,
તાળી પાડીને...
તાળી પાડી ચિરાગ પી. વાણિયે રે
લખે 'ઝગમગ' કહાની ભાવથી રે.
તાળી પાડીને...''

અંતરના ઓરડેથી સેવાના સમ્રાટ ચિરાગ પ્રવીણચંદ્ર વોરાને મારા કોટી-કોટી વંદન.



## ૧૨. પરાક્રમ

જરા હટકે એટલે પરાક્રમ, બીજા શબ્દોમાં કહીએ તો હિંમત, ઉત્સાહ, કશુંક કરવાની ભાવના અને કર્મનિષ્ઠાનો સરવાળો એટલે પરાક્રમ. ઢીલા-પોચા લોકોનું આ કામ નથી. પરાક્રમ માત્ર રણમેદાનમાં કરવામાં આવતું કર્મ નથી, તે કરુણાનું ઝરણુ પણ છે. આવું ઝરણું કોઈ પહાડમાંથી નીકળી આવતું નથી. તેનું મૂળ ધબકતા હૃદયમાં આવેલું હોય છે. જેના હૃદયમાં બારે માસ સંવેદનાનું સરોવર હિલોળા લેતું હોય, તેમના હૃદયમાંથી પરાક્રમનું ઝરણું, સંસારભૂમિ પર પોતાની કરુણાનું જળ પાથરી તેને ફળદ્રુપ બનાવવા વિશાળ મહાનદીનું સ્વરૂપ ધારણ કરી નીકળી પડે છે. આવું ઝરણું સંવેદનાથી વંચિત રહી ગયેલા, પીડિતોને પોતાના નિર્મળ જળ વડે તૃપ્ત  કરી દે છે. પરાક્રમી લોકો સમયનું દાન આપતાં જરા પણ ખચકાતા નથી. નદીની જેમ પોતાનો ધર્મ બજાવા કર્મનિષ્ઠ લોકો હજારો કિલોમીટરની યાત્રા પણ કરતાં હોય છે. આપણા દેશમાં આજ-કાલ સંસારનો વૈભવ પાથરવાની હોડ ચાલે છે. એટલું જ નહિ પોતાના કદમાં રાતોરાત વૃદ્ધિ કરવા અનેક લોકો મથામણ કરતા રહે છે. આવા દંભી લોકોનો દેશમાં તૂટો નથી. તેથી સાચી કરુણા જેના દિલમાં હિલોળા લે છે. તેવા બે મહાનુભાવોનો પરિચય અહીં આપ સૌને કરાવાનું મને મન થાય છે.

શ્રી કીર્તિભાઈ શાહ જન્મ ૧ માર્ચ ૧૯૫૮, મૂળવતન-દેવગાણા, તાલુકોઃ સિહોર, જિલ્લો : ભાવનગર. શિક્ષણ સનાતન ધર્મ હાઈસ્કૂલ, ભાવનગર. પિતા : શાંતિલાલની છત્રછાયા ઝૂંટવાઈ જતા પરિવારની આર્થિક જવાબદારી તેમના શિરે આવી પડી. નાની વેપારી પેઢીમાં નોકરીમાં જોડાઈ તેઓએ જવાબદારી સુપેરે અદા કરવાનું શરૂ કર્યું. પાછળથી અરિહંત શોપ ભાવનગરમાં શરૂ કરી. દરમિયાન શ્રી કીર્તિભાઈ શાહે ૧૬ નવેમ્બર ૧૯૮૪નાં રોજ સરોજબહેન સાથે પ્રભુતામાં પગલાં પાડ્યાં. સરોજબહેનનો સાથ ડગલે ને પગલે કીર્તિભાઈના દરેક કાર્યોમાં મળવા લાગ્યો. ત્યારબાદ કુટુંબની જવાબદારી વધતા ૧૨ જાન્યુનારી ૧૯૮૯માં કીર્તિભાઈ મીરાં રોડ મુંબઈ વ્યવસાય અર્થે સ્થાપિત થયા. ઈમિટેશન જ્વેલરીના વ્યવસાયમાં તેમને ઠીક-ઠીક સફળતા પણ મળી. સામાન્ય રીતે પરિવારથી વિખૂટો પડેલો

માણસ તેના સ્વભાવ મુજબ પરિવારને ભૂલી જતો હોય છે. પરંતુ કીર્તિભાઈમાં આવું ન બન્યું. તેમણે પરિવારના સભ્યોને મુંબઈમાં સ્થાયી કરવા એક પછી એકને પોતાના ઘરે રાખી મદદ કરવાનું શરૂ કર્યું. જેનો લાભ તેના ભાણેજ પરિવારે વિશેષ ઉઠાવ્યો છે. જેના કારણે કીર્તિભાઈનું નીકનેમ ''મામા'' પડી ગયું છે. મુંબઈમાં અનેક લોકો કીર્તિભાઈને ''મામા'' તરીકે ઓળખે છે. શ્રી કીર્તિભાઈ સંવેદનાનું સરોવર છે. તે સરોવરમાં જેને સ્નાન કરવાનો મોકો મળે છે, તે ધન્ય થઈ જાય છે. તેના પરિચયમાં આવેલો કોઈપણ માણસ સેવાયજ્ઞનો સમ્રાટ બની જાય છે. સેવાના કાર્યમાં જોડાઈ, પોતાનું યથાયોગ્ય યોગદાન આપવા લાગે છે. તેમાના કેટલાક કર્મનિષ્ઠ લોકો તો સેવાનું સિંહાસન પ્રાપ્ત કરી લે છે. તેથી હું શ્રી કીર્તિભાઈ શાહને સેવાના ''પારસમણિ'' તરીકે ઓળખું છું. પારસમણિના સંસર્ગથી લોખંડનું મૂલ્ય અનેકગણું વધી જતું હોય છે, પરંતુ કીર્તિભાઈના સંસર્ગમાં આવેલા માણસનો તો બેડો પાર થઈ જાય છે. કીર્તિભાઈ તેમના પરિચયમાં જે કોઈ આવે છે તેને સેવાનો રંગ લગાડી દે છે. સેવાની ધૂન તેમના મુખે ચોમેર ગુંજી ઊઠે છે :

''તું રંગાઈ જાને રંગમાં, સેવાકામ તણા સત્સંગમાં,
તુ રંગાઈ જાને રંગમાં,
આજેજાવું, કાલે જાવું,
પ્રાણ નહિ રે તનમાં, તું રંગાઈ જાને રંગમાં.
સેવા તારી ઊગી જાશે, ફિકર નહિ રે મનમાં,
તું રંગાઈ જાને રંગમાં''

પદના શબ્દો શ્રી કીર્તિભાઈ શાહના સંપર્કમાં આવેલા વ્યકિતનો જીવનમંત્ર બની જાય છે. કીર્તિભાઈએ પોતાનો સેવામંત્ર ચરિતાર્થ કરવા મુંબઈમાં અનમોલ ગ્રૂપની સ્થાપના કરી છે. તેમાં તેમનું મોટું મિત્ર વર્તુળ અને તેમના ભાણેજો જોડાયા છે. અનમોલ ગ્રૂપના તમામ મિત્રો ફ્રેંડશિપ દિવસની અનોખી ઉજવણી કરવા તા.૫ ઑગષ્ટ૨૦૧૮ના રોજ અમારી સંસ્થા શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગશાળામાં, પ્રજ્ઞાચક્ષુ બાળકોન પ્રેમના પવિત્ર જળ વડે શુદ્ધ કરી તરબતર કરવા, આનંદની હેલી બની આવી પહોંચ્યા હતા. શ્રી કીર્તિભાઈ અને



અનમોલ ગ્રૂપ મુંબઈ, સંસ્થા સાથે સેતુ બની જોડાયા છે. ભગવાન રામચંદ્રની વાનરસેના સેતુ વડે સમુદ્ર પાર કરી શકી હતી, તેમ શાળાના પ્રજ્ઞાચક્ષુ બાળકો જીવનરૂપી સમુદ્ર આ મિત્રતાના સેતુ વડે પાર કરી લેશે તેવી મને શ્રદ્ધા છે. ૧૯૩૨માં સ્થપાયેલી સંસ્થાના ભવનને રંગરોગાન અને રિનોવેટ કરવાની જરૂર હતી. છેલ્લા ઘણાં સમયથી તેના માટે અમો પ્રયાસ કરી રહયા હતા. સફળતા મળતી નહોતી. કીર્તિભાઈનું શાળામાં આગમન થતાં જ અનમોલ ગ્રૂપે તે કામ ઉપાડી લીધું છે. સંસ્થાની શકલ બદલાય રહી છે. લગભગ ૧૫૦ (દોઢ કરોડ) લાખનો ખર્ચ હોવા છતાં કોઈપણ ચિંતા કર્યા વિના ભવનને અદ્યતન બનાવવા વીજળીવેગે કામ ચાલે છે. કામની દેખરેખ અને આયોજન માટે મને ટેકો કરવા કીર્તિભાઈ અને અમારા ભરતભાઈ પ્રતાપરાય મથુરિયા, આઠ-દસ દિવસે નિયમિત રીતે ભાવનગર આવતા રહે છે. ભરતભાઈ મુંબઈમાં ફર્નિચરના વ્યવસાય સાથે સંકળાયેલા છે. મુંબઈમાં તેમને ખૂબ મોટા કોન્ટ્રાકટ મળે છે, છતાં ખૂબ જ વ્યસ્ત શેડયૂલમાંથી સમય કાઢી શાળાને નવપલ્લવિત કરવા પોતાના ખર્ચે એક પણ પાઈ કમાવાની અપેક્ષા વિના ભાવનગર આવવાનું ચૂકતા નથી. મારી દ્રષ્ટિએ આ સાચું પરાક્રમ છે. નિઃસ્વાર્થ ભાવે કરેલું કોઈ પણ કાર્ય પરાક્રમથી જરાઈ ઉતરતું નથી. કોઈ ન કરી શકે તેવું કાર્ય કરવા આગળ આવવું એટલે જ પરાક્રમ. ''જરા હટકે'' એટલે બીજાથી તદ્દન અલગ દિશામાં પોતાના કદમ ઉપાડી નિઃસ્વાર્થ કર્મયજ્ઞ આદરવો, અન્યના વિકાસના દ્વાર ખોલવા ભરતભાઈ અને કીર્તિભાઈનું કર્મ પણ પ્રજ્ઞાચક્ષુ બાળકોના ઉજાસનું આયામ બની ગયું છે. ભરતભાઈ પણ મૂળ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના સથરા ગામના વતની છે, પણ શ્રી ભરતભાઈના વડવાઓ વ્યવસાય અર્થે મુંબઈમાં વર્ષોથી સ્થાયી થયા છે. ૧૯૫૫માં દસમી ઑકટોબરના રોજ શ્રી ભરતભાઈનો જન્મ મુંબઈમાં જ થયો હતો. ભરતભાઈ અનુભવી આર્કિટેક છે. તેથી સંસ્થાને રિનોવેશન અને રંગરોગાનના કાર્યમાં ઘણો મોટો ફાયદો થશે. સામાન્ય રીતે મોટી રકમ આપીને પણ આવા માણસની સેવા મળી શકતી નથી. પણ કીર્તિભાઈના પરિચયના કારણે ભરતભાઈ જેવી વ્યકિતની સેવાનો સંસ્થાને લાભ મળ્યો છે. હું શ્રી ભરતભાઈ અને શ્રી કીર્તિભાઈને સેવાયજ્ઞમાં જોડાવા બદલ

ધન્યવાદ પાઠવું છું. ભરતભાઈ મથુરિયા બાંધકામ ક્ષેત્રના અનુભવી આર્કિટેક હોવાથી રાજ્યની સૌથી જૂની એવી શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગશાળા, ભાવિ પ્રજ્ઞાચક્ષુ બાળકો માટે ગુજરાતની આદર્શ સંસ્થા પુરવાર થશે. ભૌતિક અને શૈક્ષણિક રીતે તે વિસ્તરેલી શાળા પ્રજ્ઞાચક્ષુ લોકોના શિક્ષણની નવી દિશાઓ ખોલશે. વર્ષો સુધી નેત્રહીન બાળકો અને વિકલાંગોના શિક્ષણ, રોજગાર, તાલીમ અને પુનઃસ્થાપનના ક્ષેત્રે ભાવનગર શહેર અને ભાવનગર જિલ્લો દેશનું આદર્શ કેન્દ્ર બની પોતાની પ્રવૃત્તિઓના પ્રકાશ વડે નવો રાહ ચીંધશે તેવી મને શ્રદ્ધા છે. વર્ષોથી હું મારું એ સપનું જોઉં છું. મારું સપનું સાકાર કરવા હું દિવસ-રાત કાર્ય કરતો રહું છું.

કીર્તિભાઈ શાહ અને ભરતભાઈ મથુરિયા જેવા અનેક મહાનુભાવો મારા કાર્યને ટેકો કરી રહયા છે. ૨૫ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ મુંબઈ પ્રબોધન ઠાકરે નાટ્ય મંદિરમાં યોજાયેલ ‘‘બંધ આંખે પ્રગતિની પાંખે’’ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉપસ્થિત દર્શકોને ઉદ્દેશીને મેં સંસ્થાના ભવનને રિનોવેટ કરી રંગરોગાન કરવાની જરૂર છે, તેવી વિગત આપી લોકોને તે માટે ટેકો કરવા અપીલ કરી હતી. તેને સભાખંડમાં બિરાજમાન લોકોનો બહોળો પ્રતિસાદ મળ્યો હતો. ઉપસ્થિત લોકો ચોમાસાના વરસાદની જેમ વરસી પડયા હતા. રિનોવેશનનું કામ પૂર્ણ થઈ શકે તેટલું ફંડ મળવા છતાં તેનો યોગ્ય ફાયદો પ્રજ્ઞાચક્ષુ બાળકોને થાય, તેવા સલાહકાર આર્કિટેકની પણ જરૂર હતી. સેવાના સૂત્રધાર ભરતભાઈ અમારી શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા ભાવનગર સંચાલિત ‘‘શાળા વિકાસ મુંબઈ કમિટી’’માં જોડાતા, અમારું કાર્ય સરળ થઈ ગયું છે. ભરતભાઈ રિનોવેશન કાર્યનું નેતૃત્વ લઈ. નિયમિત રીતે સંસ્થાની મુલાકાત લેતા રહે છે. કામ કરતા કારીગરો અથવા કોન્ટ્રાકટરોને તેઓ માર્ગદર્શન કરતા રહે છે. શાળાની મુલાકાત દરમિયાન પોતે કોઈ વૈભવી સગવડનો આગ્રહ રાખતા નથી. તેમ છતાં બાળકોની એક પણ સવલતમાં નીચું જોખવા તૈયાર હોતા નથી. બાળકોને દરેક સારી સગવડ મળે તેવી ખાસ કાળજી રાખે છે. માત્ર પાંચથી છ કલાક માટે માર્ગદર્શન કરવા તેઓ છેક મુંબઈથી ભાવનગર લગભગ ૬૦૦ કિલોમીટરની મુસાફરી કરી કોઈ પણ આર્થિક



ફાયદા વિના સમયાંતરે આવતા રહે છે. મારી દ્રષ્ટિએ આ એક પ્રકારનું પરાક્રમ છે.

ભરતભાઈની કર્મનિષ્ઠાને શબ્દમાં આલેખવી લોઢાના ચણા ચાવવા જેવું કપરું કામ છે. તેમની વિદ્વત્તાનું વર્ણન કરવા કોઈ શબ્દ ચિત્ર આલેખવું તેનાથી પણ વધુ દુષ્કર છે.

‘‘શબ્દ બિચારો શું કરે ?
ભાષા ગોથા ખાય છે.
‘ઝગમગ’ માણસ તેની શોધમાં,
ઠાલો ભૂરાયો થાય છે !’’

સેવાના ચમકતાં મોતી ગોતી લેવા ઈશ્વર મને શકિત આપજે. હું તેને શોધવા સમર્થ નથી. મારી પાસે નથી શબ્દ કે નથી ભાષા. હું પોતે વામણો અર્થાત્ પામર છું. હું શું શોધવાનો હતો ? હે ઈશ્વર, તું દયાળું છો. પરગજુ લોકોના કાર્યને શબ્દદેહ આપવા મને સહાય કર. હે દયાના સાગર, તારી આશાના ભરોસે બેઠો છું. સંસારસાગરના વમળો બની આવતા તોફાનો વચ્ચે પણ પ્રભુ તને દીવાદાંડી સમજી કાયારૂપી નાવ મારી અંતર કાપતી રહે છે. સંસારસાગરનું અંતર ખાળવા તારી કૃપા મારી નાવને ઊર્જા આપે છે. ઉમંગની ઉષા જીવનપ્રદેશને ઉજાસ આપતી રહે છે. પરિણામે હું કર્મનિષ્ઠ પ્રતિભાને પારખી લઈ તેને સેવાના આંગણે આવકારતો રહું છું. સેવાના પટાંગણને સજાવતો રહું છું. સેવાનું પ્રાંગણ પ્રજ્ઞાલોકનું આભૂષણ બની ગયું છે. તેને પ્રજ્ઞાચક્ષુઓનાં શિક્ષણની શોભા કહી શકાય. તેની શોભાનો વૈભવ મારા ઉમંગની ઉષા બની અંતર પ્રદેશને ઉજાળતો રહે છે. તેના પ્રકાશ વડે હું મારા કાર્યપ્રદેશને ગતિમાન રાખું છું. તેના પરિણામે સેવાના સિતારા ખોળી શકું છું. શ્રી ભરતભાઈ મથુરિયા અને શ્રી કીર્તિભાઈ શાહ સેવા પ્રદેશના ચમકતા સિતારા છે. તેમના કાર્યની નોંધ આપવી ગાગરમાં સાગર સમાવવા જેવું કામ છે. બંને મહાનુભાવોની પ્રતિભાથી અંજાઈ, હું એટલું જ કહીશ. ચોપન વર્ષની યાત્રામાં પહેલીવાર શડજ, પંચમના સૂરનો સંવાદ મેં માણ્યો છે. સેવાની સૂરાવલીના નાદે હું મીરાંની જેમ નાચી રહયો છું.

''પગ ઘુંઘરું બાંધ મીરાં નાચી રે,
લોગ કરે મીરાં હાંસી રે''

મારા મનની હાલત પણ મીરાં જેવી જ થઈ ગઈ છે. રાત-દિવસ શાળાના સપનાં જોયા કરું છું. એક-એક સિતારાની શોધ કરતો રહું છું. ''જરા હટકે'' પરાક્રમની પહેલી શરત છે. તેથી મારે પણ તેની કાળજી તો રાખવી જ પડે ને ? પરાક્રમ રણ મેદાનનું સાહસ ભલે ગણવામાં આવતું હોય, સેવા પણ એક રણમેદાન છે. આ મેદાનમાં લડતો માણસ પણ યુદ્ધ સંગ્રામનો વીર સૈનિક છે. તે કરુણાપ્રદેશનો મહાવીર પણ છે. ગીતાનો જ્ઞાતા કૃષ્ણ પણ છે.

''પરાક્રમના મોર્ચે લડતા દરેક માનવને પ્રભુ શીશ નમાવી વંદું છું.
તેનું કલ્યાણ કરવા પ્રભુ, પાય પડી પ્રાર્થું છું''



## ૧૩. મારી પ્રેરણામૂર્તિ

'મારું જીવન એ જ મારી વાણી' ઉક્તિ પ્રેરણાનો સાગર છે. તેનું મનન કરવાથી ચૂંટેલા વિચારોના સુગંધી પુષ્પો જીવનરૂપી બાગમાં ખીલી ઊઠે છે. સુંદર વિચારોની મહેક જીવનરૂપી વિચારોના ફૂલ-ઝાડને શોભા આપે છે. બાગની મહેક આસપાસના જગતને પોતાની સુવાસ વડે ભરી દે છે. મહાત્મા ગાંધી એક એવા વિચારોનો મઘમઘતો બાગ હતા. જેની સુવાસ આપણને આજે પણ રોમાંચિત કરી રહી છે. નરસી મહેતાનું ભજન બાપુને બહુ પ્રિય હતું :

''વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે.''

નરસી મહેતાના પદના શબ્દો આપણા અંતર પ્રદેશને પ્રેરણાની વર્ષા વડે ભીંજવી દે છે. એક વખત જેનું અંતર કરુણાની વર્ષાના શબ્દ વડે ભીંજાઈ તરબતર થઈ જાય છે, તેના દિલમાં સંવેદનાનું સરોવર હિલોળા લેવા લાગે છે. ત્યારે કોઈપણ વ્યકિત પોતાના માનવતાના મુલકનો સમ્રાટ બની રાજ કરવા લાગે છે. એટલું જ નહિ, તે સૌ કોઈના હૃદયમાં સ્થાન પામી ''વૈષ્ણવજન''નું સન્માન હાંસલ કરી લે છે. આવું સન્માન મેળવનાર ખરા અર્થમાં ઈશ્વરનો અર્થાત્ પરમતત્ત્વનો અંશ બની પોતાની માનવતાને દીપાવે છે. પદના શબ્દ કોઈ ચોકકસ ધર્મધારણ કરનાર વ્યકિતને ઉદ્દેશી કહેવામાં આવ્યા નથી. કવિની દૃષ્ટિએ મનની શુદ્ધિ માટેનું સ્નાન એટલે જ ''વૈષ્ણવજન'' કોઈપણ ધર્મના લોકોને પદના શબ્દો પૂરેપૂરા લાગુ પડે છે. માણસ તેના ગુણો વડે ''વૈષ્ણવજન'' બની શકે છે. બીજાનું સારું કરનાર વ્યકિત મનમાં પણ કરેલા ઉપકાર માટે અભિમાન ન અનુભવે તો તે ''વૈષ્ણવજન'' છે. અન્ય ધર્મનો વ્યકિત ઇચ્છે તો વૈષ્ણવ શબ્દના સ્થાને પોતાના ધર્મનો શબ્દ વાપરી શકે છે. શરત માત્ર નિરભિમાની બની કર્મ કરવાની હોય છે. મોહ, માયા આદિ ભૂલથી પણ મનમાં પ્રવેશવા ન જોઈએ. કવિએ દઢમનોબળ કેળવી વૈરાગ ધારણ કરવા કહ્યું છે. કામ અર્થાત્ વાસના અને ક્રોધ અર્થાત્ ગુસ્સો જેવા દુર્ગુણોને તિલાંજલિ આપવા મર્મ કરી નરસી મહેતા કહે છે : 'હે પામર જીવ ! તારે આજ નહીં તો કાલ આ દુનિયામાંથી વિદાય થવાનું છે, તેથી...

મોહમાયામાં ફસાઈને તારો માનવ અવતાર ગુમાવીશ નહિ. તારી પત્ની સિવાયની સ્ત્રીને તું માતાની દૃષ્ટિએ જોવાનું રાખજે. અન્યથા તું મોહમાં ફસાઈ દુર્ગતિને પામીશ. રામનામ અને તારું કર્મ કોઈપણ દંભ વિના તું બજાવતો રહીશ તો તારું જ નહિ તારા વારસદારોનું પણ ભલું થશે.

તારી એકોતેર પેઢી ઉગારવા બધા વચનોનું પાલન કરવામાં આળસ કરીશ નહીં. મોહનદાસ ગાંધી પોતાના કર્મો વડે જ મહાત્મા બની શકયા છે. તેમણે નરસી મહેતાના પદને પચાવી પોતાનું કર્મ બજાવ્યું હતું. તેથી તેઓ આપણા સૌની પ્રેરણામૂર્તિ બની ગયા છે. આદર્શ જીવન જીવી તેમણે આપણને સૌને ઉત્તમ જીવન જીવવાનો માર્ગ બતાવ્યો છે. તારીખ ૩૦ જાન્યુઆરીના રોજ મને વૈષ્ણવજન પર મારા વિચારો રજૂ કરવા એક સૂચન વાચકવર્ગમાંથી મળ્યું હતું. તે દિવસે હું ખૂબ બેચેન હતો. નિરાશ અને ઉદાસ પણ થઈ ગયો હતો. અંતરમાં મોટું તોફાન જાગ્યું હતું. વિચારો શાંત પડતા ન હતા. નારાજગી પોતાનો જમાવેલો કબજો છોડવાનું નામ નહોતી લેતી. કારણ સ્પષ્ટ હતું : બાપુની હત્યાનો એ દિવસ હતો. જયારે-જયારે આ દિવસ આવે છે, ત્યારે-ત્યારે હું દુઃખી અને નિરાશ થઈ જતો હોઉં છું. બાપુની હત્યા સમયે ઘટેલી ઘટના દ્રશ્યમાન છે. ઓગણીસસો અડતાલીશમાં ઘટેલી ઘટનાનું શબ્દ-ચિત્ર મારા મગજ પર છવાઈ મોટું તોફાન ઊભું કરી દે છે. દેશ માટે આખું આયખું અર્પણ કરનાર મહાપુરુષનો આવો કરુણ અંત લાવનાર હત્યારો તેમ કરી શું સાબિત કરવા માગતો હતો ? તે મને સમજાતું નથી. પોતાની ચિંતા કર્યા વિના પીડિત સમાજ અને દેશ ખાતર દિવસ-રાત કાર્ય કરનાર વ્યકિતને નવાજવાના બદલે મૃત્યુદંડની સજા કરવાનો નથુરામ ગોડસેને શો અધિકાર હતો ? ગોડસે અસત્યનો સહારો લઈ ભીડમાંથી દર્શન અને પ્રણામ કરવાના બહાને આગળ આવી બાપુને એક પછી એક એમ ત્રણ ગોળી વડે વીંધી નાખ્યા. ‘હે રામ’ કહી બાપુ ઢળી પડયા. ખરેખર બાપુ નહિ દેશની શાન ઢળી પડી હતી. ઉપકારનો બદલો અપકારથી અપાયો હતો. એટલે જ કદાચ આઝાદ દેશમાં આજે પણ ભ્રષ્ટ લોકો પૂજાય છે. નથુરામ ગોડસેની ત્રણ ગોળીઓએ આપણું ત્રણ રીતે પતન કરી નાખ્યું છે :



(૧) **કામચોરી :**

દેશનો નાગરિક હક માટે જેટલો જાગૃત રહે છે, તેટલો ફરજ બજાવવા તૈયાર હોતો નથી. કર્મચારીઓને તગડો પગાર મળે છે, પણ કામમાં તેઓ થાથાંથૈયાં કરે છે.

(૨) **અસત્યનું આચરણ :**

દેશનો નાગરિક અનેક પ્રકારના અસત્યો આચરતો થયો છે. નોકરી વ્યવસાયમાં અપ્રામાણિકતાએ માઝા મૂકી છે. પગાર મુજબ કર્મચારીઓ ફરજ અદા કરતા નથી. વેપારીઓ કે ઉદ્યોગપતિઓ નફાના પ્રમાણમાં ગુણવત્તા ધરાવતી ચીજ-વસ્તુઓ ગ્રાહકને સરળતાથી ઉપલબ્ધ બને તેવી કાળજી રાખતા નથી. કેટલાક ઉત્પાદનો કે વેચાણોમાં ઝેરી પદાર્થો પણ ભેળવી, નફો કમાઈ લેવા અનેક પ્રકારના અખતરાઓ કરવામાં આવે છે. અખાદ્ય પદાર્થો ખાદ્ય પદાર્થોમાં ભેળવી ગ્રાહકોને પધરાવી દેવામાં આવતા હોય છે.

(૩) **ભ્રષ્ટાચારથી દેશ દબાયો છે :**

દેશના સત્તાધીશો કમિશન અને લાંચરુશવત વિના એક પણ કામ કરતા નથી. ધારાસભા કે લોકસભા અથવા રાજયસભામાં ધાર્યા ખરડા પસાર કરવા આવા સભ્યોના મતની ખરીદી કરવામાં આવે છે. એટલું જ નહિ બહુમતિ પુરવાર કરવા પણ આવું જ ખરીદ-વેચાણ ચાલે છે.

હું આ બાપુને વાગેલી ત્રણ ગોળીનું પાપ માનું છું. નથુરામની ત્રણ ગોળીએ દેશની કમર ભાંગી નાખી છે. જેના કારણે દેશનો નાગરિક બધું સહન કરી લેવા ટેવાઈ ગયો છે. પથારીવશ કમર ભાંગલો દર્દી જેમ બધું ચલાવી લેવા ટેવાઈ જાય છે, તેમ આપણે પણ ટેવાઈ ગયા છીએ. તમે કહેશો કે : ‘બાપુનો આશીર્વાદ મળ્યો હોવા છતાં દેશનો નાગરિક સંતોષી કેમ બની શકતો નથી ? તેને વધુ મેળવવાની લાલચ કેમ છૂટતી નથી ?’ ઉત્તર સાવ સરળ છે : ‘શાકમાં મીઠું વધુ પડી જાય તો તે ખારું થઈ જાય છે. ખારા શાકમાં થોડી ખટાશ ઉમેરી દેવામાં આવે તો

ખારાશ ઓછી થઈ જાય છે. એવી જ રીતે ગળપણ વધી જાય તો તે ઓછું કરવા ખારાશ અથવા ખટાશ ઉમેરવી પડે છે. આઝાદ દેશમાં કમાણી કરી લેવા લાલચ વધી પણ તેને ઓછી કરવા તેના ઉપાય માટે કોઈ કામ થયું નથી. નથુરામની કડવાશને ટેકો મળે તેવા કામ દેશના ખૂણે-ખાંચરે ચાલતા રહે છે. સરકાર આવા લોકોને પાછલા બારણે ટેકો કરી રહી છે. તેથી દેશનો નાગરિક હજુ સુધી આઝાદીના મીઠાં ફળનો સ્વાદ પામી શકયો નથી. બંધારણની જોગવાયો અને યોજનાઓ કાગળના ઢગલામાં ઢંકાઈ ગુંગળાય છે. શાસક બદલાયો જરૂર છે, નીતિ બદલાઈ નથી. ઊલમાંથી ચૂલમાં પડેલો નાગરિક વિવશ થઈ ગયો છે. મૂંગાં મોંએ તે સહન કરતો રહે છે. ન કરે તેની બોલતી બંધ કરી દેવામાં આવે છે. જે મહાત્માને દુનિયાએ માન આપ્યું, તે મહાત્માને આપણા દેશના નાગરિકે ગોળી મારી પ્રાણ લીધો. આપણે તેની એકસો પચાસમી જન્મ જયંતી ઉજવવાનું નાટક કરી રહયા છીએ. નાટક કરનાર કંપની પોતાનું પેટ ભરવા ગામેગામ નાટકો લઈ જઈ ભજવે છે, તેમ આપણા રાજકીય નેતાઓ પણ પોતાનું પેટ ભરવા બાપુની જન્મ જયંતી ઉજવવાનું નાટક સમગ્ર દેશમાં કરી રહયા છે. આવા દંભી લોકોને હવે આપણે ઓળખતા શીખવું પડશે. બાપુનો ડગલે ને પગલે એક વટાવતા નેતાઓને પાઠ ભણાવવો પડશે. બાપુએ સત્યની તલવાર વડે આપણને આઝાદી અપાવી હતી. જયારે આઝાદ દેશના શાસકો અસત્યની ધારદાર તલવાર ચલાવી સત્તાનું સિંહાસન જમાવી રહયા છે, ત્યારે પ્રજા અર્થાત્ દેશના દરેક નાગરિકે જાગૃત બનવું પડશે.

''દેદી હમે આઝાદી બિના ખડગ બિના ઢાલ,
સાબરમતી કે સંત તુને કર દિયા કમાલ.''

કાવ્ય પંકિતના શબ્દો આપણા દિલને સ્પર્શા હોય તેવું કયાંય જોવા મળતું નથી, ત્યારે નરસી મહેતાના પદને સમજવા અને હાથવગું કરવાનો વિચાર કરનાર અમારી દીકરી મેનાબા જાડેજાને ધન્યવાદ આપું છું. આજના ધમાલિયા યુગમાં આ આધ્યાત્મિક પદના શબ્દોને હૃદયસ્થ કરવાની ભાવના જાગવી એ પણ ખૂબ જ સારી નિશાની છે. મેનાબા અમારી શાળાની ખૂબ તેજસ્વી વિદ્યાર્થિની હતાં. તબલાના માસ્ટર કલાકાર બનવાની ધગશથી તેમણે મહેનત ઉઠાવી હતી.



ઓગણીસો અઠાણું નવ્વાણુંમાં ભાવનગરના યશવંતરાય નાટયગૃહમાં યોજાયેલ રાજયકક્ષાની નાટયસ્પર્ધામાં તેઓ અમારી શાળાના એક સ્પર્ધક કલાકાર હતાં. 'આત્માના આસું' નામના નાટકનો બીજો નંબર આવ્યો હતો. જયારે 'જય કનૈયાલાલ કી' નાટકનો ત્રીજો નંબર આવ્યો હતો. બંને નાટકમાં દિગ્દર્શક અને સહ-દિગ્દર્શક તરીકે શાળાના શિક્ષિકાબહેનો શ્રી ભાવનાબેન મજીઠિયા અને શ્રી નીતાબેન રૈયાએ પોતાની સરાહનીય ભૂમિકા અદા કરી હતી. બંને બહેનોને અભિનંદન. તેમના માર્ગદર્શનથી શાળાના પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં રંગ રાખ્યો હતો ! બંને નાટક પ્રથમ અને દ્વિતીય હતાં. પણ યજમાન સંસ્થા હોવાના નાતે થોડી ઉદારતા રાખી, નિર્ણાયકોએ નિર્ણય કર્યો હતો. અંતિમ નિર્ણય કરતા પહેલા આ અંગે શાળાના સંચાલક તરીકે જવાબદાર વ્યકિત હોવાના નાતે મારો અભિપ્રાય માગ્યો, ત્યારે યજમાન સંસ્થાએ ઉદારતા દાખવી પ્રથમ નંબર છોડી દીધો. તેવી ઉદારતા રાખવા દેશનો નાગરિક મન મનાવી શકશે, ત્યારે ખરા 'વૈષ્ણવજન' બનવાનો માર્ગ મોકળો થઈ શકશે. આપણે લોભ ત્યાગી ઉદાર બનવું પડશે. મેનાબા આવા કાર્યના સાક્ષી બની ચૂકયાં છે. તેથી જ કદાચ તેમને 'વૈષ્ણવજન' શબ્દ સ્પર્શી શકયો છે.

જયારે આભ ફાટે છે, ત્યારે તેને થીંગડું દઈ શકાતું નથી, પણ વરસાદથી બચવા આપણે છત્રીનો ઉપયોગ કરી શકીએ છીએ. તેમ લોભલાલચરૂપી અંધકારને ખાળવા આપણે પોતે ઉદાર બનવા યત્ન આદરવો જોઈએ. જેમ- જેમ આપણે ઉદારતા બતાવવા લાગીએ છીએ, તેમ-તેમ અન્ય લોકો પણ આપણને અનુસરવા લાગે છે. બીજાની પરવા કર્યા વિના સારા કાર્યનો જે પ્રારંભ કરી દે છે, તે દરેક સાચો 'વૈષ્ણવજન' ગણાય છે.

વૈષ્ણવધર્મ પાળનાર વ્યકિત જ વૈષ્ણવજન નથી, તેમ વિશ્લેષકોનું માનવું છે. પોતાનું ઉદાહરણ આપી કવિ કહે છે : ''જે આવો ઉદાર 'વૈષ્ણવજન' બની શકે છે, તેની એકોતેર પેઢી ઊગરી જાય છે.'' પદના શબ્દો કોઈપણ ધર્મનો વ્યકિત પોતાના ધર્મનો શબ્દ મૂકી ગાય શકે છે. દા.ત. ''મુસ્લિમજન તો તેને રે

કહીએ જે પીડ પરાઈ જાણે રે, પરદુઃખે ઉપકાર કરે પણ મન અભિમાન ન આણે રે.'' બીજાને મદદ કરી મનમાં પણ અભિમાન ન અનુભવે તે ખરો 'વૈષ્ણવજન' છે. માનવઅવતાર પણ આપણને અન્યના ઉપકારથી મળ્યો છે. તે દરેક વ્યકિતએ યાદ રાખવું જોઈએ. આપણે અન્ય પર ઉપકાર કરી તેનું ઋણ અદા કરવું જોઈએ. જો આપણે તેમ કરી શકતા હોઈએ તો તેમાં પણ પરમતત્ત્વની કૃપા હોય છે. તેથી આપણે તેનું અભિમાન કરવાનો કોઈ અર્થ રહેતો નથી. આપણે આ બધું એક ક્ષણમાં ભૂલી જતા હોઈએ છીએ. મનમાં શ્વાન જેમ કુલાઈ કહેતા હોઈએ છે.

''હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા શકટનો ભાર જેમ શ્વાન તાણે''

કૂતરાને ખબર નથી શકટ અર્થાત્ ગાડું, તેનાથી ચાલતું નથી. ગાડું ચલાવનાર બીજું કોઈ છે. આપણને પણ ખબર નથી હોતી કાર્ય થયું છે તેમાં, આપણું કોઈ પરાક્રમ નથી. તેને સફળ બનાવામાં કોઈ અન્યનો ટેકો આપણને છૂપી રીતે મળ્યો છે. તેથી આપણે અભિમાન કરવા લાગીએ છીએ. હમણાં-હમણાં નાનાં-મોટાં કાર્યોમાં આવું ખૂબ સાંભળવા મળે છે. નોકરી માટે પસંદ થયેલા પ્રજ્ઞાચક્ષુ ઉમેદવારોને રેલવેમાં યોગ્ય કામગીરી ફાળવવામાં આવી ન હતી. આ પ્રશ્ને ઘણી ધમાલ ચાલતી હતી. કેટલાક મિત્રો આ અંગે વ્હોટસએપ પર ચર્ચા પણ કરતા હતા. સોનાણીસાહેબને કહેવાની જરૂર નથી. તેને કહેવાથી જશ તેમને મળી જશે. તેથી મારી પર મદદ માટે ફોન આવ્યો હતો, તેમ છતાં મળવા ગયેલા લોકોએ મને બોલાવ્યો નહિ. અમારા કનુભાઈ પટેલનો ફોન આવ્યો ત્યારે મને ખબર પડી કે ઓર્ડર અંગે ચર્ચા કરવા રેલવે અધિકારીઓને મળવા મિત્રો પહોંચી ગયા છે. બધું વેરવિખેર થયા પછી મારો સંપર્ક કરવામાં આવ્યો. ઈશ્વર કૃપાથી પરિણામ ઘણું સારું મળ્યું છે. આપણે સ્થૂળ પ્રશંસાથી અળગા થઈ શકીશું તો જરૂર સુખી બની શકીશું. 'વૈષ્ણવજન'નો આ સાર છે. મહાશકિત અથવા પરમતત્ત્વનો આ સંદેશ પણ છે. બાપુની પ્રેરણા મને અને તમને 'મારું જીવન એ જ મારી વાણી' ગગનભેદી નાદથી રાત-દિવસ ઢંઢોળે છે.



''ગાંધીબાપુ ! તમે અવતાર લીધો,
ભૂમિનો ભાર ઉતારી દીધો.
બાપુ, તમે મોટો ઉપકાર કીધો,
પણ અમે તેનો વિનાશ કરી દીધો.''

''ધાર્યું હતું આઝાદ વૃક્ષના મીઠાં ફળ ચાખીશું,
કોઈ કાગડો આવી વૃક્ષના બધાં ફૂલ ખાઇ ગયો,
કહે 'ઝગમગ' આવી મૂળ તેના કઠિયારો ખોદી ગયો.''



## ૧૪. ખતરાની ઘંટડી

મારા જીવનનો વન પ્રવેશ અંતરના વલોપાતનો રહયો છે. ભીતરમાં ચાલતા અનેક તોફાનો વચ્ચે મારી વિચારોની નાવ ધીમી ગતિએ, પોતાનું અંતર કાપી રહી છે. ગત પાંચ દાયકામાં ન અનુભવ્યું હોય, તેવું નીતિગત પરિવર્તન જોવા મળ્યું છે. તેમાંય છેલ્લા દાયકાનો ઉત્તરાર્ધ અનેક ચિંતાઓ લઈને આવ્યો હોય તેમ લાગે છે. રોજબરોજ બહાર પડતા ફતવા વધુ પીડા પહોંચાડે છે. સેવાક્ષેત્ર સાથે જોડાયેલો હોવાથી પ્રથમ નજરે તેને થતી હાનિ જલદી નજરે ચડે છે. છેલ્લી બે કેન્દ્ર સરકાર દ્વારા રજૂ થયેલા ત્રણથી ચાર વાર્ષિક બજેટમાં થયેલા ફેરફારના લીધે, ચેરિટી સંસ્થાઓને મળતા અનુદાનની રકમમાં સારો એવો ઘટાડો થયો છે. આવી સંસ્થાઓને અનુદાન આપતા દાતાને મળતી કેટલીક કર રાહતો માટેની કલમો રદ કરી દેવામાં આવી છે.

35 C કલમ નાબૂદ થતા દાન આપતા દાતાઓને સો ટકા ટૅક્સ રાહત મળતી બંધ થઇ ગઇ છે. પરિણામે સેવાકીય સંસ્થાઓની કેટલીક યોજનાઓ અપૂરત નાણાસ્રોતના કારણે ખોરંભે પડી છે. જી.એસ.ટી. નો અમલ થવાના પગલે વિકલાંગોના ખાસ સાધનો તૈયાર કરવાની સામગ્રી, બ્રેઇલ પેપર સહિતની ઘણી ચીજવસ્તુઓ મોંઘી થઈ છે. અગાઉ આવી ઉત્પાદિત સામગ્રીને પ્રત્યેક્ષ કે પરોક્ષ કરમાંથી મુકિત આપવામાં આવતી હતી. પ્રજ્ઞાચક્ષુ તેમજ વિકલાંગ વ્યકિતઓ ઉપયોગ કરતા હોય તેવી ચીજવસ્તુઓ ઉત્પાદિત કરતાં હોય તેવા એકમોને કેટલીક ટૅક્સ રાહત આપવામાં આવતી હતી. પ્રજ્ઞાચક્ષુ કે વિકલાંગ વ્યકિતઓને ઉપયોગી સાધનો રાહત દરે પૂરા પાડવાની કોઈ પણ સરકારની જવાબદારી છે. તેથી જે-તે સરકારે આવી સાધન-સામગ્રી સરળતાથી દેશમાં ઉપલબ્ધ બને તેવા ઉપાયો હાથ ધરવા જોઈએ. મારે દુઃખ સાથે કહેવું જોઈએ કે મારી વયનો પાંચમો દાયકો ઘણો દુઃખદ અને પીડા આપનારો નીવડયો છે. પહેલી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ રજૂ થયેલા બજેટની કેટલીક જોગવાઈઓ સેવાકીય સંસ્થાઓ માટે સ્પીડબ્રેકર બનીને આવી છે. તે ચૅરિટી સંસ્થાઓના વિકાસને માઠી અસર કરશે. એટલું જ નહિ સેવા કરતી સંસ્થાઓએ તેના લાભાર્થીની ચિંતા બાજુ પર મૂકી નવા નિયમો મુજબ રેકૉર્ડ



નિભાવા વધુ ધ્યાન આપવું પડશે. એટલે કે ‘તાસ ભાંગી ટબૂડી ઘડવાનું કામ કરવું પડશે ! વળી સેવાનું કાર્ય પડતું મૂકી રેકૉર્ડ ઊભો કરવા કાળજી રાખવી પડશે. જે રીતે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના શિક્ષકો શિક્ષણકાર્ય પડતું મૂકી સરકારની સૂચનાઓ મુજબ ઑનલાઇન ડેટા સબમિટ કરે છે. સરકારનું કામ ટેકસમાંથી કમાણી કરવાનું નથી. સરકારની જવાબદારી પ્રજાને સગવડો પૂરી પાડીને તેની સુખાકારી વધારવાની છે. પીડિતો, વંચિતો, વિકલાંગોની પ્રાથમિક જરૂરિયાતો પૂર્ણ કરવાની પણ છે. સંસ્થાઓ નૈતિક રીતે આવી જવાબદારી વહન કરે છે. તેથી નાણાના અભાવે આવી પ્રવૃત્તિઓ અટકી ન પડે તે જોવાની જવાબદારી પણ સરકારની બને છે. તેથી નાણાકીય બજેટમાં રાહતો આપી. સરકારે ચૅરિટી સંસ્થાઓને મજબૂત કરવી જોઈએ. કારણ કે વિકલાંગ વ્યકિત પણ સમાજનું અભિન્ન અંગ છે. તેથી તેના વિકાસ માટે દિવસ-રાત કામ કરતી સંસ્થાઓને લોકો દાન આપવા આગળ આવે તેવી જોગવાઈઓ ઘડી કાઢવી જોઈએ. એટલું જ નહિ દરેક સરકારે દાતાઓને કરવેરામાં ખાસ છૂટછાટ મળે તેવા પગલાં ભરવા જોઈએ.

૨૦૨૦ના બજેટની કેટલીક જોગવાઈઓ વિશે વિગતે ચર્ચા કરીએ તો આપ સૌને ખ્યાલ આવશે; ખતરાની ઘંટડી શું સૂચવે છે ? હવે બેનામી દાન લઈ શકશે નહિ. દાન આપનાર દાતાની સંપૂર્ણ વિગતોનો સંગ્રહ કરવા ખાસ રજિસ્ટર નિભાવવું પડશે. દાતાના પાનકાર્ડ અને આધારકાર્ડના નંબર સંસ્થાઓએ પોતાના રિટર્નમાં દર્શાવવા પડશે. 12 A અને 80 G પ્રમાણપત્ર દર પાંચ વર્ષે રિન્યૂ કરાવવું પડશે. હાલ તે આજીવન છે. નવી સંસ્થાઓ ખોલવી હવે અઘરી બનશે. જૂની સંસ્થાઓ ચલાવવી હશે તો પણ આગળ જણાવેલી તમામ પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે. નિયમોનું ચુસ્ત પાલન કરવા ટકોર કરવામાં આવી છે. ચૂક કરનાર સંસ્થાઓને મોટી પેનલ્ટી ભરવી પડશે. ટૂંકમાં, સરકાર કમાણી જતી કરવા નમતું જોખવા તૈયાર નથી. તમે જોયું તેમ આવી ચૅરિટી સંસ્થાઓ દાતાઓના દાન પર ચાલતી હોય છે. તેથી સરકારે દાતાઓ ચેરિટી સંસ્થાઓને સહાય કરવા આગળ આવે તે નવી જોગવાઈઓ પોતાના વાર્ષિક બજેટમાં રજૂ કરવી જોઈએ. એટલું જ

નહિ આવા દાતાઓને પ્રોત્સાહન મળે તેવી અવનવી યોજનાઓ અમલમાં મૂકવી જોઈએ. ચેરિટી સંસ્થાઓ સમાજની કમર ગણાય છે. કમરને મજબૂત બનાવવા આપણા વડિલો વસાણા ખાવાની સલાહ આપતા આવ્યા છે. જેમ વસાણા શિયાળામાં ખાવા જોઈએ, તેમ દાતારૂપી સમાજના વસાણાને સરકારે વાર્ષિક બજેટમાં યાદ કરી તેને ધંધાવ્યવસાયમાં રાહત મળે તેવા પગલાં ભરવા જોઈએ. તંદુરસ્ત સમાજરચના માટે સરકારે ગંભીરતાથી વિચારવાનો સમય પાકી ગયો છે. દુનિયાના દેશો આ દિશામાં ઘણા જ આગળ નીકળી ગયા છે. શિક્ષણમાં આમૂલ પરિવર્તનની જરૂર છે. યાદશકિતના બદલે સંવેદનશીલતાને શિક્ષણમાં વધુ મહત્ત્વ આપવાની આવશ્યકતા છે. વર્તમાન સમયમાં શિક્ષણમાં વ્યકિતનો ગુણાંક જેટલો ઊંચો આવે છે, તેટલો ભાવાંક દ્રશ્યમાન થતો નથી. પરિણામે કાર્ય સાથે તેનો લગાવ હોતો નથી. આવા લોકોનો ધ્યેય ધન કમાવાનો રહે છે. તેને દેશના લોકોની ચિંતા ભાગ્યે જ સ્પર્શી શકે છે. ભાવાંકથી વંચિત સંવેદનહીન સત્તાના સિંહાસને બેઠેલો માણસ તેના સ્વભાવ મુજબ કામ કરતો હોય છે. તેથી તેને આર્થિક લાભ સિવાય કશુંય નજરે પડતું નથી. સંવેદનહીન લોકો પૈકી ઉચ્ચ અધિકારી કે ચૂંટાયેલા સભ્યોમાંથી કોઈ વ્યકિત મંત્રીપદે પહોંચી જાય છે, ત્યારે તેના માઠા પરિણામો દેશની જનતાને સહન કરવા પડે છે. પોતાનો રાજકીય રોટલો શેકવા પ્રજા વચ્ચે ફૂટ પડાવી, સત્તાનો તાજ પહેરવા ભાષાનો વૈભવ પાથરી નાટકનો નાયક બની જાય છે. લાગણીના અભિનયનું નાટક ભજવી પોતાની સત્તાનો પરવાનો તાજો કરી લેતા હોય છે. તો વળી કેટલાક પોતાનો પાકો થયેલો પરવાનો અકબંધ રાખવા નિતનવાં બાના શોધી કાઢતા હોય છે. પોતાનો કક્કો ખરો કરવા પ્રજાને ગેરમાર્ગે દોરે છે. એટલું જ નહિ, સત્તા અને પૈસાના જોરે મોટા સરઘસો કઢાવી કીમતી માનવ કલાકોનો ભોગ લેતા હોય છે. આજ-કાલ નાગરિક સંશોધન કાયદાના નામે સરકાર માથે રહી શાંતિને ડોળવાનું કામ કરી રહી છે. દેશમાં શાંતિ જાળવવા કાયદાઓ અમલમાં લાવવામાં આવે છે. પરંતુ અહીં તો કાયદાના નામે અશાંતિને આમંત્રિત કરવામાં આવે છે. સરકાર ગામેગામ રેલીઓ અને સભાઓ ભરી રહી છે. વિરુદ્ધમાં સભાઓ કે રેલીઓ યોજાય તે સમજાય તેવી બાબત છે, પણ



કાયદાની તરફેણમાં સરકારને ઢોલ-નગારા સાથે મેદાનમાં કેમ આવવું પડે છે ? તે મારી સમજમાં આવતું નથી. મારા ચોપન વર્ષમાં કોઈ સરકારને આ રીતે મેદાનમાં આવતી જોઈ નથી. સૂર્યને તેના પ્રકાશની જાહેરાત કરવા શા માટે આવવું પડે ? ગમે તેવા ઘટાટોપ વાદળો છવાય જાય તો પણ સૂર્યનો પ્રકાશ છાનો રહેતો નથી. એટલે કે આપણને દિવસ-રાતનો અનુભવ થયા વિના રહેતો નથી. સરકારની બાબતમાં પણ આ વાત લાગુ પડે છે. પ્રજાના કલ્યાણની યોજનાઓ માટે મેદાનમાં આવવાના બદલે પ્રજાના હૃદય સુધી પહોંચવાની જરૂર છે.

દેશમાં ૧૮૮૭માં પ્રથમ પંજાબના અમૃતસરમાં અંધશાળાનો પ્રારંભ થયો હતો. દેશમાં વિદેશી શાસન હોવા છતાં જે તે સરકારે તેને સહાય કરી હતી. આજે ગંગા ઊલટી વહેવા લાગી છે. ચેરિટી સંસ્થાઓ માટે અનેક નિયંત્રણો દાખલ કરવા દર પાંચ વર્ષે નોંધણી પ્રમાણપત્ર તાજું કરાવું પડશે. આવી કામગીરી ઑનલાઇન કરવાની હોવાથી સક્ષમ સ્ટાફ રોકવો પડશે. એક તરફ દાન આપતા દાતાઓને મળતી કર રાહતો ઓછી કરવામાં આવે છે. બીજી તરફ સંસ્થાઓના ખર્ચમાં તોતિંગ વધારો થાય, તેવા નિયમો દાખલ થઈ રહ્યા છે. એટલું જ નહિ, મંજૂર થયેલ મહેકમ મુજબ પણ સંસ્થાઓને કર્મચારીઓ ફાળવવામાં આવતા નથી. વયમર્યાદાના લીધે ખાલી પડેલી જગ્યાઓ ભરવામાં આવતી નથી. કેટલીક ખાલી પડેલી જગાઓ સમયાંતરે રદ કરી દેવામાં આવે છે. પીડિતો, વંચિતો, વિકલાંગો ને નબળા વર્ગને મદદ કરવાની જવાબદારી માત્ર સંસ્થાઓની જ હોય, તેમ સરકાર વર્તી રહી છે. અંતરની આંખે દેખાતા ભાવ વ્યકત કરી હળવો થવા ઇચ્છું છું.

''વેદનાની વાદળી વરસી પડે તો શું થયું ?
કાળમીંઢ પથ્થર કયાં પીગળી જાય છે ?
'ઝરમગ' તારો દરબાર વિખરાય જાય તો શું થયું ?
ભલા અમારો વૈભવ કેવો પથરાઈ જાય છે ?''

''વેદનાનો વંટોળ ભલે ગમે તેવો ચડે, દુઃખની પાનખર ભલે લાંબી ચાલે,
અજ્ઞાનનો અંધકાર ચોમેર પથરાઇ ભલે, બધી સીમાઓને ઘેરી વળે ભલે,
પણ દર્પણના દ્વાર ખોલી દોસ્તો અમે, નીકળી પડીશું ચેહરો અમારો સજાવા.

ચિંતા ભલે લાખો લોકો કરતા રહે,
કાશ ! અમારી સત્તાનો 'ઝરમગ' પરવાનો પાકો કરી લઈશું''

લાલચુ લોકો તેની સત્તા જમાવા ગમે તેવા વિગ્રહો કરાવી પોતાની સત્તાનો પરવાનો પાકો કરી લેતા હોય છે. તેમની નીતિ 'વર મરો, કન્યા મરો, પણ મારું તરભાણું ભરો' જેવી હોય છે. આવા લાલચુ સત્તાધીશો પોતાની યોજના પાર પાડવા સાંઠગાંઠ કરી અઢળક ધન કમાય લેવામાં રચ્યાપચ્યા રહે છે. પ્રજાનું ધ્યાન આવા મુદ્દાઓ પર કેન્દ્રિત ન થાય તે માટે અનેક પ્રપંચ રચવામાં આવે છે. પ્રજા સમક્ષ સભામાં ઈતિહાસની બનાવટી ઘટનાઓ રજૂ કરી, તેને ગેરમાર્ગે દોરી ચૂંટણીમાં વિજેતા બનતા હોય છે. તેથી આવા તકવાદી લોકોને ઓળખી લઈ, લોકશાહી પ્રણાલીને આપણે ઉગારી લેવી પડશે. નાટકનો કલાકાર રાજામહારાજાનું મહોરું પહેરી પોતાની કલા પાથરી દર્શકોને જીતી લે છે, તેમ સત્તાનો લાલચુ નેતા લોકશાહીનું મહોરું પહેરી રાજગાદી મેળવી લેતો હોય છે. કોઈ પણ કાયદો ઘડવાનો અધિકાર સંસદનો છે. બહુમતી જે પક્ષ ધરાવતો હોય તેણે દેશના નાગરિકોના હિતમાં જરૂરી ખરડા સંસદમાં લાવી, તેને પસાર કરી, નિયમો અર્થાત્ કાયદાનું અસરકારક અમલીકરણ કરવાનું હોય છે. પોતાનો નિર્ણય ખરો ઠેરવવા રોડ પર આવવાની જરૂર નથી. નાગરિક સંશોધન કાયદાની જોગવાઈઓ વિશે, ચાલતો મતભેદ લોકતંત્ર માટે ખતરાની ઘંટડી બની રણકી રહયો છે. લોભી નેતાઓની લોલુપતાનો પડઘમ શાંત નહિ પડે તો સત્તાનો સંગ્રામ હોલિકાની જેમ ભડકે બળશે. પ્રજા તેમાં શેકાઈ મરશે, ત્રીજો કોઈ ફુલાય ફરશે. ગાંધીનો આઝાદ દેશ ઘરના લોકોથી ઉજ્જડ બની, ઉદાસ બનશે, પછી નહિ રહે ફળ મીઠા ખાવા જેવા. લોકશાહી લૂંટાઈ જશે. આપણી આઝાદી એળે જશે. હું તો આ બધી ચિંતાઓથી ગૂંગળાઈ રહ્યો છું. તમને કહી મારો બોજ હળવો કરવા ઇચ્છું છું. તમે મારી વારે આવશો તો આનંદ થશે. અંતરના આગણે ખુશીના પડઘમ વાગશે. મહાત્મા ગાંધીના આશીર્વાદનો વરસાદ વરસશે. તેમાં ભીંજાવાનું મને અને તમને ખૂબ ગમશે.



'ગમતું મળે તો એલા,
ગુંજેના ભરીએ,
ગમતાનો કરીએ ગુલાલ.'

આપણને ગમતી વસ્તુ મળે તો તેને આપણા ખીસામાં મૂકવાના બદલે તેની લહાણી કરવી જોઈએ. આ પંકિત મને એટલે યાદ આવે છે છેલ્લા ઘણા સમયથી દેશના મોટા ભાગના રાજયોમાં કોઇએક રાજકીય પક્ષને સફળતા મળે છે, તેથી તેમણે ઉદાર બની તટસ્થ રહી દરેકની સુખ-શાંતિ માટે નીતિઓ ઘડવી જોઈએ. સરકારની તિજોરી ભરવાના બદલે સમાન સમાજરચનાને ઉત્તેજન મળે તેવા આર્થિક લાભ આપવા જોઈએ. સરકારના નાના કામને મોટું દેખાડવા, અઢળક નાણાનો વ્યય થતો રોકવાની જરૂર છે. પોતાનો વટ પાડવા અને અન્ય દેશોને આર્થિક મદદ કરવાની જાહેરાત સાંભળી વિચાર આવે છે. ''ઘરના છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આંટો'' દેશના ગરીબોને પૂરતી સવલત મળી નથી, ત્યારે અન્ય દેશોને મદદ કરવાની જરૂર જણાતી નથી. વાતુએ આંબા પાકતા નથી. તેનો ઉછેર ખૂબ જતનથી કરવો પડે છે. દેશને સમૃદ્ધ બનાવવા ઉત્તમ સમાજરચનાને ટેકો મળે તેવી યોજનાઓનો અમલ કરવો પડે. ત્યારે ખતરાની ઘંટડીનો નાદ કહે છે :

'વારા ફરતી વારો આવે નાના-મોટા સૌનો,
સો દાડા સાસુના તો એક દાડો વવનો.'
જયારે આ સંવાદ મંદિરની ઝાલર બની રણકવા લાગશે,
ત્યારે ઝાલરનો નાદ આપણા કલ્યાણનો સંવાદ બની જશે.
રણકતો નાદ મને અને તમને જોડશે :
''આશાનું આંગણું સજાવા,
હૈયે ધરજે હામ,
માનવતાની મહેક બની તું,
અંધજગતના 'ઝગમગ' કરજે કામ.''

# ૧૫. રસનું મેઘધનુષ્ય

આકાશ જેમ મેઘધનુષ્યની શોભા વડે આકર્ષક બને છે, તેમ જીવનમાં રસનું મેઘધનુષ્ય ખીલવા લાગે છે. મેઘધનુષ્ય ખીલતા જ આપણું જીવન હર્યુંભર્યું બને છે. આઠે પોર આનંદની વાંસળીના સૂર છેડાતાં હોય તેવી અનુભૂતિ થાય છે. ઉત્સાહ આપણને દરેક કાર્ય કરવા દોરવા લાગે છે. સારો અને સુશીલ મિત્ર આપણને જેમ યોગ્ય દિશાના દ્વાર તરફ ખેંચી જાય છે, તેમ ઉત્સાહ પણ આપણા જીવનમાં રસની રંગોળી દોરી રસનું મેઘધનુષ્ય ખડું કરી દે છે. જેના જીવનમાં રસના મેઘધનુષ્યની શોભા બની આવે છે, તેનું જીવન ધન્ય બની જાય છે. રસનું મેઘધનુષ્ય વ્યકિતને કોઈપણ ક્ષેત્રમાં સિદ્ધિના પવિત્ર જળથી નવડાવે છે. આવું સ્નાન ભીતરની શુદ્ધિ માટે ખૂબ જરૂરી છે. જીવનની શુદ્ધિ ઉમંગનું આગણું સજાવે છે. જયારે જીવનનો, આ તબક્કો શરૂ થાય છે, ત્યારે ભીતરનો ભેરુ ગાઈ ઊઠે છે.

''મેં તો થાળ રે ભર્યો શગ મોતીનો રે,
હું હરખે વધાવા જો ને જાઉં મારે આંગણ સોના સરીખો સૂરજ ઊગ્યો રે.''

પદની પંકિતઓ આપણને જીવનમાં જાગેલા રસ-રુચિના દર્શન કરાવે છે. જીવનમાં એક વખત રસનું મેઘધનુષ્ય ખીલી ઊઠે છે, પછી અંતરના આંગણે ઉત્સવની છોળો ઊડે છે. પ્રવૃત્તિ વ્યકિતના જીવન સાથે તાદાત્મ્ય સાધી લે છે. જે રીતે મેઘધનુષ્યની શોભા આપણા મસ્તિષ્ક પર અસર કરે છે, તેવી જ રીતે રસનું મેઘધનુષ્ય ખીલવા લાગે છે. ધીરે-ધીરે વિસ્તાર પામી વ્યકિતને ઊર્જાવાન બનાવી દે છે. ગામડાગામની શેરીઓમાં ગવાતું પદ જેટલું કર્ણપ્રિય લાગે છે, તેટલું જ માર્મિક પણ છે. પદના શબ્દોનું વિશ્લેષણ કરવામાં આવે છે, ત્યારે ખ્યાલ આવે છે. હરખથી ઉપાડેલું કદમ માણસને પ્રગતિના પંથે દોરી જાય છે. મીઠાશરૂપી મોતી વડે થાળરૂપી અંતર ભરાઈ જાય છે, ત્યારે સોના જેવી પ્રગતિનો સૂર્ય વ્યકિતના જીવનમાં ઉજાસ પાથરવા આવી પહોંચે છે. ઉગતી ઉષાના પ્રત્યેક કિરણો અંતરના અંધકારને મિટાવી દે છે. ચર્મચક્ષુ ભલે નિષ્ક્રિય થયા હોય, પરંતુ વ્યકિતની પ્રજ્ઞાને દિવ્યચક્ષુ દૃષ્ટિ આપે છે. તીક્ષ્ણ દૃષ્ટિ આપણને જીવનના અસત્યોથી બચાવી લે છે, પરંતુ ધૂંધળી દૃષ્ટિ સત્યનો માર્ગ શોધી શકતી નથી. દૃષ્ટિભેદના કારણે પામર



મનુષ્ય સંસારરૂપી ભૂમિ પર પોતાના કદમ ઉપાડી સત્યની મંજિલ સુધી પહોંચી શકતો નથી. મતલબની દુનિયામાં ખોવાયેલો માણસ તક મળવા છતાં પોતાનું યોગ્ય કર્મ બજાવી શકતો નથી. કર્મના અભાવે વ્યકિતનું પતન થાય છે. માનવ અવતાર પળવારમાં પૂરો થઈ જાય છે. તેથી દરેક વ્યકિતએ જીવનમાં ઉત્તમ કર્મ બજાવવા તત્પર રહેવું જોઈએ. આવું કર્મ નિષ્કામ ભાવે બજાવાથી કલ્યાણનો માર્ગ અંતરાયો વિનાનો હોવાથી જીવનપ્રદેશને નવી ઊંચાઈ આપે છે. બીજી તરફ અજ્ઞાનના અવરોધો પેદા થાય તો જીવનને વેરવિખેર કરી દે છે. કેટલાક લોકોની જીવનશૈલીનો અભ્યાસ કરીએ, ત્યારે આપણને ખબર પડે છે : રસનાં મેઘધનુષ્યથી માણસના જીવનમાં કેટલું પરિવર્તન આવતું હોય છે ! યુગેયુગમાં લાગુ પડે તેવો ગીતાનો સંદેશ યાદ રાખવા જેવો છે. મોક્ષના ત્રણ માર્ગો છે :

(૧) ભકિતયોગ :

આ માર્ગ કાંટાળો છે. કાયર લોકોનો અહીં ગજ વાગે તેમ નથી. આ માર્ગે કલ્યાણ કરવા નીકળેલો માણસ ફસાઈ પડે છે. વર્તમાનપત્રોમાં આપણને અનેક સંતો-મહંતોના ચારિત્ર વિશે જાણવા મળે છે. વાસના, ભકિત માર્ગનો દુશ્મન બની આ માર્ગે મોક્ષ માટે યાત્રા કરવા નીકળેલા યાત્રાળુને અવરોધવા આવી પહોંચે છે. ઈતિહાસમાં પણ આપણને આવા અનેક ઉદાહરણો જોવા મળે છે. તેથી આ માર્ગ ઘણો કપરો હોય તેવું લાગે છે. મુસાફરીમાં આપણે અનુભવી લોકોને પૂછીને માર્ગ પસંદ કરીએ છીએ, તેમ સંસારભૂમિ પર જીવનરૂપી દોડતી ગાડીને સલામત રીતે મોક્ષની મંજિલ સુધી લઈ જવા યોગ્ય માર્ગની પસંદગી કરવી પડશે.

(૨) જ્ઞાનયોગ :

આ માર્ગ ભોમિયા વિના પસાર કરવો શકય નથી. વળી, ભીતરના ભેરુ જાગૃત અવસ્થામાં, પોતાનું શરીરરૂપી વાહન ચલાવી શકે તો જ મોક્ષરૂપી ગંતવ્ય સ્થળ સુધી પહોંચી શકાય છે. તાલીમ વિના ડ્રાઈવિંગ થઈ શકતું નથી, તેમ સાધના વિના જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. યોગ્ય ગુરુ પ્રાપ્ત ન થાય, તો જ્ઞાનના અભાવે સાધના થઈ શકતી નથી.

(૩) કર્મયોગ :

કળીકાળમાં મોક્ષ મેળવવા માટેનો આ સૌથી સરળ માર્ગ છે. નિઃસ્વાર્થ રહી કરેલું કર્મ આપણને ફળ આપ્યા વિના રહેતું નથી. કર્મ બજાવી જે વ્યકિત હળવો થઈ શકતો હોય, તે આ માર્ગ પર સફળતાપૂર્વક આગળ વધી શકે છે. નિષ્કામભાવે બજાવેલું કર્મ ઉત્તમ ફળ આપે છે. ફળની ચિંતા કર્યા વિના બજાવેલું કર્મ વ્યકિતનું સંચિત કર્મ બની જન્મોજન્મ ફળ આપતું રહે છે. ધીરે-ધીરે શુદ્ધ થયેલો આત્મા મુકિતના ધામ સુધી પહોંચી જાય છે. જોકે આ માર્ગની યાત્રા ઘણી લાભકારક નીવડે છે.

પ્રકૃતિના ત્રણ ગુણોના આવરણથી ઢંકાયેલો જીવ કર્મ કર્યા વિના રહી શકતો નથી. સત્ત્વ, રજો અને તમો ગુણ આપણને કર્મ કરવા ખેંચતા રહે છે. માણસ એક ક્ષણ પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી. મન અને તનથી માણસ કર્મબંધનમાં પડતો જ રહે છે. તેથી કર્મ બજાવી મોક્ષ પ્રાપ્તિ માટે કાર્યરત રહેવું સૌથી સારું છે. કાયાના સરનામે હરિના કાગળ આવે, તે પહેલા જ જાગૃત બનીશું તો મુકિતના મુકામ પર સફળતાથી પહોંચી શકીશું. કર્મ નહિ કરવા કરતા કર્મ કરવું વધુ સારું છે, કારણ કે કર્મ કર્યા વિના મનુષ્ય પોતાના દેહનો નિર્વાહ પણ કરી શકતો નથી. કર્મ નહીં કરનાર જીવ પણ કર્મબંધનમાં પડે છે. કર્મમાં ફસાયેલા જીવને લખચોરાશી યોનીમાં અવતાર ધારણ કરવો પડે છે. નિયત કર્મ કરનાર જીવ સદા આસકત રહી બંધનમાંથી મુકત રહે છે. સૃષ્ટિના ઉદય સમયે મળેલા આશીર્વાદ મુજબ કર્મયજ્ઞ વડે દરેક પ્રાણી સુખી રહે છે. કર્મની પૂંજી કમાઈ મુકિત પણ પામે છે. પ્રકૃતિ વડે ઉદ્‌ભવેલો જીવ પ્રકૃતિના ચરણે ગયા વિના ઊગરી શકતો નથી. અર્થાત્ પ્રકૃતિને અનુસર્યા વિના જીવની મુકિત થતી નથી. કોઈ પણ અપેક્ષા વિના જયારે આપણે નિષ્ઠાથી આપણી ફરજ અદા કરીએ છીએ, ત્યારે કરેલું કર્મ અણધાર્યું ફળ આપે છે. ફળની અપેક્ષા રાખ્યા વિના બજાવેલી સેવાના સંચિત કર્મ વડે જીવાત્માનો મુકિતનો માર્ગ તૈયાર થાય છે. એવી જ રીતે રોજબરોજ વિશેષ બદલાની અપેક્ષા વિના કરેલ કાર્ય સંચિત કર્મફળ બની જાય છે. પરમશકિતની કૃપા વડે વ્યકિતને કોઈવાર અણધાર્યું ફળ પણ પ્રાપ્ત થાય છે.

થોડા સમય પહેલા વર્તમાનપત્રમાં એક સમાચાર પ્રસિદ્ધ થયા હતા.



ચાલીશ દિવસની બાલિકાની જિંદગી બચાવવી હોય તો તેનું હૃદય બદલવાની જરૂર હતી. મેંગ્લોરમાં મૃત્યુ પામેલ વ્યકિતના શરીરમાંથી હૃદય કાઢી બેંગ્લોરમાં સારવાર લેતી આ બાલિકાને તાબડતોબ ઑપરેશન કરી બેસાડવાની જરૂર હતી. પણ મેંગ્લોરથી બેંગ્લોર ૩૫૨ કિ.મી. નું અંતર કાપતા લગભગ સાત કલાકનો સમય પસાર થઈ જાય તેમ હતો. મૃત શરીરમાંથી કાઢેલું હૃદય ચાર કલાકમાં ટ્રાન્સપ્લાંટ કરવું અનિવાર્ય હતું. અન્યથા ટ્રાન્સપ્લાંટ થયેલી હૃદયની ધડકન કાર્યરત રહી શકે નહિ. પડકારરૂપ કામ ખૂબ સામાન્ય ડ્રાઈવરે પૂર્ણ કરી આપ્યું. એક બાળકીની જિંદગી તેણે બચાવી લીધી. ડ્રાઈવરનું કાર્ય કોઈપણ અપેક્ષા વિનાનું હોવાથી તેને સરકાર, અભિનેતા, ઉદ્યોગપતિઓ તરફથી કરોડો રૂપિયા પુરસ્કાર તરીકે મળ્યા. તેમની કર્મપૂંજીનું મૂલ આંકવું કઠિન છે. જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતી બાળકીને જીવાદોરી મળી ગઈ, કેટલું મોટું પુણ્ય પ્રાપ્ત કર્યું કહેવાય ! સલામ છે ડ્રાઈવિંગ કરનાર મહાનુભાવને, જેણે બચાવી માનવ જિંદગી ! બીજા શબ્દોમાં કહુ તો ઈશ્વર પોતાનો પેગંબર બનાવી કોઈપણ જીવાત્માને ઉમદા કાર્ય કરવા મોકલી દે છે. જીવનમાં ઈશ્વરની કૃપા વડે રસનું મેઘધનુષ્ય હાંસલ કર્યું હોય, તે વ્યકિત પેગંબર થઇ શકે છે. આવું પદ પ્રાપ્ત કરનાર ઓલિયો કહેવાય છે. કોઈવાર માનવ કલ્યાણ અર્થે ઓલિયો પૃથ્વી પર અવતાર ધારણ કરે છે. કવિના શબ્દમાં કહુ તો :

''હે માનવ ! વિશ્વાસ કરી લે સમય બની સમજાવું છું,
આ દુનિયામાં ઇચ્છાથી હું અવતાર ધરીને આવું છું.''

સમગ્ર માનવસમાજને ઉદ્દેશીને કવિ કહે છે : 'હે માનવ, તું વિશ્વાસ રાખજે. સમયાંતરે હું આ ધરતી પર મારી પોતાની ઇચ્છાથી અવતાર ધારણ કરીને આવું છું ! માનવને ઉદ્દેશી કવિ કહે છે ! ''તારે ભરોસો રાખવો જોઈએ. કારણ કે હું સમય બની સમજાવું છું. આ દુનિયામાં ઈશ્વર તેની ઇચ્છાથી અવતાર ધારણ કરે છે. સમય બની આપણને સમજાવે છે. સમય પરિવર્તનશીલ છે. કાયમ એક સરખી પરિસ્થિતિ રહેતી નથી. રાજા તે રંક અને જળ ત્યાં સ્થળ થયા વિના રહેતા નથી. ત્યારે જીવનમાં ઉત્સાહ અને ઉમંગને સજાવા યત્ન કેળવવો પડશે. શાળામાં શિક્ષકે પોતાના વિદ્યાર્થીમાં પડેલી કલાને પારખી લઈ, તેના અંતરના આંગણે રસનું

મેઘધનુષ્ય ખીલી ઊઠે તેવો નમ્ર પ્રયાસ કરવો જોઈએ. કલાશકિત વ્યકિતના દિલને સ્નિગ્ધ બનાવે છે. જેના લીધે તોફાની વિદ્યાર્થી પણ સ્નિગ્ધતાના દોરડા વડે કેદ થાય છે. હું ગંભીર વિદ્યાર્થી હોવા છતાં ધોરણ દસમાં ક્રિકેટ કૉમેન્ટરી સાંભળવા વર્ગ છોડીને પણ કોઈવાર જતો રહેતો હતો.

અંધજનમંડળ અમદાવાદમાં તે સમયે બનેલ એક પ્રસંગ યાદ આવે છે. ભારત-પાકિસ્તાન વચ્ચે વન-ડે શ્રેણી ચાલતી હતી. શાળામાં કવિતા લેખનની સ્પર્ધા યોજવાની જાહેરાત અમારા આચાર્ય શ્રી કનુભાઈ ઠક્કરે કરી. માત્ર ચોવીશ કલાકનો સમય આપવામાં આવ્યો હતો. અપાયેલ શીર્ષક પર કવિતા લખવાની હતી. કામ ઘણું કપરું હતું. કારણ સ્વરચિત કવિતા અપાયેલા શીર્ષક પર રચવી સહેલી ન હતી. શીર્ષક સાંભળતા જ ગતાગમ ન પડી. શીર્ષક ''સ્પર્શનું સ્પંદન'' આપવામાં આવ્યું હતું. મેં સ્પંદન શબ્દ પહેલીવાર સાંભળ્યો હતો. તેથી તેના પર કવિતા રચવી એનાથી પણ વધુ અઘરું હતું. ક્રિકેટ કૉમેન્ટરી તો જાણે અમારી રાહ જોતી હોય તેમ, તેની ચિંતા પણ સતાવતી હતી. મેં તેમજ અમારા વર્ગના વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લેવાનું માંડી વાળ્યું. બીજા દિવસના ચાર વાગે ચોવીશ કલાક પૂરા થવાના હતા. લગભગ દસ વાગ્યા હશે. અમારા ધોરણ દસનો એકસ્ટ્રા અંગ્રેજીનો વર્ગ ચાલતો હતો. વર્ગશિક્ષકે ભારે નિરાશા સાથે અમને ઉદ્દેશીને કહયું : ''આજે મારા વર્ગનું નાક વાઢી નાખ્યું. એકપણ વિદ્યાર્થીએ ભાગ ન લીધો. આચાર્યે મને ઠપકો આપ્યો છે. તમે સાલાવ ગમાર છો. તમારામાં રસ-રુચિ દેખાતાં નથી. સોનાણી લખી શકે તેવો વિદ્યાર્થી છે, છતાં તેણે પણ ભાગ ન લીધો.' મેં કહયું : ''સર, મને સ્પંદન શબ્દની ગતાગમ પડતી નથી.' સર બોલ્યા : 'મૂરખ છો ? સ્પંદન એટલે અનુભૂતિ, સંવેદના.'' હું બોલ્યો : 'સર, મને પિરિયડમાંથી મુકિત મળે તો પ્રયત્ન કરું.' મને લગભગ અગિયારના સમયે પિરિયડમાંથી મુકિત આપવામાં આવી. હું કવિતા લખવા બેઠો. વિચારોનું ઘોડાપૂર ઊમટયું. સમય પહેલા કવિતા જમા કરાવાની હતી. વળી કવિતા એક પેજમાં જ લખવાનો નિયમ હતો. સ્પંદન એટલે અનુભૂતિ કે સંવેદના. અનુભૂતિ કરતા સંવેદના શબ્દ વધુ સ્પર્શ્યો. કવિતા તૈયાર થઈ ગઈ. વર્ગશિક્ષકના માધ્યમથી તે નિર્ણાયકો સુધી સમય



પૂરો થાય તે પહેલા બપોરના ત્રણ કલાકે પહોંચી ગઈ. પરિણામ આશ્ચર્યજનક આવ્યું. છેલ્લી પહોંચેલી કવિતા પ્રથમ આવી. વર્ગ શિક્ષકનું નાક વઢાવાના બદલે ગૌરવ વધ્યું. તે કવિતાના શબ્દો હતા :

**સ્પર્શની સંવેદના**

સંવેદના સ્પર્શ તારી ન્યારી,  
તેં ઉગારી અહલ્યા નારી;  
વ્યાપક કેવી તારી કારી,  
દષ્ટિહીનોની ખોલી બારી.  
હૃદય મારું હંમેશ ડોલે,  
તારા નિત આ ગુણગાન બોલે.  
ચેતાઓની મહારાણી,  
સીડી બની આ મનવાની;  
જેથી પામ્યો અક્ષરધાની,  
'ઝગમગ' લખું આ કવિ વાણી.



# ૧૬. અંધજન શિક્ષણનો ઈતિહાસ

**પૂર્વભૂમિકા :**

અંધજન શિક્ષણનો ઈતિહાસ માનવ જીવનના ઈતિહાસ જેટલો જ જૂનો છે. જીવન સંગ્રામ ખેલવા માટે સુદ્રઢ શરીર હોવું અનિવાર્ય છે. આથી ઊલટું જેનું શરીર ક્ષતિગ્રસ્ત હોય તેને જીવનનિર્વાહમાં ડગલે ને પગલે સહન કરવું પડે છે અથવા બીજા પર આધારિત જીવન જીવવા મજબૂર રહેવું પડે છે. એક સમયે અંધવ્યક્તિને સમાજમાં કોઈ મોભાનું સ્થાન મળતું ન હતું. કેટલાક લોકો અનુકંપાની લાગણી દાખવતા હતા. બીજો વર્ગ ઘૃણા પણ કરતો હતો. તેમાંના કેટલાક આવા બાળકનો જન્મ થતા જ ત્યાગ કરી દેતા હતા. તેઓ એમ માનતા હતા કે આવા બાળકને ઘરમાં રાખવાથી તેમને કોઈ ને કોઈ હાનિ થશે. કારણ તેમની દષ્ટિએ આવા લોકો પાપી ગણાતા હતા. પોતાના પાપના લીધે આવી શિક્ષાનો ભોગ બન્યા છે, તેથી વહેલી તકે આવા જન્મેલાં બાળકનો ત્યાગ કરવામાં પરિવારનું ભલું છે તેમ તેઓ માનતા હતા. તેથી દુનિયાભરમાં અનેક અંધજનોને હેરાન-પરેશાન થવું પડ્યું હતું. કેટલાક પરિવારના લોકોએ ત્યજી દીધેલા અંધ બાળકોનો ઉછેર કર્યો હોય તેવી માહિતી પણ ઈતિહાસમાં જાણવા મળે છે. આવી રસપ્રદ જાણકારી આપતા મને ઘણી ખુશી થાય છે.

**ડિડિમસ :**

ઈ.સ.૩૦૮માં ડિડિમસનો જન્મ થયો હતો. લગભગ ચારથી પાંચ વર્ષની વયે તેમણે દષ્ટિ ગુમાવી હતી. લાકડામાંથી કોતરી કાઢેલા અક્ષરો વડે તેમણે શબ્દો અને વાકયો લખવાની શરૂઆત કરી હતી. પરિણામે પાછળથી તેની મદદથી અનેક અંધજનો થોડું-ઘણું શિક્ષણ મેળવતા થયા હતા. સાહિત્યના વિવિધ વિષયો ઉપરાંત તેમણે જયોતિષ વિદ્યામાં પણ વિદ્વત્તા મેળવી હતી. અનેક સનેત્ર વિદ્યાર્થીઓ તેના શિષ્યો પણ બન્યા હતા. તે પૈકી ઘણા મોટું નામ કમાયા હતા.

**સેંટ હાર્વે :**

બીજી મોટી પ્રતિભા હતા. તે ખૂબ મોટા સંગીતકાર બન્યો હતો. તેમના પિતા પણ પ્રજ્ઞાચક્ષુ હતા. માતા ક્રિશ્ચિયન સ્ત્રી હતી. સેંટ હાર્વેના જન્મસ્થળે તેમની



સમાધિ બનાવામાં આવી છે. આજે પણ બ્રિટનમાં દર વર્ષે તે સ્થળે સંગીતકારો ભેગા મળી મોટો ઉત્સવ ઊજવે છે.

**પ્રિન્સ હિટોયાસુ :**

તેમના પ્રયાસથી જાપાનના પ્રજ્ઞાચક્ષુઓને ભીખ માગવાના શાપમાંથી મુકિત મળી હતી. સંગીત અને સાહિત્યનો તે તજજ્ઞ હતો. ચીની અને જાપાની ભાષા પર તેમણે પ્રભુત્વ મેળવ્યું હતું.

**અબ્દુલ-અલ-બલ્મારી :**

બગદાદમાં તેમણે શિક્ષણ મેળવ્યું હતું. તે એક ખ્યાતનામ કવિ હતો. પંડિતો સાથે થયેલી ચર્ચાઓના કારણે તેને ઈશ્વરમાંથી શ્રદ્ધા ઊડી ગઈ હતી. તેથી તેના કાવ્યોના વિષયો :

'શું ઈશ્વરનું અસ્તિત્વ છે ?'

'જિંદગી જીવવા યોગ્ય છે ?'

જેવા રહયા છે. તેમ છતાં તે સમયના કવિઓમાં તેમનું નામ મોખરે હતું.

**પ્રોસ્પેરો ફેંગાની :**

જન્મ ૧૫૯૦. ધાર્મિક પ્રવૃત્તિનો બાદશાહ ગણાતો હતો. રોમન ચર્ચોમાં મોખરાનું કાર્ય કર્યુ હતું.

**જહોન મિલ્ટન :**

ખૂબ જાણીતો પ્રજ્ઞાચક્ષુ કવિ હતો. કૅંબ્રિજ યુનિવર્સિટીનો સ્નાતક વિદ્યાર્થી હતો. પોતાની લાગણીઓ દર્શાવા તેમણે ''ધ પેરેડાઇઝ લોસ્ટ'' કાવ્ય સંગ્રહ આપ્યો છે. જે ખૂબ જાણીતો અને ઉપયોગી સંગ્રહ પુરવાર થયો છે.

**જહોન મેડકાફ :**

ઇંગ્લૅન્ડના ઉત્તર ભાગમાં ઈ.સ.૧૬૭૦માં તેનો જન્મ થયો હતો. માત્ર છ વર્ષની વયે તેમણે દષ્ટિ ગુમાવી હતી. બાળપણથી જ નેત્રહીન હોવા છતાં તે ગમે ત્યાં જાતે આવન-જાવન કરી શકતો હતો. પાછળથી તે ઉત્તમ વાયોલિનવાદક તરીકે જાણીતો થયો હતો. વળી, તે એક હોશિયાર તરવૈયો હોવાથી તેમણે ઓગણીશ વર્ષની વયે સમુદ્રની ૨૦૦ કિ.મી.ની મુસાફરી સફળતાપૂર્વક પૂરી કરી

હતી. તે એક ઉત્તમ ઘોડેસવાર પણ હતો. તેમની ઘોડેસવારીથી પ્રભાવિત થઈ, એક યુવતી અચાનક આકર્ષાઈ જહોન મેડકાફને વરી હતી. આ યુવતી એક કલાક બાદ અન્ય યુવકને પરણવાની હતી. જહોન મેડકાફ જંગલમાં ભૂલા પડેલા લોકોને માર્ગ બતાવાનું કાર્ય કુશળતાથી કરતો હતો. તેમણે ભોમિયા તરીકેની કામગીર કરી બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા. જહોન મેડકાફની શોધથી પાકી સડકના બાંધકામક્ષેત્રે એકનવી ક્રાંતિ આવી હતી. ટકાવ રસ્તા બનાવાના કાર્યમાં મોટો ફેરફાર આવ્યો છે, તેમાં તેમનું ઘણું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. તેમણે ભાંગેલા પથ્થરનો ઉપયોગ સડકના બાંધકામમાં શરૂ કર્યો હતો. જેના પરિણામે સમગ્ર વિશ્વમાં ટકાઉ રસ્તાનું નિર્માણ થઈ શકયું છે. તેમણે પોતાના જીવનકાળ દરમિયાન લગભગ પાંચ હજાર પાઉન્ડની કિંમતના આવા પાકા રસ્તા તૈયાર કરી ઉત્તમ ઈજનેરનું ઉદાહરણ પૂરું પાડયું હતું. જહોન મેડકાફની શોધેલી પદ્ધતિ આશીર્વાદરૂપ નીવડી છે.

**ફ્રેંકોઈસ હ્યુબર :**

જન્મ ઈ.સ. ૧૭૫૦ પંદર વર્ષની વયે તેમણે દષ્ટિ ગુમાવી હતી. એટલું જ નહિ બીમારીના લીધે તેને જિનેવા શહેર છોડવું પડયું હતું. ગ્રામ્યવિસ્તારમાં તેમણે વસવાટ કર્યો હતો. ત્યાં તેમણે મધમાખીઓનો અભ્યાસ કરી, તેમના જીવન વિકાસ પર ખાસ શોધ કરી રિપોર્ટ તૈયાર કર્યો હતો. તેની આદતો પર અભ્યાસ કરી તારવેલા સિદ્ધાંતો આજ સુધી ખોટા ઠર્યા નથી. પ્રાણીશાસ્ત્રનો તે ખૂબ જાણીતો વૈજ્ઞાનિક પુરવાર થયો હતો.

**નિકોલસ સૉન્ડર્સન :**

તે એક ગણિતશાસ્ત્રી હતો. ૧૬૮૨માં તેનો જન્મ થયો હતો. વિદ્યાર્થી કાળમાં, સામાન્ય શાળામાં અઘરા દાખલાઓ ગણવામાં મોખરે રહી તેમણે ગણિતમાં પ્રભુત્વ હાંસલ કરી લીધું હતું. વિદ્યાર્થી અવસ્થામાં જ તેમણે સૌ કોઈને પ્રભાવિત કરી દીધા હતા. સર આઈજેક ન્યૂટનના અનુગામી તરીકે નિકોલસ સૉન્ડર્સનને કૅંબ્રિજ યુનિવર્સિટીમાં નિમણૂક આપવામાં આવી હતી. તેમના ''ઓપ્ટિકસ'' ઉપરના લેકચર્સ વિશે લેખકો લખે છે કે : 'માનવજીવનમાં ' ઘણા



ચમત્કારો જોવા મળે છે. એક વ્યકિત કે જેની પાસે પોતાની આંખે જોવાની શકિત નથી, છતાં તે અન્યને પોતાની આંખ કેમ વાપરવી તે શીખવે છે. આ મહાન વૈજ્ઞાનિકે ન્યૂટનના અનુગામી તરીકે કૅંબ્રિજ યુનિવર્સિટીમાં પોતાની સરાહનીય ફરજ બજાવી હતી.

**મેલેની-ડી-સેલિગ્નાક :**

કુશાગ્ર સેલિગ્નાકનો જન્મ ઈ.સ.૧૭૪૧ માં ફ્રાંસમાં થયો હતો. માત્ર બે વર્ષની વયે શીતળાના રોગના લીધે તેમણે આંખોની દષ્ટિ ગુમાવી હતી. તેમણે લાકડાના કોતરેલા અક્ષરો વડે શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. તે કાગળ પર અણીદાર પિન વડે લખી શકતી હતી. એટલું જ નહિ દોરી કે તાર વડે અક્ષાંશ-રેખાંશ પણ તૈયાર કરી લેતી હતી. આ રીતે તેમણે દુનિયાના શહેરો વિશે જાણકારી મેળવી હતી. લાકડાના કોતરેલા અક્ષરો વડે તે કવિતા પણ લખતી હતી. ભૂમિતિ જેવા વિષયમાં પણ તેમણે પ્રગતિ કરી હતી.

**કુમારી મારિયા થેરિસા વોન પેરેડિસ :**

તેમનો જન્મ ઈ.સ. ૧૭૫૦માં વિયેનામાં થયો હતો. ત્યાંના રાજા દ્વારા તેને એક શિક્ષક રોકી શિક્ષણ પૂરું પાડવામાં આવ્યું હતું. થોડા જ સમયમાં તે પિયાનિસ્ટ તરીકે જાણીતી થઈ ગઈ હતી. તેમની કુશાગ્ર બુદ્ધિ જોઈ રાજાએ બસ્સો ફ્રેન્સનું વર્ષાસન બાંધી આપ્યું હતું. તેમની પ્રતિભાથી પ્રભાવિત થઈ અનેક યુવાનો દષ્ટિહીનોને મદદ કરતા થયા હતા. જેના કારણે પ્રજ્ઞાચક્ષુ લોકોના શિક્ષણના નવા દ્વાર ખુલ્યા છે. ફ્રાંસના પેરિસ શહેરમાં આના લીધે વિશ્વની પ્રથમ અંધશાળાનો ઉદય થયો હતો. આમ, સખત મહેનત કરી જ્ઞાન સંપાદન કરનાર મારિયાએ અંધજનોના શિક્ષણનો પાયો નાખ્યો હતો.તેનું શબ્દચિત્ર આલેખવું સરળ નથી. અંધજનના શિક્ષણક્ષેત્રે નવી દિશાઓ ખોલનાર મહાત્મા લૂઈ બ્રેઈલ અને હેલનકેલરને પણ જેટલા ધન્યવાદ આપીએ, તેટલા ઓછા પડે તેમ છે. અનેક વ્યકિતઓના સંઘર્ષથી અંધજનોના શિક્ષણનો સૂર્ય આજે સોળે કળાએ ખીલ્યો છે. અનેક પ્રતિભા વડે, પારસમણિની જેમ શકિતઓ હાથવગી થઈ શકી છે. આમ, અનેક મહાનુભાવોએ અંધજન શિક્ષણની કેડી કંડારી છે. તે દરેક પ્રતિભાને મારા

કોટી-કોટી વંદન.

''નથી જોયો ઈશ્વર પથ્થરમાં કદી મેં,
કહે 'ઝગમગ' સંઘર્ષનો સરવાળો લઈ,
ઊતરી આવતા હશો તમે.''

પથ્થરમાં ભગવાન અર્થાત્ ઈશ્વરના દર્શન કરતા લોકોને મારા સલામ છે. પરંતુ અનેક મર્યાદાઓ સાથે આગળ વધતા લોકોમાં ઈશ્વરના દર્શન કરવાની ટેવ કેળવવા જેવી ખરી. આપણે અનેક પ્રતિભાના જીવન-કવનનો અભ્યાસ કર્યો. તેમાં આપણને જાણવા મળ્યું કે આગળ વધતા લોકોને કોઈ પરમશકિત સહાય કરતી હોય છે. માનવ શરીરમાં સંખ્યાબંધ કોષો આવેલા છે. તે દરેક સ્વતંત્ર રીતે કાર્ય કરવા સક્ષમ હોય છે. નરી આંખે નહિ દેખાતા કોષો ઘણું જ અગત્યનું કાર્ય કરતા હોય છે. તેના વડે શરીરની રચના તૈયાર થાય છે. આવા કોષનું શી રીતે નિર્માણ થતું હશે ? માનવશરીર એ વિશ્વ છે. તેમાં અનેક આકાશગંગાના જીવો  સમાય જાય તેટલું તેનું કદ વિશાળ છે, એટલે કે તેમાં તેટલા જીવો વસે છે. આપણા આંતરમાં પૃથ્વી પર વસતા જીવો જેટલા બેકટરિયા હોય છે. આનો અર્થ તો એ થયો કે ઈશ્વરની લીલા વિના કશુંય સંભવ નથી. તેથી આંખ, કાન કે અન્ય ઈન્દ્રિયોની શકિત હોવી કે ન હોવી બહુ અગત્યનું નથી પણ જે છે તેમાં જ સંતોષ રાખવો વધુ મહત્ત્વનું છે. એક શરીરમાં આટલા બધા જીવો જીવતા હોય તો તેમાં કોનું પરાક્રમ છે ? ઈશ્વરનું બીજા કોનું ! પ્રાણીમાત્ર પર દયા રાખવાનું માણસે જાતે શીખવું પડશે. પાપ-પુણ્યનું ત્રાજવું લઈ આપણે તેનો તોલ કરવાની જરૂર નથી - મને અંધજન શિક્ષણના ઈતિહાસમાંથી આટલું જરૂર શીખવા મળ્યું છે. લૂઈ બ્રેઈલ માત્ર તેતાલીશ વર્ષ જીવ્યા હતા, પણ તેમણે પોતે સંઘર્ષ કરી તેતાલીશ હજાર વર્ષનો પાયો નાંખ્યો છે. હું અને તમે નાનકડી નિષ્ફળતા મળે તો નારાજ થઈ જઈએ છીએ. લૂઈની ત્રેસઠ સંજ્ઞાએ વિશ્વમાં અંધજનો માટે ટંકો વગાડી દીધો છે. તેમની શોધના આધારે અંધજનો માટે આજે અનેક ટૅકનૉલૉજી પાંગરી રહી છે. બ્રેઈલલિપિ આપણા વિકાસનું સીમાચિહ્ન પુરવાર થઈ રહી છે, ત્યારે બ્રેઈલલિપિમાં બાળકોની રસ-રુચિ કેળવાય તેવા પ્રયાસ કરવા પડશે.



અમારી શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા દ્વારા તારીખ ૨૭ જાન્યુઆરીથી તારીખ ૩ ફેબ્રુઆરી ૨૦૨૦ સુધી બ્રેઇલ લેખન-વાચન મહોત્સવ ઊજવવામાં આવ્યો હતો. જેમાં શાળાના શિક્ષિકા શ્રીમતી કીર્તિદાબેન ભટ્ટ, પૂનાભાઇ દેવધા, લલિતાબેન કંટારિયા, રમેશભાઈ બારડે ભારે રસ દાખવ્યો હતો. આ મહોત્સવમાં મેં જ્ઞાન સાથે ગમ્મતનો અભિગમ અપનાવી બાળકોને સતત બે કલાક સુધી ઉપરોકત દિવસો દરમિયાન બ્રેઇલની વિવિધ પદ્ધતિ દ્વારા શિક્ષણ આપ્યું હતું. તેમાં બાળકોને ખૂબ મજા પડી હતી. બાળકોના જૂથ બનાવી બ્રેઈલના ટપકાં બનાવ્યા હતા. રમૂજી શૈલીથી ટપકાં ઉપસાવાનો નવતર પ્રયોગ કર્યો હતો. જેનું પરિણામ ખૂબ જ સારું મળ્યું છે. બ્રેઇલ ટપકાની શીઘ્ર કવિતાઓ બનાવી ગવડાવી હતી. જેના કારણે બાળકોનો ઉત્સાહ વધી ગયો હતો. ગિજુભાઇ બધેકાએ સામાન્ય શિક્ષણમાં આવા ઘણા નવતર પ્રયોગો કર્યા હતા. તેનો હેતુ બ્રેઈલલિપિના શિક્ષણમાં તેનું અનુકરણ કરવાનો હતો. બાળકોમાં બ્રેઈલલિપિ શીખવાનો ઉત્સાહ જાગે તેવા જોડકણાં રચી વર્ગખંડમાં શિક્ષણકાર્ય કરવામાં આવ્યું હતું. વિવિધ પ્રયોગો સાથે બાળકોને બ્રેઈલલિપિની ટૅકિનકો શીખવવાનો પ્રયત્ન કર્યો હતો. અંધજન શિક્ષણના ઈતિહાસમાં પણ આવા પ્રયાસો થયા છે. જેમ કે મીણમાંથી અક્ષરો તૈયાર કરવા, દોરડા પર ગાંઠોવાળી અક્ષરો કે શબ્દો રચવા જેવા અનેક પ્રયોગો કરવામાં આવ્યા હતા. જેના કારણે અંધજન શિક્ષણનો વિકાસ શકય બન્યો છે. શિક્ષણમાં અવનવા પ્રયોગો થતા જ રહેવા જોઈએ. ટૅકનૉલૉજી પણ એક પ્રયોગ છે. પ્રયોગની કેડી કંડારનાર વીરપુરષો અને વીરાંગનાઓને મારા સલામ...

'સલામ... સલામ... સલામ...
મેરે દોસ્તો, તુમ્હે સલામ.'

## ૧૭. મમતાનો સાગર

પ્રેમ, લાગણી, સંવેદના, સ્નેહ અને મમતાનો સરવાળો એટલે માતા અર્થાત્ જનેતા.

કવિ બોટાદકર કહે છે :

'મીઠાં મધુ ને મીઠા મેહુલા રે લોલ
એથી મીઠી તે મોરી માત રે
જનનીની જોડ સખી ! નહીં જડે રે લોલ ○

પ્રભુના એ પ્રેમ તણી પૂતળી રે લોલ,
જગથી જુદેરી એની જાત રે... જનનીની ○

અમીની ભરેલ એની આંખડી રે લોલ,
વ્હાલનાં ભરેલાં એના વેણ રે... જનનીની ○

હાથ ગૂંથેલ એના હીરના રે લોલ,
હૈયું હેમંત કેરી હેલ રે... જનનીની ○

દેવોને દૂધ એનાં દોહ્યલા રે લોલ,
શશીએ સીંચેલ એની સોડચ રે... જનનીની ○

જગનો આધાર એની આંગળી રે લોલ,
કાળજામાં કૈંક ભર્યા કોડ રે... જનનીની ○

ચિત્તડું ચડેલ એનું ચાકડે રે લોલ,
પળના બાંધેલ એના પ્રાણ રે... જનનીની ○

મૂંગી આશિષ ઉરે મલકતી રે લોલ,
લેતાં ખૂટે ન એની લ્હાણ રે... જનનીની ○

ધરતીમાતાચે હશે ધ્રૂજતી રે લોલ,
અચળા અચૂક એક માચ રે... જનનીની ○



ગંગાનાં નીર તો વધે-ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે... જનનીની ○

વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ,
માડીનો મેઘ બારે માસ રે... જનનીની ○

ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,
એનો નહિ આથમે ઉજાસ રે.
જનનીની જોડ સખી ! નહીં જડે રે લોલ.'

કવિની ભાવનાને સંક્ષિપ્તમાં વ્યકત કરીએ તો સંસારભૂમિ પર માતાની બરોબરી કરી શકે તેવી એક પણ વ્યકિત મળવાની કોઈ સંભાવના નથી. ગંગા-ચમુનાના પ્રવાહના નીરમાં વધ-ઘટ થઈ શકે છે, પણ માતાનો પ્રેમ અવિચળ હોય છે. ગમે તેવી પરિસ્થિતિમાં તેમાં ફેરફાર થતો નથી અર્થાત્ તેમાં ભરતી-ઓટ આવતી નથી. બાહ્ય રીતે ગુસ્સે દેખાતી માતા ભીતરમાં પ્રેમના પુષ્પો ઉગાડતી હોય છે. અંતરમાં વિકાસ પામતા લાગણીના છોડ પર ઊગી નીકળેલી કળીઓ ખીલી ઊઠવા ઉતાવળી હોય છે. તેને પોષવા પ્રેમની સરિતામાં ઘોડાપૂર ઊમટે છે. બાળકના વિકાસ માટે માતા કઠોર બનવાનો અભિનય પણ કરતી હોય છે. જનેતા પોતાના બાળકને દુઃખી જોઈ શકતી નથી. તે પોતાના બાળકને કદી પણ દુઃખ પહોંચાડતી નથી.

'રડું છેક તો રાખતું કોણ છાનો ?
મને દુઃખી દેખી દુઃખી કોણ થાતું ?
મહા હેતવાળી દયાળી જ મા તું.
સૂકામાં સુવાડે ભીને પોઢી પોતે,
પીડા પામું પંડે, તજે સ્વાદ તો તે,
મને સુખ માટે કટુ કોણ ખાતું ?
મહા હેતવાળી દયાળી જ મા તું.

લઈ છાતી સાથે બચી કોણ દેતું ?

મહા હેતવાળી દયાળી જ મા તું.'

ઉકત પંકિતઓમાં કવિએ માતાનું સ્પષ્ટ શબ્દચિત્ર આલેખ્યું છે. માતા પોતાના બાળકને એક પણ દુઃખ સહન કરવું ન પડે તેની પૂરેપૂરી કાળજી રાખે છે. બાળકને સૂકામાં સુવડાવે છે, પણ પોતે ભીનામાં સૂવાનું પસંદ કરે છે. માણસની જેમ અન્ય પ્રાણીઓ અને પક્ષીઓ પણ પોતાના બચ્ચાના ઉછેર માટે ઘણી કાળજી લેતા હોય છે. માટે આપણે ત્યાં કહેવાય છે, 'મા તે મા, બીજા વગડાના વા' માની તુલના કોઈપણ સાથે થઈ શકે નહિ. માતા અને બાળકોનો અતૂટ સંબંધ ગર્ભમાં, પિંડબીજનું નિર્માણ થતા જ રચાય છે. આ સમય દરમિયાન માતા જે હરકતો કરતી હોય છે, તેની સીધી અસર ગર્ભમાં ઉછરતાં બાળક પર થાય છે. મહાભારતમાં સુભદ્રા વિશે એક વાર્તા ખૂબ જાણીતી છે :

ભગવાન કૃષ્ણ બહેન સુભદ્રાને સાત કોઠાની વાર્તા સંભળાવતા હતા. પરંતુ સુભદ્રાજી અચાનક ઊંઘી જતા વાર્તા અધૂરી રહી જાય છે. પરિણામે ગર્ભમાં વિકાસ પામતો બાળક છેલ્લા કોઠાયુદ્ધની વિદ્યા જાણી શકતો નથી. તેથી સાતમા કોઠામાં જ્ઞાનના અભાવે વીર અભિમન્યુનો ઘોર પરાજય થાય છે. આમ, સત્સંગ અને સંસ્કાર વડે માતાના ગર્ભમાંથી જ બાળકની કેળવણીનો પ્રારંભ થઈ જાય છે. એટલે માતાની કેળવણીનું મહત્ત્વ દર્શાવતી, એક કહેવત ખૂબ જાણીતી બની છે : ''એક માતા સો શિક્ષકની ગરજ સારે છે' એટલે કે એક માતા સો શિક્ષકો શીખવે તેના કરતા પણ વધુ શીખવતી હોય છે. કોઈપણ માતા બાળકના ઘડતર માટે સતત ચિંતિત રહેતી હોય છે. મળેલી દરેક ક્ષણનો ઉપયોગ કરી, તે પોતાના બાળકને કેળવણી આપવાનું ચૂકતી નથી. અભણ કે અશિક્ષિત માતા પણ પોતાના બાળકની ઉત્તમ શિક્ષકા છે. ભલે વિદ્યા પ્રાપ્તિ માટે આપણે સતત ગુરુની ખોજમાં રહેતા હોઈએ, પણ ખરી કેળવણી તો આપણને માતા જ આપે છે. માતા પાસેથી આપણને પ્રથમ પાંચ વર્ષમાં જે શીખવા મળે છે, તે જિંદગીના બાકીના વર્ષોમાં મળતું નથી. માતા તરફથી આપણને જે મળ્યું હોય, તેને આપણા શિક્ષકો કે માર્ગદર્શકો સુવ્યસ્થિત કરતા હોય છે ; નવું શીખવતા નથી. અહીં શીખવું એટલે,



માહિતી પ્રાપ્ત કરવાનો સંકુચિત અર્થ નથી. શીખવું અથાત્ વ્યકિતત્વનું ઘડતર કરવું. જીજાબાઈના હાલરડાંએ કેવી કમાલ કરી હતી ! શિવાજી મહારાજને પારણામાં મળેલા સંસ્કાર કેટલી ઊંચાઈ પ્રદાન કરી શકયા હતા, તેની ઈતિહાસ સાક્ષી પૂરે છે. માતા પોતાના બાળકના ઉછેર માટે ઘણો રોલ ભજવતી હોય છે. તબીબ, શિક્ષક, પોલીસ અને મિત્ર જેવી અનેક ભૂમિકા ભજવી પોતાના બાળકનો ઉછેર કરે છે. બાળક માંદું પડે તો તેની દેશી ઉપચારો વડે સારવાર કરે છે. સાજું થતા જ તેને જીવનશિક્ષણના પાઠ ભણાવા લાગે છે. વળી, બાળક જો તોફાન કરે તો તેની સોટી લઈ, ખબર લેતા પણ તે ખચકાતી નથી. આનંદ કલ્લોલ કરતા બાળક સાથે માતા રમકડાં વડે રમવા પણ લાગે છે, એટલે આપણે ત્યાં કહેવાય છે : માતાની તોલે કોઈ આવી શકે નહિ. કારણ કે સમય આવ્યે તે એક તબીબ બની જાય છે. કોઈવાર બાળકને નવું-નવું શીખવવા શિક્ષક પણ થઈ જાય છે. શિક્ષાના પાઠ ભણાવા કઠોર પણ બની શકે છે. બાળક સાથે બાળક બની રમી પણ શકે છે. માતાનું શબ્દચિત્ર આલેખવું હોય, તો ભાષાનો ખજાનો ખાલી કરવો પડે. ખજાનો ખાલી થવા છતાં શબ્દચિત્ર અધૂરું રહે છતાં માતાના ઋણમાંથી મુકત થવાના પ્રયાસરૂપે યત્કિંચિત પ્રયત્ન કર્યો છે.

ખૂબ નાની વયે માતાનું છત્ર ગુમાવ્યું હતું. તેથી 'ગોળ વિના મોળો કંસાર અને માતા વિના સૂનો સંસાર' કહેવત હું અનુભવી રહ્યો છું. માતાની ગેરહાજરીમાં પિતાએ કદી પણ ગોળ વિનાનો મોળો કંસાર જમાડયો નથી. એટલે કે પિતાએ મારા ઉછેરમાં નાનકડી કમી પણ આવવા દીધી નથી. પરંતુ અહીં વિષયાંતર કરવા ઈચ્છતો નથી. માતાની વિદાય ઘણી વસમી હતી. ખાવાના સાંસા પડી જતા હતા. ભૂખ કરતા ગુમાવેલી માનો પ્રેમ મને વધુ પીડા આપતો હતો. મારી હાલત ખૂબ જ નાજુક અને દયનીય બની ગઈ હતી. આભ ફાટે ત્યારે તેને થીંગડું દેવા જઈ શકાતું નથી, તેમ મારે પણ સમય સાથે લડવાનું હતું. ઈશ્વર અનેક મિત્રોના હૃદયમાં સવાર થઈ મારી મદદે આવી પહોંચ્યો હતો. તેની કૃપા વડે નિયત મંજિલના માર્ગ પર મારી યાત્રા ચાલતી રહી છે. યાત્રામાર્ગના અવરોધોમાંથી હું એટલું જરૂર શીખ્યો છું : પારસમણિ લોખંડને સુવર્ણ બનાવે છે પણ એક જનેતા પાપી જીવને ઈશ્વર બનાવી

શકે છે, કારણ કે તે સંસ્કારની સરિતા છે. નદી આપણા શરીરના મેલને ધોઈ શુદ્ધ બનાવી દે છે, તેમ માતારૂપી સરિતા આપણા જીવાત્માને ચોંટેલી કર્મની અશુદ્ધિથી મુકત કરી શકે છે. કાશ ! મને આવું સદ્ભાગ્ય સાપડયું હોત તો માતાની લાગણીને પામી તરબતર થયો હોત. નાની વયે માતાનું છત્ર ગુમાવવાના લીધે, પ્રેમની સરિતાના સ્નાનથી વંચિત રહેલો હું માતા વિશે શું લખવાનો હતો ? આવા ડરના લીધે મેં મારા પ્રસિદ્ધ થયેલા ત્રણ પુસ્તકોમાં માતા વિશે એક પણ પેરેગ્રાફ લખવાની હિંમત કેળવી નથી. મારા સારસ્વત મિત્રો કહેશે તો પછી તમને અચાનક માતા વિશે લખવાનો પાનો કેમ ચડી ગયો છે ? કહું છું ભાઈ, જરા ધીરજ તો રાખો. થોડા સમય પહેલા વૈષ્ણવજન પદનું રસદર્શન કરાવવા મેનાબા જાડેજાનું સૂચન વ્હોટ્સ એપ પર સાંભળવા મળ્યું હતું. ગાંધી નિર્વાણ દિવસને અનુલક્ષીને હું કશુક લખવા મથતો જ હતો. ‘ભાવતું હતું ને વૈદે ક્હ્યું’ મેનાબાનું સૂચન મળતા જ મારા ઑર્બિટનાં બટન કૂદાકૂદ કરવા લાગ્યા. લેખ પૂરો થઈ, પ્રસિદ્ધ પણ થયો. લેખ સાંભળી વળી મેનાબાએ એક વધુ સૂચન કરી નાખ્યું. સર માતા વિશે તમે કશું લખો તો સારું, કારણ કે માતાના આપણા પર ઘણા ઉપકાર હોય છે. તેથી માતાની લાગણીને પણ શબ્દદેહ મળવો જોઇએ. મેનાબાને કયાં ખબર હતી કે ‘ખાખરાની ખિસકોલી, આંબાના રસ વિશે શું જાણે ?’ છતાં સારસ્વતવાચક કે શ્રોતાને અવગણી શકાય નહિ, તેમ સમજી મેં મારું અજ્ઞાન પ્રગટ કરવાનું જોખમ ઉઠાવ્યું છે. છતાં બાળપણમાં મારા પર માતાના જે ઉપકારો રહ્યા હતા, તેના આધારે હું એટલું તો જરૂર કહી શકું છું કે સમુદ્ર ખૂબ ખારો ધુધવા જેવો હોય છે, પણ માતા મમતાના સ્નેહથી ઊભરાતો મીઠો સાગર છે. તેનો જોટો જગતમાં જડતો નથી. તે પ્રેમના તાંતણે પરિવારના સભ્યોને એકમેકની સાથે જોડે છે. મારી જનેતા અજવાળીબહેનના અજવાળે મારી નાવ સંસારરૂપી સાગરમાં પોતાનું અંતર ધીમી ગતિએ કાપી રહી છે. તેના પ્રકાશ વડે મારી મંજિલનો કિનારો શોધવામાં સરળતા રહેશે, તેવી મને શ્રદ્ધા છે. માતાના સ્નેહનું જળ વ્યકિતના પૂર્વ જન્મના ખોટા સંસ્કારોની ધોલાઈ કરી, સદ્ગુણોનું સિંચન કરે છે. કવિ બોટાદકર કહે છે :



‘મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ
એથી મીઠી તે મોરી માત રે જનનીની જોડ સખી ! નહિ જડે રે લોલ.’

મીઠી સાકર અથવા વરસાદ આપણને ઘણો મીઠો લાગે છે. વળી, માતાનો પ્રેમ તો તેનાથી પણ મીઠો હોય છે. તેથી તેની સરખામણી કોઈપણ સાથે થઈ શકે નહિ. કવિની માતા પ્રત્યેની લાગણી સમજવા જેવી છે. પરંતુ વર્તમાન સમયમાં ગંગા ઊલટી વહે છે. કારણ કે એક માતા ચાર સંતાર ઉછેરી શકે છે, પણ ચાર સંતાન એક માતાનું પાલન કરી શકતા નથી. બાગબાન ફિલ્મ ઘર-ઘરની કહાની બની ગઈ છે. માતા-પિતાને પાલવવા કોઈને ગમતા નથી. સાસુ-સસરા માટે જમાઈ પાણી-પાણી થઈ જાય છે. જમાનો બદલાઈ રહયો છે. ભેળસેળિયા ખોરાકે સંસ્કારોનું નિકંદન કાઢયું છે, ત્યારે બદલાતા જમાનાને આપણે તિલાંજલિ આપવી પડશે. આપણી સંસ્કૃતિનું આપણે જતન કરવું પડશે. સંસ્કૃતિ આપણી ઓળખ છે તો સંસ્કાર આપણો પરિચય છે. એટલે આપણે ત્યાં એક કહેવત ખૂબ જાણીતી બની છે.

‘પુત્રનો પગ પારણામાંથી અને
વહુનો પગ બારણામાંથી ઓળખાઈ જાય છે.’

અર્થાત્ પુત્ર પારણાંમાં હોય અને વહુ નવી આવી હોય તો પણ તેના લક્ષણોથી પરખાઈ જાય છે. બંનેનો પરિચય આપણને પ્રારંભથી જ થઈ જાય છે. સંસ્કારની પાઠશાળા એવી માતા વિના સંસ્કાર અર્થાત્ સંસ્કૃતિનો ઉદ્ધાર થઈ શકતો નથી. તે નિર્વિવાદ બાબત છે. માતા સંસ્કાર અને સંસ્કૃતિની ફેકટરી પણ છે. દયા અને કરુણાની મૂર્તિ છે. સંવેદનાની શોભા એવી માતા કવિને ભોળી લાગે છે. માટે કવિ ગાય છે :

તૂ કિતની અચ્છી હૈ, તૂ કિતની અચ્છી હૈ, પ્યારી પ્યારી હૈ,
ઓ માઁ, ઓ માઁ, ઓ માઁ, ઓ માઁ ।
યહ જો દુનિયા હૈ, વન હૈ કાંટો કા, તૂ ફૂલવારી હૈ,
ઓ માઁ, ઓ માઁ, ઓ માઁ, ઓ માઁ ॥

દુખન લાગી હૈં માઁ તેરી અખિયાઁ,
મેરે લિયે જાગી હૈ તૂ સારી રતિયા ।
મેરી નિંદિયા પે અપની નિંદિયા ભી તૂને વારી હૈ,
ઓ માઁ, ઓ માઁ, ઓ માઁ, ઓ માઁ ॥

અપના નહીં તૂજે સુખ-દુઃખ કોઈ,
મૈં મુસ્કાયા તૂ મૂસ્કાયે મૈં રોયા તૂ રોઈ ।
મેરે હસને પે મેરે રોને પે તૂ બલિહારી હૈ,
ઓ માઁ, ઓ માઁ, ઓ માઁ, ઓ માઁ ॥

માઁ બચ્ચો કી જા હોતી હૈ,
વો હોતે હૈં કિસ્મત વાલે,જિનકી માઁ હોતી હૈ ।
કિતની સુન્દર હૈ, કિતની શીતલ હૈ, ન્યારી ન્યારી હૈ,
ઓ માઁ, ઓ માઁ, ઓ માઁ, ઓ માઁ ॥

'રાજા ઔર રંક' ફિલ્મીગીતનાં શબ્દો હૃદય ફાડી નાખે તેવા છે. જગતમાં મા કોઈપણ બાળક માટે ઈશ્વર બનીને આવતી હોય છે. સાહિત્યમાં માતા વિશે આપણા સાહિત્યકારોએ ખૂબ લખ્યું છે. એક હાસ્ય કલાકાર માતા વિશે વ્યંગ કરી કહે છે : 'હે મા, તું મને છોડી ભગવાનને પ્યારી થઈ ગઈ છો. મારો બાપ બીજી મસ્ત મજાની મા લઈ આવ્યો છે. તે નવી માના ખોળામાં બાપની હાજરીમાં લાડ કરવાની ખૂબ મજા આવે છે, પણ કોઈવાર મારો બાપ બહારગામ ગયો હોય અને હું તોફાન કરું તો મારી નવી મા ખીજાય છે, ઠપકો આપે છે. કોઈવાર થોડો મેથીપાક પણ આપે છે. મને ખાવા નહિ આપું તેમ કહી ખરેખર ખાવા આપ્યા વિના ઊંઘી જાય છે. એટલે કે મારી નવી મા સાચા બોલી છે. ના કહે એટલે મને ખાવા આપતી નથી. મા તું પણ મારા પર ગુસ્સે થઈ આવું ઘણીવાર બોલતી હતી. વળી, થોડીવારમાં બધું ભૂલી જતી હતી. મને જમવાનું આપતી હતી. મેં મારા બાપને પણ કહી દીધું છે કે તું સાવ ખોટી હતી. નવી મા વચનપાલક છે. જમવાની ના કહ્યા પછી કદી જમવાનું પણ પૂછતી નથી. જૂની મા વારંવાર ના કહેવા છતાં દરેકવાર મને જમાડયા વિના



સૂવા દેતી ન હતી. તેથી હું તને સાવ ખોટી મા કહું છું. ના પાડી હોવા છતાં જમાડે તે મા તો ખોટી જ કહેવાય ને ? મારી વાત સાંભળી, હે મા ! મારો બાપ ચોધાર આંસુએ રડતો હતો.' હાસ્ય કલાકારનો વ્યંગ ઘણું કહી જાય છે. જનેતા પોતાના બાળકને કદી ભૂખ્યો સુવડાવતી નથી એટલે તેને ઈશ્વરની ઉપમા આપણા સાહિત્યકારો આપે છે. ઈશ્વર ભલે આપણને ગમે તેવા દુઃખ મોકલી આપણી પરીક્ષા કરતો હોય, તેમાંથી ઉગારવાનું કામ પણ ઈશ્વર પોતે જ કરતો હોય છે. જીવની શી તાકાત છે ?'

મમતાનો સાગર બની ધરતી પર ઊતરી આવેલી,
મારી જનેતા અજવાળીબહેન અને
સમગ્ર વિશ્વની માતાઓને મારા શત-શત વંદન...



## ૧૮. જન્મદિવસની ભેટ

શા માટે જન્મ દિવસની ઉજવણી કરવામાં આવે છે ? જિંદગીનું એક વર્ષ ગુમાવવાની ઉજવણી શા માટે માટે કરવામાં આવતી હશે ? પ્રશ્ન અંતરને કોરી ખાય છે. મોંઘો માનવદેહ છોડવાની મહેતલની મંજિલનું વટાવેલું એક પગથિયું એટલે કે જિંદગીનું વિતેલું એક વર્ષ. મળેલા આયખાનું એક વર્ષ ઓછું થયું છતાં આપણે દર વર્ષે આવતા જન્મદિવસની ઉજવણી કરવા આટલા ઉત્સુક કેમ હોઈએ છીએ ! ભીતરની ભૂગોળ તપાસવા મારો માયલો હંમેશા ઉતાવળો બનતો હોય છે. પૃથ્વીની સપાટી જેવી ભીતરની ભૂગોળ સપાટ માર્ગો ધરાવતી નથી, તેથી તેની યાત્રા ઘણી કપરી અને દુર્લભ હોય છે. જોકે દરેક વ્યક્તિ તેના માટે સમર્થ હોતો નથી. ઢોળાવવાળા માર્ગ પર યાત્રા કરતા પહેલા આપણે કેટલીક સાવચેતી રાખતા હોઈએ છીએ. જે વાહનમાં આપણે યાત્રા કરવા ઇચ્છતા હોઈએ છીએ તે વાહનની સર્વિસ કરાવી, નીકળવાનું પસંદ કરીએ છીએ. કારણ કે સર્વિસ થયેલું વાહન દુર્ગમ માર્ગ પર પણ અટકી પડતું નથી. એટલે કે સર્વિસ થયેલું વાહન, આપણને યાત્રામાર્ગમાં ગમે તેવા અંતરાયો હોવા છતાં ગંતવ્ય સ્થળ સુધી લઈ જાય છે. ભીતરની યાત્રા વિચારરૂપી વાહન દ્વારા કરી શકાય છે. ભીતરની યાત્રાએ નીકળવા ઇચ્છતા મુસાફરે વિચારરૂપી વાહનની માવજત કરવી પડે છે. તે પરિપક્વ બને પછી ભીતરની ભૂગોળ પર પોતાની યાત્રાનો આરંભ કરવો જોઈએ. પરિપક્વ વિચાર ભીતરની દુનિયાના રહસ્યો ખોલી આપે છે. વિચારરૂપી વાહન રહસ્યો ઉકેલવાનો માર્ગ શોધી કાઢે છે. વિચારરૂપી વાહન ઉત્સાહની ઊર્જા વડે અંતર પ્રદેશમાં ગતિ કરવા લાગે છે. વણખેડાયેલાં વિસ્તારોની યાત્રા કરી અનેક રહસ્યમય સત્યો ખોળી કાઢે છે.

**જન્મદિવસની ઉજવણી શા માટે :**

ગર્ભમાં ઊંધા માથે નર્કમાં વિકાસ પામતો જીવ પ્રભુને કહે છે : ‘હે ઈશ્વર, તું દયાળુ છો, આ નર્કમાંથી મને ઉગારી લે. હું જિંદગીભર તારો આભાર માનીશ. સેવાપૂજા અને તારી સ્તુતિ કરીશ, કર્મ બજાવી તારી જીવસૃષ્ટિનું રક્ષણ કરીશ.’ પરમ કૃપાળુ પરમાત્માને શિશ નમાવી ભીતરની ભૂગોળ જાણવા પ્રભુ પ્રાર્થું છું.



‘‘સર્જનહારી કલ્યાણકારી, દર્શન દો પ્રભુ વારી-વારી;
મૃત્યુ-લોકની માયા ન્યારી,
લાગે અમને તે અતિ પ્યારી,
સર્જનહારી કલ્યાણકારી
શી શણગારી સૃષ્ટિ તારી,
તેના આભૂષણ નર ને નારી;
અકળગતિ પ્રભુ તારી ન્યારી,
સમજમાં વિભુ ના’વે મારી.
સર્જનહારી કલ્યાણકારી.
ભકિતભાવને દિલમાં ભરજો,
મન-મંદિરિયે મુજને મળજો;
‘ઝગમગ’ને પ્રભુ માનવ કરજો,
ભકિત ભજતાં લાગે પ્યારી,
સર્જનહારી કલ્યાણકારી.’

પ્રાર્થનાના શબ્દો પ્રકાશ બની, ભીતરની ભૂગોળનો માર્ગ ચીંધવા મારા અંતરમાં જાગેલા, પ્રશ્નનો ઉત્તર આપતા હોય તેમ લાગે છે. અંડકોષ અને શુક્રકોષના મિલનથી પિંડબીજનું નિર્માણ થાય છે. જેમ-જેમ સમય પસાર થાય છે, તેમ-તેમ તેનો વિકાસ થવા લાગે છે. ચાર માસમાં તો શરીરના તમામ અંગો, ઉપાંગો, મગજ અને બુદ્ધિનો વિકાસ પૂર્ણપણે થઈ જાય છે. ત્યારબાદનો સમય માતાના ગર્ભમાં પસાર કરવો બાળક માટે ઘણો કઠિન હોય છે. આ અવસ્થામાં જીવને તેના પાછલા સો જન્મોની સ્મૃતિ થાય છે. અસત્યો આચર્યા હોય તે યાદ આવતા હોય છે. પાપ-પુણ્યના ત્રાજવે જીવ તુલના કરવા લાગે છે. ઈશ્વરકૃપાથી લેખાંજોખાં કરી શકે છે. જીવ માતાના ઉદરમાંથી મુકત થવા ઈશ્વરને પ્રાર્થના કરે છે. અંધારી કોટડીમાં ગોંધાયેલો જીવ આકુળવ્યાકુળ હોય છે. માતા તીખો તમતમતો ખોરાક લે તો ઉદરમાં ઉછરી રહેલ બાળકને પીડા સહન કરવી પડે છે. ઉદરના જીવો ઉછેર પામતા બાળકને ચટકા ભરી દુઃખી કરી દે છે. ઉદરના ગંધાતા પ્રવાહીમાં રહેલા

સંખ્યાબંધ જીવો પૂર્વજન્મનો બદલો લેવા આવી પહોંચે છે, ત્યારે જીવને બ્રહ્મજ્ઞાન થાય છે. ડાહ્યોડમરો થયેલો જીવ જ્ઞાન, ભકિત અથવા નિષ્કામભાવે કર્મ બજાવાનું વચન આપે છે. ઈન્દ્રિયોને વશમાં રાખી સૃષ્ટિના કલ્યાણ માટે ભોગોનો ત્યાગ કરી કર્મ બજાવા ખાતરી આપે છે. નેવુથી પંચાણુ દિવસની આ અવસ્થા હોય છે. જાગૃત બની જીવ માતાના ઉદરમાં જેટલો સમય વિતાવી શકે છે, તેટલો પરમેશ્વરની ક્ષમા યાચના કરી પશ્ચાત્તાપ કરતો હોય છે. પરંતુ જન્મ થતાં જ જીવ તેની સ્મૃતિ ગુમાવે છે. ધીરે-ધીરે માયાના ફંદમાં પડે છે. માતાના ઉદરમાં ભોગવેલું દુઃખ ભૂલાઈ જાય છે. મોહમાયાનો દાસ બની જીવ મળેલું માનવજીવન ગુમાવે છે. પરિણામે તેને ફરી લખચોરાશી યોનીનો ફોગટ ફેરો મારવો પડે છે. નાવિક સમુદ્રમાં ઉતારુ વગર પોતાની નાવ ચલાવે તો ફેરો ફોગટ જાય છે, તેમ જીવ પણ સંસારસાગરમાં જુદી-જુદી યોનીમાં ભટકતો રહે છે. જીવની અધોગતિ અટકાવવા ઈશ્વર મંજિલરૂપી જન્મદિવસની સોગાદ લાવે છે. આમ કરી તે, માતાના ઉદરમાં આપેલું વચન યાદ કરાવે છે. જેના કારણે દર વર્ષે જન્મદિવસની ઉજવણી કરવાની આપણને પ્રેરણા થતી હોય છે. આજ-કાલ જીવન સાથે વણાઈ ગયેલી પ્રથા કોઈ ચોકકસ તાર્કિક કારણો સાથે અમલમાં આવી હોવાનું હું માનુ છું. ભૂલા પડી ભટકતા માનવદેહ ધરાવતા આત્માને ત્રણસો ચોસઠ દિવસની મેહતલ પૂરી થતા જ પુનઃ યાદ આપવા, જન્મદિવસ ઉજવવામાં આવે છે.

માતાના ઉદરમાં થયેલો ઈશ્વર સાથેનો સંવાદ ભાવ વિના જાણી શકાતો નથી. ઉદરમાં સો જન્મોની સ્મૃતિ ભાવરૂપી સાધન વડે થાય છે. જીવાત્મા જયારે મુંજાય છે, દુઃખી થાય છે, ત્યારે ઈશ્વર પ્રત્યે તેના દિલમાં ભાવ જાગે છે. ઈશ્વર નાના-મોટા દુઃખ સંબંધનો સેતુ જાળવવા માટે મોકલતો હોય છે. પરમાત્મા એમને લગભગ સાડાત્રણ વર્ષ સુધી, જગતને ચર્મચક્ષુ વડે નિહાળવાની શકિત આપી હતી. પરંતુ તેને પાછી લઈ લેવાની ઘટના કોઈ અકસ્માત નહોતી. ખરા અર્થમાં આત્મકલ્યાણ માટેનો એ ચમત્કાર હતો. જેસલ જાડેજાને એકાએક તોરલ તરફ અનુરાગ જાગ્યો તે પણ એક ચમત્કાર હતો. પાપી જીવને ઉગારવા ઈશ્વરે કૃપા કરી તોરલ જેવી પવિત્ર સ્ત્રીનો સંગ કરાવ્યો હશે. તેનું પાપ ધોવા તોરલનું સત્ત્વ અર્પ્યું



હશે. જેના કારણે જેસલ જાડેજા પાપી મટી પીર થઈ પૂજાય છે. હું મારા ચોપનમા જન્મદિવસે આપ સૌ સમક્ષ નમ્રતાપૂર્વક સ્વીકારું છું. જો ભગવાને મારી આંખોનું તેજ ઝૂંટવી લીધું ન હોત તો હું પૈસાનો દાસ બની ધન કમાવા વલખાં મારતો હોત, એનકેન રીતે પૈસો એકઠો કરવા મથતો હોત. આંખોની દષ્ટિ મને વધુ પાયમાલ કરી સ્વાર્થના માર્ગે દોરી ગઈ હોત. વાચક મિત્રો, મારો માયલો કબૂલે છે : ચોપન વર્ષ પ્રભુ એળે ગયા છે. માતાના ઉદરમાં આપેલું વચન નિભાવ્યું નથી. હે પ્રભુ ! પંચાવનમાં જન્મદિવસની ભેટ સ્વરૂપે કર્મ કરવા શકિત તેમજ અનુકંપા આપજો, સમજરૂપી જ્ઞાન આપજે. દુઃખોની ભઠ્ઠીમાં તપાવી આત્માને ચોંટેલી અશુદ્ધિઓ બાળીને ખાખ કરી દેજે. હે પરમશકિતના ભંડાર ! મારા આત્માની અશુદ્ધિઓનું દહન કરી ઉત્તમ કર્મ કરવા મોકો આપજે. કાયર બની હું મુકિત નથી માગતો. પરંતુ સંસારભૂમિના તકતા પર મારો દિગ્દર્શક નિર્દેશ કરે, તેવો અભિનય બજાવવા ઉત્સુક છું. કારણ કે હું જાણું છું રંગમંચના તકતા પર અભિનય કરતા જે થાકતો નથી, તે કલાકાર દિગ્દર્શકના દિલમાં રાજ કરતો હોય છે. તેનાથી ઉલટું રંગમંચ પર રજૂ થનાર કૃતિમાંથી કોઈ બાના નીચે મુકિત માગતો કલાકાર અપ્રિય બની જતો હોય છે. આ સંસાર પણ એક રંગમંચ છે તેથી તેમાંથી મુકિત માગી ઈશ્વરને અપ્રિય બનવાનું જોખમ ઉઠાવવા ઈચ્છતો નથી. કર્મ બજાવી ઈશ્વરની સૃષ્ટિ સજાવવા ઈચ્છું છું. એક નાનકડું કિટાણું કે પતંગિયું પરાગરજનું વહન કરી વનસ્પતિ જગતને વિસ્તારતું હોય તો પછી ઈશ્વરે જેના પર સૌથી વધુ કૃપા કરી છે, તે મનુષ્યની સૃષ્ટિના વિકાસ અને વિસ્તાર માટે કેટલી મોટી જવાબદારી બનતી હશે ? તે વિચારવાનું રહે છે. ઘરમાં પણ આળસુ સભ્ય બધાની નજરમાંથી ઊતરી જાય છે. જન્મમરણના ફેરમાંથી મુકિત માગતો જીવ ઈશ્વરને શા માટે નારાજ કરતો હશે ? આપણા ભકત કવિ નરસી મહેતાએ તો ગાયું છે ને ?

'હરિના જન તો મુકિત ન માગે, માગે જન્મોજન્મ અવતાર રે.'

જે ઈશ્વરની ભકિત કરવા માગે છે, તેને મુકિત માગવાની શી જરૂર છે ? સંસારભૂમિ પર ઈશ્વર કોઈપણ પાત્ર બજાવવા આપણને મોકલે, તે હસતા મોંએ સ્વીકારી લેવું જોઈએ. કારણ કે ગીતાના મતે સૃષ્ટિપતિ બ્રહ્માનો દિવસ થતા જ

સૃષ્ટિનો ઉદય થાય છે. સૃષ્ટિનો ઉદય થતા જ દરેક જીવોએ પોતપોતાનું કર્મ બજાવવા જન્મ ધારણ કરવો પડે છે. એટલે કે દરેક જીવ આ સમય દરમિયાન જુદી-જુદી યોનીમાં અવતાર ધારણ કરી ભ્રમણ કરતો હોય છે. કોઈ જીવ અવ્યકત રહી શકતો નથી. પરમધામમાં ગયેલો જીવ પરમશકિતમાં ભળી જાય છે. સૃષ્ટિના નિર્વાહ માટે પરમશકિતએ પણ કાર્યરત રહેવું પડે છે. તેથી મુકિતની ભ્રમણા અસ્થાને છે, તેમાં પડવા જેવું નથી. એટલે જ કદાચ ભકત કવિ નરસી મહેતાએ ટકોર કરી કહ્યું હશે કે, હરિનો જન મુકિત ન માગે. ઈશ્વરનો ભકત જન્મોજન્મ ભકિત માગે, કાં તો તે સૃષ્ટિને સમર્પિત થઈ નિષ્કામભાવે પોતાનું કર્મ બજાવે. જયારે દ્રશ્ય અને અદ્રશ્ય જગતનું પ્રાગટય પણ થયું ન હતું ત્યારે જીવો અવ્યકત હતા. છતાં બ્રહ્મતત્ત્વ દ્વારા વ્યકત જગતના જીવોનું જતન થઈ રહ્યું હતું. ત્યારબાદ અનાહતનાદની અર્થાત્ બ્રહ્મનાદની ઉત્પત્તિ થઈ હતી. બ્રહ્મનાદ એટલે 'ૐ'. ઓમ્-સોહમનો નાદ છે. તેમાંથી અસંખ્ય સૂર્ય, ચંદ્ર અને તારાઓની ઉત્પત્તિ થઈ છે. સૂર્ય, ચંદ્ર અને તારાઓના લીધે દ્રશ્ય અને અદ્રશ્ય જગત બન્યા છે. આપણે એક રમકડું પણ ખરીદી લાવીએ છીએ, તો કેવા તેની દેખભાળ કરવા લાગીએ છીએ ? તેની સંભાળ પણ રાખતા હોઈએ છીએ ! દ્રશ્ય કે અદ્રશ્ય જગત પણ ઈશ્વરનું રમકડું જ છે. તેને સાચવવા તે હંમેશા તત્પર રહે છે. જગતરૂપી રમકડાનો સાવ નાનકડો હિસ્સો ગણાતો માણસ કોઈપણ પદાર્થમાં આવેલા પરમાણુ જેટલુંય મૂલ્ય ધરાવતો નથી. પરમાણુની સંખ્યાના આધારે પદાર્થ પોચો કે કઠણ છે તેની ઘનતા મુજબ નકકી થાય છે. તેમ દ્રશ્ય જગતની સુંદરતા, તેમાં વસવાટ કરતા જીવોના ગુણધર્મો મુજબ નિશ્ચિત થાય છે. અનાહતનાદમાંથી ઉદ્ભવેલું જગત પ્રકૃતિના ત્રણ ગુણો વડે ચાલે છે. આ ત્રણ ગુણોની ઉત્પત્તિ માયામાંથી થઈ છે. સત્ત્વ, રજો અને તમો ગુણ માયામાંથી ઉદ્ભવ્યા છે. તેમાંથી કોઈપણ મુકત થઈ શકતું નથી. માયા મોહ ઉત્પન્ન કરે છે. મોહથી લાલચ જાગે છે. લાલચ અને લોભના દોરડે બંધાયેલો માણસ જ્ઞાન, ભકિત કે કર્મના માર્ગે ડગ ભરી શકતો નથી. ત્યારે ઈશ્વરે મારા પર કૃપા કરી છે, પંદર માર્ચ બે હજાર એકવીસની સોનેરી સવારે, દિવ્ય દ્દષ્ટિ આપી જન્મદિવસની મૂલ્યવાન ભેટ ધરી છે. આ માટે હું પરમ કૃપાળુ પરમાત્માનો અંતરથી આભાર માનું છું.



રાત્રીના અંધકારની ચાદર સંકોરાઈ રહી હતી. હૃદયના ધબકાર કર્ણપટલ પર ટકોરા મારી કશું કહેવા આજ ઉતાવળા થયા હતા. એળે ગયેલા ચોપન વર્ષનીએ યાદ આપતા હતા. 'કાશ ! ભલા થાકી વિરામ લેવો હોય, એમ પણ બને. ના તેને ટકોર કરવી હોય એમ પણ બને.' ભીતરમાં અનાહતનાદનું સંગીત ગુંજી રહ્યું હતું. એક તરફ આસપાસમાં રહેતા વહેલા ઊઠી ગયેલા લોકોની દિનચર્યા માટે ચાલતી દોડધામનો ઘોંઘાટ અનાહતનાદની મધુરતાને બેસૂરી બનાવતો હતો, બીજી તરફ અંતરના આંગણે શ્રદ્ધાની રંગોળી પૂરવાનું કાર્ય ચાલતું હતું.

''પંદરમી માર્ચની ભલા તેં દિવ્ય દીધી સવાર,
અંતરના આંગણે મોટી જામી હતી ધમાલ,
આવી પહોંચી રિમઝિમ કરતી વિચારના માર્ગે હેલી,
શબ્દની લઈ સોનેરી થેલી,
કાશ 'ઝગમગ' ખૂલ્યું હશે પ્રભાત,
ને પ્રભુ વાત રહી હશે અધૂરી.''



## ૧૯. પરીક્ષા

શાળા-કૉલેજના વિદ્યાર્થીઓની પરીક્ષાઓ ચાલે છે. બીજી તરફ કોરોના (કોવીડ-૧૯)નું તાંડવ ચાલે છે. શિક્ષણ જગત પરીક્ષામય બની જુદી-જુદી પરીક્ષાઓ ગોઠવવાના મૂડમાં હતું, પરંતુ કોરોના (કોવીડ-૧૯) એ શિક્ષણ જગતની આશા, અપેક્ષાઓ પર પાણી ફેરવી દીધું હોય તેમ લાગે છે. પરીક્ષા અંગેના વર્કશૉપ શિક્ષણ જગત દ્વારા યોજાયા પરંતુ તે મુજબ પરીક્ષાનું આયોજન કરવાની કોરોના (કોવીડ-૧૯)એ તક આપી નહિ. ત્યારે બીજા કોઈ વિષય પર વાત કરવાના બદલે મારા જીવનની પરીક્ષા વિશે થોડી વાતો કરવાનું મન થાય છે. આમ તો, માણસ આજીવન વિદ્યાર્થી જ રહે છે. જીવનમાં ડગલે ને પગલે શીખતો માણસ અનુભવના હથોડે ઘડાતો હોય છે. કુંભાર માટલાને ઘાટ આપવા ટપલા મારે છે, તેમ ઈશ્વર પણ અનુભવના હથોડે માણસનું જીવન ઘડતો હોય છે. નાના-મોટા ફટકા ખાઈ માણસ ઈશ્વરના પ્રેમના ટપલા વડે ઘડાતો રહે છે. ચકડોળ જેવી ચાલતી આ પ્રક્રિયાને આપણે કસોટી કે પરીક્ષા તરીકે ઓળખીએ છીએ. જેમ ચકડોળ ચકકર- ચકકર ફરતું-ફરતું ઊંચે જાય છે, તેમ આપણું મન હાલકડોલક થવા લાગે છે. એવી જ રીતે જીવનમાં સુખ-દુઃખની ચડતી-પડતીની ઘટમાળ ચાલતી રહે છે. કોઈવાર ધાર્યું પરિણામ મળતું હોય છે, તો કોઈવાર નિષ્ફળતા પણ મળે છે. ખરા અર્થમાં આ તો છે જીવનની ચડતીપડતી. બીજા શબ્દોમાં કહુ તો નિષ્ફળતા આપણા જીવનનો કોઈવાર રસ્તો બદલી, આપણને વધુ સુખી બનાવવા માર્ગ ચીંધતી હોય છે. ચીંધેલો માર્ગ જે પકડી શકે છે, તેનું જીવન પલટાઈ જાય છે. કાંટાળો દેખાતો માર્ગ સિદ્ધિના સામ્રાજ્ય તરફ દોરી જાય છે. આ માર્ગે કોઈવાર આપણને માનવતાના મુલકમાં પ્રેમનું સિંહાસન પ્રાપ્ત થતું હોય છે.

દેખીતું સુખ જીવાત્માનું પતન નોતરી શકે છે. તેમ છતાં આપણે તેની પાછળ હરણની જેમ જિંદગીભર દોડતા રહીએ છીએ. તેને મેળવવા કાવાદાવા પણ કરતા હોઈએ છીએ. જે આપણા હકનું ન હોય તેના પર કબજો જમાવા પાપના પોટલા બાંધતા ખંચકાતા નથી. આખરે આપણું પતન થાય છે. એટલે કે મળેલો માનવ અવતાર એળે જાય છે. ધન કમાવાનું ગૌરવ જરૂર મળે છે, પણ માનવદેહ



મળવા છતાં આત્મકલ્યાણનો મોકો ગુમાવી બેસીએ છીએ. આત્માને ચોંટેલી અશુદ્ધિઓ દૂર કરવા પુનઃ લખચોરાશીનો ફેરો મારવો પડે છે. તેથી હરણની જેમ ઝાંઝવાના જળ જેવા સુખની પાછળ દોડવાના બદલે આત્માની મુકિત માટે સૃષ્ટિનાં કલ્યાણ માટે કર્મ કરતા રહેવું જોઈએ.

''મને એ સમજાતું નથી કે
હું પૂછું કિરતાર તારે ઘેર કાં અંધેર છે ?
સંતને શૂળી અને દુરિજનને લીલા લહેર છે !
મને એ સમજાતું નથી કે શાને આવું થાય છે ?
ફૂલડાં ડૂબી જતાં ને પથ્થરો તરી જાય છે !''

કોરોના (કોવીડ-૧૯)ની ભયાનક સવારી આવતી હોવા છતાં આપણા રાજકીય નેતાઓ ખરીદ-વેચાણની બજારમાં હડિયું કાઢે છે. જેને પ્રજાએ પોતાના પ્રતિનિધિ તરીકે ચૂંટી કાઢી લોકકલ્યાણ કરવાના કામની જવાબદારી સોંપી છે તેવા નેતાઓ ચલકચલાણું રમવા લાગ્યા. 'પૈસો મારો પરમેશ્વર અને હું પૈસાનો દાસ' ઉકિતને ચરિતાર્થ કરવા આ લોકો મન મનાવી રાતદિવસ કામ કરતા હોય તેમ લાગે છે. આવા લોકોનું  સરનામું કાશ કોરોના (કોવીડ-૧૯)ને મળી જાય તો પૈસો બિચારો શું કરશે તે વિચારવાનો સમય પાકી ગયો છે. મનમાં ઘોળતા વિચારો આત્મચિંતન તરફ દોરી જાય છે. મારા માયલામાં એવું શું સત્ત્વ છે એની ખબર નથી, જે મને અસત્યના માર્ગથી બચાવે છે. આવા રાહ પર જતો અટકાવે છે. એટલે જ સેવાના સંસારસાગરમાં મારી નાવ ગતિ કરી રહી છે.

પૂર્વ ધારાસભ્યશ્રી અમરશીભાઈ પટેલના દુઃખદ અવસાન બાદ મને અંધઅભ્યુદય મંડળના પ્રમુખ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યો હતો. દર ત્રણ વર્ષે અમારી પેનલને બિનહરીફ ચૂંટવામાં આવતી હતી, પણ પાછલા બારણે અમને કેટલાંક લોકો મંડળમાં કારોબારી સભ્ય અથવા હોદ્દેદાર તરીકે ચૂંટણી લડવા ઈચ્છતા હતા, તેવી વાતો જાણવા મળતી હતી. તેથી ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૦ શનિવારનાં રોજ યોજાનાર ચૂંટણીમાં મંડળના દરેક સભ્યો ભાગ લઈ શકે તેવા ઉદ્દેશથી અગાઉથી લેખિતમાં પત્ર પાઠવી દરેક સભ્યને જણાવ્યું હતું કે : જેઓ

મંડળમાં કારોબારી સભ્ય કે હોદ્દેદાર તરીકે જોડાવા ઇચ્છતા હોય, તેમણે ૩૧ જાન્યુઆરી ૨૦૨૦ સુધીમાં પોતાનું ઉમેદવારીપત્ર દાખલ કરી દેવાનું રહેશે. નિયત સમયમાં મળેલ ઉમેદવારીપત્ર માન્ય ઠરશે. માન્ય ઠરેલ ઉમેદવારોની હોદ્દેદાર અથવા કારોબારી સભ્ય તરીકે સામાન્ય સભામાં ચૂંટણી કરવામાં આવશે. એક પણ ઉમેદવારીપત્રક નિયત સમયગાળામાં ભરાયું ન હોવા છતાં, ઘણા લોકો અમારો સંપર્ક કરી કહેતા હતા : ‘અમને પત્ર મળ્યો નથી, તેથી અમને ચૂંટણી લડવાની તક મળી નહિ.’ ઘણાં અસંતોષી મિત્રો સાથે બેઠક કરી મંડળમાંથી ખસી જવાનો નિર્ણય કર્યો. લાભાર્થી અને મંડળના હિતેચ્છુ સભ્યોની લાગણીને માન આપી, મેં મારી પેનલ સાથે ચૂંટણી લડી લેવાનું મન મનાવ્યું. પસંદગીની પેનલ મળે તો કામ કરવાની મજા આવે, તેમ સમજી મેં મારી પેનલના સભ્યો ઊભા રાખવા નિર્ણય લીધો. મંડળની સામાન્યસભામાં પ્રમુખ તરીકે મારી બિનહરીફ વરણી કરવામાં આવી. ઉપપ્રમુખ અને માનદ્‌મંત્રીની ચૂંટણી હાથ ધરવામાં આવી. મારી પેનલના બાબુભાઈ ગોહિલ અને હસમુખભાઈ ધોરડા અનુક્રમે જણાવેલ હોદ્દાઓ પર હરીફ ઉમેદવારોને પરાજિત કરી ચૂંટાઈ આવ્યા. બાકીની પેનલ બિનહરીફ થઈ. આમ, અંધઅભ્યુદય મંડળનું સુકાન અમારી પેનલને આગામી ત્રણ વર્ષ માટે સોંપવામાં આવ્યું છે. જાહેર થયા વિના લેવાયેલી પરીક્ષામાં ઉતીર્ણ થવાનો મને અત્યંત આનંદ છે. કારણ કે બુદ્ધિ અને હૈયા વચ્ચે થયેલા જંગમાં હૈયાનો એ ઝળહળતો વિજય હતો. અંતરના આંગણે ફૂટી નીકળેલા લાગણીના છોડ પર ખીલી ઉઠેલા પુષ્પોની એ મઘમઘમતી મહેક હતી. જરૂરિયાતમંદ પ્રજ્ઞાચક્ષુ લોકોનો યજ્ઞ હતો. પૂર્વે ઋષિમુનિઓ યજ્ઞ પૂર્ણ કરવા તત્પર રહેતા હતા. કારણ કે પહેલાના સમયમાં આવા યજ્ઞોથી લોકોનું ભલું થતું હતું. આજે પણ સેવાયજ્ઞો જરૂરિયાતમંદ લોકો માટે લાભકારક નીવડે છે. તેથી સેવાયજ્ઞને સફળ બનાવવા હું અમારી પેનલને વિજયની વરમાળા પહેરાવવા ઇચ્છતો હતો. જેમાં ઈશ્વરે અમારી લાજ રાખી છે, એટલું જ નહિ ઈશ્વરે તેમ કરી અમને સેવાની ગંગામાં સ્નાન કરવાનો મોકો પણ આપ્યો છે. સમયાંતરે યજ્ઞનું સ્વરૂપ બદલાતું રહે છે. વર્તમાન સમયમાં અગ્નિમાં ઘી હોમવા કરતા, કોઈના અંતરના કોઠે ટાઢક વળે તેવા સેવાયજ્ઞની જરૂર છે. યજ્ઞ



અન્યના ઉત્થાન અને વિકાસ માટે હોય છે. યજ્ઞકર્તાએ પોતાની આહુતિ આપવાની હોય છે. અમારી ટીમે અંધઅભ્યુદય મંડળની સેવાકીય પ્રવૃત્તિઓને જીવંત રાખવાના હેતુથી આગામી ત્રણ વર્ષ માટે જવાબદારી ઉઠાવી છે. આપ સૌની લાગણી અને સ્નેહ અમારા યજ્ઞને પ્રજવલિત રાખશે. ગીતાગાયક ભગવાન કૃષ્ણના મતે યજ્ઞ કરવાથી વરસાદ પડે છે. વરસાદથી અન્ન ઉત્પન્ન થાય છે. અન્નથી જીવનનિર્વાહ ચાલે છે. આમ, યજ્ઞનું આગવું મહત્ત્વ ગીતામાં દર્શાવામાં આવ્યું છે. તેથી કળીકાળમાં યજ્ઞનું બદલાયેલું સ્વરૂપ અકબંધ રહે તેવા ઉદ્દેશથી સેવાયજ્ઞ ચાલતો રહેવો જોઈએ.

કોઈપણ અપેક્ષા વિના બજાવેલી સેવા, યજ્ઞ જેટલું ફળ આપે છે. તેથી હું સેવાના કાર્યને યજ્ઞ તરીકે ઓળખ આપવા ઇચ્છું છું. કળીકાળમાં સેવાયજ્ઞના લીધે સૃષ્ટિના જીવોનું ભરણપોષણ શકય બને છે. પહેલાના ઋષિમુનિઓ ધર્મયજ્ઞ કરતા હતા. ઈતિહાસમાં આપણને અનેક યજ્ઞો વિશે જાણવા મળે છે. જેમ કે અશ્વમેધયજ્ઞ, લક્ષ્યચંડીયજ્ઞ, બ્રહ્મયજ્ઞ, પિતૃયજ્ઞ, દેવયજ્ઞ વગેરે ધર્મયજ્ઞોમાં દાનવો અવરોધો ઊભા કરવા આવી પહોંચતા હતા. આ માટે દેવો અને દાનવો વચ્ચે લોહીલુહાણ યુદ્ધો ખેલાતા હતા. તે સમયે દેવો માટે યજ્ઞ સફળતાપૂર્વક પૂરો કરવો, એક પડકારરૂપ હતું. તેમ છતાં દેવો જીવોના કલ્યાણ અર્થે યજ્ઞ અવશ્ય પૂરો કરવા તત્પર રહેતા હતા. આપણે પણ સેવાના કાર્યને જીવંત રાખવા આવનારી સમસ્યાઓનો સમાનો કરવો જોઈએ. એટલું જ નહિ કહેવાતા વિરોધ સામે ઝૂકયા વિના કાર્ય કરતા રહેવું જોઈએ. અન્યને લાભ પહોંચાડતું હોય તેવું કોઈ પણ કાર્ય અધૂરું છોડવું ન જોઈએ - તેમ સમજી મેં પ્રજ્ઞાચક્ષુ પરિવારના ભલા માટે મંડળની ચૂંટણી લડી લેવા નિર્ધાર કર્યો હતો. લક્ષ્ય વગરના લોકોના હાથમાં સુકાન સોંપવાથી સેવાનો સૂર્ય અકાળે અસ્ત પામતો હોય છે. ઈશ્વર આવનારા અવરોધોને રોકવા કોઈ ને કોઈ વ્યકિતને ધરતી પર મોકલતો હોય છે. તેની કૃપા વિના લોકકલ્યાણનાં યજ્ઞમાં આહુતિ આપવાની તક મળતી નથી. કળીકાળનો યજ્ઞ પૂર્ણ કરવાની ઈશ્વરે અમને સોનેરી તક આપી ધન્ય કરી દીધા છે. અચાનક લેવામાં આવેલી પરીક્ષામાં સફળ રહેવાનો અનેરો આનંદ છે. કર્મયજ્ઞ પ્રજવલિત રાખવા

પરમ કૃપાળુ પરમેશ્વરે, અમારી ટીમને વિજયની વરમાળા પહેરાવી સેવાના ભાગીદાર બનાવ્યા છે, ત્યારે જીવના ત્રણ તત્ત્વ જાણવાની જરૂર છે : અંતઃકરણ, ચિદાભાસ અને વ્યાપક ચેતન, જીવના ત્રણ તત્ત્વ છે. જીવને જગત જોવું હોય તો ચિદાભાસની જરૂર પડે છે. પરમાત્માના સ્વરૂપને જાણવા ચિદાભાસની કોઈ આવશ્યકતા રહેતી નથી. તદ્રૂપ બનેલો જીવ વૃત્તિનું આવરણ હટાવી શકે તો તેને તત્ત્વની અનુભૂતિ થાય છે. પરમાત્મ સ્વરૂપ અનુભવનો વિષય છે. નિઃસ્વાર્થભાવે બજાવેલી સેવા પરમ તત્ત્વની ગોદ તરફ દોરી જાય છે. સત્ત્વગુણમાં ઇચ્છા સંભવે છે, પણ શુદ્ધ તત્ત્વમાં ઇચ્છા ઉદ્‌ભવતી નથી. પરંતુ માયાના ત્રણ ગુણો તત્ત્વ સાથે મળે છે, એટલે આનંદ લેવા માટે ઇચ્છા પેદા થાય છે. બ્રહ્મસૂત્રના મતે જગતનું નિર્માણ પણ આના લીધે થયું છે. ઈશ્વરની મોજ માટે ઉદ્‌ભવેલા જગતને ચલાવા આપણે કર્મની પરીક્ષા આપવી પડે છે. નિઃસ્વાર્થભાવે કર્મ બજાવી આપણે મુક્તિના ધામ સુધી પહોંચી શકીએ છીએ. અંધઅભ્યુદય મંડળની જવાબદારી હું પરમેશ્વરની ઇચ્છાનું રમકડું બની ઉઠાવા માગું છું. કારણ કે ઈશ્વરે પણ આ સૃષ્ટિનું નિર્માણ તેના આનંદ કે મોજ માટે કર્યું છે. સારું રમકડું બાળક વધુ પસંદ કરે છે, તેમ આપણે પણ ઈશ્વરને ખુશ કરવા એક રમકડું બનવું પડશે. એટલે તો કોઈ કવિએ ગાયું છે :

રાખનાં રમકડાં મારા રામે રમતાં રાખ્યાં રે
મૃત્યુલોકની માટીમાંથી માનવ કહીને ભાખ્યાં રે
રાખનાં રમકડા, રમકડાં...

બોલે ડોલે રોજ રમકડાં, નિત-નિત રમત્યું માંડે
આ મારું, આ તારું કહીને એકબીજાને ભાંડે રે,
રાખનાં રમકડાં, રમકડાં...

એક કાચી માટીને કાયામાંથી માયા કેરા રંગ લગાયા
એ જી ઢીંગલા ઢીંગલીએ ઘર માંડયાં ત્યાં તો વીંઝણલા વીંઝાયા રે
રાખનાં રમકડાં, રમકડાં...
તંત અનંતનો તંત ન તૂટયો ને રમત અધૂરી રહી,



તનડા ને મનડાની વાતો આવી એવી ગઈ,
રાખનાં રમકડાં, રમકડાં...

મંગલફેરા ફિલ્મના શબ્દો ઘણી ટકોર કરી જાય છે.

અકબર બાદશાહે એક કૂતરો પાળ્યો હતો. તેને બાંધવા તેના ગળામાં એક ચામડાનો પટ્ટો બાંધવામાં આવ્યો હતો. એક રાત્રીના કૂતરો ઊંઘતો હતો. ઉંદરે કૂતરાના ગળામાં બાંધેલો પટ્ટો તેના તીક્ષ્ણ દાંત વડે કાપી નાખ્યો. સવારના અકબર બાદશાહને ખબર પડી. કૂતરાને બાંધવા ચામડાનો પટ્ટો સાંધવો પડે તેમ હતો. મોચી સવારના હાજર ન હતો. બાદશાહ પોતે પટ્ટો સાંધવા બેસી જાય છે. અકબર બાદશાહને મોચી ન મળે તેવું ન હતું, તેમ છતાં તે પોતાની ખુશી ખાતર મોચીનું કામ પણ કરવા લાગે છે. અંતરના આનંદ માટે કરેલું કાર્ય હંમેશા અપેક્ષા વિનાનું હોય છે. સહજ ભાવે કરેલું કર્મ સિદ્ધિના જગત તરફ દોરી જાય છે. તેથી નિજાનંદ મેળવવા અપેક્ષા વિના કર્મ બજાવતા રહેવું જોઈએ.

‘‘આંખોના અજવાળા લીધા, લીધું બાળપણ સારું,
અંધજનોના કલ્યાણ કેરું કામણ કેવું કીધું,
દિવ્ય દૃષ્ટિનો દરબાર દીધો,
અંધારુ ઓલવી દીધું,
શિશ નમાવી ‘ઝગમગ’ કહે, પ્રભુ !
મારી નાવનું સકાન તને દીધું.’’



## ૨૦. અન્ન એવો ઓડકાર

હિંદુ ધર્મમાં ''અન્નમ્ ધર્મમ્'' કહીને અન્નને ઈશ્વરનું સ્થાન આપ્યું છે. અન્ન દિવ્ય છે - એમ કહેવાયું છે. વિશ્વના બધા જ ધર્મો અન્નને આદર આપવાનું કહે છે, કારણ કે અન્નથી શરીરનું પોષણ થાય છે, શકિત મળે છે. પહેલાના જમાનામાં અમુક કુટુંબોમાં બઝારમાંથી ખાવાની તૈયાર વાનગીઓ આવતી નહિ. કોઈ અજાણી વ્યકિતના હાથનું બનાવેલું ભોજન ખવાતું નહિ. આ વાતને ધર્મ સાથે સાંકળી લેવામાં આવી હતી.

ઍસ્ટ્રૉલૉજીના એક વિભાગ એવા હસ્તરેખાશાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે : વ્યકિતની સમજશકિતનું પ્રમાણ આપતી આંતરિક મનોદશા મુજબની હસ્તરેખાની રચના બનતી હોય છે. લાંબાગાળાની વિચારોની પેટર્નના લીધે હાથની આંગળીઓના આકાર તથા રેખાઓ બદલાય છે. આમ, આપણા શરીરમાં મગજ, ઉદ્ભવતા વિચારો, હાથની રેખા અને આંગળીઓ એકમેક સાથે સંકળાયેલા હોય છે. બસ આ જ કારણસર આપણાં વડીલો કોઈના હાથનું ભોજન સ્વીકારતા ન હતા. ભોજન બનાવનાર વિચારો, વૃત્તિઓને કારણે આપણામાં પણ પરિવર્તન આવે છે, ભોજન બનાવનાર વ્યકિતના વિચારોની અસર આપણા મસ્તિષ્કને થાય છે. આવા કારણોસર પહેલાના સમયમાં બહારનું ભોજન ત્યાજય ગણાતું હતું. વળી પૂર્વ સમયના લોકો એવું માનતા હતા કે : 'અન્ન એવો ઓડકાર'. કેટલાંક પરિવારમાં એવો રિવાજ હતો કે વહુ માતા ન બને ત્યાં સુધી તેને રસોડાનો હવાલો સોંપવો નહિ. કારણ કે તેઓ માનતા હતા કે, સ્ત્રી જયારે માતા બને છે, ત્યારે તેનામાં માતૃત્વની લાગણી વહેતી થાય છે. તેનામાં પોતાના પરિવાર પ્રત્યે એક ભાવ જાગે છે. જેના કારણે પરિવારના સભ્યો લાગણીના તાંતણે બંધાયેલા રહે છે. વહુ માતા બને છે, ત્યાં સુધીમાં પોતાના પરિવારના સભ્યોની ફૂડ હૅબિટથી પરિચિત થઈ જાય છે. તેથી દરેકને ભાવતું ભોજન પીરસી તેને જીતી લે છે. તે પરિવારમાં લાગણીનું સામ્રાજય ઊભું કરી દે છે. ઠરેલપણું, ધીરજ, ખંત અને સહનશીલતાના ગુણો કેળવી કુટુંબના દરેક સભ્યોને ભાવતું ભોજન જમાડી તેના આરોગ્યની કાળજી લેતી હોય છે. આ બધા પાસા ચકાસીને પરિપકવ વહુને સાસુ



રસોડાનો હવાલો સોંપતી હશે તેમ મારું માનવું છે. મતલબ આહાર જેટલો શરીરને ટકાવવા જરૂરી છે એટલો જ એ આપણા વિચારોને શુદ્ધ બનાવી વર્તનનું ઘડતર કરવામાં ઉપયોગી છે. આપણી આસપાસ એવા ઘણા લોકો જોવા મળે છે, જે દિવસ-રાત શું ખાવું તેના વિશે વિચારતા હોય છે. ત્યારે બીજી તરફ કેટલાક લોકો વારંવાર ઉપવાસ કરતા જોવા મળે છે. મારી દૃષ્ટિએ બંને પોતાનું આરોગ્ય ગુમાવે છે, કારણ કે 'અતિની ગતિ નથી હોતી.' કેટલાક લોકો પરિવાર કે કામના ટેન્શનમાં હોય છે, ત્યારે ઘરે આવતા જ ભૂખ ન હોવા છતાં ફ્રીઝ ખોલી જે મળે તે ખાવા બેસી જાય છે. અસહજ અવસ્થામાં લીધેલો આહાર, લાભ કરવાના બદલે હાનિ કરે છે. ટેલિવિઝન કે મોબાઈલ પર રોકાયેલો આજનો માણસ રુચિ વગરનું ભોજન આરોગી પોતાનું સ્વાસ્થ્ય ગુમાવે છે. કેટલાક લોકો અંદરનો ખાલીપો ભરવા અથવા ટેન્શનમાંથી બહાર નીકળવા, બહારની ચટકેદાર વાનગી ઝાપટતા હોય છે. ભૂખ વગરનું લીધેલું ભોજન પોષણ આપવાના બદલે પેટ બગાડે છે. આવા કારણોસર લોકોનું આરોગ્ય બગડતું જાય છે. અપચો અને કબજિયાત રોગનું મૂળ છે, ધરમશાળા છે. રહેવા-જમવાની સગવડ જયાં સારી મળતી હોય છે, ત્યાં આપણે ફરવા જવાનું પસંદ કરીએ છીએ. તેમ અપચો અને કબજિયાત આવા લોકોના શરીરમાં મહેમાન બની આવી પહોંચે છે. આવા ગુંદરિયા મહેમાનથી આપણે ચેતતા રહેવું જોઈએ. અણગમતા ગુંદરિયા મહેમાનને આપણે ઘરમાં આમંત્રિત કરતા નથી, ત્યારે શરીરમાં આવી પહોંચતા ગુંદરિયા મહેમાનને ભૂલથી પણ પ્રવેશ ન મળે તે માટે સાવચેત રહેવું પડશે. ઈચ્છાના અરમાનથી ભરેલી જિંદગીની, દોડધામમાં હું અને તમે આપણા આહારનું ધ્યાન રાખતા નથી, પરિણામે અનેક પ્રકારની ગોળીઓ લેવી પડે છે. આવી રોજ લેવી પડતી ગોળીઓ આપણા અનેક કોષોનો નાશ કરી દે છે. જેના કારણે શરીરનું બૅલેન્સ બગડે છે. પરિણામે શરીરમાં અવનવા રોગો પેદા થાય છે. ભેળસેળિયો ખોરાક પણ આમાં ઘણો જવાબદાર છે. આપણે એક વાત યાદ રાખવા જેવી છે. જિંદગીને ટકાવા શરીરને પોષણ મળે તે માટે આહાર લેવો પડે છે, મોજશોખ સંતોષવા નહિ. તેથી શરીરને ઉત્તમ પોષણ મળે તેવો ખોરાક લેવો જોઈએ. ભોજન શાંત ચિત્તે કોઈપણ જાતની ચિંતા વિના લેવાનું રાખવું

જોઈએ. કાળજીપૂર્વક લીધેલો પોષક આહાર શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ બનાવે છે. ઉત્તમ આહાર ઉપયોગી રસાયણો તૈયાર કરે છે. પરિણામે આંખ, કાન, નાક, જીભ, મન એ દરેક થકી મગજ સંવેદનાની અનુભૂતિ કરે છે. સંવેદના, આપણા ચિત્તનો ખોરાક છે. સાંભળવું,વાંચવું, વસ્તુનો સ્પર્શ કરવો, ગમતી પ્રવૃત્તિ કરવી -એ મનનો આહાર છે. અશુદ્ધ આહારથી શરીર બગડે છે, જ્યારે અશુદ્ધ વિચારો માણસને બધી રીતે પાયમાલ કરી દે છે. નીરોગી શરીર હોવા છતાં રોગની પાઠશાળા બની જાય છે. કુસંગી લોકોનો સંસર્ગ અને અશ્લીલ પુસ્તકોનું વાંચન આપણા મનને અશુદ્ધ બનાવે છે. સોશિયલ મીડિયા આપણને કોઈવાર ઊંડી ખાઈમાં ધકેલી દે છે, તેની ઘણા લોકોને ખબર પણ પડતી નથી. ગેરમાર્ગે દોરનારા વિચારો આવા માધ્યમો સતત ઓકતા હોય છે. વળી, આવી સામગ્રી વિનાવિલંબે ઉપલબ્ધ બનતી હોવાથી ખૂબ મોટો વર્ગ તેનો ભોગ બની રહ્યો છે. ટૂંકમાં, અશુદ્ધ આહર વડે આજનો માણસ તન અને મનથી કાયર થઈ ગયો છે. મન વ્યગ્ર રહેતું હશે તો શરીર પણ તંદુરસ્ત રહી શકશે નહિ. તેથી મનની તંદુરસ્તી જાળવવા ઉત્તમ પુસ્તકોનું નિયમિત વાંચન કરવું જોઈએ. વિચારોને પરિપકવ બનાવા સત્સંગમાં રહેવું જોઈએ. શ્રેષ્ઠ વકતાઓના પ્રવચનો સાંભળવાની આદત કેળવવી જોઈએ. સોશિયલ મીડિયાનો ચાહક બનેલો માણસ ઉત્તમ વિચારો વાંચે જરૂર છે, પણ તેને આચરણમાં મૂકી શકતો નથી. તેનું કારણ બદલાતી આદતો અને ગમે તેના હાથનું તૈયાર થયેલું ભોજન આરોગવાની પડેલી ટેવ છે. આવું ને આવું ચાલતું રહેશે તો ટોળામાં પણ માણસ એકલતા અનુભવતો થઈ જશે. માહિતીરૂપી આહાર ચિત્ત સુધી પહોંચે છે, ત્યારે મનને પોષણ મળવાની શરૂઆત થાય છે. સાત્ત્વિક માહિતીનો રોજબરોજની જિંદગીમાં ઉપયોગ કરવાની આદત કેળવાશે, તો ઈન્દ્રિયો પર વિજય મેળવી આપણે જિંદગીની બાજી જીતી શકીશું. બાહ્ય દુનિયા સાથે સંપર્ક જાળવવા આપણે ભલે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતા હોઈએ, પરંતુ તેનો ઉપયોગ કરવામાં આપણી ભીતરની દુનિયા છૂટી ન જાય, તેની સાવધાની રાખવી પડશે. ઈચ્છાઓના જગતમાં સામ્રાજ્ય સ્થાપવું હશે તો ભીતરની ભૂગોળ જાણવી પડશે. આનંદ મેળવવા ભલે ભીતરની બારી, બારણા,



ખોલી બહાર નીકળવું પડે. બાહ્ય આનંદરૂપી ઊર્જા પ્રાપ્ત થતાં જ ભીતરમાં પરત ફરતા શીખવું પડશે. આજ-કાલ મોબાઈલનો ગુલામ બનેલો માણસ ઘરના નજીકના સભ્ય સાથે પણ મોબાઈલ છોડી વાત કરવા તૈયાર થતો નથી. તેની પાસે કોઈના માટે સમય નથી. મનરૂપી રિસીવરમાં આસપાસના જગતમાં જાગતા વિચારોના તરંગો ઝિલાતા હોય છે. મનરૂપી રિસીવર આહારરૂપી ઊર્જા વડે ચાલે છે. શુદ્ધ ખોરાક હકારાત્મક ઊર્જા આપે છે, પણ અશુદ્ધ આહાર એટલે કે બાહ્ય ખોરાકમાંથી આપણને મહદઅંશે નકારાત્મક ઊર્જા પ્રાપ્ત થાય છે. આવી નકારાત્મક ઊર્જાનો ભોગ બનનાર વ્યકિત ઈલેકટ્રોનિક ઉપકરણોનો દાસ બની કામ કરવા લાગે છે. આદતથી મજબૂર બનેલો માણસ મનોબળ ગુમાવે છે. નકકી કરેલા કાર્યો પણ સમયસર પાર પાડી શકતો નથી. નકારાત્મક ઊર્જા વડે કાયર બનેલી વ્યકિતની સંકલ્પશકિત ધીરે-ધીરે નાશ પામે છે. શારીરિક શકિત પણ ઘટી જાય છે. લીધેલો ખોરાક પચતો નથી. કસરતના અભાવે શરીરમાં ચરબી જમા થવા લાગે છે. બેડોળ બનેલું શરીર રોગનું ગેસ્ટહાઉસ બની જાય છે. તેનાથી ઊલટું જો સારા પુસ્તકોનું વાંચન, શુદ્ધ આહાર લેવાની ટેવ કેળવી હશે તો ઉત્તમ ચારિત્ર્યનું નિર્માણ થઈ શકશે. રસોડાનો હવાલો સંભાળતી સ્ત્રી આધ્યાત્મિક વિચારો ધરાવતી હશે તો પરિવારના સભ્યોને તેનો ખૂબ લાભ થાય છે. ઈતિહાસમાં તોરલનું ઉદાહણ આ વાતની સાક્ષી પૂરે છે. સતિ તોરલ પોતાના સંસ્કાર અને ભકિત વડે પાપી જેસલને ઉગારી લે છે. સંસ્કારોનું નિર્માણ કરવા દેશની માતાઓનું માતૃત્વ ખીલવું જોઈએ. રસોઈ તૈયાર થતી હોય તેવા સમયે ઉત્તમ વિચારો કરવા જોઈએ. કારણ કે વ્યકિતના વાઈબ્રેશનની સીધી અસર તૈયાર થતાં ભોજન પર પણ પડતી હોય છે. રસોઈ બનાવનાર સ્ત્રી જો નકારાત્મક વલણ ધરાવતી હશે તો આખા પરિવાર પર તેની ગંભીર અસર થયા વિના રહેતી નથી. તેથી દરેક માતાઓને મારી અપીલ છે : ઉત્તમ વિચારો સાથે પોતાના રસોઈઘરમાં ભોજન તૈયાર કરવા જોડાય. આમ, થશે તો પુનઃ લાગણીના છોડ પર સંબંધોના પુષ્પો ખીલી, મહેકી ઊઠશે. મઘ-મઘતો બાગ આપણા જીવનને હર્યું-ભર્યું બનાવી દેશે. આપણે જયારે આવું કરી શકીશું ત્યારે ઉમંગની ઉષાનો ઉજાસ ચોમેર પથરાઈ જશે. લેખનું લખાણ વાંચી સારસ્વત

મિત્રોને પ્રશ્ન ઉદ્‌વતો હશે કે આહારમાં ઈલિકટ્રોનિક ઉપકરણની વાત કયાંથી આવી ? ઉત્તર સાવ સરળ છે. જયાંથી આહાર ઘરમાં આવે છે, ત્યાંથી જ આ વાતનો સેતુ જોડાય છે. હોટલમાં ભોજન બનાવતા માણસો યાંત્રિક ઉપકરણોની જેમ નોકરીના ભાગરૂપે તે કામ કરતાં હોય છે.જ્યારે ઘરની ગૃહિણી લાગણી સાથે જોડાઈ તે કાર્ય કરતી હોય છે. તેથી લાગણીનું સત્ત્વ તેમાં ભળે છે. પરિણામે વિચારો હકારાત્મક બને છે. આવું તૈયાર થયેલું ભોજન આરોગતા જ ભોજન લેનાર વ્યકિતને આનંદ આવે છે. તેની અસર મગજ સુધી પહોંચે છે. ઉત્સાહ અને ઉમંગનો સંચાર થાય છે. રોગ પ્રતિકારક શકિત વધે છે. જેના કારણે તંદુરસ્તીનું સામ્રાજય સ્થપાય છે. શાંતિ સાચવવા સમજપૂર્વક બારીઓ ખોલવી પડે છે. બીજા શબ્દમાં કહુ તો રસોઈ બનાવાની કડાકૂટમાંથી બચવા આપણે બહાર હોટલનું ભોજન લેવાનું પસંદ કરતા હોઈએ છીએ.આપણે તેના દૂરગામી પરિણામો વિશે વિચારતા નથી. એટલું જ નહિ બાહ્ય આહારથી થતી અસરનો આપણને ખ્યાલ આવતો નથી. આપણી બેદરકારીના લીધે જ આપણું અધઃપતન થાય છે. જેના કારણે પરિવારના સભ્યને પડતો મૂકી આપણે સોશિયલ મીડિયામાં મિત્રોની શોધ કરવા નીકળી પડીએ છીએ. આવા મિત્રોની શોધમાં ફસાઈ વાસ્તવિક સંબંધોનું જગત ખોઈ બેસીએ છીએ. હમણા-હમણા મને આવો અનુભવ ડગલે ને પગલે થાય છે. ઘરમાં એક તરફ મહેમાન બેઠા હોવા છતાં મોબાઈલની સ્ક્રીન પરથી નજર હટતી નથી. સમજયા વિના સ્માઈલ આપી હોકારો જરૂર ભણતા હોય છે. મોબાઈલ આવા લોકોનો પીછો છોડતો ન હોય તેમ આવેલા મહેમાનને ઉત્તર વાળી દેતા હોય છે. જમવાનો સમય થતા હોટલમાં મહેમાનને લઈ જવાનો રિવાજ શહેરમાં ઘર કરી ગયો છે. જાત-જાતની વાનગીઓનો ઑર્ડર કરી વટ પાડવાનો ચસકો જેવો તેવો ન કહેવાય : સંસ્કૃતિનું નામોનિશાન નહિ રહે તેવી પ્રણાલી દિનપ્રતિદિન વિસ્તરી રહી છે.

''શબ્દનું શમ્યું છે તોફાન, દિલનું ગયું છે ગુમાન,
કહે 'ઝગમગ' સંસ્કાર અને સંસ્કૃતિનો સૂર્ય થયો છે અસ્ત,
કાશ ! દોસ્તો તમને, જમાનો લાગે ભલે મસ્ત.''



## ૨૧. જિંદગીનો શો રૂમ

ચીજ-વસ્તુની ખરીદી માટે તમે શો રૂમની મુલાકાત લીધી હશે. વેપારી શો રૂમમાં ગ્રાહકને આકર્ષવા અવનવી ચીજ વસ્તુઓની ગોઠવણ કરતો હોય છે. કોઈ પણ વેપારી શો રૂમમાં આવતા ગ્રાહકોને આકર્ષવા નમૂનાની ચીજવસ્તુઓ, પોતાના શો રૂમમાં અચૂક રાખતો હોય છે. જયારે ગ્રાહક ખરીદીનો ઑર્ડર કરે છે, ત્યારે વેપારી કહે છે : ''બે દિવસમાં આવી જશે સાહેબ, સ્ટોકમાં નથી. ગોડાઉન સાવ ખાલી છે.'' સાહેબ, મને કહેવા દો : જિંદગીના શો રૂમમાં દેખાતી બાબતોનું પણ એવું જ છે. જે નથી તેનો આપણે ડોળ કરી લોકોને ભરમાવતા હોઈએ છીએ. આપણા સામાજિક સંબંધો દિવસે દિવસે ઔપચારિક બનતા જાય છે. પહેલાના સમયમાં પૈસો ખર્ચી સંબંધો બાંધવામાં આવતા હતા. તેને ટકાવવા હું અને તમે ઘસારો ખાવાનું પસંદ કરતા હતા. આજે પૈસા માટે એક માતાના સંતાનો વચ્ચે ખટરાગ ઊભો થાય છે. મિલકતમાંથી જાગતા વિવાદના લીધે સગા ભાઈઓ કાયમના માટે દુશ્મન બની જાય છે. મકાનો વિશાળ બાંધવામાં આવે છે, પણ કુટુંબો નાના થતા જાય છે. આજનો માણસ સયુંકત કુટુંબના બદલે વિભકત કુટુંબમાં રહેતો થયો છે. મકાનો ખૂબ ઊંચાં બાંધવા લાગ્યો છે, પણ વિચારો ખૂબ સંકુચિત અને હલકા બનતા જાય છે. હત્યા અને બળાત્કાર તેના કોઠે પડી ગયા છે. ભણતર વધ્યું છે, પણ ગણતર જોવા મળતું નથી. રસ્તા પહોળા બનાવામાં આવે છે, પણ દિલની ગલીઓ સાવ સાંકડી થતી જાય છે. માતા-પિતાને પણ દિલમાં સ્થાન મળતું નથી. સંબંધો ઔપચારિક અને સ્વાર્થ પૂરતા સીમિત બનતા જાય છે. પારકા લોકોને ખુશ રાખવા મોટી-મોટી પાર્ટીઓનું આયોજન કરવામાં આવે છે. વૃદ્ધ માતા-પિતાને સમયસર ભોજન પીરસવાની દરકાર કરવામાં આવતી નથી. બોલીએ ઘણું છીએ, કોઈનું સાંભળવાનો સમય નથી. સંબંધો વ્હોટ્‌એપ અને ફેસબુકની સપાટી પર લપસી રહયા છે. વ્યકિતનો ચેપ સત્તાતંત્રને પણ લાગ્યો છે. આજકાલ સરકાર એક કરોડની સહાય કરવા સો કરોડનો ઢોલ પીટે છે. એક રૂપિયો વહેંચવા માટે સો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જીવનજરૂરી બાબતો પર કાપ મૂકી સારા દેખાવા પોષાક અને બ્યૂટીટ્રીટમેન્ટ માટે અઢળક નાણાનો વ્યય કરવો

પડે છે. અંદરથી ખોખલો બનેલો માણસ બાહ્ય રીતે દેખાડો કરવા પોતાની જાતને શોભાવા મથતો રહે છે. ઉછીનું રૂપ અને ઘાટ માણસને મોભો આપીને પણ પાંગળો બનાવે છે. વિચારોથી કંગાળ બનેલો માણસ લઘુતાગ્રંથિથી પિડાઈ રહ્યો છે.

કૉલેજમાં પ્રાધ્યાપક વિદ્યાર્થીઓને ભણાવતા હતા. વર્ગખંડ શાંત હતો. પ્રાધ્યાપક મનોવિજ્ઞાનના ટૉપિક પર ચર્ચા કરી રહ્યા હતા. અચાનક સુરીલી ઘંટડી રણકી ઊઠી, ''સર... આવું... કે ?'' વર્ગખંડના બધા વિદ્યાર્થીઓનું ધ્યાન અવાજ આપનાર છોકરી તરફ ખેંચાયું. છોકરીના ચેહરા પર ચમક આવી ગઈ. વિદ્યાર્થીઓ તેના સામે ટગર-ટગર જોઈ રહ્યા. બધાની નજર છોકરી તરફથી પોતાના ડેસ્ક પર પડેલી નોંધપોથી પર સ્થિર થઈ. ફરી રૂપેરી ઘંટડી રણકી ઊઠી, ''સર... બેસું... કે ?'' ફરી વર્ગખંડના વિદ્યાર્થીઓની નજર પેલી છોકરી પર ગઈ. અચરજથી વર્ગખંડના વિદ્યાર્થીઓ તેની સામે જોઈ રહ્યા. છોકરીએ બધાને સ્માઇલ આપી, પોતાની જગ્યા પર બેસે તે પહેલા પ્રાધ્યાપકનો હોંકારો મળતા છોકરી તેની જગ્યાએ બસી ગઈ. આવો વ્યવહાર દીકરીએ કેમ કર્યો હશે ! તેવો વિચાર પ્રાધ્યાપકને કોરી ખાવા લાગ્યો. આ બાજુ છોકરી તેના પ્રયોગથી ખુશ થઈ ગઈ. તેનો આ નિત્યક્રમ બની ગયો. રોજ મોડી આવી વર્ગખંડનાં દરવાજે પહોંચી બૂમ પાડી આ રીતે પ્રાધ્યાપકને ઉદ્દેશી રજા માંગવાના બહાના તળે બધાનું ધ્યાનભંગ કરતી હતી. રોજ છોકરી મોડી આવી આમ કરતી હતી. બધાનું ધ્યાનભંગ કરવા તે કહેતી કહી, ''સર... આવું... કે ?'' વળી થોડીવાર પછી બોલે ''સર... બેસું... કે ?'' એક દિવસ પ્રાધ્યાપકે સ્ટાફરૂમમાં છોકરીને બોલાવી પૂછ્યું :

'બેટા ! રોજ મોડા આવી તું બધાને ડિસ્ટર્બ કેમ કરે છો ?'

છોકરી : ''સર, હું ઠીંગણી છું એટલે મારી સામે કોઈ જોતું નથી. હું સરસ તૈયાર થઈને આવું છું તો પણ મારી સામે કોઈ જોતું નથી. તેથી બધાને દેખાડવા હું રોજ મોડી આવી, મોટેથી બોલી, મારા તરફ બધાનું ધ્યાન ખેંચવા આમ કરું છું.'' પ્રાધ્યાપક માથું ખંજવાળતા બોલ્યા : ''બેટા, કોઈને દેખાડવા આપણી જાતને નીચી દેખડવાની જરૂર નથી. વર્ગખંડનું શિસ્ત તોડી બીજાનું ધ્યાન આપણા પર ખેંચવા આવું કરવાની જરૂર નથી. ઠીંગણા હોવું કોઈ ગુનો નથી. તારામાં ઘણું



સૌંદર્ય છે, અવાજની મીઠાશ પણ છે. સંગીતમાં આગળ વધવા પ્રયત્ન શરૂ કર. તારા અવાજની મીઠાશ બધાનું ધ્યાન તારા તરફ ખેંચશે. બાહ્ય સજાવટ કે સૌંદર્ય ઉછીનું રૂપ છે. તેનું આકર્ષણ ક્ષણિક હોય છે, પણ અંદરની તાકાત વડે મળેલી જીત કાયમી રહે છે. જ્ઞાનથી કોઈ પણને પરાસ્ત કરી શકાય છે. વ્યકિતની સર્જનાત્મક શકિત ખરી ઊંચાઈ આપે છે. શારીરિક ઠીંગણાપણું આપણને કદાપિ બાધક બની શકે નહિ, તેથી તેની ચિંતા કરવાની જરૂર નથી. તું પ્રતિભાવાન દીકરી છો. સંગીતમાં આગળ વધવા કોઈ સારા સંગીતના વર્ગખંડમાં ઍડમિશન લઈ તારા નવા જીવનની શરૂઆત કરી દે. તને લોકો શોધવા આવશે.'' પ્રાધ્યાપકની સલાહ જેવી-તેવી ન કહેવાય. ભીતરની ખોજ કરવાના બદલે આપણે બાહ્ય સૌંદર્ય સજાવા અઢળક નાણાં વાપરીએ છીએ. બાપુની ઓસરી જેવું બાહ્ય સૌંદર્ય આપણને શોભા આપવાના બદલે અંદરથી નબળા બનાવે છે. ઝાડુ મારી રૂમ સાફ કરીએ છીએ, આપણે રૂમ સાફ રાખવા જેટલા જાગૃત રહીએ છીએ, તેટલા મનની સફાઈ કરવા તત્પર નથી. વિચારોનો ઝેરી કચરો આપણને ખૂબ જ દૂષિત કરી રહ્યો છે. આવક વધી છે પણ નૈતિકતા ઘટી છે. શું ખરીદવું તેની આપણને ખબર પડતી નથી. ખરીદી અઢળક કરવા છતાં આનંદ મળતો નથી. બેચેન બનેલું મન શાંતિ લેવા દેતું નથી. પૈસા માટે ગુમાવેલી નૈતિકતા માણસને પૈસો મળવા છતાં શાંતિ લેવા દેતી નથી, ત્યારે જિંદગીનાં શો રૂમને સજાવાના બદલે જિંદગીના ગોડાઉનને ભરી દેવાની જરૂર છે. લક્ષ્મીનો વૈભવ વધારવાના બદલે કરુણાની કોથળી ભરવાની જરૂર છે. કારણ કે લક્ષ્મીનો વૈભવ અનંતની યાત્રા સમયે ઉપયોગી થતો નથી. કરુણાની હાથવગી કરેલી કોથળી આ માર્ગે ખપ લાગે છે. વર્તમાન સમયમાં લક્ષ્મીનો ભલે કોઈ વિકલ્પ દેખાતો ન હોય પણ તે જિંદગીનું એકમાત્ર લક્ષ્ય ન હોવું જોઈએ. આજકાલ નિષ્ણાતો ખૂબ વધ્યા છે. પ્રશ્નો પણ એટલા જ વધ્યા છે. કાયદા સરકાર ઘણા ઘડે છે, પણ અમલીકરણ યોગ્ય રીતે થઈ શકતું નથી. માનવતા મરી પરવારી છે. સંવેદના સુકાઈ ગઈ છે. કર્મની મૂડીનું તળિયું દેખાઈ ગયું છે. કામચોરી વધતી જાય છે. માણસનું નૈતિક પતન થઈ રહ્યું છે, ત્યારે કરુણા ક્યાંથી નજરે ચડે ? દયાનું દેવાળુ ફુંકાયું છે. ભ્રષ્ટાચાર ભભકી રહ્યો છે. સામાજિક સંબંધો લુપ્ત

થવાને આરે છે. એક લૅન્ડલાઇન ફોન પર આખો પરિવાર સગાંસબંધી સાથે વાત કરતો હતો. એક લૅન્ડલાઇન ફોન ઘરના સભ્યોને એકમેક સાથે જોડી આનંદ કલ્લોલ કરાવતો હતો. મોબાઈલે પરિવારના સભ્યોને વિભકત કરી દીધા છે. વ્હૉટ્સએપ કે ફેસબુકના મિત્રને સલામ કરતો માણસ પોતાના પરિવારથી દૂર થઈ રહ્યો છે. બીજાને દેખાડવા બનીઠની મહાલતો માણસ અંદરથી ખાલી થતો જાય છે. નૈતિકતા ગુમાવી જંગલી બનેલો માણસ બીજાને પાયમાલ કરી સંપત્તિ એકઠી કરતો થયો છે. લૂખાગીરી, પૈસો અને રાજકીય વગ આ લોકોની લાયકાત ગણાય છે.

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ પાસે, ભોગાવો નદીના કિનારે મેમકા ગામની ૧૨૯ સર્વે નંબરની જમીન પ્રજ્ઞાચક્ષુ મનુભાઈ ડાભી પોતાની માલિકીની ધરાવે છે. ફળદ્રુપ જમીનનું રક્ષણ થાય તેવો કુદરતે પ્રબંધ કરી આપ્યો છે. નદીનું ધસમસતાં પૂરનું પાણી ખેતરની ફળદ્રુપ જમીનને આવેલા ઢોળાવના લીધે નુકસાન કરી શકતું નથી. વર્ષોથી મનુભાઈ ડાભી આના કારણે પેટિયું રળી લે છે. છેલ્લા કેટલાક વર્ષોથી રેત માફિયા લોકો લાગતા-વળગતા અધિકારીઓ સાથે સાઠગાંઠ કરી, હપ્તા પહોંચાડી ગેરકાયદેસર રીતે લાખો ટન રેતી ઉઠાવે છે. આડેધડ રેતી ઉઠાવી ધન કમાતા લોકોની ઝપટે ચડેલા માણસની હાલત રેઢિયાળ ઢોર જેવી કરી દેવામાં આવે છે. આવા રેત માફિયા સામે જે ફરિયાદ દાખલ કરવા હિંમત કરે છે, તેની વાત સાંભળવાના બદલે તેને ધમકાવી, ઠપકો આપી, વળાવી દેવામાં આવે છે. મનુભાઈ ડાભી સાથે પણ આવો જ વ્યવહાર વઢવાણ પોલીસ દ્વારા કરવામાં આવ્યો હતો. શ્રી મનુભાઈ ડાભી અંધ અભ્યુદય મંડળમાં આજીવન સભ્યપદ ધરાવે છે. તેથી તેમણે મંડળને મદદ કરવા લેખિતમાં વિનંતી કરી હતી. વિનંતી મળતા જ મેં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને ખાણખનિજ વિભાગનું ધ્યાન દોર્યું હતું. પોલીસમિત્રોએ મારા પર પણ ચાણકય નીતિ અજમાવી લીધી હતી, તેમ છતાં તેમને સફળતા ન મળી એટલે મનુભાઈની જમીન છોડી દીધી. બાકીના વિસ્તારમાંથી જમીન ખોદી રેતી ઉપાડવાનું કામ ચાલુ રાખ્યું છે. રાજય સરકાર આખુંય પ્રકરણ જાણે છે, છતાં હજુ સુધી રેતમાફિયાનો વાળ પણ વાંકો થઈ શકયો



નથી. દુનિયાભરમાં સરકારની વાહ-વાહ થાય છે, પણ અંદર તો પોલંપોલ ચાલે છે. મારું કામ તો અંધ વ્યકિતને મદદ કરવાનું છે. તે કામ થઈ ગયું છે. મનુભાઈની જમીન સલામત છે.

નૈતિક પતનના કારણે ઉદ્‌ભવેલી વધુ એક સમસ્યા વિષે આપને વાકેફ કરવા ઇચ્છું છું. કોઈ પણ કાયદો વ્યકિતના અધિકારોના રક્ષણ માટે ઘડવામાં આવે છે. કોઈને નુકસાન પહોંચાડી તેને હેરાન-પરેશાન કરવા નહિ. થોડા સમય પહેલા રાજુલામાં અમરેલી જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા પ્રજ્ઞાચક્ષુ શિક્ષક સાથે ઘટેલી એક ઘટના વિષે આપને જાણકારી આપવી છે. શ્રીજીનગર નવકાર ટેનામેન્ટમાં રહેતા એક પરિવારની આ વાત છે. પ્રજ્ઞાચક્ષુ કિશોરભાઈ ચૌહાણના ઘરના દરવાજાની આજુબાજુ ગટરના સમારકામના નામે પાઈપના ટુકડા ખોદેલી માટીનો ઢગલો કરી લગભગ રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો. આ અંગે ચૌહાણ પરિવારે અનેક રજૂઆત કરી હતી. એક મહિનો વીતી ગયો હોવા છતાં રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો નહીં. કિશોરભાઈ અને તેમના પત્ની પોતાની વિકલાંગતાના લીધે અવરજવર કરવામાં લપસી પડતાં હતાં. તેમના દીકરા-દીકરી ને માતા-પિતાની ખૂબ જ ચિંતા સતાવતી હતી. વારંવાર માટીનો ઢગલો અને પડેલા પાઈપના ટુકડા હટાવા પરિવારના સભ્યો કૉન્ટ્રેકટરને રજૂઆત કરતા હતા. રજૂઆત માટે ગયેલા ચૌહાણ પરિવારના સભ્યોનું કૉન્ટ્રેકટર આંધળો, ઠૂંઠો, લૂખી જેવા અપશબ્દો કહી અપમાન કરતો હતો. પાઈપ અને ઢગલો હટાવાની સૂચના આપવાના બદલે અપમાન કરી બાળકો અને કિશોરભાઈની પત્નીને હાંકી કાઢતો હતો. એક દિવસ ચૌહાણ પરિવારે જાતમહેનતે પાઈપ અને માટીનો ઢગલો દરવાજાથી દૂર કરી દીધો. કૉન્ટ્રેકટર અને મજૂરોએ ઝઘડો કર્યો, અપશબ્દો પણ કહ્યા. કૉન્ટ્રેકટરે મજૂરો સાથે મળી ''ચોર કોટવાલને દંડે'' તેમ પરિવારના સભ્યોને પજવવા પોલીસ ફરિયાદ દાખલ કરી દીધી. કિશોરભાઈના દીકરા અને તેની પત્નીને વગના જોરે એટ્રોસિટી પણ લગાવી દીધી. હેરાન થયેલો પરિવાર પોલીસ કસ્ટડીમાં ગોંધાયો. ચૌહાણ પરિવારે પ્રતિવાદી સામે વિકલાંગ ધારા મુજબ ફરિયાદ દાખલ કરવા પોલીસ સ્ટેશનમાં પી.આઈ.ને વિનંતી કરી. પોલીસ મિત્રોનો ઉત્તર

હતો - આવો કોઈ કાયદો નથી. અનુસૂચિત જાતિ માટે તો કાયદો છે, વિકલાંગો માટે કોઈ કાયદો અમલમાં આવ્યો નથી. મિત્રો, આવા ઉત્તરથી એમ કહી શકાય કે સરકારનો વિકલાંગોના રક્ષણ માટે સખત કાયદાનો દાવો પોકળ સાબિત થયો છે. કાયદાનો અમલ કરનાર અધિકારી અજાણ હશે, તો તેનો લાભ વિકલાંગોને શી રીતે મળી શકશે ? કાયદો ઘડવાથી કામ પતી જતું નથી. તેને અમલમાં લાવવા સમાજ અને જવાબદાર અધિકારીઓ અથવા લાગતાવળગતા કર્મચારીઓને જાગૃત કરવા પડશે. કિશોરભાઈ ચૌહાણનો મારા પર ફોન આવ્યો : ''સાહેબ, વિકલાંગોને બે હજાર સોળના કાયદામાં કોઈ અપમાન કરે તો રક્ષણ આપવામાં આવ્યું છે ? કોઈ કલમ હોય તો મને જણાવો.''વાત ઘણી લાંબી છે. અહીં તેની પૂરી વિગત આપવી શકય નથી. કિશોરભાઈનો ફોન આવ્યા પછી હું તારીખ ૨૭/૦૨/૨૦૨૦ને ગુરુવારના રોજ અમરેલી એસ.પી. ને મળવા ગયો હતો. તેમની ફરિયાદ દાખલ કરવા વિનંતી કરી. તેઓ સંમત થયા હતા. એટલું નહીં મારી દરમિયાનગીરીથી ન્યાય પણ મળ્યો. મારી જિંદગીનો શો-રૂમ ભલે ખાલી રહે. ગોડાઉન ખીચોખીચ ભરેલું રહેવું જોઈએ. ભૌતિક વૈભવનાં બદલે નૈતિક બળ વડે ઈશ્વર મને કર્મ કરવાની શકિત આપે, તેવી હું પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું.

'કર્મ કરવા પ્રભુ શકિત માગું છું,
મુજ હૈયે તવ વાસ ચાહું છું,
તવ શરણોમાં મુજને સમાવા વંદું છું,
પ્રભુ ! તવ ચરણોમાં...'



## ૨૨. સંકટ

''પવન તનય સંકટ હરણ, મંગલમૂર્તિ રૂપ;
રામલખનસિતા સહિત હૃદય બસઉ સુર ભૂપ.''

શ્રી કષ્ટભંજન હનુમાનજીની આરાધના આપણને સૌને
કોરોનાના ભયમાંથી મુકિત આપે તેવી પ્રાર્થના.

મારા જન્મદિવસની સંધ્યાએ, વિશ્વવ્યાપી ફાટી નીકળેલી મહામારીના લીધે શાળા-કૉલેજ બંધ કરવાના સમાચારા જાણવા મળ્યા. વિચારોનું મોટું તોફાન શરૂ થયું. વાલીને બોલાવી શાળાના વિદ્યાર્થીઓને સોંપવાનું કાર્ય ઝડપથી પૂરું કરવાનું હતું. રાજ્ય સરકારે ધોરણ દસ અને બારની બોર્ડની પરીક્ષાઓ યથાવત ચાલુ રાખવા નિર્ણય લીધો હતો, તેથી ધોરણ દસ અને બારની બોર્ડની પરીક્ષા આપી રહેલ દરેક વિદ્યાર્થીઓની યોગ્ય સંભાળ રાખવાની હતી. એટલું જ નહિ બોર્ડની પરીક્ષા પૂર્ણ થતા જ દરેક વિદ્યાર્થીઓને સહીસલામત રીતે પોતપોતાના ઘર સુધી પહોંચતા કરવાનો નૈતિક પડકાર મારા મગજને ધમરોળી રહ્યો હતો. રાજ્ય સરકારે તારીખ ૨૩ માર્ચથી ૩૧ માર્ચ સુધી રાજયવ્યાપી લૉકડાઉન જાહેર કર્યું હતું. રાજય સરકારના પગલે, શિક્ષણ વિભાગ દ્વારા શાળા-કૉલેજોને બંધ કરવાનો આદેશ પણ બહાર પડી ચૂકયો હતો. શિક્ષણ વિભાગે એકથી નવ અને ધોરણ અગિયારની પરીક્ષાઓ બંધ રાખવાની જાહેરાત પણ કરી દીધી હતી. સરકારશ્રી દ્વારા વિશ્વવ્યાપી મહામારીને રોકવા, ઉઠાવેલા શ્રેણીબદ્ધ પગલાઓ વિશેના સમાચાર જાણવા મળતા જ અમે દરેક વાલીઓ અને વિદ્યાર્થીઓને સરકારશ્રીના હુકમ અંગેની સૂચનાઓ, પહોંચતી કરવાના કાર્યમાં લાગી ગયા. તારીખ ૨૫ માર્ચથી દેશભરમાં એકવીસ દિવસનું લોકડાઉન કરવામાં આવતા શિક્ષકો, પ્રાધ્યાપકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓને ફરજ પરના સ્થળ પર હાજરી આપવામાંથી મુકિત આપવામાં આવી. તેમજ બહુ અનિવાર્ય ન હોય તેવા તમામ ખાનગી અને સરકારી કર્મચારીઓને પણ લૉકડાઉન દરમયાન રજા આપી દેવામાં આવી હતી. ઑફિસો અને કંપનીઓમાં કામ કરતા કર્મચારીઓને ઘરે બેઠા

ઑનલાઇન કામગીરી કરવાની છૂટ આપવામાં આવી હતી. કોરોનાની મહામારી સામે રક્ષણ આપવા દેશના નાગરિકોને રાહત આપવા રાજય અને કેન્દ્ર સરકાર તરફથી અનેક યોજનાઓ જાહેર કરવામાં આવી રહી હતી. આવી યોજનાઓ વિશે સરકારના મંત્રીઓ અને અધિકારીઓના નિવેદન આપતા સમાચાર અખબારો, ઇલેક્ટ્રોનિક માધ્યમોમાં રોજ પ્રસિદ્ધ થતા રહેતા હતા. દર્દીઓ સાથે મુખ્યમંત્રી ફોન પર વાર્તાલાપ કરતા હોય, તેવા ઓડિયો-વીડિયો પણ જોવા અને સાંભળવા મળતા હતા. બીજી તરફ કોરોનાનું તાંડવ નૃત્ય દિવસે-દિવસે વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યું હતું. વિશ્વના વિકસિત દેશોને પણ કોરોનાનો ભયાનક રાક્ષસ ભરખી ગયો. અમેરિકા, ઇંગ્લૅન્ડ, ઇટાલી, સ્પેન, ચીન, ઑસ્ટ્રેલિયા, ફ્રાંસ, ઇરાન જેવા આગળ પડતા અનેક દેશોને કોરોનાએ બાનમાં લઈ લીધા હતા. ઇટલીની હાલત દયનીય થઈ ગઈ હતી. સારવાર આપવા હૉસ્પિટલમાં જગ્યા ખાલી નહોતી. દર્દીઓની સારવાર રસ્તા પર બિછાનાં નાખી કરવી પડતી હતી. લૉકડાઉનના કારણે ટૅકનૉલૉજીનો સમ્રાટ એવો માણસ આજે પ્રભુના ચરણે, મંદિરમાં માથું પણ ટેકવી શકતો નથી. ઘરમાં પુરાઈ તેને ટેલિવિઝન, મોબાઇલ, રેડિયો જેવા ઇલેક્ટ્રોનિક ઉપકરણો પણ આધાર રાખવો પડે છે. પરિવારથી ભાગતો ફરતો માણસ પરિવારના પાંજરે પુરાયો છે. પક્ષીઓને પાંજરે પૂરી નિજાનંદ માણતો માણસ પરિવારના પાંજરે પુરાયો છે. પાળેલા પક્ષીને જેમ માણસ પાંજરામાંથી બહાર નીકળવા દેતો નથી, તેમ કોરોનાનો વાઇરસ માણસને તેના ઘરમાંથી બહાર નીકળવા દેતો નથી. કોરોનાનો ફેલાવો સમગ્ર વિશ્વમાં જે રીતે થઈ રહ્યો છે, તે જોતા માણસની બોલતી બંધ થઈ ગઈ છે. કોરોના વાઇરસ સૌ પ્રથમ, વર્ષ ૨૦૦૩માં દેખાયો હતો. તે વેળાએ બિલાડીના શરીરમાંથી કોરોનાનો વાઇરસ માનવ શરીરમાં ટ્રાન્સફર થયો હતો. આ વાઇરસ પુનઃ સ્પ્રેડ થઈ નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૯માં ચાઇનામાં જોવા મળ્યો હતો. શરૂઆતમાં તેણે વુહાન શહેર બાનમાં લીધું હતું. ત્યારબાદ આ લખાય છે ત્યાં સુધીમાં વિશ્વના મોટાભાગના દેશોના કરોડો લોકોને સંક્રમિત કરી લાખો લોકોનો ભોગ લઈ લીધો છે.

મારી જિંદગીના ત્રેપન વર્ષમાં ન સાંભળ્યા હોય તેવા અનેક નવા શબ્દો



જાણવા મળ્યા છે. જેવા કે કવૉરૅન્ટાઇન, હોમ કવૉરૅન્ટાઇન, કલસ્ટર કવૉરૅન્ટાઈન, કવૉરૅન્ટાઇન સેન્ટર, લૉકડાઉન જેવા શાબ્દિક પ્રયોગો લોકો ડગલે ને પગલે કરતા જોવા મળે છે. કોઈપણ વાઇરસ એક પ્રાણીમાંથી બીજા પ્રાણીમાં સ્પ્રેડ થઈ ટ્રાન્સફર થાય છે ત્યારે તે અનેકગણો ખતરનાક બની જાય છે. સ્વાઈનફલૂ H1N1 તેનું ઉત્તમ ઉદાહરણ છે. બીજા કેટલાક ઉદાહરણો હમણા- હમણા સામે આવ્યા છે. માંસાહારી લોકોને આવો ચેપ લાગવાનો ભય વધુ રહે છે. વિશ્વમાં મળી આવતા દર્દીઓની સારવાર હાલ હાથવગી ઍલોપથીની દવાઓ વડે કરવામાં આવે છે. કોરોનાનો ચેપ લાગેલ દર્દીની સારવાર રોગના લક્ષણો મુજબ મૅલરિયા અને શરદીમાં વપરાતી દવાઓ વડે કરવામાં આવે છે. જોકે તેમાં દાકતરોને થોડીઘણી સફળતા પણ મળી રહી છે. પંચમહાભૂતમાંથી બનેલા શરીરનો સ્વભાવ બાહ્ય જીવાણુઓ સામે લડી લેવાનો હોય છે. ઉકત ગુણધર્મ ધરાવનાર, આપણું પંચમહાભૂતમાંથી બનેલું શરીર હુમલો કરનાર જીવાણુઓને પરાસ્ત કરી દે છે. શરીરમાં રહેલા શ્વેતકણોનો સ્વભાવ બાહ્ય જીવાણુઓ સામે લડી તેને મારી હટાવાનો હોય છે. પંચમહાભૂતમાંથી બનેલું શરીર રોગપ્રતિકારક શકિત વધારી શકે તેવો પૌષ્ટિક આહાર, દેશી ઔષધી અથવા વિલાયતી દવાઓની મદદથી કોઈપણ રોગને શરીરમાંથી મારી-ભગાડી શકાય છે. કેટલીક ઔષધી રોગને મૂળમાંથી ડામી દેતી હોય છે. રોગના કારણે ઊભી થતી માનસિક સમસ્યાઓને અટકાવી વિશિષ્ટ રસાયણો, રોગનો ભોગ બનેલ વ્યકિતનું મનોબળ વધારે છે. મનોચિકિત્સકો દ્વારા તૈયાર કરાયેલ માન્ય દવાઓ ફાયદો કરે છે. મજબૂત મનોબળ ધરાવનાર માણસ કોઈપણ દર્દમાંથી જલદી મુકત થઈ શકે છે. કોરોના વાઇરસને નાથવા રાત-દિવસ એક કરી જીવના જોખમે પરિશ્રમ કરતા ડૉકટરો, મેડિકલ દવાના વિક્રેતાઓ, નર્સો, જીવન જરૂરી વસ્તુઓના વેપારીઓ, પોલીસ મિત્રો, સફાઈ કામદારો, જવાબદાર સરકારી કર્મવીરો, મીડિયાના મિત્રોને અવિરત સેવા બજાવતા જોઈ અત્યંત ગૌરવની લાગણી અનુભવું છું. દેશના તમામ સપૂતોને મારા શત-શત વંદન...

મિત્રો, હાર અને જીતની બાજી તો ઈશ્વરના હાથમાં હોય છે. યુધિષ્ઠિર જેવા મહાન પુરુષ જૂગટું રમવા તૈયાર થઈ ગયા હતા. એટલું જ નહિ જૂગટું રમતા રાજા

યુધિષ્ઠિર પોતાનું રાજપાટ, ધન-દોલત, દ્રૌપદી જેવી પવિત્ર સ્ત્રી ખોઈ બેસે છે; તેનું રાજા યુધિષ્ઠિરને ભાન સુધ્ધાં રહેતું નથી. તેના કારણે પાંચ પાંડવો અને માતા કુંતાને બાર વર્ષનો વનવાસ અને તેરમું વર્ષ ગુપ્ત અવસ્થામાં પસાર કરવું પડ્યું હતું. બુદ્ધિશાળી રાજા યુધિષ્ઠિર જૂગટું રમવા શા માટે તૈયાર થઈ જાય છે ? ઉત્તર શોધવા થોડા ઉદાહરણ લઈ સમજીએ. રામાયણમાં આવું જ એક ઉદાહરણ જોવા મળે છે. ભગવાન રામચંદ્રજીને અયોધ્યાની રાજગાદી આપવાની હતી, પણ રાજા દશરથ રાણી કૈકેયીને આપેલું વચન નિભાવા ભગવાન રામચંદ્રજીને અયોધ્યાની ગાદી પર બેસાડી શકયા નહિ. એવી જ રીતે મહાભારતનું યુદ્ધ જીતનાર અર્જુન દ્વારકાના કાબાઓ સામે વિવશ થઈ લૂંટાયો હતો. હાર અને જીત, સુખ અને દુઃખ, સફળતા અને નિષ્ફળતા, માન અને અપમાન, હર્ષ અને શોકની અનુભૂતિ મારા હરિની ઈચ્છા મુજબના હોય છે. એટલે તો આપણે ત્યાં કહેવાય છે- ''ધાર્યું ધણીનું થાય.'' ઈશ્વરની ઈચ્છા વિરુદ્ધ એક પાંદડું પણ ફરકી શકતું નથી. ઈશ્વર તેની ભાવિ યોજનાઓ સફળ બનાવા કેટલીક ઘટનાઓનું સર્જન વિસર્જન કરતો હોય છે. દાખલા તરીકે યુધિષ્ઠિર જૂગટું ન રમે તો મહાભારતનું યુદ્ધ છેડાય નહિ. ભગવાન રામ વનમાં ન જાય તો રાવણનું મૃત્યુ સંભવ ન હતું. રામ-રાવણ વચ્ચે વેર બાંધવા પરમશકિત રાવણને સીતાનું હરણ કરવા દોરે છે. રાવણ મોહવશ થઈ માતા સીતાનું હરણ કરવા તૈયાર થઈ જાય છે. તેનો બદલો લેવા રામ વાનરસેના તૈયાર કરે છે. સમુદ્ર પર સેતુ બાંધી સેના સાથે લંકામાં યુદ્ધ કરવા ભગવાન રામ અને લક્ષ્મણ પહોંચી જાય છે. વાટાઘાટ નિષ્ફળ નીવડતા રામ-રાવણ વચ્ચે ભયંકર યુદ્ધ ખેલાય છે. તેમાં અભિમાની રાવણનું મૃત્યુ થાય છે. આમ, શકિતશાળી રાવણ અને તેની મોટી સેનાનો નાશ થઈ જાય છે. સીતા માતા પર આવેલું સંકર દૂર થઈ જાય છે. સીતા માતાના સંકટને નાથવા ખેલાયેલું યુદ્ધ અન્ય લોકોને રાવણના ત્રાસમાંથી મુકિત અપાવે છે. એવી જ રીતે યુધિષ્ઠિરનું જૂગટું રમવા આકર્ષાવું એ મહાભારતના યુદ્ધનું કારણ બને છે. મહાભારતનું યુદ્ધ છેડાવાથી પાપી કૌરવોનો વિનાશ થઈ જાય છે. પાપી કૌરવોનું રાજ લાંબું ચાલે તો હજારો લોકોને તેનો ત્રાસ ભોગવવો પડે. પક્ષપાતી કૌરવોથી બચવા યુધિષ્ઠિરને કુબુદ્ધિ સુજાડી જૂગટું રમવાની પ્રેરણા ખૂદ



ઈશ્વરે કરી હતી. ટૂંકમાં, કોઈપણ ઘટના ઈશ્વરનો ચોક્કસ હેતુ પરિપૂર્ણ કરવા ઘટતી હોય છે. કોરોના નૉવેલ વાઈરસ પણ એક પડકાર બનીને આવ્યો છે. મૃત્યુલોકનો રાજા અને મનુષ્યને કોઈ નવસર્જનનો સંદેશ આપવા ઘટેલી આ ઘટના હોય શકે છે.

ગીતા ગાયક ભગવાન કૃષ્ણના મતે સંકટ અર્થાત્ દુઃખ અને સમૃદ્ધિ અર્થાત્ સુખ, દિવસ અને રાત્રી જેવા હોય છે. ગમે તેવો સારો કે ખરાબ સમય કાયમ રહેતો નથી. તેથી માણસે ખુમારીભર્યું જીવન જીવવા હિંમત કેળવવી જોઈએ. મને કોઈ અજ્ઞાત કવિના શબ્દો યાદ આવે છે :

''જીવન જીવવું સેહલું નથી, મારે મોત પહેલા મરવું નથી;
મરતા મરતા જીવવું પડે, એવું જીવન મારે જીવવું નથી.
પ્રાણ રહે જયાં સુધી શરીરમાં, કોઈથી મારે ડરવું નથી;
સારું થાય તો ઠીક છે, કોઈનું ખોટું મારે કરવું નથી.''

કવિ કહે છે : માનવ તરીકે જન્મ લઈ મારો મૂલ્યવાન અવતાર એળે જવા દેવો નથી. વળી હું એ પણ જાણુ છું કે, મનુષ્ય દેહ મળવા છતાં જીવન જીવવું સરળ નથી. તેમ છતાં મુશ્કેલીઓથી ડરી મોત પહેલા મરવાની મારી કોઈ તૈયારી નથી. આ શરીરમાં પ્રાણ રહે ત્યાં સુધી કોઈપણ જાતનો ડર રાખી જીવવા ઈચ્છતો નથી. કોઈનું સારું થાય તો ઠીક છે, પણ મારું જીવન સજાવા માટે કોઈના નસીબનું ઝૂંટવી લેવા ઈચ્છતો નથી. કવિ ખુમારીભર્યું જીવન જીવવા ટકોર કરે છે. કોઈ અજ્ઞાત કવિની કલમે લખાયેલા શબ્દો સમગ્ર માનવજાતને ગૌરવ પ્રદાન કરે તેવા છે. નાની-મોટી સમસ્યાઓ તો જીવનમાં આવે ને જાય ! તેનું આવવું અને જવું શિયાળા તથા ઉનાળાની ઋતુ સમાન છે. જેનો જન્મ છે, તેનું મૃત્યુ પણ નિશ્ચિત છે. તેથી તેને નિવારી ન શકાય. જે રીતે આપણે જૂનાં વસ્ત્રો ત્યજી નવાં વસ્ત્રો ધારણ કરીએ છીએ, તેમ શરીર જીર્ણ થતા જીવાત્મા નવું શરીર સમયાંતરે ધારણ કરે છે. આપણું સ્થૂળ શરીર પંચમહાભૂતનું બનેલું હોય છે, તેથી તે પ્રકૃતિના ત્રણ ગુણધર્મ મુજબ વર્તે છે. સત્ત્વ, રજો અને તમોગુણ પૈકી જેનું પ્રભુત્વ વધુ હોય છે, તે પ્રમાણે દેહધારી આત્મા વર્તે છે. સ્થૂળ શરીર અમુક કર્મ બજાવી આત્માએ છોડવું પડે છે. જે રીતે ભાડાનું મકાન માલિકનો હુકમ થતા ખાલી કરી આપવું પડે છે, તેવી

જ રીતે જીવાત્માએ શરીરરૂપી મકાનનો કબજો છોડવો પડે છે. પરંતુ દેહરૂપી મકાન ખાલી કરતા પહેલા કર્મની પૂંજી જમા કરાવી શકે તે શ્રેષ્ઠ આત્મા પુરવાર થાય છે. તેનો ગર્ભશ્રીમંત પરિવારમાં જન્મ થાય છે. તેથી જન્મ કે મૃત્યુરૂપી ઘટતી ઘટનાઓને સમાન ગણી આપણે તેનો સ્વીકાર કરવો જોઈએ. કોવિડ-૧૯ કોરોના વાઈરસ કૌરવોની જેમ પંચમહાભૂતમાંથી બનેલા માનવ શરીરરૂપી પાંડવો સામે યુદ્ધ છેડવા આવી પહોંચ્યો છે, ત્યારે માનવ શરીરના નાયક એવા મનરૂપી અર્જુને પોતાની કાયરતાને ખંખેરી તેને તિલાંજલિ આપી લડવા મેદાને પડવું પડશે. પંચમહાભૂતમાંથી બનેલું શરીર પાંચ પાંડવ છે. મન બાણાવળી અર્જુન છે. જયારે આત્મા ભગવાન કૃષ્ણ છે. સૃષ્ટિનું રહસ્ય મનરૂપી અર્જુન આત્મારૂપી શ્રીકૃષ્ણ પાસેથી જાણી શકે છે.

''જિંદગીમાં શું કમાવા 'ઝગમગ' આવ્યો હતો ?
કેટલું કમાયો ભાઈ તું ?
જો હિસાબ જરા લગાવ તું,
સંકટ તારું જાય તો.''



## ૨૩. શ્રદ્ધા

ભોજન કરવાથી ભૂખ મટી જાય છે, તેવી આપણને શ્રદ્ધા હોય છે એટલે જ આપણે રોજ ભોજન તૈયાર કરવાની કડાકૂટમાં પડતાં હોઈએ છીએ. તૈયાર થયેલું ભોજન ભૂખની અનુભૂતિ થતા જ આપણને ખપ લાગે છે. તે આરોગતા જ આપણે તૃપ્ત થઈએ છીએ. એવી જ રીતે આપણા શાસ્ત્રો કે ગુરુ વાકયોમાં કહેવામાં આવ્યું છે, તે બધું જ સત્ય છે; એવો વિશ્વાસ કરવો એ પણ શ્રદ્ધાનું જ રૂપ છે. માતા-પિતા પણ ગુરુ કહેવાય છે. આપણને માતા-પિતા જે માર્ગ બતાવે છે, તેમાં આપણને પૂરેપૂરી શ્રદ્ધા હોય છે. માટે આપણી ભૂખ મિટાવા તેઓ જે આહાર આપે છે, તે બાલિશતા હોવા છતાં આરોગતા હોઈએ છીએ. શ્રદ્ધા આપણાં મનોરથો પૂરા કરે છે. શ્રદ્ધા બ્રહ્મજ્ઞાન પ્રાપ્તિનું મોટું સાધન ગણાય છે. ભગવાન શ્રીકૃષ્ણ ગીતાના ચોથા અધ્યાયમાં દિવ્ય જ્ઞાન વિશે પ્રકાશ પાડતા કહે છે : 'શ્રદ્ધાવાન વ્યકિત જ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. ગીતાના ૧૭મા અધ્યાયમાં ત્રણ પ્રકારની શ્રદ્ધા બતાવી છે. (૧) સાત્ત્વિક (૨) રાજસી (૩) તામસી. સાત્ત્વિક શ્રદ્ધા જ્ઞાન પ્રાપ્તિ સુધી દોરી જાય છે. પરંતુ રાજસી કે તામસી શ્રદ્ધા જ્ઞાન માર્ગમાં આવતા અવરોધો ખાળી શકતી નથી, પરિણામે તેનો અકાળે અંત આવે છે. એટલે કે જયાં સુધી સાત્ત્વિક શ્રદ્ધા થતી નથી ત્યાં સુધી જ્ઞાનની અનુભૂતિ થઈ શકતી નથી. સરળ શબ્દોમાં સમજવાનો પ્રયત્ન કરીએ તો જ્ઞાન વિના જીવની પરમગતિ થઈ શકતી નથી. જ્ઞાન વડે જીવની ગતિ તેના અંતઃકરણ મુજબની હોય છે. પૂર્વજન્મના કર્મ મુજબની શ્રદ્ધાનો યોગ થાય છે. સાત્ત્વિક શ્રદ્ધા ધરાવતો જીવ દેવોની પૂજા કરે છે. રાજસી શ્રદ્ધા ધરાવતો જીવ અસૂરોની પૂજા કરતો હોય છે. તામસી શ્રદ્ધા ધરાવતો જીવ ભૂતપ્રેતની પૂજા કરે છે. આવી વ્યકિતનો સંબંધ જે તે ગુણધર્મ મુજબના સ્વભાવ આધારિત હોય છે. સાત્ત્વિકગુણનું પ્રભુત્વ ધરાવનાર મનુષ્યની શ્રદ્ધા પણ સાત્ત્વિક હોય છે. રાજસી કે તામસી શ્રદ્ધા ધરાવતો વ્યકિત સ્વભાવે ક્રોધી, સ્વાર્થી, લોભી, લાલચુ હોય છે. કારણ કે રજોગુણ મહત્ત્વાકાંક્ષા ઉત્પન્ન કરે છે. તમો ગુણ આસુરીવૃત્તિને ઉત્તેજન આપી અસત્યો આચરવા પ્રેરે છે. અજ્ઞાનના માર્ગે દોરી અનર્થો સર્જે છે. રાજસી કે તામસી શ્રદ્ધા સંસાર સાગરમાં ઊભા થતા વમળો વચ્ચે

અટવાય પડે છે. આપત્તિ અને વિપત્તિના તોફાનો તેને ઘેરી વળે છે. કાયારૂપી નાવ હાલકડોલક થવા લાગે છે. અચાનક સમુદ્રમાં જાગતા તોફાનથી હારી ધીરજ ગુમાવેલો નાવિક પોતાની નાવ સંભાળી શકતો નથી, તેમ સાત્ત્વિક શ્રદ્ધાના અભાવે મનુષ્ય સાંખ્યયોગની અનુભૂતિ કરી શકતો નથી. ગીતનાં સત્તરમાં અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને ઉદ્દેશીને શ્રદ્ધાના ત્રણ પ્રકાર વિશે સમજાવતા કહે છે : ‘‘દેહધારી જીવોના પ્રાપ્ત કરેલા પ્રકૃતિના ગુણો પ્રમાણે તેની શ્રદ્ધા ત્રણ પ્રકારની હોય છે. સત્ત્વગુણી, રજોગુણી તથા તમોગુણી. મનુષ્ય સંસારભૂમિ પર પ્રકૃતિનાં ગુણો વડે કોઈ એક ચોક્કસ પ્રકારની શ્રદ્ધા અર્જિત કરવા સમર્થ બને છે.’’

### સાત્ત્વિકશ્રદ્ધા :

મારો જન્મ સામાન્ય ખેડૂત પરિવારમાં ૧૫ માર્ચ ૧૯૬૭માં થયો હતો. કુમળી બાળવયે આંખોની દૃષ્ટિ ગુમાવી હતી. વાયુવેગે આવેલી સમસ્યા મારો છુટકારો કરે તે પહેલા કુટુંબની આર્થિક ભીડે ભરડો લીધો. તેમાંથી ઉગરવાનો કોઈ માર્ગ મળી આવે, તે પહેલા જ ભગવાને માતાનું છત્ર ઝૂંટવી લીધું. બાળમાનસને ક્યાં ખબર હતી કે જીવન ઘટમાળના દરેક મોર્ચે લડવાની આ પરીક્ષા હતી.

સાત્ત્વિક શ્રદ્ધા ધરાવતા સંસારભૂમિના યાત્રાળુએ કપરા માર્ગની મુસાફરી કરવી જ પડે છે. સુખ-સગવડની અપેક્ષા વિના તીર્થધામમાં ઈશ્વરના દર્શન કરવા જે લોકો જાય છે, તેને યાત્રા કહેવામાં આવે છે. પરંતુ મોજમસ્તી અને આનંદ ઉઠાવાના ભાવથી જે લોકો દેખાદેખીથી તીર્થધામમાં જાય છે, તેને પ્રવાસ કહેવામાં આવે છે.

રાજસી શ્રદ્ધા ધરાવતા લોકો હંમેશા સમય પસાર કરવા અથવા મોજમસ્તી અને ગેલ કરવા તીર્થધામની મુલાકાતે નીકળી પડતા હોય છે. મહત્ત્વાકાંક્ષા સાથે યાત્રાધામમાં આવતા લોકો તામસી શ્રદ્ધા ધરાવતા હોય છે. માત્ર વીશ રૂપિયાનું શ્રીફળ વધેરી કરોડોની માંગણી કરતાં હોય છે. તમારી કર્મપૂંજી જમા ન હોય, તો એક કોડી પણ મંદિરમાં ભોગ ચડાવાથી મળી શકતી નથી. તેથી મંદિરમાં ઈશ્વરના ચરણોમાં ભીખ માગવાનો કોઈ મતલબ રહેતો નથી. રાજસી કે તામસી શ્રદ્ધા



ધરાવતો માણસ આટલી સરળ બાબત પણ સમજી શકતો નથી. બૅન્કમાં બૅલેન્સ ન હોય તો એક રૂપિયો પણ ઉપાડ પેટે મળતો નથી. ચેક લખીને કોઈને આપશો તો પણ બૅન્કમાં રજૂ થતા જ તે પરત ફરે છે. તમારી સામે છેતરપિંડીનો દાવો દાખલ થઈ શકે છે. પોલીસ કાર્યવાહી થઈ શકે છે. ઈશ્વરની બૅન્કનો ચેક લખતા પહેલા આપણે સો વખત વિચાર કરવો જોઈએ. યાત્રાધામમાં કોઈ પણ અપેક્ષા વિના ઈશ્વરના દર્શન કરવા જે લોકો નિયમિત જવાનું પસંદ કરી શકે છે, તે જ સાત્ત્વિક શ્રદ્ધાળુ છે. મંદિરમાં તમારે ઈશ્વર પાસે કશુંક માગવું જ હોય તો તમારાથી વધુ દુઃખી દેખાતા લોકો માટે માગવાનું પસંદ કરો. કારણ કે અન્ય માટે માંગણી કરવીએ પણ એક પરોપકાર છે. આ રીતે તમે ઈશ્વરની બૅન્કમાં ધન જમા કરાવાનું પુણ્યસ્વરૂપ કાર્ય કરો છો. તમારા ભાવરૂપી જમા થયેલું ધન પરમાત્મા જરૂરિયાતમંદ જીવાત્માને લોન પેટે ધિરાણ કરે છે. તેથી સૃષ્ટિના કલ્યાણ માટે દરેક જીવોએ આ પ્રકારનું કર્મ બજાવતા રહેવું જોઈએ. મારી દૃષ્ટિએ બનાવટી દસ્તાવેજો ઊભા કરી લોન ઉપાડવા કરતાં જરૂરિયાતમંદ વ્યક્તિને બૅન્ક લોન આપી શકે, તેવા ભાવ સાથે જમા કરેલું ધન ઉત્તમ અને સાત્ત્વિક છે. જયારે રાજસી અને તામસી ધન બૅન્કમાં વધુ પડતું જમા થઈ જાય છે ત્યારે બૅન્ક પણ પોતાનો વિવેક ગુમાવે છે. ખોટા લોકોની જાળમાં ફસાઈ જાય છે. એટલું જ નહિ લાયક ન હોય તેવા અપાત્ર લોકોને આડેધડ ધિરાણ કરી દે છે. બૅન્કના નાણાં ફસાઈ જાય છે. કોઈવાર તો બૅન્કનું ઉઠમણું પણ થઈ જાય છે. તેનાથી ઉલટું સાત્ત્વિક ધન અનેક લોકોને બેઠા કરી દે છે. જે બૅન્ક આવું સાત્ત્વિક ધન એકઠું કરી શકે છે, તે બૅન્ક ખૂબ પ્રગતિ કરી શકે છે.

સાત્ત્વિક ધન વ્યકિતગત કે સામૂહિક રીતે લાભકારક બને છે, પણ રાજસી કે તામસી ધન વિનાશક હોય છે. અન્યને દુઃખ પહોંચાડી કમાયેલું ધન તામસી ધન કહેવાય છે. એવી જ રીતે અંગત સ્વાર્થ સિદ્ધ કરવા એનકેન રીતે ભેગું કરેલું રાજસી ધન કહેવાય છે. આજ-કાલ બૅન્કોમાં રાજસી અને તામસી ધનનું ભંડોળ દિન-પ્રતિદિન વધતું જાય છે. પરિણામે વિજય માલિયા, નીરવ મોદી, મેહુલ ચોકસી જેવા અનેક કરજદારો રાજકીય વગના જોરે બૅન્કોની મોટી રકમ ઉપાડી રફુચક્કર થઈ ગયા છે. છેલ્લા દસ વર્ષમાં બૅન્કઋણ ઉપાડનારા કહેવાતા ઉદ્યોગપતિઓની

સંખ્યામાં તોતિંગ વધારો થયો છે. આ તમામ કરજદારો ઉદ્યોગપતિ નહિ પણ વર્તમાન સમયના અસુરો છે. આસુરીવૃત્તિ માણસનું પતન કરી દે છે. જેઓ સાત્વિક શ્રદ્ધાથી અળગા રહે છે, તે મોટો ઉદ્યોગપતિ બનવા છતાં સાત્વિક લક્ષ્મીનો સ્વામી બની શકતો નથી. આવા લોકોનું કાંઠે આવી વહાણ ડૂબી જાય છે. છોકરાં વ્યસની અને વ્યભિચારી બને છે. પરિવારના સભ્યો અનેક રોગોથી પિડાતા હોય છે. ઘરમાં ખાવા પકવાન તૈયાર હોય છે, છતાં એક રોટલી પણ ખાઈ શકાતી નથી. અનાજ કરતા ગોળીઓ વધુ લેવી પડે છે.

ભકિત માર્ગના મુસાફરનું પણ આવું જ બનતું હોય છે. હજારો સાધુ-સંતો સંસારનો ત્યાગ કરવા છતાં તેનાથી છૂટી શકતા નથી. કામવાસના અને ધનદોલતની લાલચ છૂટતી નથી. કેટલાક સત્તાની ખુરશી મેળવવા કૂદી પડે છે. આપણા દેશમાં આવા દંભી લોકોનો મોટો રાફડો ફાટયો છે. કહેવાતા સાધુ-સંતો તો રાજકીય સત્તાનું રિમોટ કબજે કરી બેઠા છે. મોટી સભાઓમાં ત્યાગ વિષય પર ભાષણ કરતા લોકો ભેગું કરવામાં કોઈ કસર રાખતા નથી. તેનું કારણ માણસની આસુરીવૃત્તિ જ છે. માયા અર્થાત્ પ્રકૃતિના ત્રણ ગુણ પૈકી રજોગુણ અથવા તમોગુણનું વધતું જતું પ્રભુત્વ છે. જયારે તમોગુણ વિસ્તરે છે ત્યારે મોહ ઉત્પન્ન થાય છે. જાગેલો મોહ સંતોષવા ક્રોધ જન્મે છે. ક્રોધ ઉત્પન્ન થવાથી જ્ઞાનનો ક્ષય થાય છે. જ્ઞાનના અભાવે વાસના જાગે છે. વાસનાથી લાલચ પેદા થાય છે. લાલચ માણસને પાયમાલ કરી દે છે. એટલું જ નહિ જીવાત્માનું સંચિત પુણ્યકર્મ પણ વેડફાઈ જાય છે. ઈશ્વરના દરબારમાં રાજકીય વગ કામ લાગતી નથી. જેઓ મોહનાં ફંદામાં આવતા નથી, તેઓ કપરાં સંજોગોમાં પણ ધૈર્ય ગુમાવતા નથી. એક ખેડૂત પરિવાર હતો. વૃદ્ધ પિતા અને દીકરો મળી ખેતી કામ કરતા હતા. ખેતરમાં બંને કામ કરી રહ્યા હતા. અચાનક ભારે પવન સાથે વરસાદ તૂટી પડે છે. લગભગ બે કલાક સાંબેલાની ધારે વરસાદ પડે છે. ગામમાં આવેલા ખેડૂતના ઘરનો અડધો ભાગ વરસાદના લીધે પડીને પાદર થઈ જાય છે. ખેડૂત અને તેનો દીકરો ખેતરેથી ગામમાં આવેલા પોતાના ઘર પાસે આવી પહોંચે છે. જમીનદોસ્ત થયેલા ઘરને જોઈ દીકરો બોલી ઊઠે છે : ‘‘હે ઈશ્વર, તને આ શું સુજયું ? ગામમાં અનેક ચોર લોકો વસે છે.



તેના મકાનની એક કાંકરી પણ ખરી નથી. અમારું અર્ધુ મકાન પડી ગયું છે ! ખરી મહેનતથી કમાઈ અમારુ માંડ પેટ ભરાય છે. છતાં અમારા મકાનનું તું રક્ષણ ન કરી શકયો.’’ ચોધાર આંસુએ રડતા પિતા તરફ દ્દષ્ટિ ફેરવી દીકરાએ ઉમેર્યું : ‘‘હે પિતાશ્રી, તમે શાંત થાવ, પક્ષપાતી ભગવાન આપણી કોઈ વાત નહિ સાંભળે.’’ સાંભળી પિતાએ કહ્યું: ‘‘હે દીકરા, હું મકાન પડવાનું દુઃખ વ્યકત કરતો નથી. મારી આંખોમાં આજ હર્ષના આંસુ સમાતા નથી. કારણ કે ભયંકર તોફાન વચ્ચે પણ માટીનું અર્ધુ મકાન બચી ગયું છે. ભગવાને આપણી કેટલી ચિંતા કરી હશે ? જો આખું મકાન પડી ગયું હોત તો આપણે ચોમાસાના વરસાદથી શી રીતે બચી શકત ?’’ વૃદ્ધ પિતા ઈશ્વરનો આભાર માની ઘોર નીંદર માણી શકયો હતો, પણ તેનો દીકરો આખી રાત પડખા ફેરવતો રહ્યો હતો. કારણ કે પિતાનું વ્યકિતત્વ સાત્વિક ગુણથી ભરેલું હતું. પણ દીકરો રજોગુણી હોવાથી આખી રાત ઊંઘી શકયો નહિ. દીકરો ઈશ્વરને દોષ દેતો હતો. પણ એક વૃદ્ધ પિતા ઈશ્વરનો આભાર માનતો હતો. સત્ત્વગુણ અને રજોગુણ વચ્ચેનો વાચકમિત્રો, આ મોટો તફાવત છે. સત્ત્વગુણનો પ્રસાદ સૃષ્ટિના દરેક જીવને મળે, તેવા ઉદ્દેશથી ઈશ્વર તને પ્રાર્થું છું.

‘‘ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ;
ગુણ તારાં નિત ગાઈએ, થાય અમારાં કામ;
હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ;
ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજે માફ.’’

# ૨૪. સંતાકૂકડી

સંતાકૂકડીની રમત વિશે તમે સૌ જાણતા જ હશો. દાવ આપનાર રમતવીરે બધા સંતાઈ જાય ત્યાં સુધી પોતાની આંખો મીંચી રાખવાની હોય છે. ભાગ લેનાર દરેક રમતવીર સંતાઈ જાય પછી દાવ આપનાર વ્યક્તિ બધાની શોધ કરવા મેદાને પડે છે. રમતની શરત મુજબ સૌથી પહેલા શોધાયેલ વ્યક્તિ પર દાવ આવે છે. પરંતુ રમતની પૂર્વ શરત મુજબ, દાવ આપનાર વ્યક્તિ રમતમાં જોડાયેલા, દરેક રમતવીરને શોધી કાઢવાના હોય છે. એટલે કે જ્યાં સુધી સંતાયેલા બધા જ રમતવીરો દાવ આપનાર વ્યકિત ખોળી ન શકે, ત્યાં સુધી તેનો દાવ ઊતરી શકતો નથી. પોતાનો દાવ જલદી ઉતારવા દરેક રમતવીર ભારે ઉતાવળો બનતો હોય છે. દાવ ઉતારવા રમતવીર રમતની શરત મુજબ બંધ કરેલી આંખો છૂપી રીતે ખોલી બધા ક્યાં સંતાઈ રહ્યાં છે, તે જોઈ લેતો હોય છે. આવો કીમિયો સફળતાપૂર્વક પાર પાડવાની યુકિત જે વ્યકિત જાણતો હોય છે તેના પર આવેલો દાવ ટકી શકતો નથી. તેનાથી ઊલટું પ્રામાણિક રમતવીરે દાવ ઉતારાવા એડીચોટીનું જોર લગાવવું પડે છે. પોતાનો દાવ ઉતારવા દરેક પ્રામાણિક રમતવીરે પરસેવો પાડવો પડે છે.

વાચકમિત્રો, બાળરમતો પણ જીવનશિક્ષણની મોટી પાઠશાળા ગણાય છે એટલે જ આપણે રમત દ્વારા બાળકને ઉત્તમ શિક્ષણ મળી રહે, તેવી કાળજી લેવી જોઈએ. આપણે બાળકને ઉત્તમ કેળવણી આપી શકે તેવી શાળા-કૉલેજ પસંદ કરતા હોઈએ છીએ, પરંતુ ખરી કેળવણી આપતી રમતો બાળકો પ્રામાણિક બની રમે, તેવી દેખરેખ રાખતા નથી. અનુભવનો હથોડો બની જીવન ઘડતર કરતી રમતો બાળકો વધુ ને વધુ રમતા થાય, તેવું આયોજન દરેક પરિવારે કરવું જોઈએ. મોટાભાગના પરિવાર ઉત્તમ જીવનશિક્ષણનું સિંચન કરતી રમતો પ્રત્યે ઉદાસિનતા દાખવે છે. પોતાનું બાળક પ્રામાણિક બની રમત રમે તેવી ચિંતા ભાગ્યે જ માતા-પિતા કે પરિવારના સભ્ય કરતા હોય છે. આવી લાપરવાહી માનવજીવન માટે ખતરાની ઘંટડી સમાન છે. હરીફાઈમાં ઊતરેલા હરીફનો સમય પૂરો થતાં પહેલાં, સ્પર્ધામાં ઊતરેલા હરીફને એક મિનિટ બાકી હોય તે પહેલા ચેતવણી આપવામાં આવતી હોય છે. ગાયક અથવા વકતા પોતાની કૃતિ રજૂ કરતા હોય છે, ત્યારે પણ



સૂચક ઘંટડી વગાડી સ્પર્ધકને ચેતવણી આપવામાં આવતી હોય છે. ઘંટડી વાગતા સ્પર્ધક કૃતિનું ઈતિશ્રી કરી દેતો હોય છે. આપણને જીવનમાં સમય અને ચારિત્રના ગુણોનું મૂલ્યાંકન કરવા સૂચક ઘંટડી નિર્દેશ કરે છે. બાળરમતો આપણને ઉપયોગી માપદંડ જીવનમાં અપનાવા અંગુલીનિર્દેશ કરે છે. માતા-પિતાએ આવા માપ-દંડનું નિયંત્રણ કરવા પોતાના બાળક માટે અવનવા સૂચનો, સત્ય-અસત્યનું પૃથક્કરણ કરતા રહેવું જોઈએ. પોતાના બાળકને જીવન ઉપયોગી કેળવણી, જુદી-જુદી રમતો દ્વારા પ્રાપ્ત થાય, તેવા પગલાં લેવા જોઈએ. સંતાકૂકડીની રમત આપણા જીવન સાથે તાણા-વાણાની જેમ વણાઈ ગઈ હોય તેમ લાગે છે. તેથી તેનું ઉદાહરણ ટાંકી કેટલીક બાબતો પર પ્રકાશ પાડવા ઈચ્છું છું.

**દાવ આપનાર રમતવીર :**

પ્રામાણિક બની સંતાયેલ દરેક સાથીઓને શોધવા નીકળશે, તો તેનામાં ખેલદિલીનો ગુણ ખીલી ઊઠશે. પ્રામાણિક બાળક યુવાન થવા છતાં પોતાની પ્રામાણિકતા જાળવી રાખશે. તેને કોઈ પણ કામ સોંપવામાં આવશે, તે દરેક કામ પ્રામાણિક પણે પૂરું કરશે. બાળપણમાં પડેલી સુટેવ તેને ભ્રષ્ટાચારના દુષણથી બચાવશે. કામચોરી તેના જીવનમાં ડોકિયું કરી શકશે નહિ. બાળપણમાં દાવ આપવા માટે કરેલી દોડધામ, તેને ખડતલ બનાવશે. નીરોગી શરીર પ્રગતિના નવા દ્વાર ખોલી આપશે. સાથી રમતવીરનો મતલબી વ્યવહાર જાણી પોતાની જાતને અસત્યોથી શી રીતે અળગી રાખી શકાય છે, તે જાણી શકશે. દાવ આપનાર રમતવીર ભલે ગમે તેવા ઉધામા આદરે પણ તે આપણી શોધ કરવામાં નિષ્ફળ રહે તેવી સુરક્ષિત જગ્યાએ દરેક ભાગ લેનાર રમતવીરે સંતાવું જોઈએ. જેમના દિલમાં આવો સંદેશ અંકિત થઈ ગયો હોય છે, તે વાસ્તવિક જીવનમાં આવતા અસત્યોથી અલિપ્ત રહી પોતાનું ચારિત્ર શુદ્ધ રાખી શકે છે. સંતાકૂકડીની રમત આપણા વાસ્તવિક જીવનની પગદંડી છે. જ્યારે વિશાળ માર્ગ પર વાયુવેગે દોડતું વાહન, અટકી પડે છે, ત્યારે મુસાફરે મંજિલના મુકામ સુધી પહોંચવા પગપાળા, ટૂંકામાર્ગે (નાનકડી કેડી) અથાત્ પગદંડી પર પણ પોતાની યાત્રા ચાલુ રાખવી પડે છે. આપણને પ્રાપ્ત થયેલું શિક્ષણ અને બાહ્ય સંસ્કાર નિષ્ફળ નીવડે છે, ત્યારે

ભીતરમાં ધરબાયેલા સંસ્કાર ગુલાબની કળીની જેમ ખીલી ઊઠે છે. ભીતરના બાગમાં સંસ્કારરૂપી છોડ પર સમજરૂપી ગુલાબની કળીઓ ખીલી ઊઠે છે. સમજ અને સંસ્કાર આપણા જીવનને હર્યું-ભર્યું બનાવે છે. કોઈ પણ રમત અવૈધિક શિક્ષણનું અતિ અગત્યનું કેન્દ્ર છે. તેથી દરેક રમતવીરે તેમાં ખેલદિલીપૂર્વક ભાગ લેવો જોઈએ. રમતગમત આપણને હાર અને જીતમાં સંતુલન રાખવાનું શીખવે છે. રમતના મેદાનમાં વ્યક્તિ કે ટીમની હાર-જીત તો ચાલતી જ રહેવાની છે. હાર કે જીત કોઈ પણ રમતનો ક્રમ છે. વળી, તે બંને ક્ષણિક આનંદ કે શોકની અનુભૂતિ કરાવે છે. પરંતુ તેના પ્રભાવથી ખીલેલા સાહસ, ધીરજ, ખંત, એકતા, પ્રામાણિકતા જેવા અનેક ગુણનું મળેલું ભાથું જીવનપર્યંત ઉપયોગી નીવડે છે.

બાળપણમાં હું સનેત્ર મિત્રો સાથે સંતાકૂકડીની રમત ખૂબ ઉત્સાહપૂર્વક રમતો હતો. કેટલાક મિત્રો મારો અંધત્વનો ફાયદો પણ ઉઠાવતા હતા. તેમાંનાં કેટલાક મિત્રો તટસ્થ રીતે મારી સાથે વર્તતા હતા. થોડા મિત્રો મારી દયા ખાઈને જાણી જોઈને પકડાઈ જતા હતા. જોકે મને તો તેઓને શોધી કાઢવાનું ભારે ગૌરવ થતું હતું. મારા પ્રામાણિક અને દયાળુ દરેક મિત્રો ઉદ્યોગધંધામાં ઘણા આગળ વધ્યા છે. ગેરલાભ ઉઠાવતા મિત્રો જીવનસંઘર્ષ કરી ગાડું ગબડાવી રહ્યા છે. દરેક મિત્રોની વિગતમાં પડી આપને મારી અહેવાલ લેખનશકિતનો પરિચય કરાવવા ઈચ્છતો નથી. પરંતુ હું આપ સૌને સંતાકૂકડીની રમતના કારણે મારામાં વિકસેલા નૈતિક ગુણો વિશે, જાણકારી આપવા માગું છું. બાલ્યાવસ્થામાં કેટલાક મિત્રો, મને ભોળોભટ જાણી મારો ફાયદો ઉઠાવતા હતા. મારો દાવ મેં મહામહેનતે માંડ ઉતાર્યો હોય, ત્યાં દીવાની આસપાસ ઘૂમતાં પતંગિયાં જેવી મારી હાલત થઈ જતી હતી. હું પતંગિયાની જેમ આનંદમાં આવી જતો હતો. પતંગિયાં જેમ મોજમાં આવી આગમાં કૂદી પડે છે, તેમ હું પણ મિત્રની વાક્ ચતુરાઈની જાળમાં માછલાની જેમ ફસાઈ જતો હતો. કોઈવાર દાવ આપનાર મિત્ર પોતાની આંખો મીંચે તે પહેલા જ મારી સંતાવાની જગ્યા તરફ ચાલતો થઈ જતો હતો. મારા ભોળપણના લીધે દાવ આપનાર અમારા મિત્રને ફાયદો થતો હતો. મારી ઉતાવળના કારણે અમારા મિત્રનું કામ ઘણું સરળ થઈ જતું હતું. માછીમાર જાળમાં ફસાયેલા માછલાઓને પકડી ધન



કમાય લે છે, તેમ દાવ આપનાર મિત્ર મારો પીછો કરી સૌથી પહેલા મને શોધી કાઢતો હતો. તેથી દાવ વારંવાર મારા પર આવીને અટકતો હતો. કલાકો સુધી હું દાવ ઉતારી શકતો નહિ. આખરે કેટલાક દયાળુ મિત્રો એકબીજાને ઈશારા કરી જાતે પકડાઈ જતા હતા. જેના કારણે હું જેમતેમ કરી મારો આવેલો દાવ ઉતારવામાં સફળ થઈ શકતો હતો. જેમણે મારો દાવ ઉતારવા સંવેદનાપૂર્વક વર્તન કર્યું હતું, તે તમામ મિત્રો આજે ખૂબ સુખી છે. પોતાના ધંધારોજગારના ક્ષેત્રે આગળ ધપી રહ્યા છે. સંતાકૂકડીની રમત મારા જીવનની એક પાઠશાળા બની ગઈ છે. માણસની સીમિત અને મલિન વૃત્તિઓ નાશ પામે છે. સંતાકૂકડીની રમતના લીધે કેળવાયેલી આદતો શાળા સંચાલનમાં મને ઉપયોગી બને છે. હું માણસને પારખવાની શકિત કેળવી શક્યો છું. જેના કારણે સરળતાથી ખરા-ખોટાનો ભેદ પામી શકું છું. મને શાળાના સંચાલનમાં મિત્રોને પારખવાની પ્રાપ્ત થયેલી શકિત ખૂબ જ કામ લાગે છે. કોઈ પણ બાળક માત્ર સમય પસાર કરવા રમત રમતો નથી. પરંતુ તે રમત દ્વારા સંસારની આંટીઘૂંટીઓને જાણી શકે છે. હાર અને જીત પચાવી સફળતા અને નિષ્ફળતામાં અચળ રહી, કાર્ય કરી શકે છે.

પહેલી મે ૧૯૯૯માં શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાનું સુકાન, સંસ્થાની કમિટીએ મને સોંપવાનો ઠરાવ કર્યો હતો; ત્યારે સંસ્થા અનેક પડકારોનો સામનો કરી રહી હતી. શિક્ષણમાં આમૂલ પરિવર્તન લાવવાની જરૂર હતી. તેના માટે કેટલીક માળખાકીય સવલત ઊભી કરવાની આવશ્યકતા હતી. વર્ષોથી ઘર કરી ગયેલી પ્રણાલી બદલવાની જરૂર હતી. શાળાના સંગીત શિક્ષક કોઈ માનસિક બીમારીમાં પટકાયા હતા. શાસ્ત્રીય સંગીતની કલાને ન્યાય આપી શકે તેવા અધિક સંગીત શિક્ષક રોકવાની જરૂર હતી. વ્યવસ્થાના ભાગરૂપે બાળકોના હિતમાં ટ્રસ્ટના ખર્ચે તાબડતોબ એક સંગીત શિક્ષક રોકી પણ લીધા. સરકારી પગારદાર શિક્ષકનું અચાનક માનસિક સ્વાસ્થ્ય કથળી ગયું હતું. પરિણામે દિન-પ્રતિદિન ગાયન-વાદન સહિતના થિયરી અને પ્રૅક્ટિકલ શિક્ષણ પર ગંભીર અસર થઈ રહી હતી. તેથી તેનો ઉપાય શોધી કાઢવાનો મારી સામે મોટો પડકાર આવીને ઊભો હતો. માધ્યમિક શાળાના શિક્ષણ માટે ઘણું કરવાનું બાકી હતું. વિદ્યાર્થીઓનું ધોરણ

દસનું પરિણામ સુધારવા નક્કર પગલા લેવાની જરૂર હતી. ઉદ્યોગ અને ટૅકનિકલ શિક્ષણના ઘણા પ્રશ્નોને કાયમી વિરામ આપવા આયોજન તૈયાર કરવાનું હતું. પડકાર ઘણા હતા, અનુભવનો હથોડો જાતે ઘડવાનો હતો. કસાયેલું શરીર ઉછાળા મારતું હતું. મક્કમ મન સુદૃઢ શરીરનો લાભ ઉઠાવવા ભારે ઉતાવળું બન્યું હતું. ધણી વગરની ધૂરાનું સુકાન સંભાળી શાળારૂપી ભૂમિને નંદનવન કરવાની હતી. માલિક વગરની જમીન ખેડૂતને ખેતી કરવા સોંપવામાં આવે છે, ત્યારે પ્રથમ તો ખેડૂત જમીનની ઊંડી ખેડ કરતો હોય છે. આડેધડ ઊગી નીકળેલી વનસ્પતિ અને ઘાસફૂસને હટાવવાનું કામ હાથ પર લેતો હોય છે, તેમ મારે પણ જૂની રૂઢિઓ દૂર કરવાની હતી. રમતગમત, સંગીત અને શિક્ષણમાં સુધારો લાવવા, ભૌતિક તેમજ માનવીય પાસાઓનો અભ્યાસ કરી, જરૂરી પરિવર્તન કરવા અનુભવનો હથોડો ચલાવાનો હતો. મોટી ટીમ કામે લગાડવાની હતી. પરંતુ વર્ષોથી કામ કરતા અને નવા જોડાયેલા જુદી-જુદી વયજૂથના લોકો પાસેથી કામ લેવું લોઢાના ચણા ચાવવા જેવું અઘરું હતું. સાથોસાથ ઘણા ભૌતિક ફેરફારો કરવા અનિવાર્ય હતા.

સંતાકૂકડીની રમતમાં ભોળોભટ બની વૈતરું કરતો બાળક અનુભવના હથોડે ઘડાઈ અન્યને ઘડવા પ્રયાસ કરતો હતો. લોઢાને પિગાળી તૈયાર કરવામાં આવેલો હથોડો જેમ લોઢાના ઓજારોને ઘાટ આપે છે, તેમ મારે પણ અનુભવના હથોડે ઘડાઈ શાળાને નંદનવન બનાવવા વિકાસનો યોગ્ય ઘાટ આપવાનો હતો. લોઢાને પિગાળી બનાવેલો હથોડો દિવસે-દિવસે ઘસાતો જાય છે, પણ અનુભવનો હથોડો જેમ વપરાય છે, તેમ તેનું કદ વધતું જાય છે. જેમ-જેમ સમય પસાર થાય છે, તેમ-તેમ અનુભવનો હથોડો મજબૂત બનતો જાય છે. મજબૂત હથોડા વડે ચીલાચાલુ રૂઢિગત પરંપરાઓને તોડી શકાય છે. તેને ઈચ્છા મુજબ યોગ્ય ઘાટ પણ આપી શકાય છે. મારા જીવનમાં સંતાકૂકડીની રમતે મોટી કમાલ કરી છે. રાજ્યની પ્રથમ હરોળની શાળા બનાવવા, ‘હે ઈશ્વર ! તેં શકિત આપી છે.’ શાળાના ભવનનું નવનિર્માણ કરવા કીર્તિભાઈ શાહ જેવા પારસમણિનો સંગ કરાવી આપ્યો છે. રાજ્યની અગિયાર હજાર માધ્યમિક શાળાઓમાં દ્વિતીય શ્રેષ્ઠ શાળાનો પુરસ્કાર જીતવાની તક આપી, સમગ્ર પ્રજ્ઞાલોકનું ગૌરવ વધાર્યું છે. રાજ્યની સામાન્ય



શાળાઓને પરાસ્ત કરી રૂપિયા ચાર લાખનો પુરસ્કાર પ્રાપ્ત કરવાની શાળાને શકિત આપી રાજ્યના શિક્ષણજગતનું ધ્યાન ખેંચ્યું છે. શાળાનું ભાવાવરણ, વર્ગખંડ વ્યવસ્થા, સામાજિક સહયોગ, વિદ્યાર્થીઓએ મેળવેલ પરિણામ જેવા અનેક પાસાઓની ચકાસણી કરી પ્રતિ વર્ષે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તજજ્ઞ સમિતિની રચના કરી શ્રેષ્ઠ શાળાની પસંદગી કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૬માં શાળાએ દ્વિતીય શ્રેષ્ઠશાળાનો પુરસ્કાર પ્રાપ્ત કરી સમગ્ર પ્રજ્ઞાચક્ષુ વ્યકિતઓનું ગૌરવ વધાર્યું છે. અત્રે ઉલ્લેખવું ઘટે કે શ્રી અંધ ઉદ્યોગ શાળાનું ધોરણ દસનું પરિણામ છેલ્લા બાવીસ વર્ષથી સો ટકા આવે છે. એટલું જ નહિ ધોરણ બારના વિદ્યાર્થીઓએ પ્રારંભથી જ તે ચીલો જાળવી રાખ્યો છે. સંતાકૂકડીની રમતમાં આવેલો દાવ ઉતારવા ભલે આકાશ-પાતાળ એક કરવા પડતા હતા, પરંતુ તેમાંથી મળેલી ઊર્જા આજે પણ શકિત આપે છે. સંચિત થયેલી ઊર્જા વડે કાર્ય કરવાની શકિત મળે છે.

“હે ઈશ્વર ! નથી ખબર મારે માર્ગ શી આફત પડી છે,
‘ઝગમગ’ ખબર છે માત્ર એટલી,
તારે નગર જવા સેવાની હાકલ પડી છે.”

## ૨૫. પ્રેરણાની જ્યોત

“જ્યોત સે જ્યોત જગાતે રહો, પ્રેમ કી ગંગા બહાતે ચલો,
રાહ મેં આયે જો દીન-દુખી, સબ કો ગલે સે લગાતે ચલો.”

પિતાશ્રી ટપુભાઈ પટેલ એક આદર્શ રાજકીય અને સામાજિક કાર્યકર હતા. તેથી તેમના આદર્શો, મારી પ્રેરણાજ્યોત બની મને દોરી રહ્યા છે. પિતાશ્રીના કેટલાક સંદેશ, મેં ઊર્મિની શાહી વડે, અંતરના ઓરડે કંડારી રાખ્યા છે. આજે જ્યારે ઘરની ચાર દીવાલો વચ્ચે સમગ્ર વિશ્વ પુરાયું છે, ત્યારે ભીતરની ભવ્યતાને માણવા મારા ઑર્બિટના બટન હૃદયમાં ધરબાયેલી વાતોને વિશાળ વાચકવર્ગ સુધી લઈ જવા, કૂદાકૂદ કરી રહ્યા છે. છેલ્લા આઠ-દસ દિવસથી દેશમાં લૉકડાઉન ચાલે છે. એટલે બહાર ફરવા જવાનું હાલ શકય નથી. છતાં મર્કટ મન સાલું શાંતિ લેવા દેતું નથી. લેખન, વાંચન અને ચિંતનથી વિચારોનું વાહન ભીતરની યાત્રા માટે બિલકુલ સજ્જ કરી લીધું છે. લૉકડાઉનનો અગિયારમો દિવસ ચિંતન અને મનન દ્વારા પ્રાપ્ત થયેલી મૂડી વહેંચવાનો દિવસ છે. આપણે ત્યાં કોઈ મોટા મહાનુભાવ પધારવાના હોય છે, ત્યારે શહેર કે ગામની શેરીઓ કે ગલીઓ શણગારવાનો રિવાજ છે. આવનાર હસ્તિને ખુશ કરવા આપણે આવી પરંપરા નિભાવતા આવ્યા છીએ. માયલો જ્યારે ભીતરની યાત્રાના માર્ગે વિચારોના વાહનમાં નીકળી પડે છે, ત્યારે અંતરની ગલીઓમાં પડેલો કચરો દૃષ્ટિગોચર થાય છે. હૃદયની સાંકડી શેરીમાં મતલબની માયાનો સડેલો કચરો બાહ્ય ઉકરડા કરતા પણ વધુ ગંધ મારતો હોય છે. “હે ઈશ્વર ! તારી અકળગતિ મારી સમજનો લોખંડી કિલ્લો તોડી શકે તેમ નથી. બાહ્ય લૉકડાઉન કરતા મોહ, માયા, લોભ, લાલચ જેવી ચાર દીવાલથી ઢંકાયેલી મારી “સમજશકિત” પહેલેથી જ કેદ થયેલી છે. તેથી હું મારો ભીતરનો વૈભવ જાણી શકયો નથી. બાહ્ય દુનિયાનું રહસ્ય જાણવા વલખાં મારતો રહું છું. પણ ભીતરની યાત્રાના અવરોધો દૂર કરી શકતો નથી. કારણ કે મોહ, માયા, લોભ અને લાલચની ચાર દીવાલો મને રોકે છે. પોલીસનું સુરક્ષાચક્ર તોડી શકાય છે, પણ ઈશ્વરના ચાર ચોકીદારનું સુરક્ષાચક્ર તોડવું ઘણું દુષ્કર છે.



શાળામાં ઉનાળાની રજાઓ પડી ગઈ હતી, એટલે બાપુજી પાસેથી જીવન ઘડતરના પાઠ ભણવાનોએ સમય હતો. પિતાશ્રીનો અનુભવ ઘણો બહોળો હતો. વળી, તેઓ શાસ્ત્રોનું ઉદાહરણ આપી, જાણવા જેવી ઘણી વાતો કરતા હતા. મને તેની ધર્મસભામાં બેસવું ખૂબ ગમતું હતું. એંશીના દાયકાની આ વાત છે. ભાવનગર તાલુકા પંચાયતની ચૂંટણીની મતગણતરી પૂરી થઈ હોવા છતાં, બાપુજી હજુ ઘરે આવ્યા ન હતા. મતગણતરીના અંતે મળેલા સમાચાર મુજબ બાપુજીનો સામાવાળા સામે માત્ર સાત મતે પરાજય થયો હતો. એટલે વિજય સરઘસમાં રોકાવાનો કોઈ સવાલ રહેતો ન હતો. તેમ છતાં બાપુજીને ઘરે આવતા વાર કેમ થઈ હશે ? ચિંતા બાળ માનસને કોરી ખાવા લાગી. બાપુજી બસમાં આવશે તેમ સમજી હું બસસ્ટેન્ડ તરફ ઊપડયો. તપાસ કરતા ખબર પડી કે બાપુજી શહેરમાંથી બે કલાક પહેલા ગામમાં આવી ગયા છે. હું બાપુજીની શોધ કરવા નીકળી ગયો. બાપુજી અમારા કુટુંબી દુલાકાકાના વંડે એક મોટી સભા ભરીને બેઠા હતા. પરાજયના કારણોનું ચિંતન મનન થઈ રહ્યું હતું. મને સભામાં ખૂબ મજા આવતી હતી. બાપુજીના સાથી કાર્યકરો મળેલા અને નહિ મળેલા મતોનું વિશ્લેષણ કરતા હતા. થોડુંઘણું દોષારોપાણ પણ ચાલતું હતું. બાપુજી શાંત મુદ્રા ધારણ કરી બેઠા હતા. બધાનું બોલવાનું બંધ થતા જ તેમણે પોતાનું મૌન તોડયું.

**બાપુજી :**

સાત મત મિત્રો ગાડાંના પૈડા જેવા ગણાય. પ્રજાએ ચુકાદો આપી દીધો છે. તેમણે વિજેતાને સત્તાની વરમાળા પહેરાવી દીધી છે. આપણે વધુ સારી રીતે પ્રજાની સેવા કરી શકીશું. સેવાયજ્ઞમાં કોઈ પણ જગ્યાએ સત્તાની મર્યાદા આડે આવતી નથી. સત્તાનો તાજ ભલે પ્રજાએ આપણને પહેરાવ્યો નથી, પણ માત્ર સાત મતનો તફાવત થોડું ચિંતન માગી લે છે. સાતના અંક વિશે થોડી જાણકારી મેળવવા ચર્ચા કરીએ...

**સાત વાર :**

એક અઠવાડિયાના સાત દિવસ હોય છે. સાતે દિવસ કર્મ કરો, આઠમો દિવસ તમારો આવશે. આપણા પગની પાની જમીનનું સત્ત્વ જાણી શકતી નથી,

કારણ કે ચામડીના સાત પડનું આવરણ જમીનના સત્ત્વને પામવા દેતું નથી. ચામડીનું આવરણ તોડવાના બદલે સપ્તર્ષિનું તેજ જાણવા આકાશમાં દષ્ટિપાત કરવો જોઈએ. સાત તારાઓનું જૂથ આત્મકલ્યાણના સાત માર્ગો સૂચવે છે, માટે હિંદુ ધર્મમાં આપણે ત્યાં લગ્ન પ્રસંગોમાં વર-કન્યાને સપ્તપદી પ્રતિજ્ઞા લેવાનો રિવાજ પડયો છે. સંસારસાગરમાં ઝંપલાવનાર દરેક જીવાત્માએ પરમધામમાં પ્રવેશ મેળવવા માયાના સાત કોઠા તોડવા પડે છે. આપણે પણ સત્તાના સિંહાસન સુધી પહોંચવા સાત મતદારોને રીઝવવા પડશે. સત્તાનો તાજ આપણને કોઈ પણ સાત મતદારો પૈકી ચાર મતદારો પહેરાવી શકે તેમ હતા પરંતુ તેમ થઈ શકયું નહિ. જીવનમાં ચાર વસ્તુ યાદ રાખવા જેવી છે.

(૧) અવલોકન (૨) વાંચન (૩) ચિંતન (૪) મનન

(૧) **અવલોકન :**

કોઈ પણ કાર્ય કરતા પહેલા તેનું યોગ્ય રીતે નિરીક્ષણ થવું જોઇએ. ઝીણવટભર્યું નિરીક્ષણ સિદ્ધિના સિંહાસને બેસાડી શકે છે.

(૨) **વાંચન :**

ઉત્તમ પુસ્તકો વાંચવાની ટેવ કેળવવી જોઈએ. જ્ઞાનવર્ધક પુસ્તકો વાંચવાની આદત, અન્ય લોકોના ચેહરાની લકીરો વાંચવામાં ઉપયોગી નીવડે છે. વ્યકિતનો ચહેરો વાંચવા ટેવાયેલો માણસ કોઈ પણના દિલમાં રાજ કરે છે.

(૩) **ચિંતન :**

સફળતા કે નિષ્ફળતાના કારણો તપાસો. તમે સિદ્ધ કરેલો લક્ષ્યાંક મારી યોગ્યતા મુજબનો છે ? હા, તો તેમાં હજુ આગળ વધી શકાય તેમ છે ? હા, તો અવકાશ શોધી કાઢો. અભ્યાસ કરી સફળતા આપે તેવી કોઈ યોજના તૈયાર કરી લો.

(૪) **મનન :**

તમારા વિચારોને મક્કમતાપૂર્વક અમલમાં મૂકવા ચોક્કસ યોજનાઓ તૈયાર કરો. તમે ઘડી કાઢેલ યોજનાના દરેક પાસાઓ ચકાસી



લો. સફળતા આપી શકે તેવા નક્કર મુદ્દાઓની અલગ તારવણી કરી લો. તારવેલા મુદ્દાઓ પર કામ કરવાનું શરૂ કરી દો. હેતુલક્ષી મળેલા પરિણામોની નોંધ તૈયાર કરતા રહો. દિવસે-દિવસે તમારી સફળતાનો આંક ઊંચો જવા લાગશે. ચાર મત આપણને ચૂંટણી જીતાવી શકે છે. તેનો ખ્યાલ આપણને જીવનની ચાર આદતોમાંથી મળેલું જ્ઞાન શીખવે છે. એટલું જ નહિ આ ચાર બાબતો જેવી કે અવલોકન, વાંચન, ચિંતન અને મનન-જીવન જીવવાની બાજી જીતવામાં સહાયભૂત નીવડે છે.

બાપુજીએ આગળ કહ્યું : જુઓ મિત્રો, જીવનમાં આગળ વધવા માત્ર ભણતર કામ લાગતું નથી. કોઠાસૂઝભ આપણને અણધારી સફળતા આપે છે. એક સ્ટીમર બંધ પડી હતી. દેશવિદેશના મોટા-મોટા ઈજનેરોને બોલાવી સ્ટીમર ચાલુ કરવાની મહેનત ચાલતી હતી. કોઈને સફળતા મળતી ન હતી. બધા થાકીને આરામ ફરમાવી રહ્યા હતા. સ્ટીમરને સામે કિનારે પહોંચાડવી અનિવાર્ય હતી. તેથી સ્ટીમરનો માલિક ઈજનેરોને મોં માગ્યા પૈસા આપવા તૈયાર હતો. તેથી દરેક ઈજનેર સ્ટીમર ચાલુ કરવા ખૂબ મથતો હતો. લાંબી મથામણના લીધે તમામ ઈજનેરો થાકીને લોથપોથ થઈ ગયા હતા. એટલામાં એક મજૂર જેવો માણસ આવી, આરામ ફરમાવી રહેલા ઈજનેરોને પૂછે છે : 'તમે લોકો કેમ લોથપોથ થઈ બેઠા છો ?' ઉત્તર મળતો નથી. ફરી એ ને એ પ્રશ્ન, કેમ કોઈ બોલતું નથી ? આખરે માલિક ઉત્તર આપે છે. સ્ટીમર બંધ પડી ગઈ છે. ચાલતી નથી. મજૂર આખી સ્ટીમરમાં આટો મારી તેનું અવલોકન કરે છે. બધું જ બરોબર જણાય છે. સ્ટીમરનું ઍન્જિન ખોલી તેના પર બે હથોડા મારે છે. સ્ટીમર ચાલુ થઈ જાય છે. માલિક કામ કરી આપનાર મજૂર જેવા માણસને પૂછે છે : 'કેટલા પૈસા આપવાના છે ?' મજૂર ખડખડાટ હસીને બોલે છે :

'સાહેબ, એક કરોડ આપો.' માલિક અચરજ સાથે બોલે છે : 'બે હથોડાના એક કરોડ રૂપિયા આપવાના ? મજૂર બોલ્યો : 'હા સાહેબ, એક હથોડો મારવાનો મારો ભાવ એક કરોડનો છે. તમને હેરાન-પરેશાન થયેલા જોઈ, મેં પચાસ ટકા કન્સેશન આપ્યું છે.' માલિક બોલ્યો : 'એક હથોડો મારવાના એક કરોડ રૂપિયા લેવાતા હશે ?'

**મજૂર :**

'સાહેબ હથોડો કયાં મારવો એના આ રૂપિયા છે ! તમારા ઈજનેરો જે કામ કલાકો સુધી મથામણ કરવા છતાં પણ ન કરી શકયા, તે કામ મેં ચપટી વગાડતા આપને કરી આપ્યું છે. તેના એક કરોડ રૂપિયા તમારે મને આપવાના છે. બે હથોડા મારવાના નહિ.' વિરોધી ઉમેદવારે આપણને પરાજય આપ્યો છે. કેવી રીતે અને કેટલા મતે તેઓ વિજેતા થયા છે, તેનું કોઈ મહત્ત્વ રહેતું નથી. આવતીકાલે તેને ભાવનગર તાલુકા પંચાયતની ધૂરા સોંપવામાં આવશે. જો આપણે પાંચ વર્ષ પછી જીત મેળવવી હોય, તો દોષારોપણ બંધ કરી નારાજ લોકોના દિલમાં સ્થાન મળે તેવા કાર્યો કરવાની શરૂઆત આજથી જ કરી દેવી જોઈએ. સભામાં તાળીઓનો વરસાદ વર્ષી રહ્યો હતો. લોકશાહીને જીવંત રાખવા સ્થિતપ્રજ્ઞ પિતાશ્રી જેવા રાજનેતાની દેશને જરૂર છે.

ઉનાળાની રજાઓ હજુ પૂરી થઈ ન હતી. તેથી મને વધુ એક સભામાં ભાગ લેવાનો અવસર મળી ગયો. બાપુજીના કાર્યાલયની આજુબાજુ ખુરશીઓ, ઓટલા પર પાથરણા, ત્રણ-ચાર ખાટલા પણ ઢળાઈ ચૂકયા હતા. ધર્મસભામાં મેં પણ બેઠક લઈ લીધી. લગભગ ત્રીસ ચાલીસ લોકો હાજર હતા.

**બાપુજી :**

જીવનમાં તમે સૌ નાની-મોટી સમસ્યાઓનો સામનો કરતા હશો. કોઈવાર તમને એમ પણ થતું હશે કે મારી સાથે આવો અન્યાય શા માટે થઈ રહ્યો છે ? મેં લોકોનું શું બગાડયું છે ? તમે કદી એવું વિચાર્યું છે ? મારા પર આવેલી ઘાત મારું મૃત્યુ થઈ શકે તેવી ભયાનક હતી, પણ ઈશ્વરકૃપાથી મારો આબાદ બચાવ થયો છે ! અથવા હાથ-પગ ભાંગી જાય એવા અકસ્માતમાં પણ નજીવું નુકસાન થયું છે. તેમાં કઈ શકિત કામ કરી ગઈ હશે ? આપણે જે ગુમાવવું પડે છે, તેનું ગાણું અવશ્ય ગાઈએ છીએ. જેનો બચાવ થયો છે, તે યાદ પણ કરતા નથી. વૃક્ષના આડેધડ વધી ગયેલા ભાગને કાપી નાખવાથી વૃક્ષ વધુ સારી રીતે વૃદ્ધિ પામી શકે છે. દુઃખરૂપી આવેલી સમસ્યા આપણને અંદરથી વધુ મજબૂત બનાવે છે. આત્મવિશ્વાસ વધે છે. મિત્રો, સમસ્યા ઈશ્વર તરફ ગતિ કરવાનો સૌથી સુંદર માર્ગ છે. પણ ભૌતિક



સુખ ઈશ્વર તરફના પ્રયાણનો સૌથી મોટો અંતરાય છે. તમારા જીવનમાં જો થોડી-ઘણી તકલીફનો અનુભવ રોજ થતો હોય, તો સમજી લેજો કે તમારા પર ઈશ્વરની કૃપા વૃષ્ટિ થઈ રહી છે. આવનારી મુશ્કેલીઓમાંથી ઉગારી લેવા, તમે ભગવાનને પ્રાર્થના કરો છો. તમારી પ્રાર્થના તમને ઈશ્વર તરફ દોરી જાય છે. દયાળુ પ્રભુની કૃપા થતા તમારા હૃદયમાં જ્ઞાનની જયોત ઝળહળી ઊઠે છે. તમારું જીવન મહેકી ઊઠે છે. સુગંધી ગુલાબ તીક્ષ્ણ કાંટાઓની વચ્ચે ખીલી ઊઠે છે. હાથમાં વાગવાથી ભયંકર પીડા કરે તેવા અણીદાર કાંટાઓની વચ્ચે વિકાસ પામેલું ગુલાબ અન્યના જીવનમાં સુગંધ ભરી દે છે. આપણું દેખીતું દુઃખ પણ એવું જ હોય છે. લાખો મુસીબતો વચ્ચે જીવતો વ્યકિત કોઈવાર ઓલિયો બની જાય છે. નરસી મહેતા, મીરાંબાઈ, હરિશ્ચંદ્ર-તારામતી, નળ-દમયંતી જેવી વિભૂતિના ઉદાહરણો ઈતિહાસમાં જોવા મળે છે. ગુલાબનું ફૂલ જેમ કાંટા વચ્ચે ખીલી ઊઠે છે, તેમ મહાન વિભૂતિ લાખો મુસીબતો હોવા છતાં પ્રગતિના દ્વાર ખોલી અન્યના કલ્યાણના કાર્યો કરતા હોય છે. બાપુજીને અટકાવી કોઈએ પૂછયું : 'ટપુભાઈ, ચૂંટણીમાં આપણી હાર થઈ તેનું કારણ શું હતું ?' બાપુજી : પ્રજાને આપણા પર ભરોસો નહિ હોય. જયાં સુધી ફળ પાકે નહિ ત્યાં સુધી તેને તોડવું ન જોઈએ. ઉતાવળે ફળ પાકતા નથી. વહેલું તોડેલું ફળ મીઠાશ આપી શકતું નથી. કાચું ફળ આરોગવાથી ખાસ ફાયદો થઈ શકતો નથી. તેથી ફળ પૂરું પાકે ત્યાં સુધી ડાહ્યો માણસ રાહ જોવાનું પસંદ કરતો હોય છે. આપણા વિસ્તારની પ્રજા શાણી છે, તેથી સાત મતે આપણો પરાજય થયો છે. ઉપર ચડેલો માણસ નીચે પડી શકે છે. પરંતુ નીચે ઊભેલા માણસને પડવાનો કોઈ ભય રહેતો નથી. આપણે સંપૂર્ણ ભયમુકત થયા છીએ. જીત માણસને અહંકારી બનાવે છે, પરંતુ હાર માણસને નમ્ર બનાવે છે. ઈશ્વરે આપણને આત્મખોજ કરવાની સોનેરી તક આપી છે.

પિતાશ્રીનો સંવાદ મારા અજ્ઞાનના અંધારા ઉલેચવા સહાય કરશે તેવી મને શ્રદ્ધા છે. તેમની ચેતનાને મારા શત-શત વંદન...

## ૨૬. સપનાનું ફળ

ભગવાન મહાવીરસ્વામીની જન્મ જયંતી હોવાથી આજે અંતરના આંગણે, કરુણાના પડઘમ ગુંજી રહ્યા હતા. મોબાઈલ ખોલતા જ વ્હોટ્સએપ પર દેવી ત્રિશલાને અવતારી બાળકના જન્મ પૂર્વે, એક પછી એક ૧૪ સપના આવે છે; તેની કહાની જાણીતા આકાશવાણી માન્ય કલાકાર હંસાબહેનના મધુર કંઠે ગવાયેલા ભજનમાં માણી. દેવી ત્રિશલાને શ્રેણીબદ્ધ આવેલા સપનામાં ૧૪ પ્રતીકો દૃશ્યમાન થયાં હતાં. તેનું વર્ણન ભજનમાં સાંભળવા મળ્યું. ભજનના શબ્દો મને મારી ભીતરની પાઠશાળામાં ઘસડી ગયા. હું ભૌતિક સુવિધાથી પર એવી વિચારોની પાઠશાળામાં પહોંચી ગયો. લોકડાઉન પિરિયડ ચાલતો હોવાથી વિચારોની પાઠશાળા ખીચોખીચ ભરેલી હતી. કારણ કે તેને સામાજિક અંતર જાળવવાનો કોઈ નિર્દેશ આપવામાં આવ્યો ન હતો. તેથી મુકતપણે પાઠશાળામાં ભણવા આવેલા દરેક વિચારો, એકબીજા સાથે ભારે ધમાચકડી મચાવી રહ્યા હતા. ભીતરમાં ભણવા આવેલા, વિચારરૂપી વિદ્યાર્થીઓનો, કોવિડ-૧૯નો વાઈરસ, વાળ પણ વાંકો કરી શકે તેમ ન હતો. મારું ઘડતર કરવા, ખુદ ઈશ્વરે ભીતરમાં વિચારોની પાઠશાળા ખોલી આપી છે. મને તેમાં ભણવું ખૂબ ગમે છે. આ પાઠશાળામાં કોઈવાર બાહ્ય મુલાકાતી વકતાઓ પણ પધારતા હોય છે. જ્ઞાનની સરવાણી બની અમારી પાઠશાળાના અંતેવાસીઓનું ઘડતર અને ચણતર, વકતાઓએ કર્યું છે. આજે હંસાબહેન પણ અમારી પાઠશાળામાં માર્મિક ભજન લઈ આવી પહોંચ્યાં હતાં. ગુરુજી મનન, તેમને દોરી લાવ્યા હતા. સ્વાગત વિધિ આટોપી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. ત્રણ-ચાર કલાક સુધી ભજનના શબ્દોએ મારા બાળવિચારોને, જુદી-જુદી રમતના માધ્યમથી રમાડયા. ભજનમાં વર્ણાવેલા પ્રતીકોનું અર્થઘટન ઘણું લાંબુ ચાલ્યું. અચાનક હંસાબહેનના અવાજમાં દેવી ત્રિશલાને આવેલા ૧૪ સપના વિશે વિગતે પ્રકાશ પાડવા, મોબાઈલના સ્પીકર પર એક સંદેશ સંભળાયો. મારી ભીતરની પાઠશાળાના તમામ વિદ્યાર્થીઓ કામે લાગી ગયા. અનુભવના ઓટલે સંવાદ કરવા સાંકળ રચી દરેક વિચારો ગોઠવાયા. અનુભવના ઓટલે ચાલતી લેખમાળા મારા વાચકોની વિચારોની બેંક છે. તેથી



તાર્કિક સૂચનો અને વિચારોને તેમાં આવરી લેવામાં આવે છે. હંસાબહેનનું સૂચન મળતા જ દેવી ત્રિશલાને આવેલા ૧૪ સપનાની વાત મેં મારી લેખમાળામાં વણી લેવા નક્કી કરી લીધું. સારસ્વત વાચકોની જીદ પૂરી કરવા, મારા ઑર્બિટના બટનો કૂદાકૂદ કરવા લાગે છે. અમારા મેનાબા જાડેજા દરેક લેખ સાંભળી, તેનું વિશ્લેષણ કરે છે. તે સાંભળી ભીતરની પાઠશાળાના નવા નિશાળિયા નાચી ઊઠે છે. જે વિચાર નવો હોય છે, તે અમારી પાઠશાળાનો નવો નિશાળિયો ગણાય છે. નવા-જૂના નિશાળિયાઓની દેખરેખ આચાર્ય ચિંતન રાખે છે. વર્ગશિક્ષક મનન તેનો વર્તણૂક અહેવાલ તૈયાર કરી, નિયમિત મોકલી આપે છે. મારી ભીતરની પાઠશાળા પ્રવૃત્તિઓથી ધમધમી રહી છે. હંસાબહેનનું આગમન અમારી પાઠશાળાનું સીમાચિહ્ન જરૂર બનશે. પાઠશાળાનો કોઈ નવો નિશાળિયો આચાર્ય, ચિંતનના ચરણોમાં વંદન કરી બોલ્યો : ‘સર, કોઈ વધુ એક વક્તાને બોલાવી આપો તો સારું. અમે ૧૪ સપનાનું રહસ્ય વિગતે સમજવા ઇચ્છીએ છીએ.’ અમારા આચાર્ય ચિંતનને નવા નિશાળિયાની વાત ગમી ગઈ. મેં મોબાઈલ ખોલી અમારા જૈન મિત્ર કીર્તિભાઈ શાહને ફોન લગાવ્યો : ‘હેલ્લો, કીર્તિભાઈ ! નમસ્તે. તમને ભગવાન મહાવીર સ્વામીની જન્મ જયંતીની ખૂબ-ખૂબ શુભકામનાઓ.’ ખબરઅંતર પૂછી મેં કામની વાત છેડી જ નાખી : ‘દેવી ત્રિશલાને આવેલ ૧૪ સપનાઓની સંક્ષિપ્ત વિગત મળશે ?’ તેમણે મને તમામ વિગત મોકલી આપી. નવા નિશાળિયાઓ વળી એકવાર ગેલમાં આવી ગયા. વર્ગશિક્ષક મનન વચ્ચે પડયા ન હોત તો મોટી ધમાલ મચી જાત. ઠીક છે, જવા દો આ વાત. બધી શાળાઓમાં આવું તો ચાલતું જ હોય છે. જોકે અમારી ભીતરની પાઠશાળાનું શિસ્ત, મહદ્અંશે નવા-જૂના નિશાળિયાઓ તોડતા નથી. તેનો મને આનંદ પણ છે. કીર્તિભાઈની ૧૪ સપનાની વિગતો આવતા જ પાઠશાળાના નિશાળિયાઓ કામે લાગી ગયા.

જગત ક્ષણભંગુર છે, તેનો વૈભવ સપના જેવો ક્ષણિક હોય છે માટે સપનાનો સંકેત કરી, ઈશ્વર દેવી ત્રિશલાને નિર્દેશ કરે છે. ૧૪ સપના જન્મધારણ કરનાર બાળકનું ભાવિ દર્શાવે છે. જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે, ત્યારે ત્યારે ખુદ ઈશ્વર ધર્મના રક્ષણ માટે અવતાર ધારણ કરતો હોય છે. માણસને તેની

ચેતવણી આપવા અવતાર ધારણ કરતા પહેલા ઈશ્વર કોઈ ને કોઈ સંકેત કરતો હોય છે. ભગવાન રામચંદ્રજી, શ્રીકૃષ્ણ, શ્રીરામદેવપીરના જન્મ પૂર્વે આવા સંકેતો મળ્યા હતા. દેવીત્રિશલાને પણ એક સંકેત હતો : તેમની કૂખે જન્મ ધારણ કરનાર પુત્ર, કોઈ સંસારના ભોગો ભોગવવા ધરતી પર આવતો નથી. તેનું લક્ષ્ય તો જીવમાત્રનું કલ્યાણ કરવાનું હતું. તેથી દેવી ત્રિશલાના પતિ રાજા સિદ્ધાર્થ કહે છે : ''હે દેવી, દર્શાવેલ પ્રતીકોનું અવલોકન કરી આવનાર બાળકનું ભાવિ જાણી લેવા નિર્દેશ થયો છે.'' રાજા સિદ્ધાર્થનો દેવી ત્રિશલા સાથે થયેલ સંવાદ ઘણો રસપ્રદ છે. મને તેના સંવાદનું અમૃત શ્રી કીર્તિભાઈ શાહની મળેલ નોંધ અને હંસાબહેનના કંઠે ગવાયેલા ભજનમાંથી પ્રાપ્ત થયું છે. તે ભીતરની પાઠશાળાના દરેક વિદ્યાર્થીઓને પહોંચાડવા આચાર્ય ચિંતને આદેશ કર્યો છે. વર્ગશિક્ષક મનન કામે લાગી ગયા છે.

**(૧) હાથી :** મહાકાય પ્રાણી જેવું વિશાળ હૃદય હોવું જોઈએ. જેમાં જીવમાત્રને આશરો મળી શકે, તેટલી વિશાળતા હોવી જોઈએ. હાથી વિજયનું પ્રતીક માનવામાં આવે છે. ભગવાન મહાવીર સ્વામીએ ઈન્દ્રિયો પર વિજય મેળવ્યો હતો, તેમ સંસાર-ભૂમિના દરેક જીવોએ જીત મેળવવાની છે. ઈન્દ્રિયો પર વિજય મેળવનાર ભગવાન મહાવીર સ્વામીને, આપણે જિનેન્દ્ર તરીકે પણ ઓળખીએ છીએ. 'જય જિનેન્દ્ર' શબ્દ આપણા વ્યવહાર સાથે વણાઈ ગયો છે. હાથીનું પ્રતીક આપણને સૌને વિશાળ દિલ રાખવા સૂચવે છે. હે માનવ ! તારે અન્યના કલ્યાણ માટે હાથીની જેમ વિશાળ કદ ધારણ કરવું જોઈએ. એટલું જ નહિ, તારી અમાપ શકિતઓને અન્યના હિત માટે કામે લગાવવી પડશે. તું ભલે ધરાનો ધણી બનવા યત્નશીલ રહ્યો છો, છતાં મુકિત માટે તારે કદમ ઉપાડવા જોઈએ. જીવમાત્રના કલ્યાણ અર્થે તારે ગગનમાં પણ ઉડાન ભરવું જોઈએ. ધરતીના પેટાળ સુધી પહોંચવા તારો ગજ વાગવો જોઈએ. તેથી તારા કદ મુજબ તારે કાર્ય કરતા રહેવું પડશે.

**(૨) વૃષભ :** વૃષભ એટલે બળદ. બળદ ખેતીના કર્યોમાં વર્ષોથી માણસને મદદ કરતો આવ્યો છે. ભગવાન મહાવીર સ્વામી આખી માનવજાતને સહાય કરવા ધરતી પર આવી રહ્યા છે, તેવો સંકેત કરી મહાવીર સ્વામી કહેવા માગે છે - માણસે



બીજાના કલ્યાણ માટે કર્મદાન કરવું જોઈએ. બળદ પણ માણસના કલ્યાણ માટે પોતાનું કર્મદાન કરતો રહે છે.

**(૩) સિંહ :** નીડરતાનું પ્રતીક માનવામાં આવે છે. દુશ્મન સામે પ્રતિકાર કરવા, તેને સંખ્યાબળની જરૂર પડતી નથી. એટલા માટે આપણે ત્યાં એક કહેવત ખૂબ જાણીતી બની છેઃ ''સિંહના ટોળા ન હોય'' અન્યનું કલ્યાણ કરવા કામ ઉપાડી લો. કોઈની રાહ જોવાની જરૂર નથી. લોકો તમારી સાથે આપમેળે જોડાવા લાગશે. તમે ચિંતા કરવા કરતા કામે લાગી જાવ. એક કિલોમીટર ચાલવાનું આવશે ત્યારે વિચારતા રહેશો તો તમે રસ્તો નહિ કાપી શકો. પણ ચાલવાનું શરૂ કરી દેશો તો દસ મિનિટમાં તમારી મંજિલ સુધી પહોંચી જશો. સિંહ શિકાર મળતા જ તેના પર હુમલો કરી દે છે. તેમ આપણે પણ લક્ષ્ય સિદ્ધ કરવા નીડરતાપૂર્વક આગળ વધતા રહેવું જોઈએ. સફળતા અવશ્ય મળે છે.

**(૪) લક્ષ્મી :** રાજા સિદ્ધાર્થ પોતાની રાણીને કહે છે : ''હે દેવી, સાંભળો તમારો પુત્ર કોઈ ભૌતિક વૈભવ સુખ ભોગવવા અવતાર ધારણ કરવાનો નથી.'' તે પોતાનો વૈભવ અન્યને વહેંચી, આત્મ કલ્યાણના વૈભવનો સ્વામી બનશે. તેની તેજસ્વિતા અન્યને મુકિતના માર્ગે દોરી જશે. કલ્યાણકારી આ સંદેશ જેના અંતરમાં અંકિત થઈ જશે, તે પોતાની પવિત્ર લક્ષ્મીનો ખજાનો બીજાના સુખ માટે ખુલ્લો મૂકી દેશે. જરૂરિયાતમંદ લોકોને દાન કરી વૈભવી લક્ષ્મીના બદલે મુકિતની મૂડી હાથવગી કરવા કાર્યરત રહેશે.

**(૫) પુષ્પની બે માળા :** પુષ્પ અન્યને સુવાસિત કરે છે. પુષ્પની માળાનો આપણે ઘણા પ્રસંગોમાં ઉપયોગ કરતા હોઈએ છીએ. જેમ કે પુષ્પની માળા વડે આપણે અંતરના ભાવ વ્યકત કરવા દેવાલયોમાં, ઈશ્વરના ચરણોમાં અર્પણ કરીએ છીએ. અન્યનું અભિવાદન કરવા પુષ્પમાળાનો ઉપયોગ કરીએ છીએ. રાજા સિદ્ધાર્થ દેવીને પુષ્પની માળાનું સંક્ષિપ્ત મહાત્મ્ય વર્ણવી આગળ કહે છે : 'હે દેવી, યુગો સુધી સંસારના જીવોને આવનાર બાળક પુષ્પમાળાની મહેક બની સુખની સુવાસ આપશે. દેવાલયોમાં અર્પણ થતી માળાની સુગંધમાં ભળી, તેનું સત્ત્વ ઈશ્વરના ચરણે આવેલા જીવાત્માનું કલ્યાણ કરશે.'

**(૬) ચંદ્ર :** ચંદ્ર તેજસ્વી હોવા છતાં શીતળ હોય છે. તેમાંથી અમી ઝરે છે. અમી પૃથ્વીના જીવોના ભરણપોષણ માટે વનસ્પતિ જગતને વિસ્તારે છે. સૂર્યની ગરમીમાંથી મુકિત આપી શીતળતા બક્ષે છે. તેના કારણે પૃથ્વીની માટીમાં પોષકતત્ત્વ ઉમેરાય છે. રાજાએ કહ્યું : 'હે દેવી, બાળક મોટો થઈ ઘોર તપશ્ચર્યા કરશે. તેના પ્રભાવથી લોકોના દિલમાં કરુણાની સરિતા વહેતી થશે. ચંદ્રની શીતળતા જેવું વહેતું શીતળ જળ માનવના હૃદયની ગંગોત્રી બનીને આત્મકલ્યાણ કરશે. મુકિતનું ફળ આપતી, ખેતભૂમિને ફળદ્રૂપ બનાવશે. પરિણામે, ઉર-ઉર મહી ઉમંગનો મબલક પાક નીપજશે. ચંદ્ર તેજસ્વી હોવા છતાં કોઈને દઝાડતો નથી. ચોક્કસ સંદેશ લઈ જન્મ ધારણ કરનાર બાળક અન્યનું કલ્યાણ કરશે. ચંદ્રનું શીતળ પ્રતીક દર્શાવી કલ્યાણકારી બાળક સંવેદનશીલ અને પ્રભાવશાળી પ્રતિભાવાન હોવાનો સંકેત કરે છે. દેવી ત્રિશલા તમારું છઠ્ઠું સપનું માનવમાત્રનું હિત કરવા પરમ શકિતનો ઉદય થઈ રહ્યો છે, તેવો પુરાવો આપે છે.''

**(૭) સૂર્ય :** સૂર્ય આકાશગંગાનો તેજસ્વી તારો ગણાય છે. તેના જેવી પ્રતિભા મનુષ્ય જગતને સજાવવા જન્મ ધારણ કરશે. બાળકની સૂર્ય જેવી પ્રતિભા સૃષ્ટિને નિખારશે. અસાધારણ બાળક ધરતી પર કરુણાનું બીજ રોપી સમગ્ર માનવજાતનું ભલું કરશે. પૃથ્વી પર જેમ સૂર્ય સર્વ જીવોના વિકાસ માટે અવિરત પ્રકાશ આપે છે, તેમ પ્રાણીમાત્ર પર માનવ પણ દયાભાવ રાખવા પ્રેરિત બનશે. તેજસ્વી શકિતઓ અન્યના ભલા માટે વાપરવા સૂર્યનું પ્રતીક આપણને નિર્દેશ કરે છે.

**(૮) ધજા :** ધજા કીર્તિનું પ્રતીક છે. તેથી આવનાર બાળકની કીર્તિ સીમાડાઓ ઓળંગી જશે તે નિશ્ચિત છે.

**(૯) કળશ :** ધર્મનું પ્રતીક છે. આધ્યાત્મિક માર્ગનો પ્રકાશ બની મુકિતના માર્ગે આગળ વધતા મુસાફરને દોરવણી આપશે. જેના કારણે અજ્ઞાનનો અંધકાર ઓસરી જશે. મારી વાત શબ્દની વહેતી સરિતામાં મૂકીશ.

''તું કદમ ઉપાડી ચાલતો રહેજે, હું દીપમાળા લઈ આવું છું;
'ઝગમગ' ઉનાળાની ગરમી હોય ભલે, હું ચોમાસું લઈ આવું છું.
તું કદમ ઉપાડી ચાલતો રહેજે.''



**(૧૦) પદ્મસરોવર :** રાજા સિદ્ધાર્થ - પદ્મસરોવરનું પ્રતીક આવનાર બાળક દૈવી પરોપકારી હશે તેવું સૂચવે છે. સરોવર તરસ્યા પશુ-પંખીઓનું આશ્રયસ્થાન હોય છે. વટેમાર્ગુ સરોવર કિનારે પોતાનો થાક ઉતારવા આરામ કરતા હોય છે. તેઓ હાથ, પગ, મોં ધોઈ જળપાન પણ કરતા હોય છે. પદ્મસરોવરનું સર્જન જીવાત્માના હિતાર્થે થાય છે, તેમ પ્રભાવી શકિતનું પ્રાગટય થશે.

**(૧૧) ક્ષીર સમુદ્ર :** ક્ષીરસમુદ્ર એટલે દૂધનો સમુદ્ર. જે રીતે દૂધ પોષક આહાર છે તેવી જ રીતે સમુદ્ર અસંખ્ય જીવોને પોષણ આપે છે. તેમાંથી રત્નો પણ મળી આવે છે. તમારી કુખે જન્મ ધારણ કરનાર બાળક સષ્ટિના જીવોને શાતા આપશે. પોતાની અદ્વિતીય શકિત વડે ઈન્દ્રિયો પર વિજય મેળવી ક્ષીરસમુદ્રની જેમ અન્યને આધાર આપશે.

**(૧૨) દેવ વિમાન :** રાજા સિદ્ધાર્થ ત્રિશલા દેવીને ઉદ્દેશી કહે છે : 'હે દેવી, દેવ વિમાન સદ્ગતિનું પ્રતીક ગણાય છે, તેથી આવનાર બાળક અનેક જીવોની સદ્ગતિનું કારણ બનશે.'

**(૧૩) રત્નરાશી :** ભૌતિક સમૃદ્ધિ પ્રાપ્ત કરવા લક્ષ્મીની જરૂર પડે છે, તેમ આત્મિક ગુણોને પ્રગટ કરવા રત્નરાશીનું મહત્ત્વ છે.

**(૧૪) અગ્નિ :** અગ્નિ અંધકારને દૂર કરી પ્રકાશ આપે છે, તેમ આપણો પુત્ર અન્યનો તારણહાર બનશે. મુક્તિના માર્ગે આગળ ધપતા લોકો માટે અગ્નિની જેમ પ્રકાશ પાથરશે.

દેવી ત્રિશલાને આવેલા ૧૪ સપનાનું ફળ સમગ્ર માનવ સમાજને પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના...

## ૨૭. જોવાવાળો જેશે

"જોવાવાળો જોશે, દેવાવાળો દેશે ;
નસીબ તારું એમ કહે છે, તું તારું કર્મ કરે જા."

કવિની કાવ્ય પંક્તિઓ વાંચતા જ આપણા અંતરના દ્વાર ખૂલી જાય છે. કર્મ પ્રત્યે ઉત્સુક બનવા શક્તિઓનો સ્રોત વહેતો થાય છે. વહેતા થયેલા અગાધ શક્તિના પ્રવાહની પરિવાર અને સમાજદ્વારા કેટલી અને કેવી નોંધ લેવાય છે, તે વાતમાં ઉતરવાની કોઈ આવશ્યકતા નથી. પરંતુ માનવામાં આવતી સકારાત્મક કે નકારાત્મક શક્તિના કારણે બદલાતી સ્થિતિ અને તેના પરિણામો વિશે જાણકારી મેળવવા પ્રયાસ કરીશું. દેહધારી મનુષ્ય પ્રકૃતિના ત્રણ ગુણ વડે વિવિધ કર્મ બજાવવા મજબૂર બને છે. એટલે દરેક દેહધારી મનુષ્ય, પોતાનું કર્મ સ્થૂળ શરીર વડે બજાવતો હોય છે. ભૌતિક ગુણોના ત્રણ પ્રકાર પ્રમાણે જ્ઞાન, કર્મ તથા કર્તાના ત્રણ-ત્રણ પ્રકાર હોય છે. તેને ટૂંકમાં સમજવાનો આપણે પ્રયત્ન કરીએ.

**જ્ઞાન :**

(૧) અસંખ્ય રૂપોમાં વિભક્ત થયેલા સર્વ જીવોમાં એક જ અવિભક્ત આધ્યાત્મિક પ્રકૃતિ જોવામાં આવે છે, તે જ્ઞાન સાત્ત્વિક જ્ઞાન કહેવાય છે.

(૨) જે જ્ઞાન વડે મનુષ્ય જુદાં જુદાં શરીરમાં જુદા-જુદા પ્રકારના જીવ જુએ છે, તે જ્ઞાન રજોગુણી જ્ઞાન કહેવાય છે.

(૩) મનુષ્ય કોઈ તુચ્છ કાર્યને સર્વેસર્વા માની લઈ રાત-દિવસ રચ્યો-પચ્યો રહે છે, તે જ્ઞાન તમોગુણી કહેવાય છે.

**કર્મ :**

(૧) જે કર્મ નિયત થયેલું હોય છે. જે મનુષ્ય પોતાનું કર્મ રાગદ્વેષ વિના તટસ્થ ભાવે બજાવે છે. તેમ જ ફળની ઇચ્છા રાખતો નથી, તે કર્મ સાત્ત્વિક માનવામાં આવે છે.

(૨) મિથ્યાભિમાનથી અંગત ઇચ્છાઓ પોષવા મનુષ્ય જે કર્મ બજાવે છે, તે કર્મ રજોગુણી કહેવામાં આવે છે.



(૩) જે કર્મ શાસ્ત્રોની અવગણના કરી મોહવશ થઈ બજાવામાં આવે છે, તે કર્મ તમોગુણી કહેવામાં આવે છે.

**કર્તા :**

(૧) ભૌતિક ગુણોના સંસર્ગથી રહિત અહંકાર વિના જે મનુષ્ય પોતાનું કર્મ બજાવતો રહે છે, તે સાત્ત્વિક કર્તા કહેવાય છે. આવો મનુષ્ય સફળતા કે નિષ્ફળતા મળે તો પણ શોક કે આનંદની અનુભૂતિ કરતો નથી, પરંતુ બંને પરિસ્થિતિમાં સ્થિતપ્રજ્ઞ હોય છે.

(૨) ઈચ્છાના પ્રદેશને સજાવવા જે મનુષ્ય પોતાનું કર્મ ફળો ભોગવવાની લાલચમાં આવી કરે છે. તે રજોગુણી કર્તા કહેવાય છે.

(૩) જે મનુષ્ય માત્ર ભૌતિક સુખ ભોગવવા પોતાનું કર્મ કરે છે, તે તમોગુણી કર્તા કહેવાય છે.

**બુદ્ધિ :**

(૧) જે સમજણ દ્વારા શું કરવા યોગ્ય છે અને શું કરવા યોગ્ય નથી તે જાણી શકે છે, તે બુદ્ધિ સાત્ત્વિક કહેવાય છે.

(૨) જે બુદ્ધિ ધર્મ તેમ જ અધર્મ વચ્ચેનો ભેદ પારખી શકતી નથી, તે બુદ્ધિ રાજસી કહેવાય છે.

(૩) જે બુદ્ધિ મોહ તથા અજ્ઞાનને વશ થઈ અધર્મને ધર્મ માની લઈ, હંમેશા અવળી દિશામાં પ્રયાણ કરે છે, તે તામસી બુદ્ધિ કહેવાય છે.

**સુખ :**

જે સુખ પ્રારંભમાં કષ્ટદાયક લાગે છે, પરંતુ અંતે લાભદાયક હોય છે. તેમ જ જે સુખ શરૂઆતમાં અમૃત સમાન લાગે છે, પરંતુ અંતે તે ઝેર જેવું હોય છે. જે સુખનો વૈભવ આત્માની ઓળખ કરવા દેતું નથી, તે સુખ અંતે હાનિકારક નીવડે છે. આમ, અનુક્રમે સત્ત્વગુણ, રજોગુણ તથા તમોગુણ સુખના ત્રણ પ્રકાર પડે છે. પ્રકૃતિના આ ત્રણ ગુણોથી કોઈ મુક્ત રહી શકતું નથી. જે જીવમાત્રનું ઉદ્ભવસ્થાન છે. તે ભગવાનની ઉપાસના કરી, કોઈપણ મનુષ્ય પોતાનું નિયત કર્મ કરતો હોવા છતાં મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. તેથી કોઈ પણ મનુષ્યે પોતાનું નિયત

કર્મ ત્યજવું ન જોઈએ. જેવી રીતે અગ્નિ ધુવાડાથી આવૃત હોય છે, તેવી જ રીતે મનુષ્યનો દરેક પ્રયાસ કોઈક દોષથી આવૃત હોય છે. માટે મનુષ્યે પોતાના સ્વભાવજન્ય કર્મનો ત્યાગ કરવો જોઈએ નહિ. તે ભલે દોષોથી ભરપૂર હોય તેમ છતાં ભૌતિક સુખની અપેક્ષા વિના કરેલું કોઈ પણ કર્મ મનુષ્યને દોષિત કરી શકતું નથી. ફળની પળોજણમાં પડયા વિના કર્મ કરતો મનુષ્ય બંધનમાં પડતો નથી. કારણ કે પ્રકૃતિના ત્રણ ગુણો વડે મનુષ્યનો સ્વભાવ ઘડાય છે. ઈશ્વર પોતે સંસારના સર્જન તથા વિસર્જન માટે મનુષ્યને પ્રકૃતિના ગુણો વડે પોતાનું કર્મ બજાવા દોરે છે. સંસારનું પૈડું ફરતું રાખવા જે મનુષ્ય પ્રકૃતિના ત્રણ ગુણો મુજબ વર્તે છે, તે દોષોથી ભરપૂર હોવા છતાં જેમ અગ્નિ ધૂંવાડાથી આવૃત હોવા છતાં દોષિત થતો નથી, તેમ જીવાત્મા પણ કૃષ્ણભાવે બજાવેલા કર્મથી દોષિત થતો નથી. આદર્શ વ્યકિત પોતાનું કર્મ કૃષ્ણભાવે બજાવે છે. પોતે કરેલા કાર્યનો યશ ઈશ્વરને અર્પણ કરી દે છે, માટે તે મહામાનવ તરીકે પૂજાય છે.

વેદાંત અનુસાર સર્વ કર્મોની પસંદગીના પાંચ કારણો હોય છે.

(૧) **કર્મનું સ્થાન :**

મનુષ્યનું શરીર કોઈ પણ કર્મનું ઉદ્‌ભવસ્થાન ગણાય છે.

(૨) **કર્તા :**

શરીરમાં રહેલ આત્મા કોઈ પણ કર્મનો પ્રેરક હોવાથી કર્તા માનવામાં આવે છે. પરંતુ જે મનુષ્ય કર્મનું કારણ પોતાનું પંચમહાભૂતમાંથી બનેલું શરીર છે, તેવું સમજી શકે છે, તેને કર્મનું કોઈ બંધન નડતું નથી.

(૩) **ઈન્દ્રિયો :**

કર્મનું આકર્ષણ ઈંન્દ્રિયો ઊભું કરે છે, તેથી માણસે ઈન્દ્રિયો પર પોતાનો કાબૂ રાખવો જોઈએ.

(૪) **અનેક પ્રકારના પ્રયાસો :**

સંસારભૂમિ પર મહાલતો માણસ અનેક પ્રકારના પ્રયાસો કરતો રહે છે. ઈચ્છાના આંગણે પોતાની મહત્ત્વાકાંક્ષાના છોડ ઉગાડવા મનુષ્ય જીવનપર્યંત મથતો રહે છે.



(૫) **પરમાત્મા :**

સૃષ્ટિના સર્જનહાર પરમાત્મા મનુષ્યના હૃદયમાં વસવાટ કરે છે. તેથી કોઈપણ કર્મનું કારણ ખુદ પરમાત્મા પોતે જ છે. વળી માણસે પોતાની જાતને સર્વેસર્વા માની લેવાની કોઈ જરૂર નથી. કારણ કે ઈશ્વર દરેક વ્યકિતના હૃદયમાં વસવાટ કરે છે, તેથી તેની પ્રેરણા વિના મનુષ્ય એક પણ કર્મ કરી શકતો નથી. કર્મફળનો ત્યાગ કરીને જે મનુષ્ય પોતાનું કર્મ કરે છે, તે સંસારભૂમિનું યુદ્ધ જીતી જાય છે. યુદ્ધભૂમિ પર લડતા દરેક સૈનિકને મારી એક જ અપીલ છે : 'જોવાવાળો જોશે ને દેવાવાળો દેશે. તું તારું કર્મ કરે જા, વિજય તારો થશે.'

થોડા સમય પહેલા એક વાચકમિત્રનો ફોન આવ્યો હતો. તે કહેતા હતા : 'સાહેબ, આપના લેખ વાંચવા ખૂબ ગમે છે. તમે ધર્મની વાત ટાંકી વાચકમિત્રોના દિલ જીતી લો છો. ધર્મના માર્મિક પ્રસંગો છેડી ઉપયોગી સંદેશ આપો છો. આપના મતે કરેલા કાર્યનો યશ કોઈ પણ વ્યકિતએ લેવો ન જોઈએ. તેમ છતાં આપ વારંવાર આપના કોઈ ને કોઈ કાર્યનો ઉલ્લેખ કરતા રહો છો.

આપ કોઈ પણ જાતની પ્રસંશા ઈચ્છતા નથી, છતાં આપના લેખમાં આપ જે કાર્યો કરો છો, તેની નોંધ અચૂક આપો છો. સમગ્ર વાચકવર્ગ માટે આ ચર્ચાનો વિષય બન્યો છે. વાત સાચી છે. આવી નોંધની શી જરૂર છે !

**ઉત્તર :** મારા કાર્યનો કર્તા ઈશ્વર પોતે છે, તેથી તેની સ્તુતિ કરવાના ઉદ્દેશથી હું આવી નોંધ આપું છું. તેમ કરી હું ઈશ્વરના ઋણમાંથી મુકત થવા ઈચ્છું છું. વળી પોતાના કર્મ પ્રત્યે લોકોની રુચિ વધે તેવો મારો પ્રયાસ છે.

સૃષ્ટિના કલ્યાણ માટે તેમ કરવું મને ઉચિત લાગે છે. લૉકડાઉન ચાલે છે, તેથી હું ભીતરમાં ધરબાયેલી આવી વાતો ખોળી કાઢું છું. તેના પર ગહન વિચાર પણ કરું છું. તમે બધા વિચાર તો કરતા જ હશો. અચાનક આવેલા લૉકડાઉનના કારણે બધા પોતપોતાના ઘરમાં પુરાયા છે. ઈશ્વર દ્વારા ફરમાન થયેલી નજરકેદનો આ અનોખો અનુભવ છે. આવો કપરો કાર્યકાળ શા માટે આવી પહોંચ્યો હશે ? ''વારા પછી વારો અને મેહ પછી ગારો.'' થોડા સમય પહેલા ત્રણસો સિત્તેરની કલમ સંસદ

દ્વારા રદ કરવાનો ખરડો પસાર થયો હતો. ત્યારે કાશ્મીરના કેટલાક રાજકીય નેતાઓને નજર કેદ કરવામાં આવ્યા હતા, ત્યારે આખો દેશ ગેલમાં આવી ઉત્સવ ઉજવી રહ્યો હતો. આજે આખો દેશ નજર કેદ થયો છે. પોલીસપહેરો ગોઠવી દેવામાં આવ્યો છે. જેના કારણે લોકો ઘરની બહાર વગર કામે નીકળી શકતા નથી. પોલીસતંત્રને સહાયભૂત થવા ડ્રૉન કૅમેરા ચોકી કરી રહ્યા છે. કોરોનાનો રાક્ષસ કોઈને ભરખી ન જાય, તેની સૌને બીક છે. જ્યારે સત્તાધીશ પોતાની અંગત મુરાદો પાર પાડવા કોઈ વર્ગને અન્યાય કરે છે, ત્યારે તેના દૂરગામી પરિણામો જનતાને ભોગવવા પડે છે. તમે કહેશો કે સાહેબ આ વિશ્વવ્યાપી બીમારી છે. આ વાત માત્ર આપણા દેશને લાગુ પડતી નથી. જે હોય તે પરિણામો ઘણા દુઃખદ આવશે તે નક્કી છે. કોરોનાનો વાઈરસ અનેક સંકેત લઈને આવ્યો છે. આખા વિશ્વને હાથની હથેળીમાં લઈ આમતેમ ફરતો માણસ હથેળી અને આંગળીઓના સ્પર્શથી ફેલાતા કોવિડ-૧૯ વાઈરસનો ભોગ બની ફસાયો છે. બીજા શબ્દમાં કહુ તો રાવણરૂપી વાઈરસ સીતારૂપી પ્રજાનું હરણ કરી ગયો છે. દાકતરરૂપી રામ વાઈરસરૂપી રાવણ સામે યુદ્ધ છેડી પ્રયત્ન જરૂર કરી રહ્યા છે. પરંતુ રસી બ્રહ્માસ્ત્ર મળશે નહિ ત્યાં સુધી પ્રજા કોવિડ-૧૯ના ત્રાસમાંથી છૂટી શકશે નહિ. દેશના તબીબો, પરિચારિકાઓ જીવના જોખમે દર્દીઓની સારવાર કરી રહ્યા છે. તેમનો સંદેશ કર્મ કરતા રહેવાનો છે. નિઃસ્વાર્થ સેવાનો બદલો પરમ કૃપાળુ પરમેશ્વર જરૂર આપશે. વિપરીત સંજોગોમાં સેવા કરતા કર્મવીરો એમ માને છે કે જોવાવાળો જોશે અને કર્મનો બદલો દેવાવાળો દેશે. ભગવાન રામચંદ્રજી લંકાપતિ રાવણ સામે યુદ્ધ કરતા હતા, ત્યારે લંકાપતિ રાવણ તેનો સામનો જે રીતે કરતો હતો, તે જોતા રામચંદ્રજીનો વિજય થશે કે નહિ ? તેવી શંકા થયા વિના રહે નહિ. પરંતુ ધીરજપૂર્વક, આયોજનબદ્ધ યુદ્ધ છેડી ભગવાન રામચંદ્રજી અંતે વિજેતા બને છે.

મારે ને તમારે પોતપોતાના કાર્યક્ષેત્રમાં વિજેતા થવા ધીરજ ધારણ કરી કાર્ય કરવું પડશે. આલોચક મિત્રો, તમારા કાર્યની આલોચના કરતા જ રહેવાના છે. તેનાથી ચલિત થયા વિના તમારું કાર્ય કરતા રહો, તમારી જીત નક્કી છે. પહેલાના ઋષિમુનિઓ પ્રજા કલ્યાણ માટે યજ્ઞો કરતા હતા. યજ્ઞમાં રાક્ષસો અવરોધો ઊભા



કરતા હતા. પોતાનો ધર્મયજ્ઞ પૂર્ણ કરવા ઋષિમુનિઓને રાક્ષસો સામે યુદ્ધ છેડવું પડતું હતું.

કોઈવાર દેવોના ચરણે પણ જવું પડતું હતું. કળિયુગમાં ધર્મયજ્ઞની જરૂર નથી. કળિયુગમાં સેવાયજ્ઞની જરૂર છે. સેવાયજ્ઞ ત્રણ પ્રકારના હોય છે.

૧. જ્ઞાનયજ્ઞ અથવા શૈક્ષણિક સંસ્થાઓ.
૨. સામાજિક સેવાઓ : જેવી કે આરોગ્ય, ગૌશાળાઓ, વૃદ્ધાશ્રમો, આશ્રયસ્થાનો વગેરે ચલાવવા.
૩. રાજકીય : સ્થાનિક સ્વરાજ્ય કે વિધાનસભા અથવા સંસદના પ્રતિનિધિ બની દેશની સેવા કરવી.

દરેક સેવાના ક્ષેત્રોમાં અનેક પડકારનો સામનો કરવો પડે છે. આર્થિક, સામાજિક અને રાજકીય.

**આર્થિક :** કોઈ પણ કાર્ય કરવા નાણાકીય વ્યવસ્થા ઊભી કરવી પડે છે. આવા કાર્યો માટે નાણાં એકત્રિત કરવા જે તે સરકારની સહાયક નીતિઓ હોવી જોઈએ. સરકારનું વધુ પડતું નિયંત્રણ શૈક્ષણિક અને સામાજિકક્ષેત્ર માટે બાધક બની શકે છે. અનુદાન આપતા દાતાઓ સેવાકીય પ્રવૃત્તિને ટેકો કરી શકે તેવી સરકારની નીતિ હોવી જોઈએ. દાન આપતા દાતાઓને કર રાહત આપવા ખાસ યોજનાઓ અમલમાં મૂકવી જોઈએ.

**સામાજિક :** સેવાકીય પ્રવૃત્તિઓને જીવંત રાખવા સમાજના લોકોએ આગળ આવી સેવાયજ્ઞમાં પોતાની આહુતિ આપવી જોઈએ.

**રાજકીય :** સેવાકીય પ્રવૃત્તિને ટેકો મળે તેવા ઉદ્દેશને બર લાવવા અનુદાન પ્રાપ્ત થાય તેવી યોજનાઓ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ ઘડી કાઢવી જોઈએ. પ્રતિકૂળ સંજોગોમાં પણ આ બધું ન થાય તો પણ માનવ કલ્યાણ માટે સેવાયજ્ઞ ચાલતો રહેવો જોઈએ. કારણ કે જોવાવાળો જોશે અને દેવાવાળો દેશે. મનુષ્યનું કામ, કર્મ કરવાનું છે. ફળ આપવા હજાર હાથવાળો બેઠો છે.

## ૨૮. કુદરતની કમાલ

કાળા માથાવાળા માનવની ધમાલ છે, પણ કુદરતની ખરી કમાલ છે અણુએ અણુમાં જેનો વાસ છે એ કુદરતની કમાલ છે. તેનું શબ્દચિત્ર આલેખવું ઘણું દુષ્કર છે. હજાર હાથવાળા ઈશ્વરની લીલા સમજવા જેવી છે. કુદરતની લીલા સમજવા થોડા ઉદાહરણ સાથે કેટલીક વાતો મૂકવાનું મને મન થાય છે. લૉકડાઉનનો પિરિયડ ચાલે છે એટલે ભીતરની રખડપટ્ટી વધી ગઈ છે. આપણે ત્યાં કહેવાય છે ‘ફરે તે ચરે અને બાંધ્યો ભૂખે મરે’ મારો કહેવાનો અર્થ તમે સમજ્યા નહિ. લોકડાઉન હોવાથી હું ભીતરમાં પડેલા વિચારો ખોળી, ઝડપથી તમારી સમક્ષ મૂકી શકું છું. કોઈ પ્રકૃતિના સ્થળે ફરવા જવાનો આનંદ આવે છે, તેના કરતા અનેકગણો આનંદ ભીતરના અણદીઠા પ્રદેશમાં માણ્યો છે. ભીતરમાં લૂંટેલું સૌંદર્ય વહેંચવા મારું મન ઉતાવળું બન્યું છે. ભીતરના માર્ગે દટાયેલા અમૂલખ વિચારો જડ્યા છે, તેનો સંસર્ગ આંતરિક શકિતઓને જગાડે તેવો છે. આ વાતો આપ સૌના અંતરપ્રદેશને નંદનવન બનાવી દેશે. બગીચામાં ઊગી નીકળેલા સુગંધી પુષ્પો વાતાવરણને મઘમઘતું બનાવી દે છે, તેમ મારા ભીતરમાં ખીલી ઊઠેલા વિચારરૂપી પુષ્પો તમારા જીવનને સુગંધી બનાવી દેશે.

લંકાનો રાજા રાવણ શકિતશાળી રાજા હતો. તેમણે મહાદેવની ભકિત કરી અનેક વરદાન પ્રાપ્ત કર્યા હતા. તે પૈકી ઉદાહરણ તરીકે કેટલાક મળેલા વરદાન વિશે વિગત આપી આપને એક પ્રેરક કથાવસ્તુ દ્વારા અવગત કરવા ઈચ્છું છું. લંકાની સફાઈ ઓગણપચાસ વાયુ કરતા હતા. રાજભવનનું દરણુ વિધાતાને દળવું પડતું હતું. દિકપાલને રાજભવનની ચોકી કરવી પડતી હતી. ટૂંકમાં, લંકાપતિ રાવણ ખરા સુખનો સમ્રાટ હતો. રાવણને તેનું અભિમાન પણ હતું, રાજા ઈન્દ્ર કરતા પણ તે વધુ સુખ સગવડ ભોગવતો હતો. મનુષ્યના જન્મ સમયે કર્મફળના આધારે, લેખાંજોખાં કરતા વિધાતાજી તેમની દાસી બની ફરજ અદા કરતા હોવાથી તે બહુ ફુલાતો હતો. થોડા દિવસો બાદ તેમની રાણીની કૂખે એક પુત્રીનો જન્મ થયો. તેના લેખાંજોખાં લખી પરત ફરતા વિધાતાને રાવણે અટકાવી પૂછ્યું : બોલ, પુત્રીનું ભાવી કેવું હશે ? વિધાતાજી હસીને બોલ્યા, હું અવળુ ફરી દરેક વ્યકિતનું



ભાવિ લખી પરત કરું છું. તેથી કોઈનું ભાવિ હું જોઈ શકતી નથી, તેમજ જાણતી નથી. તમારી પુત્રીનું ભાવિ જાણવું હોય તો હું જોઈ આપું છું. તમે તે જાણી દુઃખી થશો કારણ કે તેમાં કોઈ ફેરફારને અવકાશ નથી. કર્મફળ મુજબ લખાયેલું નસીબ બદલાતું નથી. રાવણની જીદ પૂરી કરવા વિધાતા પુત્રીનું નસીબ વાંચી સંભળાવે છે : ‘તમારી પુત્રીનું લગ્ન આપના શુદ્ર સેવકના પુત્ર સાથે થશે ! રાવણ ગુસ્સે થાય છે. તેણે કહ્યું : ‘હું તારા લેખમાં મેખ મારીશ. મારી પુત્રીનું લગ્ન કોઈ રાજવી સાથે ધામધૂમથી કરીશ.’ રાવણ તેના શુદ્ર સેવકના ઘરે રાજના માણસો મોકલી થોડા સમય પહેલા જન્મેલા પુત્રને રાજસભામાં લઈ આવવા હુકમ કરે છે. શુદ્ર પુત્રનું આગમન થતા રાવણ ગુસ્સે થઈ તેની ટચલી આંગળી કાપી નાખવા આદેશ કરે છે. રાવણ વધુ ગુસ્સો કરી તેને એક લાકડાની પેટીમાં બંધ કરી સમુદ્રમાં ફેંકી આવવા ફરમાવે છે. સેવકો રાજાના હુકમ મુજબ સોંપાયેલું કાર્ય પૂરું કરે છે. સમુદ્રની પેલે પાર ઘોઘાનો રાજા ફરતા-ફરતા સમુદ્ર કિનારે આવી પહોંચે છે. તેને પાણીમાં તણાઈ આવેલી એક લાકડાની પેટી નજરે પડે છે. રાજા તે પેટી ખોલે છે. પેટીમાં ખિલખિલાટ કરતું બાળક જોઈ રાજાને ભારે અચરજ થાય છે. બાળકને રાણીભવનમાં લઈ જઈ તેનો ઉછેર કરવા પોતાની રાણીને આજ્ઞા કરે છે. ઘોઘાનો રાજા પુત્રવહોણો હોવાથી રાજમાં ઉત્સવનો માહોલ મનાવા ઢંઢેરો પીટવામાં આવે છે. આજે રાજા-રાણીના દિલમાં આનંદ હિલોળા લઈ રહ્યો હતો. આખું ઘોઘા શણગારવામાં આવે છે. સમય પાણીના પ્રવાહની જેમ વહી રહ્યો હતો. જોતજોતામાં પુત્ર યુવાન થઈ જાય છે. ઘોઘાના દૂરદર્શી રાજાની કીર્તિ સમુદ્રના સીમાડા ઓળંગી જાય છે. રાવણ પોતાની પુત્રીનો પીળો હાથ કરવા અનેક રજવાડામાં ભૂદેવો મોકલી તપાસ કરાવે છે. ઘોઘાનો પાટલીપુત્ર યોગ્ય જણાતા તેને શ્રીફળ સોંપવામાં આવે છે. ઘડિયા લગ્ન લેવાય છે. પ્રસંગ પૂરો થતા જ રાવણ વિધાતાને બોલાવી કહે છે : ‘તારા લેખમાં મેખ વાગી ચૂકયો છે. રાવણ ધારે તે કરી શકે છે.’ વિધાતા : તે અશકય છે. દરેકને પોતાના કર્મફળ મુજબ જે મળવાનું હોય છે, તે મળીને જ રહે છે. તમે પૂરતી તપાસ કરશો, એટલે તમને તેનો ઉત્તર જરૂર મળી રહેશે.’ અચાનક રાવણને યાદ આવે છે. આપણે શુદ્રપુત્રની ટચલી આંગળી કાપી નાખી હતી. જો

ઘોઘાના રાજકુંવરની ટચલી આંગળી કપાયેલી હોય તો વિધાતાની વાત માની શકાય. તપાસ કરતા ઘોઘાના રાજકુંવરની ટચલી આંગળી કપાયેલી હતી. મિત્રો, રાજા રાવણ પણ વિધાતાના લેખમાં મેખ મારી શકયો નહોતો. કાળા માથાવાળો માણસ ઈશ્વરની કૃપા વિના નાનકડી કાંકરી પણ હલાવી શકતો નથી. મનુષ્યને મળતા યશ-અપયશ, સફળતા કે નિષ્ફળતા મારા હરિની ઇચ્છા મુજબના હોય છે. તેથી સૃષ્ટિના સર્જક્ વિસર્જન પાછળ કુદરતની કમાલ કારણભૂત હોય છે.

વર્તમાન સમયમાં કોરોનાની મહામારીએ સમગ્ર વિશ્વને બાનમાં લીધું છે, ત્યારે થોડું ચિંતન કરવાનો સમય પાકી ગયો છે.

**હવાનું પ્રદુષણ :**

હવાનું પ્રદુષણ અસંખ્ય જીવોને હાનિ પહોંચાડી રહ્યું હતું. તેને રોકવા વિશ્વના અનેક સંગઠનો ઢોલ પીટતા હતા, છતાં સફળતા મળતી ન હતી. ઈશ્વરે તેના પર નિયંત્રણ લાવવા કોવિડ-૧૯ નૉવેલ કોરોના વાઇરસને માણસની પરીક્ષા કરવા, પૃથ્વી પર મોકલી દીધો છે. પહેલાના સમયમાં દેવો, દાનવો કે માનવોનું અભિમાન ઉતારવા કોઈ પરાક્રમી શકિતનો ઉદય થતો હતો. કોઈ પણ વિસર્જન નવા સર્જન માટે થતું હોય છે. રામને વનવાસ રાવણના સંહાર માટે મળ્યો હતો, પણ મને અને તમને ગૃહવાસ લુપ્ત થતી માનવીની માનવતાના કારણો ખોળી કાઢવા મળ્યો છે.

**ચિંતન :**

હજારો અકસ્માત અટકી ગયા છે. સેંકડો દીકરીઓ સાથે થતા બળાત્કાર એક ઝાટકે બંધ થયા છે. કોરોનાની બીમારી મોકલી ઈશ્વરે રસ્તો ભૂલેલા મનુષ્યની શાન ઠેકાણે લાવી દીધી છે. અબોલ પશુઓની કતલ બંધ કરાવી લાખો પશુઓની જીવાદોરી લંબાવી દીધી છે. કોરોનાનો વાઇરસ મોકલી હે ઈશ્વર, વિશ્વની મહાસત્તા બની બેઠેલા, દેશોને તેં તો ધંધે લગાડી દીધા છે. માણસને ઘરમાં પૂરી પાંજરે પુરાયેલા પક્ષીઓને મુકત ઊડતા કરી દીધા છે. કાળા માથાવાળો માનવી ધારે તે કરી શકે, તેવા બોલ સાવ ખોટા પાડી દીધા છે. ગળે વળગી ભેટતા માણસોને પ્રભુ ! તેં અળગા કરી દીધા છે. બે નંબરી નાણાં ફેરવતા લોકોને, ઑનલાઇન લેવડ-દેવડ



કરવા મજબૂર કરી દીધા છે.

"વાહ રે કુદરત, તેં તો રસ્તો ભૂલેલા માનવીઓને ભાનમાં લાવી દીધા છે !
નાનપણમાં ભુલાયેલી રમતો બધાને રમતા કરી દીધા છે !
ટાઇમ ન હતો જેને એક ફોન કરવાનો એમને વીડિયોકૉલ કરતા કરી દીધા છે !
વાહ રે કુદરત તેં તો રસ્તો ભૂલેલા માનવીઓને ભાનમાં લાવી દીધા છે !
પ્રાથે 'ઝગમગ' પ્રભુ પાય પડી,
ભલા તેં તો મંદિર-મસ્જિદ દ્વાર બંધ કરી,
સૌને અંતરના ખોળે રમતા કરી દીધા છે !"

અછાંદસ પંક્તિઓ મને અને તમને માનવતાના મુલકમાં દોરી જાય છે. જ્યારે લાગણીનો છોડ મુરઝાઈ જાય છે, ત્યારે માનવતાની મહેક સંસારરૂપી બાગમાં લુપ્ત થઈ જાય છે. સંબંધો યંત્રવત્ બની જાય છે, ત્યારે લાગણીના સેતુ વડે જોડાયેલો સંબંધ ખપ લાગે છે. જેમ દીવો અંધકાર ઉલેચી ઉજાસ આપે છે, તેમ લાગણીના સંબંધો ચમત્કારી પરિણામો આપે છે. આવા સંબંધોમાં શંકાને લેશમાત્ર સ્થાન નથી. લાગણીના સંબંધોમાં જ્યારે શંકાને પ્રવેશ મળે છે, ત્યારે આવા સંબંધોનો અકાળે અંત આવે છે. પરિવાર અથવા સમાજને તેના દૂરગામી પરિણામો સહન કરવા પડે છે.

છેલ્લા ઘણા સમયથી શિક્ષણમાં ઑનલાઇન હાજરી, વિદ્યાર્થીઓનું ઑનલાઇન મૂલ્યાંકન જેવી અનેક બાબતો દાખલ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓની હાજરી પૂરવાનું કામ શિક્ષકનું છે. ઍરકંડિશન્ડ ઑફિસમાં બેઠેલા અધિકારીનું નહિ. જે શિક્ષકની નિયત પર સરકારી તંત્રને ભરોસો નથી, તે શિક્ષક સમાજનો ઘડવૈયો શી રીતે બની શકશે ? શિક્ષક શાળામાં હાજર છે કે નહિ ? તે જોવાનું કામ શાળાના મુખ્ય શિક્ષકનું છે. તેની ચિંતા ગાંધીનગરમાં બેઠેલા અધિકારીએ કરવાની જરૂર નથી. રાજ્ય સરકારે મુખ્ય શિક્ષકની નિમણૂક શા માટે કરી છે ? શાળાની દેખરેખ રાખવા, શાળાના શિક્ષકો પાસે આયોજનબદ્ધ કામ લેવા, શાળાની પ્રવૃત્તિઓને વેગ આપવા. જો ગાંધીનગરમાં બેઠેલો કોઈએક અધિકારી, ઑનલાઇન આખા રાજ્યની શાળાઓ ચલાવી શકતો હોય તો રાજ્ય

સરકારે મુખ્ય શિક્ષક રોકવાની શી જરૂર છે ? કૉમ્પ્યૂટર કે મોબાઈલ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો, દેશને નંદનવન બનાવી શકશે તેવો ભરોસો હોય તો શાળા, કૉલેજ કે યુનિવર્સિટીની શી જરૂર છે ? જ્યારે મૂળભૂત પાયાની બાબત સમજાતી નથી, ત્યારે માણસમાં વિકૃતિ પેદા થાય છે. પરંતુ પાયાના સિદ્ધાંતો અપનાવવા જે જાગૃત હોય છે, તેને પ્રકૃતિ સહાય કરે છે. ગુરુ-શિષ્યના સંબંધોને જે આદર આપે છે, તેવા રાષ્ટ્રોની પ્રગતિ થાય છે. જે શાળા-કૉલેજ અભ્યાસક્રમના વિષયો ઉપરાંત વિદ્યાર્થીનું જીવન ઘડતર કરી શકે છે, તે માનવ સંસ્કૃતિનું મંદિર ગણાય છે. જે દેશ આવા મંદિરોનું નિર્માણ કરી શકે છે, તે દેશની વિરાટ સંસ્કૃતિ કોઈ પણ સમસ્યાનો ઉકેલ ચપટી વગાડતા શોધી કાઢે છે.

આપણે થોડું ચિંતન કરી આત્મ નિરીક્ષણ કરવાની જરૂર છે. ભૌતિક સંપત્તિ અર્જિત કરવાનું, મનુષ્યનું એકમાત્ર લક્ષ્ય નથી. આધ્યાત્મિક માર્ગે પણ આપણે આગળ વધતા રહેવાનું છે. શિક્ષણ આપવાનું કામ શિક્ષકનું છે, છતાં સરકારી અધિકારીઓ કારણ વગરની ચિંતાનો બોજ લઈ શા માટે ફરે છે ? સરકારી તંત્રને શાળાના શિક્ષકો કે મુખ્ય શિક્ષક પર ભરોસો ન આવતો હોય તો દેશનું ભાવિ કોણ ઘડશે ? આજનો અધિકારી એક સમયે તેના શિક્ષકનો વિદ્યાર્થી હતો. તે કોઈ પણ અધિકારીએ યાદ રાખવું જોઈએ. જ્યારે કોઈ એક વ્યક્તિ સર્વેસર્વા બની કામ કરવા લાગે છે, ત્યારે માનવતાનો સૂર્ય અસ્ત પામે છે. અહંકારી મનુષ્ય, માનવજાત માટે પતનનું કારણ બને છે. દર અઠવાડિયે વિદ્યાર્થીઓનું ઑનલાઈન મૂલ્યાંકન કરતો અધિકારી, વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા પણ યોજી શક્યો નથી. એટલું જ નહિ તેને ઉપરના ધોરણમાં ચડાવવા વિવશ થયો છે. શિક્ષકની હાજરી પર દેખરેખ રાખતો ઑફિસર આજે શિક્ષકને ઘરે બેઠા પગાર ચૂકવવા મજબૂર બન્યો છે. આ બધી કુદરતની કમાલ છે. કોરોનાનો વાઈરસ કોઈ સંદેશ લઈને આવ્યો છે. જ્યારે - જ્યારે ધર્મની હાનિ થાય છે, ત્યારે -ત્યારે ઈશ્વર અસત્યોને અટકાવા, ધરતી પર સૃષ્ટિની સંભાળ લેવા આવી પહોંચે છે.

કમાલ છે કુદરતની... !



## ૨૯. આત્મદર્શન

મંદિરમાં દર્શન કરવા લોકોના ટોળા ઉમટી પડે છે. કેટલાક મંદિરોમાં વી.આઈ.પી. લોકોને અમુક રકમ ભરવાથી દર્શન માટે સીધો પ્રવેશ મળી જતો હોય છે. આવા દર્શનાર્થીઓને સેંકડો લોકોની લાંબી કતારમાં ઊભા રહેવું પડતું નથી. કેટલાક લોકો આવો લાભ વારંવાર લેવા નોકરી કે ધંધા-રોજગારમાં આવતી જાહેર રજાઓનો ફાયદો ઉઠાવવા દેવદર્શન માટે નીકળી પડે છે. જે તે મંદિરમાં તેઓ અમુક રકમ જમા કરાવી, પ્રભુદર્શનનો લાભ લેતા હોય છે. ઈશ્વર દરેક વ્યકિતના હૃદયમાં બિરાજમાન હોય છે, તેમ છતાં આપણે તેના દર્શનનો લાભ લઈ શકતા નથી. પરંતુ મંદિરમાં રહેલી પથ્થરની મૂર્તિના દર્શન કરવા, ઘેલા બનીએ છીએ. ખરેખર તો, આપણું હૃદય એક મંદિર છે. તેમાં રહેલું ચેતન, ઈશ્વરનો જ અંશ છે. મુકતાનંદ સ્વામી કહે છે :

''હસતા-હસતા પ્રગટ હરિ દેખું રે, મારું જીવ્યું સફળ તવ લેખું રે ;<br>
મુક્તાનંદનો નાથ વિહારી રે, ઓધા જીવનદોરી અમારી રે''

હરિના દર્શન હસતા મુખે હૃદયમાં થઈ શકે છે. તેના માટે કોઈ મંદિરમાં જવાની જરૂર નથી. લાંબી કતારમાં કલાકો સુધી ઊભા રહેવાની જરૂર નથી. મંદિરમાં ગયા વિના કોઈ પણ વ્યકિત તેના હૃદયમાં પરમશકિતના દર્શન કરી શકે છે. આત્મદર્શન માટે દિવ્ય દૃષ્ટિ કેળવવી પડે છે. આવી દૃષ્ટિ આપણને સત્સંગ વિના મળી શકતી નથી. અંતરના આંગણે હરિના દર્શન માટે કોઈ રકમ ચૂકવવી પડતી નથી, તેમજ લાંબી કતારમાં દર્શન માટે ઊભા રહેવું પડતું નથી.

**સત્સંગ :**

સત્સંગ એટલે સત્ય હોય તેનો સંગ કરવો અને અસત્યથી અળગા રહેવું. સત્સંગ માટે આધ્યાત્મિક વકતાઓની સભામાં બેસવાની જરૂર નથી. તેના માટે કોઈ સાધુ-સંતોના ચરણે જવાની પણ જરૂર નથી. સત્સંગ હૃદયમાં બિરાજમાન અંતરયામિ સાથે કરવો જોઈએ. કેળવાયેલી દિવ્ય દૃષ્ટિ આપણને અંતરયામિનો સંગ કરાવે છે. જેના વડે ચરાચરમાં અણુએ અણુમાં વસતા ઈશ્વરના દર્શન થઈ શકે છે. જ્યાં સુધી આત્મદર્શન કરવા દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ શકતી નથી, ત્યાં સુધી

જગતવિહારી વિભુના દર્શન થઈ શકતા નથી. કમળ કાદવ-કિચડ વચ્ચે પણ સુંદરતા ધારણ કરી લે છે, તેમ આપણે પણ સંસારની આધિવ્યાધિ વચ્ચે આત્મદર્શન કરવા દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત કરી લેવી જોઈએ. સત્સંગનો સેતુ ભીતરની ભવ્યતાનો પરિચય કરાવવા દોરી જાય છે. એટલા માટે ગંગાસતીએ આઠે પોર આનંદમાં રહી નિત્ય સત્સંગમાં રહેવા નિર્દેશ કર્યો છે. માણસે નરસી મહેતા, મીરાંબાઈ અને પ્રહ્લાદની જેમ અંતરયામિ સાથે સત્સંગનો સેતુ જોડવો પડશે. ભીતરના ભેરુ સાથે સત્સંગનો સેતુ બાંધી અંતરમાં ખળખળ વહેતી પવિત્ર સરિતામાં સ્નાન કરતા રહેવું જોઈએ. કમળ પણ કિચડમાં રહેલા જળનો ઉપયોગ કરી, પોતાની સુંદરતામાં વૃદ્ધિ કરે છે તેમ, આપણે પણ આત્મદર્શન થઈ શકે તેવી, દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત કરી લેવી જોઈએ.

''આંખ મારી ઊઘડે ને સીતારામ દેખું,
ધન્ય મારું જીવન સેવા એની પેખું.''

''હે પ્રભુ, સવાર પડે અને દીનદુખિયા લોકોની જેને સેવા કરવાની તક મળે છે, તેનું જીવન ધન્ય છે. દીનદુખિયા લોકોની સેવા કરવાનો જેને ઈશ્વર લહાવો આપે છે, તે સંસારનું સત્ય અંતરયામિની કૃપાથી જાણી લે છે; એટલું જ નહિ તેના અંતરના દ્વાર ખૂલી જાય છે. જેના અંતરના દ્વાર ખૂલી ગયા છે, તેમણે હરિદર્શન માટે મંદિરમાં જઈ, લાંબી કતારોમાં ઊભા રહેવાની જરૂર નથી. આધ્યાત્મિક જગતનું રહસ્ય જાણવા સત્સંગનું કૉમ્પ્યૂટર ખોલવું પડશે અને તેને કુદરતના નેટવર્ક સાથે જોડવું પડશે. મારે અને તમારે ભીતરના ભેરુને ઑનલાઇન હૃદયરૂપી સત્સંગના ધામમાં સતર્ક રાખવો પડશે.

અવિનાશ વ્યાસ પોતાની એક માર્મિક રચનામાં કહે છે

''ભીતરનો ભેરુ મારો આત્મો ખોવાયો રે,
મારગનો ચીંધનારો ભોમિયો ખોવાયો રે,
એ વાટે જનારા કોઈને જડયો હોય તો કહેજો.
એના રે વિના મારી કાયા છે પાંગળી અને આંખો છે
છતાં મારી આંખો છે આંધળી.



મારા રે સરોવરિયાનો હંસલો રિસાયો
એ સરોવરમાં તરતા કોઈએ જોયો હોય તો કહેજો.
તનડું રૂંધાણું મારું મનડું રુંધાણું અને
તાર તૂટયો ને અધવચ ભજન નંદવાયું છપરિયા ધીમાં મારો જીવડો ઝડપાયો,
એ આઘેરો સળગતો કોઈએ દીઠો હોય તો કહેજો.
જન્મોજન્મનો સાથી વસમી આ વાટમાં અને કઈ પેર ઢૂંઢું એને ગોઝારી રાતમાં,
મારા રે મનના વનનો મોરલો રિસાયો,
એ આઘેરો ટહુકતો કોઈએ જોયો હોય તો કહેજો.''

માતાના ઉદરમાં ડાહપણભરી વાતો કરતો હતો. તે મારો ભીતરનો ભેરુ ખોવાયો છે. સંસારભૂમિ પર હવે મારે શી રીતે આગળ ધપવું ? કારણ કે મને દોરવણી આપતો આત્મો મારાથી અળગો પડી ગયો છે. એના વિના મારી કાયા પાંગળી બની ગઈ છે. આંખો હોવા છતાં હું આંધળો થઈ ગયો છું. માતાના ગર્ભમાંથી છૂટો પડી મારો હંસલો રિસાયો છે. સંસારરૂપી સરોવરમાં તેને તરતા કોઈએ ભાળ્યો હોય તો કહેજો. હું ગર્ભમાં તન-મનથી રૂંધાયો હતો, ત્યારે કાલાવાલા કરી ગાતો હતો.

''ફૂલના છે ગજરા ને ફૂલના છે હાર, આવીને ઊભા મારે અંતરને દ્વાર ;
એવા શ્રીકૃષ્ણનું શરણું છે મારે, ગોવિંદ બલિહારી જાઉં વારેવારે''

અચાનક હરિનો સંપર્ક તૂટી જતા મારું એ અરમાન અધૂરું રહી ગયું છે. ભૌતિક વૈભવમાં ખોવાયેલી મારી સમજ કોઈને દૃષ્ટિગોચર થાય તો કહેજો. મારા જન્મોજન્મના સાથીને હું શોધું છું. કાશ, તેનો ટહુકો કોઈને સંભળાયો હોય તો કહેજો. માણસ સંસારનો વૈભવ મળતા જ બધું ભૂલી જાય છે. બૈરાં-છોકરાં, નોકરી, ધંધા-રોજગારમાં તેનું આખું આયખું વીતી જાય છે, તેની ખબર પણ પડતી નથી. સગાં-વહાલાં અને પરિવારની પળોજણમાં પડેલો માણસ આત્મદર્શનથી વંચિત રહી જાય છે. સળગતા અગ્નિ જેવા સંસારના દુઃખોથી દાઝેલો માણસ, દેવદર્શને નીકળી જરૂર પડે છે, પણ અજ્ઞાનના અંધકારમાં અટવાયેલો માણસ, મંદિરમાં પ્રસ્થાપિત મૂર્તિનું બાહ્ય સૌંદર્ય નિહાળી પરત ફરે છે. હૃદયમાં વસવાટ કરતા

ઈશ્વરને નિહાળવા તમારું ચિત્ત સ્થિર કરો. ઈન્દ્રિયોના વિષયથી મુકત થઈ, અંતઃકરણમાં ઈશ્વરનું ચિંતન કરવાથી પરમકૃપાળુ પરમાત્માના દર્શન થઈ શકે છે. આ માટે ‘‘ઓમ્ નમો ભગવતે વાસુદેવાય’’ મંત્રનો જપ કરવાની આદત કેળવવી જોઈએ. તમારો તુટેલો તાર જોડાઈ જશે. તુટેલો તાર સંધાતા દિવ્યજ્ઞાનનો પ્રકાશ ઝળહળી ઊઠશે. આવો અભ્યાસ પૂર્ણ કરી અંતઃકરણમાં ઈશ્વરના દર્શન કરવા ટેવાયેલો માણસ ભૌતિક અસ્તિત્વ સમાપ્ત થતા જ ભગવતધામમાં પહોંચી જાય છે. દિવ્ય આત્માઓ બાહ્ય તોફાનથી ડરતા નથી.

ઈંગ્લૅન્ડમાંથી મહાત્મા ગાંધીજી વકિલાતનો અભ્યાસ પૂરો કરી, સ્ટીમરમાં ભારત પરત આવી રહ્યા હતા ત્યારે, છેલ્લા ત્રણ ચાર દિવસ દરિયો ભારે તોફાની બન્યો હતો. કોઈ પણ વ્યકિતને આવનારા અંદરના તોફાનો સામે તૈયાર કરવા, ઈશ્વર બાહ્ય તોફાનો મોકલતો હોય છે. મહાત્મા ગાંધી દરિયાના ભયંકર તોફાનો વચ્ચે નીડર બની અન્યને હિંમત આપતા હતા. અંતરયામિ તેનું આત્મબળ વધારવા દરિયાનું ભયંકર તોફાન લઈને આવ્યા હતા. વાચકમિત્રો, માણસને ઘડવા મૃત્યુલોકમાં મુસીબતોને મોકલવામાં આવે છે. ધરતી પર આવી મુસીબતો વ્યકિતગત અને સામૂહિક પડકારો લઈ આવી પહોંચે છે. અનેક સમસ્યાઓથી ઘેરાયેલો માણસ આત્મદર્શનના અભાવે પાંગળો બની જાય છે. સત્ય-અસત્યનો ભેદ પારખી શકતો નથી. આધ્યાત્મિક દ્દષ્ટિકોણથી જોઈએ તો વ્યકિત આંખો હોવા છતાં આંધળો બની જાય છે, ભણેલો હોવા છતાં અજ્ઞાની જેવું વર્તે છે. આ બધી સમસ્યાઓ નિવારવા આપણે આત્મ-મંથન કરવું પડશે. છેલ્લા ઘણા દિવસોથી દેશમાં લૉકડાઉન ચાલે છે, ત્યારે દોડધામમાંથી મુકત થયેલો માણસ, માનવતાના બાગનું પુષ્પ બની મહેકી ઊઠે તેવી મારી ઈશ્વરને પ્રાર્થના છે. માણસ કોવિડ-૧૯ સમસ્યારૂપી આવેલી અંધારી રાતનો તેજસ્વી ચંદ્ર છે. ત્યારે તેમણે માનવતાના પ્રદેશને પ્રકાશિત રાખવાનો છે.

એક તરફ દેશમાં બીજનો ચંદ્ર દેખાતા પવિત્ર રમજાન માસનો પ્રારંભ થયો છે. બીજી તરફ કોરોના ફેલાવા માટે કોઈ એક કોમને દોષિત માનવામાં આવે છે, તે દેશના લોકોની સંકુચિત વિચારધારાનો પરિચય કરાવે છે. ગીતાગાયક શ્રીકૃષ્ણ ભગવાનના મતે ઈશ્વરની ઈચ્છા વિના એક પાંદડું પણ ફરકી શકતું નથી, ત્યારે કોઈ વિવાદને અવકાશ નથી. કોવિડ-૧૯ વાઈરસના નામે, દેશના નેતાઓએ રાજકીય મનસા પૂરી કરવા નફરતનું ઝેર ન રેડવું જોઈએ. લૉકડાઉનમાં ભાંગીને ભુક્કો થયેલી આર્થિક ગતિવિધિને પુનઃ ધબકતી કરવી પડશે. ધંધા રોજગાર શરૂ કરવા તા.૨૦ એપ્રિલથી ભારત સરકાર દ્વારા થોડી ઢીલ મૂકવામાં આવી છે. પરિણામે કેટલાક વિસ્તારોમાં ફરી એકવાર ધંધા-રોજગાર ધમધમતા થયા છે. રોજ મહેનત કરી કમાતો માણસ તેના પેટનો ખાડો પૂરવા કામે લાગ્યો છે. જોકે ટ્રાફિક પોલીસ પોતાનો ટાર્ગેટ પૂરો કરવા તેને કારણ વિના દંડી રહ્યો છે. વળી વહીવટી તંત્રની નિર્ણયશકિતના અભાવે અવારનવાર બહાર પડતા પરિપત્રો પ્રજા માટે પરેશાનીનું કારણ બન્યા છે. પેટિયું રળવા મથતો માણસ, કમાવાના બદલે ટ્રાફિક પોલિસ દ્વારા દંડાય રહ્યો છે.

અમારી શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળામાં રંગરોગાન અને રિનોવેશનનું કામ ચાલે છે. ૨૫ માર્ચ ૨૦૨૦ના રોજ દેશભરમાં પ્રથમ લૉકડાઉન લાગુ કરવામાં આવતા કામ સ્થગિત કરવામાં આવ્યું હતું. પરંતુ ૨૦ એપ્રિલ ૨૦૨૦થી તેમાં થોડી છૂટ મળતા પુનઃ રિનોવેશન અને રંગરોગાનનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. કામદારોને લૉકડાઉન હોવાથી અવરજવર કરવામાં સરળતા રહે તેવા હેતુથી વર્ક ઑર્ડરની કૉપી આપવામાં આવી હતી. તેમ છતાં ભાવનગર શહેરમાં પરિમલના નાકે ઊભેલા ટ્રાફિક પોલીસે કોઈ પણ જાતના કારણો ચકાસ્યા વિના તારીખ ૨૯ એપ્રિલ ૨૦૨૦ને મંગળવારના રોજ બેલદાર મનીષભાઈ બારૈયાની ગાડી જપ્ત કરી તેમને રૂપિયા ૫૦૦નો દંડ ફટકારી, પહોંચ પકડાવી દીધી હતી. એક બાજુ સરકાર બેરોજગાર થયેલા લોકોને નાની-મોટી સહાય કરી ગૌરવ લે છે. બીજી તરફ મહેનત કરી કમાવા નીકળેલા માણસ પાસેથી કારણ વિના દંડ વસૂલવામાં આવે છે. વહીવટી સંકલનના અભાવે ગરીબ માણસ પિસાઈ રહયો છે, તેમાં કોણ જવાબદાર છે ? પ્રજા કે શાસક ? વિચારવાનો સમય પાકી ગયો છે. સમસ્યાના ઉકેલ માટે આત્મા સાથે સંવાદ કરવો પડશે. આત્મદર્શન અને આત્મમંથન જીવનની દરેક સમસ્યાઓનો ઉકેલ શોધી આપે છે. કોરોના વાઈરસ

એક સમસ્યા બનીને આવ્યો છે, પણ મને અને તમને માનવતનનો માલિક બનાવી જતો રહેશે.

‘ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ અબ રેન કહાઁ કયું સોવત હૈં ?
જો સોવત હૈં વો ખોવત હૈં. જો જાગત હૈં વો પાવત હૈં.’

આત્મમંથનનું શસ્ત્ર ઉગામી આપણે સૌએ આવેલી સમસ્યાનું છેદન કરવાનું છે. આફતના અંધારા વચ્ચે અટવાયેલી માનવતા પુનઃ ઝળહળી ઊઠે તેવી અભ્યર્થના...



## ૩૦. લૉકડાઉન

થોડા મહિનાઓથી દુનિયાભરમાં કોરોનાએ કાળો કેર વરતાવ્યો છે. જેના કારણે આપણા દેશમાં પણ લૉકડાઉન ચાલે છે. વખતોવખત તેને લંબાવવામાં આવી રહ્યું છે. આર્થિક રીતે દેશ પાયમાલ થઈ રહ્યો છે, પરંતુ પ્રજાને કોરોનાની વિશ્વવ્યાપી મહામારીથી બચાવવાનો બીજો કોઈ વિકલ્પ નથી. પરિણામે રોજ રળી ખાતો માણસ પોતાના પેટનો ખાડો પૂરવા વલખાં મારે છે. બીજી તરફ દેશની નેવું ટકા સંપત્તિ પર કબજો જમાવી બેઠેલો દસ ટકા વર્ગ તેના પરિવાર સાથે આનંદ લૂંટી રહ્યો છે. લૉકડાઉન એટલે નોકરી, ધંધારોજગાર તેમજ જીવન સાથે વણાઈ ગયેલી પ્રવૃત્તિઓમાંથી બિલકુલ અલિપ્ત થઈ, ઘરમાં બેસવું. અર્થાત્ ઉગામેલી તલવાર ચલાવ્યા વિના મિયાનમાં મૂકી દેવી. અથવા તો કોઈ પણ રણમેદાનમાં જંગ ખેલ્યા વિના ઘરમાં પુરાઈ પોતાની જાતને સુરક્ષિત રાખવા કોરોના સામે યુદ્ધ છેડવું. આમ જુઓ તો, લૉકડાઉન થવાથી સમગ્ર માનવસમાજને આત્મમંથન કરવાનો મોકો મળ્યો છે. હાલ આપણા દેશમાં લૉકડાઉન નંબર ત્રણ ચાલે છે, તેમ છતાં આંગળીના વેઢે ગણી શકાય તેટલા લોકોમાં પણ આત્મમંથન પ્રત્યે જાગૃતિ જોવા મળતી નથી. આ દિશામાં દેશના પદાધિકારીઓ કે અધિકારીઓનું ચિંતન કયાંય નજરે પડતું નથી. રાજ્ય અને કેન્દ્રમાં બેઠેલી દરેક સરકાર આગામી પાંચ વર્ષનો પોતાનો પરવાનો પાકો કરવા કામે લાગી ગઈ છે. સંવેદનાની સરિતા સુખરૂપી શિયાળાનું મંગળાચરણ થાય તે પહેલા સુકાઈ ગઈ છે, ત્યારે બનાવટી લાગણીની કૃત્રિમ વર્ષા વડે નદીને વહેતી રાખવા પ્રયાસ થઈ રહ્યો છે. જે તે સરકાર દ્વારા પ્રજાને ખુશ કરવા, તાસ ભાંગી ટબૂડી ઘડવાનું નાટક થઈ રહ્યું છે. દેશના નાગરિકો ઘરમાં બેસી તેને નિહાળી રહ્યા છે. મહામારી સામે લડવા કરતા, આપણી રાજકીય ઇચ્છા, સત્તાનો સંગ્રામ જીતવા વધુ ઉતાવળી બની છે. પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાના ખભે બંધૂક રાખી સરકાર યુદ્ધ જીતવા નીકળી પડી છે. પરંતુ તેમણે વાસ્તવિક જંગ લોકોની જિંદગી બચાવવા ખેલવો પડશે. દેશના દરેક નાગરિકે મક્કમતાપૂર્વક કદમ ઉપાડી આગળ ધપતા રહેવું પડશે. ‘‘સૌનો સાથ, સૌનો વિકાસ’’ મંત્ર ચરિતાર્થ કરવા કેન્દ્ર અને રાજ્ય સરકારે રાજકીય વાડામાંથી બહાર નીકળવું પડશે. એટલું જ

નહિ, કોઈપણ ભેદભાવ રાખ્યા વિના જરૂરી પગલાં ભરવા પડશે. મળેલી સફળતાનો વ્યકિતગત યશ લેવાના બદલે તેની લહાણી કરવી પડશે. 'ભૂવો ધૂણે ત્યારે નાળિયર તેના ઘર તરફ ફેંકે છે ' તે ઉકિત ખોટી ઠેરવવી પડશે. સરકારે મતલબી મળતિયા લોકોને રાજી રાખવા ઘડવામાં આવતી નીતિઓને તિલાંજલિ આપવી પડશે.

દેશમાં કોવિડ-૧૯ વાઈરસના લીધે ત્રીજું લૉકડાઉન ચાલી રહ્યું છે. તેનો પ્રારંભ ચોથી મે ના રોજ થયો છે. મિત્રો, ચોથી મે સોમવારની સવાર ભવ્ય સંસ્કૃતિ ધરાવતા દેશ માટે કેટલાક પ્રશ્નો લઈને આવી છે. જે કોરોના વાઈરસ કરતા પણ વધુ ભયાનક છે. કઠોર મજૂરી કરી કમાતો માણસ ધંધારોજગાર બંધ થતા પેટનો ખાડો પૂરવા હવાતિયાં મારી રહ્યો છે. બીજી તરફ લૉકડાઉન હોવા છતાં દેશના મહાનગરોમાં મદિરાની દુકાનો ધમધમી રહી છે. દારૂ ખરીદવા આવેલા લોકો ઠેકા પર લાંબી કતારોમાં ઊભેલા જોવા મળે છે. કયાં ગયા આપણા સંસ્કાર ? કયાં ગયું આપણું સામાજિક અંતર ? દારૂના વેચાણમાંથી એક્સાઇઝ ડયૂટી પેટે મળનાર રકમ જે તે સરકાર પોતાની તિજોરીમાં જમા લેવા બેબાકળી બની છે. લૉકડાઉનનો ભંગ થતો હોવા છતાં, આંખ આડા કાન કરી રહી છે. જોકે આ રીતે મળેલી આવકનું કોઈ નૈતિક મૂલ્ય નથી. ''પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ'' રાજતંત્રની નીતિ ન હોવી જોઈએ. પરંતુ જનતાનું કલ્યાણ તેનો મંત્ર હોવો જોઈએ. લોકોની સુરક્ષા સરકારની પ્રાથમિકતા હોવી જોઈએ. એક પછી એક થયેલા લૉકડાઉનમાં સરકારની નીતિ ''ડેલા ઉઘાડા અને ખાળે દાટા'' મારવા જેવી રહી છે. શરૂઆતમાં કરિયાણાની દુકાનો, લોકો જીવન જરૂરી વસ્તુની ખરીદી કરી શકે, તેવા હેતુથી ખુલ્લી રાખવામાં આવતી હતી. અમદાવાદમાં કોઈ પણ નોટિસ વિના દવા અને દૂધ સિવાયની દુકાનો છઠ્ઠી મે ના રોજ બંધ કરવા હુકમ કરવામાં આવ્યો છે. એટલું જ નહિ પરપ્રાંતીઓને વતન મોકલવા થયેલ વ્યવસ્થા ખામીયુકત માલુમ પડી છે. દેશના વડાપ્રધાન ભાવાવેશમાં આવી તારીખ ૨૪ માર્ચના રોજ રાત્રીના ૮ કલાકે, કોઈ આયોજન વિના ટેલિવિઝન પર જાહેર કરે કે દેશભરમાં રાત્રીના બાર વાગ્યાથી એકવીશ દિવસનું સંપૂર્ણ લૉકડાઉન કરવામાં આવે છે. કોઈ પણ આર્થિક સર્વેક્ષણ



કર્યા વિના વળી એકવાર લૉકડાઉનને ઓગણીસ દિવસ લંબાવવા તારીખ ૧૪ એપ્રિલના રોજ સવારના ૧૦ કલાકે કેટલીક પ્રતિજ્ઞાઓ સાથે પ્રધાનમંત્રી આવી પહોંચે છે. વીસ-પચ્ચીશ મિનિટના ભાષણમાં દેશના નાગરિકોને કોરોનાની મહામારીમાંથી ઉગારવા સરકારે હાથ ધરેલ કોઈ યોજનાઓ વિશે જાણકારી આપવામાં આવી નહિ. જનતાને કરાવેલ સાત પ્રતિજ્ઞા આંગણે આવેલા ભિક્ષુકને સરનામું આપવા જેવી હતી. સરકારે લૉકડાઉનના ૩૭ દિવસ પસાર થયા પછી પરપ્રાંતિઓને માદરે વતન મોકલવા કરેલ નિર્ણય ''ઘોડા છૂટયા પછી તબેલે તાળા મારવા'' જેવો લાગે છે.

મિત્રો, ત્રણ લૉકડાઉન ઘણું કહી જાય છે. ત્રણ વસ્તુનો સંગ જીવનમાં વારંવાર થતો નથી.

૧. **સંબંધ, મૃત્યુ અને ગ્રાહક :**

સરકાર મુશ્કેલીના સમયમાં પણ જનતાની પડખે નહિ ઊભી રહે તો તે તેનો મતદાર ગુમાવશે. પોતાના નાજુક સમયમાં પણ જનતા સરકારની નિયત પારખી નહિ શકે તો તેને જીવનપર્યંત સહન કરવા તૈયાર રહેવું પડશે. માનવ માનવને ઉપયોગી નહિ થાય તો તે તેમની માનવતા ગુમાવશે.

૨. ત્રણ વસ્તુ ગયા પછી પરત ફરતી નથી - કમાનમાંથી છૂટેલું તીર, મુખમાંથી નીકળેલો શબ્દ અને શરીરમાંથી નીકળેલો પ્રાણ.

**તીર :** આવેલી સમસ્યાનો ઉકેલ સરકાર યોગ્ય રીતે કરી ન શકે તો તેનો કોઈ અર્થ રહેતો નથી. મુખમાંથી નીકળેલો શબ્દ : બોલેલો શબ્દ પરત ફરતો નથી. દરેક રાજકીય નેતાઓએ બોલતા પહેલા વિચારવાની જરૂર છે. કોરોનાએ હજારો માનવીનો ભોગ લીધો છે, ત્યારે આપણને મળેલ મૂલ્યવાન માનવદેહનું જતન કરવું પડશે.

૩. ત્રણ બાબતોથી બચતા રહેવું જોઈએ - ખોટી સંગત, સ્વાર્થ અને નિંદા :

દુર્જન લોકોની સંગત કોઈ પણને પાયમાલ કરી દે છે. અંગત સ્વાર્થ પતનનું કારણ બને છે. વધુ પડતી નિંદા માણસને અહંકારના પર્વત પરથી નીચે ફેંકી દે છે. તેથી આપણેએ ત્રણ બાબતોથી ચેતતા રહેવું જોઈએ.

૪.	ત્રણ વસ્તુ એવી છે, જેના પર મન લગાવાથી પ્રગતિ થાય છે - ઈશ્વર, મહેનત અને વિદ્યા :

ઈશ્વરની સેવામાં વ્યક્તિનું મન લાગી જાય તો તેનો બેડો પાર થઈ જાય છે. એવી જ રીતે જીવનમાં મહેનત રંગ લાવે છે. કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. મહેનત માણસને દુનિયાનું કોઈ પણ સુખ આપી શકે છે. વિદ્યારૂપી ધન સૌથી શ્રેષ્ઠ છે. તેના વડે દુનિયાની કોઈ પણ સંપત્તિ ખરીદી શકાય છે.

૫.	ત્રણ વસ્તુ જીવનમાંથી ગયા પછી ક્યારેય મળતી નથી - સમય, શબ્દ અને તક :

ગુમાવેલો સમય ફરી પાછો ફરતો નથી. તેથી આપણે તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ. જિંદગીનો સમયગાળો નક્કી છે, તેમાં એક ક્ષણનો પણ વધારો થઈ શકતો નથી, તેથી મળેલા સમયને વેડફવાના બદલે તેનો આયોજનપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. આપણે સ્કીમ મુજબ મળેલ વન જીબી કે ટુ જીબી ઈન્ટરનેટનો ઉપયોગ કરવામાં જેટલી કાળજી દાખવીએ છીએ, તેટલી ચીવટ બોલવામાં રાખતા નથી. પોતાનો કક્કો ખરો કરવા બીજાને ઉતારી પાડીએ છીએ. વાણીનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. વાચક મિત્રો, વાસ્તવિક જીવનના આ ત્રણ લૉકડાઉન છે. તેથી તેનું પાલન દરેક વ્યક્તિએ અવશ્ય કરવું જોઈએ. પરંતુ આપણા ત્રણ શત્રુ જીવનના અતિ મહત્ત્વના ત્રણ લૉકડાઉનમાં પણ શાંતિ લેવા દેતા નથી - મન, કામ અને લોભ :

મરકટ મન શાંતિથી બેસવા દેતું નથી. જરૂરિયાત કરવા વધુ કમાવાની વૃત્તિ માણસને મળેલી આત્મમંથનની તક ઝૂટવી લે છે. કામવાસના માણસને આંધળો બનાવી છે. લોભનું વળગણ માણસને મુક્તિની સીડી સુધી પહોંચવા દેતું નથી. મરકટ મનને વશમાં રાખવા ત્રણ વસ્તુ પર પડદો રાખવો જોઈએ - ભોજન, સ્ત્રી અને ધન :

ભોજન ગમે તેટલું સ્વાદિષ્ટ હોય પણ ક્ષમતા કરતા વધુ લેવાથી અપચો થાય છે. ચારિત્રના જતન માટે સુશીલ સ્ત્રી સાથે પણ એકાંતમાં રહેવું ન જોઈએ. વધુ પડતું ધન અશાંતિનું કારણ બને છે. તમારા પર ઈશ્વરની ધન કમાવા કૃપા થઈ



હોય તો તેનું દાન કરતા રહો. કોઈપણ અપેક્ષા વિના કરેલું દાન ઉત્તમ ફળ આપે છે. માણસે ત્રણ વસ્તુ કદાપિ ગુમાવવી ન જોઈએ - સત્ય, પ્રામાણિકતા અને આશા : સત્ય એ જ ઈશ્વર છે, આપણે હંમેશા તેનું જતન કરવું જોઈએ. મહાત્મા ગાંધીજી સત્યના પૂજારી હતા, તેથી ઈશ્વરે મહાત્મા ગાંધીનું મુશ્કેલીના સમયમાં પણ રક્ષણ કર્યું હતું. પ્રામાણિક વ્યક્તિ હંમેશા પ્રગતિ કરે છે.

એક મોટો ચોર હતો, તેનો ભેટો એક સંત મહાત્મા સાથે થઈ જાય છે. મહાત્મા ચોરનો પરિચય મેળવે છે. કઠોર મહેનત કરી વિદ્યા પ્રાપ્ત કરવા છતાં તેને નોકરી મળી ન હતી. ધંધો શરૂ કરવા લગભગ દસ બેંકને પ્રોજેક્ટ આપવા છતાં લોન મંજૂર થતી નહોતી. આ બધી પળોજણથી થાકીને આખરે તે ચોરી કરવા લાગે છે, પરંતુ ચોરનો એક નિયમ હતો. અમુક દિવસો સુધી ચાલે તેટલું ધન મળી જાય એટલે તે ચોરી કરતો નહિ. મહાત્માને ચોરની પ્રામાણિકતા જાણી આનંદ થયો. તેમણે ચોરને પૂછ્યું : 'તું કદી ચોરી કરતા પકડાયો છો ? ચોર : હા, બાપજી ઘણી વખત પકડાયો છું, પણ પુરાવાના અભાવે છૂટી ગયો છું.' મહાત્મા : 'તારી ચોરીની તપાસ કરનાર અધિકારી તને તારી ચોરી વિશે પૂછે છે, ત્યારે તારો ઉત્તર શું હોય છે ?' ચોર : 'મેં ચોરી નથી કરી, બીજુ શું કહેવાનું હોય !' મહાત્મા : 'એ તો અસત્ય કહેવાય, તેં ચોરી કરી હોવા છતાં તું ચોરી કરવાની ના પડે તે કેમ ચાલે ? અસત્ય બોલવું મોટું પાપ છે.' ચોર : 'સત્ય બોલું તો જેલમાં જવાનો વારો આવે.' મહાત્મા : 'સત્ય અને પ્રામાણિક વ્યક્તિનું કદી અહિત થતું નથી. તું સત્ય બોલવાનું મને વચન આપ.' ચોર મહાત્માને વચન આપી, ત્યાંથી વિદાય થાય છે. રસ્તામાં તેને વિચાર આવે છે. જિંદગીની છેલ્લી ચોરી કરી લેવી છે : ''હે ઈશ્વર, મારું આજીવન ગુજરાન ચાલે તેટલું ધન આપજે.'' ચોર મોટા ઉદ્યોગપતિના ઘરમાં ચોરી કરે છે. ઉદ્યોગપતિને સંતાનસુખ મળ્યું ન હોવાથી તેના બે ભત્રીજાને પોતાના પુત્રની જેમ રાખતો હતો. ઉદ્યોગપતિ દરેક કામ તેના ભત્રીજાને સોંપતો હતો. બંગલામાં ચોરી થવાના સમાચાર મળતા જ બંને ભત્રીજાઓને તપાસ કરવા કાકાએ આદેશ કર્યો. બંગલામાંથી ચોરે લગભગ બે કરોડ રૂપિયાની કિંમતના સોના-ચાંદીની ચોરી કરી હતી. પરંતુ બંને ભત્રીજાઓએ તપાસ કરી કાકાને જણાવ્યું કે : 'બંગલામાંથી ૫૦

કરોડની સોના-ચાંદી ચોરાઈ ગઈ છે.' લાંબી તપાસના અંતે ચોર પકડાઈ જાય છે. ચોરને ઉદ્યોગપતિએ પૂછ્યું : 'કેટલી ચોરી કરી હતી ?' ચોરે ઉત્તર આપ્યો : 'સાહેબ, બે કરોડની.' ઉદ્યોગપતિ : 'કેમ ખજાનામાં એટલી જ સોના-ચાંદી અને ઝવેરાત હતા ?' ચોર : 'ના સાહેબ, ખજાનામાં તો લગભગ ૫૦ કરોડથી પણ વધુ સોના-ચાંદી સંગ્રહ થયેલ હતી. પણ બધું થોડું ચોરી લેવાય ? મારી જિંદગી જીવવા બે કરોડ પૂરતા છે.' ઉદ્યોગપતિએ તપાસ કરાવી તો લગભગ ૪૮ કરોડની સોના-ચાંદી તેના ભત્રીજાઓ પાસેથી મળી આવે છે. અસત્યનું આચરણ કરતા ભત્રીજાઓ કરતા પ્રામાણિક ચોર ઉદ્યોગપતિનું દિલ જીતી લે છે. ઉદ્યોગપતિ પ્રામાણિક ચોરને કંપનીનો ભાગીદાર બનાવે છે. અસત્યનું આચરણ કરતા બંને ભત્રીજાઓને જેલમાં ધકેલી દે છે. વ્યકિતને પ્રામાણિકતાનું ફળ મળ્યા વિના રહેતું નથી. ચોરને પણ કેટલું મોટું ઈનામ મળે છે ! ખેડૂત ઈશ્વર પણ ભરોસો રાખી જમીનમાં કણ વાવે છે, પણ મણ પામે છે. પ્રામાણિકતા જીવનનું સૌથી શકિતશાળી શસ્ત્ર છે.





## ૩૧. ચલણી સિક્કાનું રહસ્ય

પરિસ્થિતિ ચલણી સિક્કા જેવી હોય છે. દિવસ પછી રાત થયા વિના રહેતી નથી. રોજબરોજના વ્યવહારમાં વપરાતા સિક્કાની બંને બાજુઓનો જે રીતે સ્વીકાર કરવામાં આવ્યો છે. તેમ જીવનમાં આવતા સુખ-દુઃખનો, આપણે હસતા મોંએ સ્વીકાર કરવો જોઈએ. કારણ કે જીવનરૂપી વ્યવહાર ચલાવવા ઈશ્વર પરિસ્થિતિરૂપી સિક્કો ચલણમાં મૂકે છે. જેના લીધે સંસારમાં સર્જન-વિસર્જનનો વ્યવહાર ચાલતો રહે છે. જેને આપણે પરિસ્થિતિ તરીકે ઓળખીએ છીએ. ચલણી સિક્કાનું મૂલ્ય ગ્રાહક અને વેપારીને સમજાય છે, ત્યાં સુધી બંનેનો વ્યવહાર ચાલે છે. પરંતુ બંને વચ્ચે જ્યારે મતભેદ ઉદ્‌ભવે છે, ત્યારે ખરીદ-વેચાણનો વ્યવહાર અટકી પડે છે. તેવી જ રીતે સંસારની બદલાતી પરિસ્થિતિ મનુષ્યની સમજશકિતની બહાર જાય છે, ત્યારે સૃષ્ટિના વિનાશનો પ્રારંભ થાય છે. માનવની બેદરકારીના લીધે ખૂબ સુંદર દેખાતી સૃષ્ટિ પર સમયરૂપી બુલડોઝર ફરી વળે છે. એટલું જ નહિ કોઈવાર જગતનો કચ્ચરઘાણ વળી જાય છે.

''વિવિધરંગી ચિત્ર મારું ડાઘથી ખરડાય છે,<br>
પાંદડીઓ પુષ્પ તણી ખીલ્યા વિના જ કરમાય છે.''

ખૂબ સુંદર દેખાતું જગત એકાએક શા માટે કોવિડ-૧૯ની મહામારીથી ઘેરાય ગયું હશે ?''

''હે ઈશ્વર, માનવજગતે કોવિડ-૧૯ વાઈરસનું શું બગાડ્યું છે ?''

મિત્રો, પરિસ્થિતિ પ્રકૃતિ વડે બદલાય છે. કુદરત દ્વારા પરિસ્થિતિનું પરિવર્તન, સૃષ્ટિના સર્જન-વિર્સજન માટે સતત ચાલતું જ રહે છે. દરેક જીવ તેનું પરિવર્તન કરવા પોતાની ભૂમિકા ભજવતો રહે છે. તેમાં જીવાણુથી માંડી માનવ સુધીના જીવોનો સમાવેશ થાય છે. આપણે મેલરિયા ફેલાવતા મચ્છરનો નાશ કરવા ભલે દવાનો છંટકાવ કરતા હોઈએ, પરંતુ દવાના છંટકાવથી મૃત્યુ પામેલા મચ્છરો, બીજા કોઈ સ્વરૂપમાં નવો પડકાર લઈને આવી પહોંચે છે. કોવિડ-૧૯ વાઈરસ પણ આવો જ એક પડકાર છે. એવી જ રીતે તમારો પૂર્વજન્મનો બદલો લેવા કોઈ જીવ સાપ બની તમને ડંખે છે. તેમ છતાં તે તમારો વાળ પણ વાંકો કરી

શકતો નથી. કારણ કે તમે કમાયેલું પુણ્ય તેને તેમ કરવા દેતું નથી. ન્યાયના ત્રાજવે જ્યારે તમારું પુણ્યરૂપી પલ્લું જીતી જાય છે, ત્યારે કાતિલ વિષ ધરાવતો સાપ તમને મૃત્યુદંડ આપવામાં નિષ્ફળ નીવડે છે. પરંતુ કર્મફળનો ક્ષય થતા જ તે ફરી એકવાર નવા સ્વરૂપમાં બદલો લેવા આવી પહોંચે છે. આપણા શરીરમાં અસંખ્ય જીવો વસવાટ કરે છે. તેમાંના કેટલાક જીવો શરીરની દૈનિક ક્રિયામાં સહાયભૂત બને છે. કેટલાક જીવો તમારા શરીરના અવયવોને હાનિ કરે છે તો કેટલાક તેની ખામી દૂર કરી શક્તિ આપે છે. આંતરડામાં પહોંચેલા આહારને અસંખ્ય બેકટરિયા વિઘટનક્રિયાના વાહક બની પચાવે છે.

જીવોનું આવું જોડાણ કર્મફળના આધારે થાય છે. કર્મની પૂંજી ખલાસ થતા જ જોડાણનો અંત આવે છે. જન્મ-મરણનો પેગામ લઈ આવતો દરેક જીવ તેના કર્મબંધન મુજબ વર્તે છે. કોઈનું કામ નિર્માણનું હોય છે, તો વળી કોઈનું કામ વિસર્જનનું પણ હોય છે. ઈશ્વર દ્વારા વર્તમાન સમયમાં, કોવિડ-૧૯ વાઈરસનું નિર્માણ થયું છે, તે સમગ્ર માનવ જાત માટે ચિંતનનો વિષય છે. જ્યારે કોઈ ચોક્કસ સમૂહ અસંખ્ય જીવોના વિનાશ માટે કર્મ કરે છે, ત્યારે તેનો ભોગ બનેલા જીવો કોઈ ને કોઈ સ્વરૂપમાં તેનો બદલો લેવા આવી પહોંચે છે. સંચિતકર્મની મૂડી કમાઈ આવેલો જીવ બદલો લીધા વિના પરત ફરતો નથી. જેમ બજારમાં ખરીદી કરવા ગયેલો ગ્રાહક દામ ખૂટે નહિ ત્યાં સુધી પરત ફરતો નથી, તેમ ઈશ્વરે વિસર્જન માટે મોકલેલો જીવ તેની કર્મ પૂંજી ગુમાવે નહિ ત્યાં સુધી ભોગ લીધા વિના વિદાય થતો નથી. જીવાત્માનું કર્મ, જન્મ-મરણની પૂંજી ગણાય છે. તેને આધ્યાત્મિક જગતનો ચલણી સિક્કો માનવામાં આવે છે. સર્જન અને વિસર્જન, આધ્યાત્મિક જગતના ચલણી સિક્કાની બે બાજુઓ ગણાય છે. આધ્યાત્મિક જગતમાં વેપાર ચલાવા, સર્જન તથા વિસર્જન એમ બંને પરિસ્થિતિનો સ્વીકાર કરવો પડે છે. આટલી સરળ સમજના અભાવે, આપણને આધ્યાત્મિક જગતનું ચલણી નાણું પ્રાપ્ત થઈ શકતું નથી. પરિણામે નાણાના અભાવે આપણો આધ્યાત્મિક વેપાર પડી ભાંગે છે. દરેક જીવ પરબ્રહ્મ પરમાત્મા અને દેવી લક્ષ્મીજીના રમકડાં છે. તેથી તેમની બાજી મુજબ આપણે રમવું પડે છે. પરમાત્મા દરેક જીવને પરિસ્થિતિરૂપી ચલણી સિક્કો



પકડાવી સંસારભૂમિ પર મોકલી દે છે. આધ્યાત્મિક પૂંજીનો હિસાબ દરેક જીવોને ઈશ્વરના દરબારમાં આપવો પડે છે. એટલા માટે કહેવાય છે :

''જિંદગી નથી દોસ્તો પત્તાનો મેલ, કે એમ તેને તોડી શકાય;
જિંદગી તો છે આશાનો ખેલ, 'ઝગમગ' રમતા-રમતા જીતી લેવાય.''

પદના શબ્દો ઘણી ટકોર કરી જાય છે. સોનું, ચાંદી, ઝવેરાત, જમીન, મકાન અને રોકડ રકમનો હિસાબ માણસ ડગલે ને પગલે કરવા બેસી જાય છે. પરંતુ સંસારભૂમિ પર જેનું મૂલ્ય સમજવામાં આવે છે, તેનું આધ્યાત્મિક જગતમાં કાંઈ મહત્ત્વ નથી. અદ્રશ્ય જગતમાં વેપાર ખેડવો હોય તો અદ્રશ્ય નાણું કમાવું પડે છે. જેમ આકાશમાં ધ્રુવનો તારો અને સંગીતમાં પંચમનો સૂર હંમેશા અચળ રહે છે, તેમ કોઈપણ પરિસ્થિતિમાં જે મનુષ્ય ચલિત થતો નથી, તે અદ્રશ્ય જગતની અઢળક સંપત્તિનો માલિક બની પરમધામમાં રાજ કરે છે.

આપણે ત્યાં કહેવાય છે કે :

''મરજીવો હોય તે ઊંડા સમુદ્રમાંથી મોતી લાવે'' સંસારનો વૈભાવ ત્યજી જે ભક્તિ કરે છે, તે આધ્યાત્મિક જગતનું રહસ્ય જાણી શકે છે. પરંતુ સમુદ્રના કાંઠે બેસી રહેનાર વ્યક્તિના હાથમાં છીપલાં જ આવે છે, તેમ દશ્ય જગતનું દેખીતું દુઃખ કે સુખ સમુદ્ર કિનારે મળી આવતા છીપલાં જેવું છે. પરંતુ અનાહદનાદમાંથી ઉત્પન્ન થયેલું બ્રહ્માંડનું સંગીત આપણને વાસ્તવિક સુખની અનુભૂતિ કરાવે છે. ભીડની વચ્ચે પણ જે એકાંતની અનુભૂતિ કરી શકે છે, તે બ્રહ્માંડનું સંગીત સાંભળવાનો લહાવો લઈ શકે છે. મતલબનો ઘોંઘાટ તેને વિક્ષેપ પહોંચાડી શકતો નથી. કોઈવાર તે સંસારભૂમિના મુસાફરનો માર્ગ બદલી નાંખે છે. જેના કારણે કેટલાક લોકો મુક્તિનો માર્ગ ખોળી કાઢે છે. શ્રદ્ધા વિના જીવન જીવી શકાતું નથી અને વિશ્વાસ વિના સમુદ્રમાં વહાણ તરી શકતું નથી.

''જિંદગીના સંઘર્ષનો સરવાળો ગણિતના અંકોમાં નથી હોતો,
મંજિલ પરના મુકામ પર પહોંચવાનો કોઈ પરવાનો નથી હોતો''

કોવિડ-૧૯ જેવી લાખો સમસ્યાઓ આવે ને જાય, આપણે ચલિત થવાની જરૂર નથી. કારણ કે કર્મમાં જે લખ્યું હોય છે, તે થયા વિના રહેતું નથી. તેથી

આપણે તેની નાહક ચિંતા કરવાની કોઈ જરૂર નથી. ચિંતાની આગ આપણા હાડ-ચામડાં બાળી નાખે છે. પરંતુ ચિંતનરૂપી અમૃત અંતરમાં સળગતી આગ ઠારી દે છે. આધ્યાત્મિક જગતના ચલણી સિક્કામાં ત્રણ તત્ત્વનો સમાવેશ થાય છે લિપિ, ભાષા અને વિષયવસ્તુ. જેને સમજવા પ્રયાસ કરીએ.

માનવ શરીર એક ફેક્ટરી છે. મુખ્યત્વે તેમાં બે પ્રકારના કર્મનું ઉત્પાદન થાય છે શારીરીક અને માનસિક.

**(૧) શારીરિક કર્મ :**

દૈનિકક્રિયાઓ, જીવન-નિર્વાહ અને સંપત્તિ અર્જિત કરવા કરવામાં આવતો શ્રમ, શારીરિક કર્મ છે. વિચાર અને વાણી માનસિક કર્મ કહેવાય છે. વળતરની ચિંતા છોડી નિષ્ઠાપૂર્વક ગુણવત્તા જાળવવા, બજાવેલું કર્મ સાત્ત્વિક ફળ આપે છે. નોકરીદાતાના ડરથી બજાવેલું કર્મ ઉત્તમ હોવા છતાં રાજસી ફળ આપે છે. જે વ્યક્તિ વળતર મુજબ પોતાનું કર્મ બજાવતો નથી, તેનું સરવાળે પતન થાય છે. કારણ કે તમોગુણી કર્મ હંમેશા નકારાત્મક ફળ આપે છે.

**(૨) માનસિક કર્મ :**

ત્રાહિત વ્યક્તિ અથવા અન્ય જીવોના ભલા માટે કરેલો ઉમદા વિચાર તેમજ મૃદુવાણી ઉત્તમ ફળ આપે છે. પોતાને ફાયદો થાય તેવો કરેલ વિચાર અને ઉચ્ચારેલ વાણી મધ્યમફળ આપે છે. માત્ર પોતાના હિત માટે કરેલ વિચારણા તેમજ ઉચ્ચારેલી વાણી કનિષ્ઠ ફળ આપે છે.

**(૩) જોગ સંજોગ :**

મનુષ્ય માટે શારીરિક અને માનસિક કર્મો બજાવવા ખુદ ઈશ્વર જોગ-સંજોગ ઊભા કરે છે. મહાભારતમાં જૂગટું રમતા યુધિષ્ઠિરની બુદ્ધિ ભગવાન હરી લે છે. જેના લીધે યુધિષ્ઠિર એક પછી એક બાજી હારતા હોવા છતાં વારાફરતી પાંચે ભાઈઓ નકુળ, સહદેવ, અર્જુન, ભીમ તેમજ અંતે સ્વયંને દાવ પર લગાવી પરાજીત થાય છે. તેને પરિવાર દ્વારા વારંવાર રોકવા છતાં યુધિષ્ઠિર જૂગટું રમતા અટકતા નથી. મામા શકુનિની યુક્તિ તેઓ જાણી શકતા નથી. આખરે તે દ્રૌપદીને પણ દાવ પર લગાવી દે છે. સંપત્તિ અને પરિવારની સ્વતંત્રતા ગુમાવે છે. આખરે



શક્તિશાળી પાંચ પાંડવો સામે ભરી સભામાં દ્રૌપદીનું વસ્ત્રાહરણ થાય છે. પોતાની સ્વતંત્રતા ખોઈ બેઠેલા પાંડવો શક્તિશાળી હોવા છતાં દ્રૌપદીનું શીલ બચાવી શકતા નથી, ત્યારે ભગવાન કૃષ્ણ નવસો-નવ્વાણુ ચીર પૂરી દ્રૌપદીની રક્ષા કરે છે. પરંતુ ભગવાન કૃષ્ણ સભામાં બેઠેલા મહારથીઓને પાપના ભાગીદાર પણ બનાવે છે. જયારે વ્યક્તિ પોતાની આંખ સામે આચરવામાં આવતું કૃત્ય નિહાળતો રહે છે, ત્યારે તે પાપનો ભાગીદાર બને છે.

સભામાં દ્રૌપદીનું વસ્ત્રાહરણ નિહાળી ભીષ્મ, ગુરુદ્રોણ, વિકર્ણ અને મહારાજા ધૃતરાષ્ટ્રના ચહેરા વિલાઈ જાય છે. વાટાઘાટના અંતે મામા શકુનિ એક ફૉર્મ્યુલા રજૂ કરે છે. મામા શકુનિની ફૉર્મ્યુલા મુજબ પાંચ પાંડવો અને દ્રૌપદીને સ્વતંત્ર કરવામાં આવે છે, પરંતુ મામા શકુનિની શરત મુજબ પાંચ પાડવો અને દ્રૌપદીને બાર વર્ષનો વનવાસ અને એક વર્ષ અજ્ઞાત અવસ્થામાં પસાર કરવાનો હુકમ સંભળાવવામાં આવે છે. પાંડવો તેનો સ્વીકાર કરે છે. દ્રૌપદી નારાજ થઈ એક રૂમમાં પુરાઈ જાય છે. દરવાજો ખોલવા બધા ખૂબ સમજાવે છે. કોઈને સફળતા મળતા નથી. તેને તોડવા ભીમ પ્રહાર પણ કરે છે પણ દરવાજો તૂટતો નથી. સુભદ્રાજી ભગવાન કૃષ્ણને યાદ કરે છે. ભગવાન કૃષ્ણ તેમની સહાય કરવા આવી પહોંચે છે. દુઃખી દ્રૌપદી સાથે ભગવાન કૃષ્ણ સંવાદ કરે છે : 'કર્મફળ ભોગવવા કોઈ પણ સમસ્યાનો સામનો કરવા આપણે તૈયાર રહેવું જોઈએ. સુખદ ઉકેલ માટે ઈશ્વર તમને સહાય કરવા અવશ્ય આવે છે. તમારું કામ સમસ્યા ઊભી કરનારને ક્ષમા આપવાનું છે. કારણ કે તેમ કરવાથી તમે ન્યાયનો દરવાજો ખોલી નાંખો છો. તમને ન્યાય આપવાની જવાબદારી ઈશ્વરની બની જાય છે.' ભગવાન કૃષ્ણનો સંવાદ દ્રૌપદી હૃદયસ્થ કરી શકી હતી. પરિણામે મહાભારતમાં કૌરવોનો વિનાશ થાય છે, પરંતુ પાંડવોને રાજ પ્રાપ્ત થાય છે. પોતાના દુઃખ પર વિચાર કરનાર વ્યક્તિ તેમાંથી મુક્તિ મેળવી શકે છે. પરંતુ અન્યના દુઃખો દૂર કરવા જે વિચારે છે, તે માટો સમ્રાટ બની જાય છે. ભગવાન કૃષ્ણએ પાંડવોને ઉદ્દેશીને કહ્યું હતું કે : 'દ્રૌપદી જેવી સુરક્ષિત નારીની હાલત હસ્તીનાપુરના રાજદરબારમાં આવી થતી હોય તો બીજી સ્ત્રીઓની શી હાલત થઈ શકે ?' વિચારવાનો સમય પાકી ગયો છે.'

ભગવાન શ્રીકૃષ્ણના મતે લાખો લોકોના કલ્યાણ માટે છેડેલું યુદ્ધ સ્વર્ગથી પણ શ્રેષ્ઠ છે. યુદ્ધમાં ભલે ગમે તેટલા લોકોનો ભોગ લેવાય, તેમ છતાં ધર્મના રક્ષણ માટે છેડેલું યુદ્ધ ઉત્તમ છે.

આપણે પણ કોવિડ-૧૯ દ્વારા ઊભી થયેલ પરિસ્થિતિ સામે લડવાનું છે. લૉકડાઉનમાં પરિવાર સાથે રહી સૃષ્ટિના કલ્યાણ માટે ખરા દિલથી પ્રાર્થના કરવાની છે. દોષિત લોકોને ક્ષમા આપી જગતના કલ્યાણ માટે કર્મ કરવાનો સંકલ્પ લેવાનો છે. જીત આપણી નક્કી છે, પણ કોરોના વાઈરસ ફેલાવનાર વ્યક્તિ, સમૂહ અથવા દેશને ક્ષમા આપી નિર્મળ બનવું પડશે. અરીસો સાફ કર્યા વિના ચહેરો સ્પષ્ટ જોઈ શકાતો નથી. જ્યાં સુધી કોઈ પણ સિક્કામાં છાપ અને કાટ એમ બંને બાજુઓનો સમાવેશ થતો નથી, ત્યાં સુધી તે સિક્કો ચલણમાં મુકાતો નથી. ઈશ્વર દ્વારા મનુષ્યનું જીવન સુખ અને દુઃખના આભૂષણ વડે સજાવામાં આવે છે. ઘરેણા વિનાની સ્ત્રી શોભતી નથી, તેમ સુખ અને દુઃખ વિનાનું મનુષ્યનું જીવન મહેકી શકતું નથી.



## ૩૨. કોરોનાની બીજી લહેર

અખિલ બ્રહ્માંડનો નાથ સૃષ્ટિનો માલિક છે. તે તેના દરેક પદાર્થો અને જીવસૃષ્ટિને પોતાના પ્યાદા બનાવી નિજાનંદ માટે અનોખી શતરંજ ખેલે છે. આ રમતનો આરંભ બ્રહ્માનો દિવસ શરૂ થતા થાય છે. બ્રહ્માનો એક દિવસ ૧૦૦૦ યુગ પૂરા થાય ત્યાં સુધીનો ગણાય છે. બ્રહ્માની રાત્રી થતા જીવો અવ્યકત થઈ જાય છે અને પુનઃબ્રહ્માનો દિવસ ઊગે ત્યારે બધા જીવો વ્યકત થઈ જાય છે. જગત પરિવર્તનશીલ છે. સ્થળ ત્યાં જળ અને જળ ત્યાં સ્થળ સમયાંતરે થયા કરે છે. અનેક આવરણથી ઢંકાયેલું આ જગત જીવસૃષ્ટિ વડે શોભે છે, વળી તે તેનું આકર્ષણ પણ છે. જડચેતન પણ સૃષ્ટિનો હિસ્સો છે, તેથી સમયાન્તરે તેમાં પણ પરિવર્તન થયા કરે છે.

''અંધારાની શાહી લઈ આવ્યો છું, પ્રકાશનું કિરણ થઈ જવા ચાહું છું,
કારણ ઉમંગની ઉષા ચોતરફ પ્રકાશનું પાગરણ લઈ બેઠી છે,
'ઝગમગ' ગઝલ લખવા કલમ શાહીથી ઝબોળી રાખી છે,
ઈશ તારા જગતને જાણવા હૈયાની આંખ ખોલી નાખી છે''

અંતરમાં જાગેલો કવિ જગતનાં રહસ્યોને સમજવા ચાહે છે. અંધારાની શાહી લઈ તે પ્રકાશની ગેરહાજરીમાં જ્ઞાનનાં અક્ષરો ઉપસાવી પૂરા જગતને નંદનવન બનાવવા માંગે છે. શબ્દનાં સથવારે ભાષાનું આભૂષણ પહેરી તેને શોભા આપવા ઈચ્છે છે. કારણ અંતરમાં ઉમંગની હેલી ઊભરાણી છે, વળી ચારેબાજુ ઈશ્વરની બિછાવેલી લીલીછમ સૃષ્ટિ પથરાણી છે. કવિની દૃષ્ટિએ...

''શબ્દની તાકાત નથી કે હૃદયનાં ભાવો વ્યકત કરી શકે,
વળી, હૃદયની તાકાત નથી કે શ્વાસની ઘટમાળ થઈ ધબકી શકે,
ખરગોશની કોઈ ખુમારી નથી કે દોડતા જગતમાં પોતાની મંજિલ કાપી શકે,
એવી જ રીતે હાથપગની તાકાત નથી કે પંચભૂતનું શરીર લઈ ફરકી શકે.''

ઉક્ત પંક્તિઓમાં માયલો શબ્દનાં સથવારે આ જગતને જાણવા, જગતનાં રહસ્યો સમજવા પ્રયાસ કરે છે.

કોવિડ-૧૯ કોરોના વાઈરસ અનેક પડકારો સામે લડવા ઈશ્વરની સેનાનો સૈનિક થઈ, સમગ્ર માનવજાત સામે લડવા આવી પહોંચ્યો. ૨૦૨૦નું આખું વર્ષ ભય અને ચિંતામાં પસાર થયું. ૨૦૨૧ની સવાર સોનેરી પ્રભાતના રતુંમડા રંગો લઈ આવશે તેવું ધાર્યું હતું પણ આશા સાવ નઠારી નીવડી. જે ૨૦૨૦માં ભય હતો તેનાથી અનેકગણો ભય ૨૦૨૧નાં એપ્રિલ - મે માસમાં અનુભવ્યો. બધાને ઊંઘતા ઝડપી લીધા. બીજી લહેર જાણે મોતનું તાંડવ લઈ આવી પહોંચી. ભારત તેનો ભોગ બન્યું. ગુજરાત પણ તેની જાળમાં ફસાયું. મૃત્યુનો આંક દિનપ્રતિદિન હજારોની સંખ્યામાં વધવા લાગ્યો. તેની થોડી વિગતે ચર્ચા કરીશું.

માર્ચ ૨૦૨૦માં આપણા ભાવનગરમાં સૌ પ્રથમ કોરોનાનો કેસ નોંધાયો હતો. તે સમયે આપણા દેશમાં કોરોનાનાં કેસ કરતા લોકોમાં ભય વધુ જોવા મળતો હતો. રાજ્યમાં ભાવનગર શહેરમાં દેખાયેલો પ્રથમ કેસ મૃત્યુની આખી માયાનગરી લઈને આવ્યો. તપાસ અને સારવાર શરૂ થતા જ તેનું મૃત્યુ થયું. જેના કારણે લોકોમાં ભય વ્યાપી ગયો. ત્યારબાદ રાજ્યના મોટા શહેરો અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ તેનો ભોગ બન્યા. ધીરેધીરે નાના શહેરો સુધી કોરોનાનું સંક્રમણ ફેલાયું. જેનો દોષ કેટલાંક વ્યક્તિઓ ચોક્કસ કોમના લોકોને આપતા હતા. પરંતુ સમય જતા કોવીડે તે વાત પણ ખોટી ઠેરવી દીધી. લગભગ બધી જ જ્ઞાતિઓમાં કોરોનાએ દસ્તક દઈ જિંદગીનાં મોર્ચે લડતા માણસની અપેક્ષાની દુનિયા અસ્તવ્યસ્ત કરી નાખી. જોકે સરકારે તેનો લૂલો બચાવ કરવા વર્ષોથી સામાન્ય જીવન જીવતી વ્યક્તિનું કોવિડના કારણે મૃત્યુ થયું હોવા છતાં અગાઉની બીમારીનું કારણ આપી કોરોનાનો મૃત્યુ દર વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં ઘણો ઓછો છે - તેવું પુરવાર કરવા દર્દીનું મોત કોમોર્બિડિટીમાં ગણાવી દેવામાં આવતું હતું. કોવિડ-૧૯ની બીમારીમાં મૃત્યુનું પ્રમાણ એનકેન રીતે ઓછું છે તેવું દર્શાવવા સરકારે અનેક નુસખા અપનાવ્યા હતા. દેશના લોકોને ઊંધા ચશ્માં પહેરાવવા કોરોનાનું સંક્રમણ અને મૃત્યુનું પ્રમાણ દુનિયાના નાના દેશો સાથે સરખામણી કરી મૃત્યુની ઓછી ટકાવારી દર્શાવામાં આવતી હતી. મંત્રીઓ અને અધિકારીઓ પોતાની વાહવાહ લૂંટવા વાણીનો વેપાર ચલાવતા હતા. પરંતુ ઈશ્વર આ બધું જોતો હોય તેમ બીજી લહેર વખતે બધાને ઊંઘતા ઝડપી લીધા. મે



મહિનામાં દેશમાં દૈનિક સંક્રમણનું પ્રમાણ ચાર લાખથી પણ વધુ રહેતું હતું. માત્ર ભાવનગર શહેરની વાત કરીએ તો એપ્રિલ અને મે ૨૦૨૧માં ૬૦૦૦થી વધુ લોકોનાં મૃત્યુ થયા. સંક્રમણનું પ્રમાણ દૈનિક શહેર અને જિલ્લામાં ૪૦૦ થી ૫૦૦ રહેતું હતું. કોઈ હૉસ્પિટલમાં દર્દીને સારવાર માટે જગ્યા મળતી ન હતી. નીચે બિછાનું નાખી કે ઍમ્બ્યુલન્સમાં પણ દર્દીઓને જરૂરી સારવાર અથવા ઑક્સિજન આપવો પડતો હતો. રાજ્યના કેટલાય શહેરોમાં જરૂરિયાત મુજબ ઑક્સિજનનો પુરવઠો ઉપલબ્ધ નહોતો. પ્રથમ લહેર માત્ર મોટા શહેરો પૂરતી સીમિત હતી, પરંતુ બીજી લહેરમાં ગામડા પણ બાકાત રહી શક્યા નહિ. આવા સમયે કેટલીક જ્ઞાતિઓએ પોતાની વાડીમાં રસોડા શરૂ કરી ઘરે રહી સારવાર લેતા દર્દીઓ અને હોમ કવૉરૅન્ટીન થયેલા પરિવારના સભ્યોને ઘરે ઘરે ટિફિન પહોંચતા કર્યા હતા. એટલું જ નહિ કેટલાંક લોકોએ જરૂરિયાતમંદ દર્દીઓને ઑક્સિજનનાં સિલિન્ડરો પણ પહોંચતા કર્યા હતા. તો કેટલીક સંસ્થાઓ અને સંગઠનોએ કામચલાઉ હૉસ્પિટલો ઊભી કરી દર્દીઓને સારવાર આપી હતી. કોરોનાના સંક્રમણ સામે લોકોની ઇમ્યુનિટી વધે તે હેતુથી ઠેરઠેર ઉકાળાનું વિતરણ પણ કરવામાં આવતું હતું. ભાવનગર સ્ટેટ રાજવી પરિવારનાં યુવરાજસાહેબ શ્રી જયવીરરાજસિંહ ગોહિલે અધિકારીઓ સાથે પરામર્શ કરી કોરોનાનાં દર્દીઓને વધુ વ્યવસ્થાઓ મળી રહે અને ભાવનગરનો રિકવરી રેટ વધે તેવા પગલા લેવા મહત્ત્વના સૂચનો આપ્યા હતા. તેમજ પ્લાઝમા ડોનેશન અને બ્લડ ડોનેશન જેવી પ્રવૃત્તિઓને તેમણે ખાસ ઉત્તેજન આપ્યું હતું. કોરોનાથી શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સુરત સ્થાયી થયેલ ડાયમંડ ઉદ્યોગનાં અગ્રણી વેપારીઓ અને રત્નકલાકારો પોતાના માદરે વતન કોરોનાની બીમારી સામે ઝઝૂમતા દર્દીઓની વહારે આવ્યા હતા. ઘરે ઘરે ઑક્સિજન અને જરૂરી દવાનો પ્રબંધ કરવા તન, મન અને ધનથી તેઓ જોડાયા હતા. કોરોનાથી મૃત્યુ પામેલ વ્યકિતના અગ્નિસંસ્કાર અને અંતિમવિધિનું કાર્ય આટોપવા કેટલાક મહાનુભાવોએ રાતદિવસ એક કરી કોવિડનાં સંક્રમણનો ભય રાખ્યા વિના સેવાનો શમિયાણો સજાવ્યો હતો.

''નથી ખબર મારે માર્ગ શી આફત પડી છે,
ખબર છે એટલી કે સેવાની એક હાકલ પડી છે.''

છેલ્લા એક વર્ષથી સમગ્ર વિશ્વના લોકોની ઊંઘ હરામ કરનાર કોવિડ-૧૯ કોરોના વાઈરસ અમારા પરિવારનો શત્રુ બની લાગણીની મૂડી ઝૂંટવી જશે તેવી ખબર ન હતી. ૮ એપ્રિલ ૨૦૨૦ કોરોનાને ભગાડવા નીલાએ લોકોને જાગૃત કરવા એક ગીતની રચના કરી. આ રહ્યા તેના શબ્દો...

કોરોના વાઈરસને ચાલો ભગાડીએ...(૨)
આખા વિશ્વને બચાવીએ રે ચાલો ભગાડીએ,
કોરોના વાઈરસને ચાલો ભગાડીએ... (૨)
ઘરમાં રહીએ ને બહાર ન જઈએ, લોકડાઉન નિયમનું પાલન કરીએ,
સોશિયલ ડિસ્ટન્સને અક્સીર અપનાવીએ,
કોરોના વાઈરસને ચાલો ભગાડીએ... (૨)
પાણી ને સાબુથી હાથ પહેલા ધોઈએ, સેનિટાઈઝરને ઉપયોગમાં લઈએ,
છીંક, ઉધરસ આડે રૂમાલ રાખીએ,
કોરોના વાઈરસને ચાલો ભગાડીએ...(૨)
આવેલ આફતને આપણે હરાવીએ, સાથે મળી જંગ જરૂર જીતીએ
દુનિયામાં દેશનો ડંકો વગાડીએ, કોરોના વાઈરસને ચાલો ભગાડીએ,
કોરોના વાઈરસને ચાલો ભગાડીએ...(૨)

જેને ભગાડવાનો હતો, તે કોવિડ આપણું મૂલ્યવાન રત્ન, માનવતાની મૂડી એટલે કે નેત્રહીન બહેનોની આશાઓનું અરમાન શ્રી નીલાબહેન સોનાણીને માત્ર ૯ દિવસની ટૂંકી બીમારીની જાળ બિછાવી ૨૦ એપ્રિલ ૨૦૨૧ને મંગળવારના રોજ કુશળ માછીમારની જેમ ઝૂંટવી ગયો. કહેવાનું મન થાય છે :

''ચેતી જા, ચેતી જા માનવ જરા તારું કોણ છે, તારું કોણ છે !
સગા ને સંબંધી તારા નહિ રહેવાના,
બંધ આંખોમાં સપના અધૂરા રહી જવાના,
માયાના ફંદ બધા ઊંધા વળી જવાના,
ચેતી જા, ચેતી જા માનવ જરા તારું કોણ છે,
'ઝગમગ'તારું કોણ છે ?''



## ૩૩. બૅલેન્સશીટ ઑફ લાઈફ (જિંદગીનું સરવૈયું)

**જિંદગીનું સરવૈયું :**

હું જિંદગીનું સરવૈયું રજૂ કરતા અત્યંત આનંદની લાગણી અનુભવું છું. સામાન્ય રીતે દરેક ખાનગી પેઢી, કંપની, સંસ્થા અથવા સરકાર નાણાકીય વર્ષ પૂરું થતા જ આવક-જાવકના હિસાબો તૈયાર કરી સરવૈયું રજૂ કરે છે. તેને સાર્વજનિક કરવા બૅલેન્સશીટ તૈયાર કરી લોકો સમક્ષ પ્રસ્તુત કરે છે. જેનું સર્વપ્રથમ આંતરિક ઑડિટ થાય છે. ત્યારબાદ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટશ્રી દ્વારા ઑડિટ કરવામાં આવે છે. જિંદગીને સજાવવા આપણે માનવજિંદગીનું મૂલ્યાંકન કરવા સરવૈયું તૈયાર કરવું જોઈએ. વખતોવખત તેનું સ્વ-મૂલ્યાંકન કરતા રહેવું જોઈએ. આવા જ કોઈ હેતુસર મારી જિંદગીની બૅલેન્સશીટ સાર્વજનિક કરી રહ્યો છું. આપ સૌ મારા ચાર્ટર્ડ ઑડિટર છો. આપે મારી જિંદગીની સારી અને નબળી બાજુઓનું નિરીક્ષણ કરી અંગુલિનિર્દેશ કરવાનો છે. દરેક વાચકે પોતાનો ઑડિટ દુરસ્તી અહેવાલ આપવાનો છે. આપની ઉદારતા મને સંસારસાગર તરવામાં સહાય કરશે.

**(૧) જન્મ :**

જિંદગીનો ઓપનિંગ સ્ટૉક વ્યક્તિનો જન્મ ગણાય છે. આ સૃષ્ટિ પર જીવાત્મા સારા તેમજ નબળા એમ બંને પ્રકારના કર્મફળનું ભાથું બાંધી જન્મ ધારણ કરે છે. પિતાશ્રી ટપુભાઈ પટેલ મારા જન્મ સમયે અનેક સંઘર્ષનો સામનો કરી રહ્યા હતા. 'એક સાંધતા તેર તૂટે' તેવી અમારા પરિવારની હાલત હતી. ૧૫ માર્ચ ૧૯૬૭ના રોજ તંદુરસ્ત બાળકનું આગમન થતા પરિવારમાં ખુશીનો સંચાર થયો હતો.

**(૨) ક્રેડિટ :**

ક્રેડિટ અર્થાત્ જમા. બ્રાહ્મણના ભાડાના મકાનમાં મારો ઉછેર થઈ રહ્યો હતો. માતા અજવાળીબહેન પોતાની બધી હિંમત એકઠી કરી જેમ-તેમ પરિવારનું ગાડું ગબડાવી રહ્યાં હતાં. પિતાશ્રી ટપુભાઈ પટેલ શહેરની જહાંગીર વકીલ મિલમાં નોકરી કરતા હતા. ટૂંકી આવકના લીધે કોઈવાર ઘરમાં હાંડલા કુસ્તી કરતા હતા. મારો જન્મ થતા જ એકાએક પરિવારનો બોજો વધ્યો હતો. વળી હિસાબી

દૃષ્ટિકોણથી વિચારીએ તો જાય તેને જમા કહેવામાં આવે છે. તેથી એમ કહી શકાય કે મારું આગમન અમારા પરિવાર માટે બોજો વધારનારું હતું.

**(૩) ઉધાર :** (ઉધાર અર્થાત્ ડેબીટ)

ગ્રામિણ વિસ્તરણ યોજના અંતર્ગત ભાવનગર તાલુકા પંચાયત દ્વારા, ઘરથાળના પ્લોટની ફાળવણી કરવા એક સ્કીમ દાખલ કરવામાં આવી છે, તેવા સમાચાર બાપુજી ટપુભાઈ પટેલ અમારા માતુશ્રી અજવાળીબહેનને આપે છે. ગ્રામિણ વિસ્તરણ યોજના અંતર્ગત નજીવા દરે પ્લોટની ફાળવણી થવાની હતી. અમારા માટે તે ખૂબ સારા સમાચાર હતા. પિતાશ્રીને માતા અજવાળીબહેનની પ્લોટ ખરીદી માટેની લીલીઝંડી મળતાં, તેમણે ગ્રામિણ વિસ્તરણ યોજનામાં પોતાના નામની નોંધણી કરાવી દીધી. થોડા જ દિવસોમાં તરસમિયા ગ્રામ પંચાયત દ્વારા પ્લોટનો કબજો અમારા પરિવારને સોંપવામાં આવ્યો. અમારા પરિવારે જાતમહેનત ઉઠાવી પ્લોટમાં વિલાયતી નળિયાવાળું એક મકાન બાંધી દીધું. અમે સૌ બ્રાહ્મણનું ભાડાનું મકાન છોડી નવા બાંધેલા મકાનમાં રહેવા પહોંચી ગયાં. પરિવાર માટે ભલે મારું આગમન કસોટીભર્યું હતું, પરંતુ સમય હંમેશા પરિવર્તનશીલ હોય છે. થોડા જ સમયમાં તે કરવટ બદલે છે. પરિવારની પ્રગતિના નવા દ્વાર ખૂલવાની શરૂઆત થાય છે. આપણને સંધ્યાના રંગો ભલે રાત્રીના અંધકાર તરફ દોરી જતા હોય, તેમ છતાં શરીરનો થાક ઉતારવા તેનો અનાદર કરી શકાય નહિ. કારણ કે રાત્રીની ઘોર નિદ્રા માણી કોઈ પણ વ્યક્તિ પ્રગતિના પંથે આગળ ધપી શકે છે.

**(૪) ક્લોઝિંગ સ્ટોક :**

શરીરનું મૃત્યુ આધ્યાત્મિક જગતનો ક્લોઝિંગ સ્ટોક માનવામાં આવે છે. તેના લેખાંજોખાં કરવા કોઈ પણ વ્યક્તિ અસમર્થ છે, તેમ છતાં અનુભવના આંગણે ઉદ્‌ભવેલા પ્રસંગોના આધારે હું કેટલીક વાતો રજૂ કરવા ઇચ્છું છું.

''શબ્દની સુવાસ લઈને આવ્યો હતો, ભાષાનો બાગ દઈ જવા ચાહું છું,
આંખોના અંધારા લઈ આવ્યો હતો, જ્ઞાનના અજવાળા પાથરી જવા ઇચ્છું છું.''

કોઈ કંપની શરૂ થતા જ બંધ કરવી પડે તો શું થાય ? સ્ટોકની મેળવણી કરવી પડે, બીજુ શું થવાનું હતું. સામાન્ય રીતે આમ પણ નાણાકીય વર્ષ બદલાઈ



છે, ત્યારે દરેક કંપની, સંગઠન કે સરકારે પોતાનો ક્લોઝિંગ સ્ટોક મેળવવો પડે છે. તેમ જીવનમાં આપણે પણ આધ્યાત્મિક જગતનો સ્ટોક મેળવવો પડે છે. મૃત્યુ એટલે જીવનરૂપી ચાલતી કંપનીનો ક્લોઝિંગ સ્ટોક.

**જીવલેણ ઘાત :**

જીવલેણ ઘાત વ્યક્તિના જીવનનું નાણાકીય વર્ષ છે. ૨૦૧૩નું વર્ષ મારા માટે મૃત્યુનો પેગામ લઈ આવ્યું હતું. મને લાગુ પડેલી મૅનિંજાઇટિસની બીમારી સારવાર કરતા દાકતરો માટે માથાનો દુખાવો સાબિત થઈ હતી. પરંતુ મારા માટે તે જીવનનો સુવર્ણકાળ લઈ આવી હતી. કારણ કે તેમણે મને ઈશ્વરના ખોળે આત્મમંથન કરવાનો મોકો આપ્યો હતો. આવેલી તકનો લાભ લઈ, અહંકાર ઓગાળી હૃદય તેમજ મસ્તિષ્કમાં ચાર દીવાલોને જામેલો કાટ ઉખાડી ફેંકવાનો એ સમય હતો. સંવેદનાની સરિતામાં નિર્મળ થઈ નવું જીવન શરૂ કરવા સંકલ્પ લેવાનો હતો. ખાનગી પેઢી, સંસ્થા, કંપની, જાહેર ક્ષેત્રના એકમો અને સરકારે પણ નવા નાણાકીય વર્ષનો આરંભ થતા ગત વર્ષનું સરવૈયું તૈયાર કરવાનું હોય છે, તેમ મારે પણ આવેલી જીવલેણ ઘાતનો પડાવ વટાવી નવા જીવનનો આરંભ કરવાનો હતો. આધ્યાત્મિક જગતમાં જીવલેણ બીમારી જિંદગીનું સરવૈયું તૈયાર કરી ક્લોઝિંગ સ્ટોક જાણવા તક આપે છે. વાસ્તવિક જીવનમાં ઓપનિંગ અને ક્લોઝિંગ સ્ટોક જિંદગીના માપદંડની બ્લ્યૂ પ્રિન્ટ છે. હું એમ પણ માનું છું કે ૨૦૧૩ની બીમારીએ, મને આધ્યાત્મિક જગતમાં વિહરવાની તક આપી છે. હું નમ્ર ભાવે કહેવા માગું છું કે જન્મથી લઈ બીમારી સુધીનો ૪૬ વર્ષનો કાળ મેં વ્યર્થ ગુમાવ્યો છે. મારો ક્લોઝિંગ સ્ટોક ગાણિતિક દૃષ્ટિએ એકડા વિનાના મીંડા જેવો માલુમ પડયો છે. કારણ કે શાસ્ત્રોમાં કહવાયું છે માનવતા વિનાનું જીવન પૂંછડા વિનાના પશુ જેવું ગણાય છે.

**(૫) મિલકત :**

સ્નેહ, લાગણી, શ્રદ્ધા, વિશ્વાસ, કર્મનિષ્ઠા, સંકલ્પશક્તિ અને દઢ-મનોબળ મારી સંપત્તિ છે. જેના વડે હું મોટું મિત્ર વર્તુળ ઊભું કરી શકયો છું. તેનો લાભ વર્ષો સુધી પડકારરૂપ વ્યક્તિઓને મળતો રહેશે, તેવી મને શ્રદ્ધા છે.

**(૬) દેવું :**

ધીરજ અને સહનશીલતાનો અભાવ, ક્રોધ, અહંકાર મારા જીવનની

નબળી બાજુઓ રહી છે. મારો ક્રોધ સ્નેહની સરિતાને સૂકવી નાખે છે. અહંકાર, ધીરજ અને સહનશીલતાને અસ્તવ્યસ્ત કરી નાખે છે. જેના કારણે લાગણીના પુષ્પો સુગંધી હોવા છતાં મહેકી શકતા નથી.

**(૭) પ્રૉફિટ (ખુશી) :**

વિપરીત સંજોગોમાં પણ ઈશ્વર મને કર્મ કરવા શકિત આપે છે, તે મારા જીવનની સફળતાનું રહસ્ય છે. ૧૯૯૪ની એક ઘટના મને યાદ આવે છે : શ્રી અંધ અભ્યુદય મંડળનું વાર્ષિક અધિવેશન આવી રહ્યું હતું. તેના ખર્ચને પહોંચી વળવા મારા સેવાક્ષેત્રના પ્રથમ ગુરુ શ્રીશાંતિભાઈ ઓઝાએ મને ફંડ એકત્રિત કરવા આદેશ કર્યો હતો. આદેશ મળતા જ હું કેટલાક વેપારીઓને રૂબરૂ મળવા નીકળી ગયો. મારી સફળતાનો ચિતાર ખુદ શાંતિદાદાના શબ્દોમાં જાણવા જેવો છે.

શાંતિદાદાએ કહ્યું : ‘‘હું ૩૭ વર્ષમાં આટલું ફંડ એક દિવસમાં એકઠું કરી શકયો નથી. મંડળ દ્વારા મને હાલ રૂ.૧,૦૫૦/- માનદ્ વેતન ચુકવવામાં આવે છે તેમાં આજથી રૂપિયા ૩૫૦/- નો કાપ કરી તારા પગારમાં તે રકમ ઉમેરવા હું મંડળના હોદ્દેદારોને ભલામણ કરું છું. તે જ દિવસથી મારા ૭૦૦ રૂપિયાના પગારમાં રૂ.૩૫૦/- ઉમેરાયા અને ઉદાર ઘોષણા સાથે શાંતિદાદાએ ઉમેર્યું કે તું ખૂબ આગળ વધીશ તને મારા આશીર્વાદ છે.’’ હું માનું છું ઈશ્વરની કૃપા વિના રાતી પાઈ પણ મળતી નથી. તેમ છતાં શાંતિદાદાએ આપેલી હિંમતના લીધે મારા નેતૃત્વ નીચે ચાલતી કોઈ પણ સંસ્થાનો પ્રોજેકટ નાણાના અભાવે આજ સુધી અટકયો નથી. તેનો મને અત્યંત આનંદ છે. તે પૈકી શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાએ ટૂંકા સમયમાં ખૂબ ખ્યાતિ પ્રાપ્ત કરી છે. તે સમગ્ર પ્રજ્ઞાચક્ષુઓનો ઉત્સાહ વધારે તેવી વાત છે. સંસ્થાએ માળખાકીય સવલત, શિક્ષણ અને સામાજિકક્ષેત્રે પ્રગતિ કરી પ્રજ્ઞાલોકનું ગૌરવ વધાર્યું છે. તેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, કર્મવીરો તેમજ તમામ કાર્યકર મિત્રોનો પરિશ્રમ દિનપ્રતિદિન રંગ લાવી રહ્યો છે. દાતાઓની દાન સરવાણી તેને ટેકો કરી રહી છે. કલમના ખોળે રજૂ થયેલ ‘‘બૅલેન્સશીટ ઑફ માય લાઈફ’’ આપ સૌના અંતરના આંગણે ઉત્સવની ઉષાનો પ્રકાશ પાથરશે, તેવી મને શ્રદ્ધા છે. અન્યની ખુશી મારી સ્થાવર-જંગમ મિલકત છે, હું તેનું જતન જીવનપર્યંત કરતો રહીશ, તે મારી પ્રાથમિક જવાબદારી છે.



**(૮) ખોટ :** (દુઃખ અથવા ખોટ)

રસ્તા પર ટ્રાફિક નિયંત્રિત કરવા ઠેર-ઠેર સિગ્નલ મૂકવામાં આવે છે. કેટલાક લોકો સિગ્નલના સંકેતોને અવગણતા હોય છે. કોઈ વાર તેના કારણે અકસ્માતનો ભોગ બની મૂલ્યવાન જિંદગી ગુમાવે છે. જીવનમાં આવતી શારીરિક અને માનસિક ક્ષતિ આધ્યાત્મિક જગતના સિગ્નલના સંકેત છે. તેથી તેનું પાલન અચૂક કરવું જોઈએ. ખાસ કરીને નેત્રહીન વ્યકિત તેનો ભંગ કરે છે, ત્યારે હું દુઃખી થઈ જાઉં છું. ઈશ્વરે આપણને અંધત્વ શા માટે આપ્યું છે ? આત્માની શુદ્ધિ માટે. તેથી આપણે કોઈ પણ અસત્ય આચરતા પહેલા સો વખત વિચારવું જોઈએ. એટલું જ નહિ કોઈ પણને દુઃખ પહોંચે તેવી દરેક બાબતથી આપણે અળગા રહેવું જોઈએ. આધ્યાત્મિક જગતમાં આગળ વધવા ચેતીને કદમ ઉપાડવા પડે છે. આ માર્ગે આગળ ધપવા ઈચ્છતા દરેક વ્યકિતએ હૃદયની દુર્બળતાનો ત્યાગ કરી પોતાનું કર્મ બજાવતા રહેવું જોઈએ. પરંતુ કેટલાક લોકો હતાશા અને નિરાશામાં ડૂબેલા રહે છે, તે જોઈ હું દુઃખી થઈ જાઉં છું. આધ્યાત્મિક દૃષ્ટિએ જે પુરુષ સુખ તથા દુઃખમાં વિચલિત થતો નથી, તે મુકિત પામવા માટે સર્વથા યોગ્ય છે. ભૌતિક શરીરનું કોઈ મૂલ્ય નથી. વળી, આત્માનું કોઈ પરિવર્તન નથી, તેથી તેનો રંજ કરવો યોગ્ય નથી. પરિસ્થિતિ સામે આપણે જીવનમાં સંઘર્ષ કરતા રહેવાનું છે. હું જીવનસંગ્રામ ખેલતા લડવૈયાને થાકેલો જોઈ ભાંગી પડું છું.

**(૯) ગુડવિલ (પાઘડી)** (ગુડવિલ અર્થાત્ આત્મા)

દરેકના હૃદયમાં બિરાજમાન આત્મા ઈશ્વરનો અંશ છે. અંતર્યામી સ્થૂળ આંખો વિના પણ બધું જ જોઈ શકે છે. દૃઢ-મનોબળ અને સંકલ્પ-શકિત મારી તેજસ્વી આંખો છે. તેના વડે હું આપ સૌને નિહાળી પ્રાર્થું છું.

‘‘હે પ્રભુ ! તારી બાજી જમાવા,
જીવને માનવ કરી મોકલી દીધો ને ભૂમિનો ભાર ઉતારી દીધો.’’

**(૧૦) ફિકસ મિલકત :** (ફિકસ મિલકત અર્થાત્ હૃદય)

અંતરમાં લાગણી અને સંવેદનાના ફૂલછોડ ખીલી રહ્યા છે. તેના પર કળીઓ બેસી ખીલી ઊઠવા ઉતાવળી બની છે. પ્રેમરૂપી સૂર્યના કિરણો તેને સ્પર્શી

રહ્યા છે. લાગણીની લહેરખી અંતરના આંગણે ખીલી ઊઠેલા બાગની મહેક ચોમેર પાથરી રહી છે. વાચક મિત્રો ! ખોવાયેલી માનવતાને ખોળી કાઢવા આધ્યાત્મિક જગતના ફૂલછોડ ઉછેરવા પડે છે.

**(૧૧) મૂડી :** (મૂડી અર્થાત્ ચારિત્ર)

વિચારથી ચારિત્રનું નિર્માણ થાય છે, ઉત્તમ વિચાર પ્રાપ્ત કરવા વાંચનનો શોખ કેળવવો પડે છે.

**(૧૨) રોકાણ :** (રોકાણ અર્થાત્ જ્ઞાન)

મનુષ્ય તરીકે અવતાર ધારણ કરી, પશુ જેવું જીવન જીવતા લોકોને આધ્યાત્મિક જગતના વેપારી બનવા ઉમદા વિચારોનું વાવેતર કરવું પડે છે. મારી લેખન પ્રવૃત્તિ દ્વારા જ આ ક્ષેત્રમાં લોકોનું રોકાણ વધશે તેવી મને શ્રદ્ધા છે.

**(૧૩) ઘસારો :** (ઘસારો અર્થાત્ ઉંમર)

વધતી જતી ઉંમર મારા કાર્યક્ષેત્રનો સૌથી મોટો પડકાર છે.

''સોના પહેરો રૂપા પહેરો, પહેરો હીરલા સાચા,
મત કરો અભિમાન એક દિન પવન હૈં ઊડી જાના''

જે કરવું હોય તે કરતા રહો પણ અભિમાન કરશો નહિ કારણ કે જીવાત્મા એક દિવસ ચોક્કસ ઊડી જવાનો છે.

**(૧૪) ફાઇનલ ઑડિટર :** (ફાઇનલ ઑડિટર પરમાત્મા)

પરમાત્મા આપણા સૌના ઑડિટર છે. તેથી સંપત્તિ ભેગી કરવા અસત્યનો આશરો લેવાના બદલે કઠોર પરિશ્રમ કરી કમાયેલું ધન વધુ શ્રેષ્ઠ છે.

આધ્યાત્મિક જગતના વેપારીનું ફાઇનલ ઑડિટ પરમ કૃપાળુ પરમાત્માના હાથમાં હોય છે.વળી, ચોરાશી લાખ યોનિમાં યાત્રા કરવા મારે અને તમારે આધ્યાત્મિક જગતમાં વેપાર ચલાવી પૂંજી એકઠી કરવી પડે છે, તે યાદ રાખવું પડશે.

મેં આધ્યાત્મિક જગતમાં આગળ ધપવા વિચારરૂપી વાહન સજ્જ કરી લીધું છે. સેવાકીય સંસ્થાઓની પ્રવૃત્તિ મારા જીવનની પૂંજી છે.